સ્વાધ્યાય

અક્ષયતૃતીયા

વિ. સં. ૨૦૨૩

પુસ્તક ૪

અંક ૩

યમુના—અહિચ્છત્રામાંથી મળેલી મહાકાય મૃણ્મય મૂર્તિ (ઈ. સ. છઠ્ઠો સૈકો)

સ્વાધ્યાય
અને
સંશોધનનું ત્રૈમાસિક

સંપાદક
ભોગીલાલ જ. સાંડેસરા
નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર
મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય
વડોદરા

સ્વાધ્યાય

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડશે—દીપોત્સવી અંક, વસન્તપંચમી અંક, અક્ષય-તૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં...રૂા. ૧૨=૦૦ ન.પૈ. (ટપાલ ખર્ચ સાથે)

—પરદેશમાં, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે ...૩ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....૨૨ શિલીંગ

૩. આખા વર્ષના ગ્રાહકો વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવશે.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉક્સ નં. ૭૫, વડોદરા.

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શકય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા વિનંતી છે.

પ્રાચ્યવિદ્યા મંદિર,
પો. બૉક્સ નં. ૭૫,
વડોદરા.

સંપાદક

મુદ્રક: શ્રી રમણલાલ જીવણલાલ પટેલ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા. પ્રકાશક: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, જુલાઈ, ૧૯૬૭.

સ્વાધ્યાય

અક્ષયતૃતીયા, વિ. સં. ૨૦૨૩ પુસ્તક ૪

મે, ૧૯૬૭ અંક ૩

દ્રૌપદીવસ્ત્રપૂરણનું અર્થઘટન

ઉપેન્દ્રરાય જ. સાંડેસરા

દુર્યોધન એ ધૃતરાષ્ટ્રના સર્વ પુત્રોમાં જ્યેષ્ઠ અને પટરાણી ગાન્ધારીનો પુત્ર હતો.[૧] એટલે હસ્તિનાપુરના વિશાળ રાજ્યનો વારસ હતો. છતાં પાંડવોના ઇન્દ્રપ્રસ્થના રાજ્યની સમૃદ્ધિ જોઈને એને ઈર્ષ્યા અને દ્વેષને લીધે મરણોન્મુખ મનુષ્ય જેવું દુઃખ થયું. એટલે પાંડવોની સમૃદ્ધિ પડાવી લેવાના આશયથી દુર્યોધને સુતપ્રિય (ન્યાયપ્રિય નહિ), ધૃતરાષ્ટ્ર પાસેથી દ્યૂત રમવાની મંજૂરી મેળવી લીધી. દ્યૂત ખેલવા માટે તત્કાળ ૧૦૦૦ સ્તંભવાળી સુંદર સભા બનાવી અને વિદ્વાન વિદુરને, યુધિષ્ઠિરને દ્યૂત રમવા બોલાવવા માટે ઇન્દ્રપ્રસ્થ મોકલ્યા. વિદુરે ઇન્દ્રપ્રસ્થ જઈને આમંત્રણ આપ્યું. યુધિષ્ઠિરે દ્યૂતમાં કલહ છે. એમ કહીને વિરોધ કર્યો, પણ સાથે જ 'ખરેખર આ સર્વ ધાતાની આજ્ઞાથી દૈવના વશમાં રહ્યું છે,' અને 'મને આહ્વાન આપવામાં આવે તો હું કદી અસ્વીકાર કરતો નથી એવું મારું શાશ્વત વ્રત છે,' કહીને તેઓ ક્રમને સહકુટુંબ હસ્તિનાપુર આવ્યા. એમને આવેલા જોઈને (પાંડવોને હવે લૂંટી લઈશું એવી ધારણાથી) કૌરવો રાજી થયા. પણ યાજ્ઞસેની દ્રૌપદીની પ્રજ્વલિત સમૃદ્ધિ જોઈને (આ સમૃદ્ધિને લૂંટી લેવાની છે એવું સમજતી ઋજુ) કૌરવસ્ત્રીઓ—ધૃતરાષ્ટ્રની પુત્રવધૂઓ ખાસ રાજી ન થઈ![૨] ('સભાપર્વ' અ–૫૦ થી ૫૨).

---

૧. ધૃતરાષ્ટ્ર દુર્યોધનને કહે છે:

त्वं वै ज्येष्ठो ज्यैष्ठिनेयः पुत्र मा पाण्डवान् द्विषः । ૨–૫૦–૧ કખ

આ નિર્દેશ સૂચવે છે કે ગાન્ધારી પટરાણી હતાં અને દુર્યોધન તેમનો જ્યેષ્ઠ પુત્ર હતો. અર્થાત્ વત્સલા ગાન્ધારીએ સપત્નીઓના સર્વ પુત્રોને—બધા કૌરવોને, પુત્રસમાન ગણ્યા હતા.

જ્યારે દુઃશાસન દ્રૌપદીને બલાત્કારે ઉપાડી જવા માટે આવ્યો, ત્યારે દુઃખી દ્રૌપદી,

आर्ता प्रदुद्राव यतः स्त्रियस्तां वृद्धस्य राज्ञः कुरुपुंगवस्य ॥ ૨–૬૦–૨૧ ગઘ

જ્યાં વૃદ્ધ રાજા ધૃતરાષ્ટ્રની સ્ત્રીઓ હતી ત્યાં દોડી, એ ઉલ્લેખ ઉપરની હકીકતને સમર્થન આપે છે.

૨. याज्ञसेन्याः परामृद्धिं दृष्ट्वा प्रज्वलितामिव ।

स्नुषास्ता धृतराष्ट्रस्य नातिप्रमनसोऽभवन् ॥ ૨–૫૨–૩૨

જ્યારે પુરુષો ઈર્ષ્યાથી બળીને પારકું ખાઈ જવાની ગૃધ્રવૃત્તિ રાખતા હતા, ત્યારે સામાન્યતઃ કલહપ્રિયા અને લોભી તરીકે વગોવાતી સ્ત્રીઓ એનાથી ઊલટું વલણ રાખે છે, તે અનેક રીતે અભ્યસનીય છે. વેદવ્યાસનું સ્ત્રીઓ પ્રત્યેનું માન તો એમાં દેખાય જ છે.

પાંડવો સભામાં પ્રવેશ્યા. શકુનિએ દ્યૂતનો પ્રસ્તાવ મૂકયો. યુધિષ્ઠિરે અસિતદેવલ મુનિનું પ્રમાણ ટાંકીને, દ્યૂતમાં કપટ હોઈ એ પાપ છે, કહી ન રમવા વિનંતી કરી. શકુનિએ જગતની નીતિરીતિ ઉપર કટાક્ષ કરીને 'કપટ કયાં નથી?' જણાવતાં કહ્યું કે, 'શ્રોત્રિયો અને વિદ્વાનો અશ્રોત્રિય અને અવિદ્વાન સામે બાથ ભીડે છે (અને તેમને હરાવે છે, લૂંટે છે) તેને કોઈ કપટ કહેતું નથી! તો આને શા માટે કપટ કહો છો?[1] તમને ડર લાગતો હોય તો ન રમશો!' (૨–૫૩–૧ થી ૧૨).

અને વ્રતધારી (!) યુધિષ્ઠિરે 'આહ્વાન થતાં પાછું ન ફરવું એવું મારું વ્રત છે. (શું કરું?) વિધિ બલવાન છે. હું દૈવના વશમાં પડયો છું.'[2] (૨–૫૩–૧૩) એમ બોલીને અને એકને બદલે બીજો દ્યૂત ખેલે (એટલે કે દુર્યોધનને બદલે શકુનિ ખેલે) તે તદ્દન અયોગ્ય કૃત્ય છે (૨–૫૩–૧૬) એમ સમજવા છતાં પેલા ધર્માભાસી 'વ્રતાચરણ'ને કારણે તેના દાસ બનીને દ્યૂત રમવાનું આહ્વાન ઝીલી લીધું. રમવા માંડ્યા. અને કપટી શકુનિ એક પછી એક દાવ જીતતો ચાલ્યો ('સભાપર્વ' અ–૫૩–૨૨ થી અ–૫૪). દીર્ઘદ્રષ્ટા વિદુર આ ન સહી શકયા. સર્વાપહારિ દ્યૂતના ભાવી અમાંગલિક પરિણામનો ઊંડો વિચાર કરી બધાંયના હિત માટે એમણે ધૃતરાષ્ટ્રને અને કૌરવવૃદ્ધોને દ્યૂત અટકાવવા વારંવાર સમજાવ્યા, વીનવ્યા. શરૂમાં ઉપાલંભ આપ્યો: 'જેમ મરવા પડેલાને ઔષધ ન રુચે તેમ તમને મારી વાત સાંભળવા છતાંય નહિ રુચે.' પછી કવિ શુક્રાચાર્યની (રાજ) નીતિ સમજાવી, યોગ્ય ઉપમાઓ અને પ્રાચીન તથા અર્વાચીન ઇતિહાસના દાખલા આપી

૧. સર° 'સભાપર્વ' ક્ષેપક ૫૦૨, ૫૦૩ અને ૫૦૪. એમાં દ્યૂતના કપટ ઉપરાંત, તાલીમબદ્ધ લડવૈયા તાલીમ વગરના સાથે અને મહાબલવાન દુર્બલ સાથે, એમ સર્વ કાર્યોમાં કપટ જ રહેલું છે, એવું કહેવામાં આવ્યું છે.

૨. (क) યુધિષ્ઠિર સત્યવાદી અને ધાર્મિક છે. 'સમૃદ્ધિભરેલી આખી પૃથ્વીને જતી કરે પણ સત્યનો ત્યાગ ન કરે' એવા છે. (૨–૬૧–૪૧થી). એ છતાં સત્યધર્મનાં સર્વ પાસાંઓનો સર્વ રીતે વિચાર કરીને, તે અનુસાર સર્વથી વધુ સુયોગ્ય આચરણ કરવાના મૌલિક માર્ગો પ્રચંડ વિક્રમશીલ તાકાતથી ખોળી શકે એવા નથી, એટલે 'ધર્મની સૂક્ષ્મતા'માં કયાંક અટવાઈ જાય છે. શ્રીકૃષ્ણ અને યુધિષ્ઠિર જેવા ધર્માચરણીમાં (સ્વયં ધર્મપુત્રમાંય) આ ફરક છે. શ્રીકૃષ્ણનું ઈશિતત્વ આ છે. મનુષ્યકૃત કાયદા કે 'ધર્મ'થી થતો અધર્મ શ્રીકૃષ્ણને જકડી જ ન શકે.

(ख) પાંચાલીના ભયાનક અપમાન પછી, તેની જ સત્ત્વશીલતાથી, હારેલું રાજ્ય, ધન વગેરે લઇને ઇન્દ્રપ્રસ્થ પાછા જતા ધર્મરાજને, કૌરવોએ ફરી દ્યૂત રમવા તેડું કર્યું, ત્યારે અર્ધે રસ્તેથી ફરીને આ 'આહ્વાન' અને 'દૈવ'ની વાત કરતા યુધિષ્ઠિર દ્યૂત રમવા પાછા ફર્યા છે!' (૨–૬૭–૪ થી ૧૭).

(ग) મહાભારતમાંનું રાજસૂયનું વર્ણન–જે યજ્ઞ ઓછામાં ઓછો બે વર્ષ ચાલતો—,એ યજ્ઞની વિધિની ખાસ કશી જ માહિતી આપતું નથી. પણ રાજસૂયના વિધિ પ્રમાણે તેમાં દ્યૂત રમવું ફરજિયાત છે. એ દ્યૂત એવી રીતે રમાય કે જેમાં યજ્ઞકર્તા રાજા જ જીતે. (Vide His. of Dh. Vol. II-II P. 1219. સંદર્ભો આપસ્તંબ. ૧૮–૧૮–૧૪ થી ૧૬; ૧૮–૧૯–૧; ૧૮–૧૯–૬ થી ૮; કાત્યાયન. ૧૪–૭–૧૩, ૧૮, ૧૯). મહાભારતના વિદ્વાન કવિઓ આ વિધિઓથી અજાણ્યા હોય એ સંભવતું નથી. પણ દ્યૂત પ્રત્યેની તથા એવી બીજી વિધિઓ પ્રત્યેની એમની ઉપેક્ષા દેખાય છે. દુર્યોધનનું દ્યૂતખેલન પણ રાજસૂયના વૈધાનિક દ્યૂતમાંથી ઉદ્ભવેલું સંભવે છે. અને વેદવ્યાસે આ કપટદ્યૂતનું પૂરેપૂરું સમાચારલેખન આપીને, આ 'ધર્મરૂપી અધર્મો' સામે જનસમાજને ચેતાવ્યો છે.

અતિલોભની પ્રવૃત્તિથી થતો વિનાશ દર્શાવ્યો. કલહના મૂળ દ્યૂતના દુર્ગુણો વર્ણવ્યા અને છેવટે કહ્યું, 'પર્વત પ્રદેશનો, કપટદ્યૂત ખેલનારો અને કપટથી લડનારો શકુનિ જ્યાંથી આવે છે ત્યાં તેને દેશ પાછો જાઓ,' (સભાપર્વ' અ ૫૫, ૫૬).

આના જવાબમાં (ધૃતરાષ્ટ્રને બદલે) દુર્યોધને વિદુરને ભાંડી નાખ્યા, અને શકુનિને પાછો મોકલવાને બદલે, વડીલ કાકા તથા ખરેખર હિતકર્તા વિદુરને જ કહી દીધું: 'શત્રુના પક્ષના, દ્વેષી અને ખાસ કરીને અહિતકારી મનુષ્યને ઘરમાં ન વસાવવો જોઈએ. તેથી વિદુર! જ્યાં જવું હોય ત્યાં ચાલ્યા જાઓ. ઘણું સમજાવીએ તોપણ વંઠેલી સ્ત્રી તો (પતિને) છોડી જ દે છે. सुसान्त्विताऽपि ह्यसती स्त्री जहाति ॥' (૨–૫૭–૧ થી ૧૨).[1]

દુર્યોધને ભયંકર અપમાન અને હાડછેડ કર્યાં, છતાંય સર્વનું હૃદયથી ભલું ચાહનારા, નિર્ભય અને નિર્મળ મહામાત્ય વિદુરે ભાવી મહાવિનાશમાંથી બચવાનો હજુ ય વખત છે એમ સમજીને ધૃતરાષ્ટ્રને 'જે વગર વ્યાધિએ પેદા થનાર, કડવો, તીક્ષ્ણ, ઉષ્ણ અને યશને ભૂંસી નાખનાર, કઠોર દુર્ગંધવાળો છે, જેને સજ્જનો પી શકે છે, અને અસજ્જનો જેને પી શકતા નથી એવા મન્યુને હે મહારાજ! તમે પી જાઓ અને શાંત થાઓ,' વગેરે અનેક પ્રકારનાં હિત-વચનોથી સમજાવ્યા (૨–૫૭–૧૩ થી ૨૧).

એક બાજુ વિદુર દુર્યોધનનો આગ જેવો ગુસ્સો વહોરીને પણ દુર્યોધનનો નિગ્રહ કરવા ધૃતરાષ્ટ્રને સાવધ કરતા હતા, અને બીજી બાજુ આ સત્યાનાશી ઘોર દ્યૂત પૂરબહારમાં ચાલતું હતું! હવે તો યુધિષ્ઠિર પણ ચગ્યા દેખાતા હતા. એમણે પોતાનું અસંખ્યેય ધન બે ચાર દાવમાં જ હોડમાં મૂકીને ખોઈ નાખ્યું. અને પછી ભાન ભૂલીને અનુક્રમે સુંદર નકુલ તથા પંડિત સહદેવને— રાજસૂય વખતે સમગ્ર વિરોધી રાજવીમંડળને પડકારનાર સહદેવને, હારી ગયા. શકુનિએ એ વખતે (હારેલા જુગારીને ચઢાવવા માટે) ભીમ-અર્જુનને દાવમાં ન મૂકવા માટે અઘટિત આક્ષેપ કર્યો. એટલે યુધિષ્ઠિરે તેને 'મૂઢ' કહીને ટપારતાં, કપટી શકુનિએ 'મત્ત ખાડામાં પડે છે, અને પ્રમત્ત જડ જેવો થઈ જાય છે,' વગેરે કહી 'જ્યેષ્ઠ અને વરિષ્ઠ' યુધિષ્ઠિરને નમસ્કાર કરી ક્ષમાપ્રાર્થના કરી! (કારણ યુધિષ્ઠિર હજુ સ્વતંત્ર હતા! એ પછી એમનું અને દ્રૌપદીનું જે અપમાન કરવામાં આવ્યું, તેની સામે આ વિરોધાભાસ ક્રૂર કટાક્ષ છે એમ દેખાઈ આવે છે). આમ છતાં 'આહૂત' યુધિષ્ઠિર ગાંડા થયા. એમણે પીછેહઠ ન કરી! અને વીરશ્રેષ્ઠ અર્જુન, બલશાળી ભીમસેન તથા પોતાની જાતનેય હારી ગયા. (૨–૫૮–૧ થી ૨૮). અને આખરે શકુનિની ચઢવણીથી હારેલા જુગારી ધર્મરાજે, **પોતાની જાતને અસ્વતન્ત્ર બનાવ્યા પછી,**

'જે નીચી નથી, જે ઊંચી નથી, જે અતિ કાળી કે અતિ લાલ નથી, જે પ્રેમપૂર્ણ રાતાં નેત્રવાળી, શરદના કમળપત્ર જેવી આંખવાળી, શરદના ઉત્પલ જેવી સુગન્ધવાળી, અને શરદના કમળને સેવનારી શ્રી જેવી રૂપાળી છે, જે આ નૃશંસ્યમાં, રૂપસંપત્તિમાં તથા શીલસંપત્તિમાં જેવી

---

૧. अव्याधिजं कटुकं तीक्ष्णमुष्णं यशोमुषं परुषं पूतिगन्धि ।
सतां पेयं यन्न पिबन्त्यसन्तो मन्युं महाराज पिब प्रशाम्य ॥ २–५७–१९
= ५–३६–६६; = क्रे. ५–२७–२३.

સ્ત્રીને પુરુષ (પત્ની તરીકે પામવા) ઇચ્છે એવી છે, જે સૌથી છેલ્લે સૂએ છે, સૌથી પ્રથમ જાગે છે અને ગોવાળ, ભરવાડથી માંડીને (રાજ્યના) બધા (કર્મચારીઓ)એ કેટલું કામ કર્યું અને કેટલું ન કર્યું તે સઘળું જાણે છે, જેનું સ્વેદબિન્દુવાળું મુખકમળ, મલ્લિકા (જૂઈની) વેલ જેવું શોભે છે, જે વેદીમધ્યા (યજ્ઞવેદી જેવી પાતળી કમરવાળી), લાંબા કેશવાળી, ત્રાંબા જેવી આંખોવાળી અને ઝાઝાં રૂંવાંટાં વિનાની છે, એવી સર્વાંગસુંદર દ્રૌપદીથી હે સૌબલ ! હું હવે દાવ ખેલું છું,' બોલીને દ્રૌપદીને દાવમાં મૂકી ! (૨–૫૮–૩૨ થી ૩૭); (દ્રૌપદીની અતુલ રૂપસંપત્તિ માટે જુઓ બીજા સંદર્ભ ૧–૧૫૫–૪૧ થી ૪૩; આદિ. ક્ષેપક ૧૬૯૭, ૧૬૯૮, ૧૬૯૯; સભા. ક્ષેપક ૫૨૬; ગોવાળ અને ભરવાડથી માંડીને° વ. ઉલ્લેખ સાથે સર° દ્રૌપદીનાં પોતાનાં વચનો. આરણ્યક. ૨૨૨–૫૦ ઇ.).

દ્રૌપદી દાવમાં મુકાતાં સભામાં હાહાકાર થયો. સભાના વૃદ્ધ સભ્યોના મુખમાંથી 'ધિક્, ધિક્' એવી વાણી નીકળી ગઈ. ભીષ્મ, દ્રોણ, કૃપ વગેરેને પરસેવો છૂટી ગયો. વિદુર બે હાથે માથું પકડીને બેભાન જેવા થઈ ગયા. પણ 'ખરેખરો આંધળો' ધૃતરાષ્ટ્ર તો ગાંડોતૂર થઈને 'શું આપણે જીત્યા? શું આપણે જીત્યા?' એમ ઉઘાડે છોગ બોલવા લાગ્યો. કર્ણ અને દુઃશાસન ખૂબ રાજી થયા, અને એટલામાં શકુનિએ તો દ્રૌપદી જીતી લીધાની જાહેરાત કરી દીધી. (૨–૫૮–૨૯ થી ૪૩).

એ જાહેરાતની સાથે જ દુર્યોધને તોડછાઈથી વિદુરને હુકમ કર્યો: 'પાંડવોની માનીતી પત્ની દ્રૌપદીને અહીં લઈ આવો. એ અમારું ઘર વાળશે અને દાસીઓ સાથે રહેશે.'

પણ સત્ત્વશીલ વિદુરે આ હુકમને અવગણ્યો, અને દુર્યોધનનાં આ કુકર્મ અને કપટનાં વિનાશકારી પરિણામો દર્શાવતાં, ધર્મ (કાયદા) પ્રમાણે સ્પષ્ટતા કરતાં કહ્યું: 'કૃષ્ણા દાસીપણું પામી શકે નહિ, કારણ કે પોતાનું સ્વામીપદ ગુમાવ્યા પછી—સ્વતંત્રતા ખોયા પછી એને યુધિષ્ઠિર પણમાં મૂકી હતી એવો મારો મત છે.' અને આગાહી કરી, 'જ્યાં શુક્રાચાર્યની અને સુહૃદોની પથ્ય વાણી સાંભળવાની ના પાડવામાં આવે છે, અને લોભ જ વધે છે (ગૃધ્રવૃત્તિ વધે છે), એવા આ કૌરવોનો મહાભયાનક સર્વહારી વિનાશ ખરેખર થશે જ.' (૨–૫૯–૧ થી ૧૨).

દુર્યોધનને તો અપ્રિય છતાં પથ્ય વાણી કડવી ઝેર લાગી. 'વિદુરને ધિક્કાર છે,' કહીને પ્રાતિકામી નામના સૂતને દ્રૌપદીને લઈ આવવા આજ્ઞા કરી. સિંહની બોડમાં કોઈ કૂતરો ઘૂસે એમ ગભરાતો પ્રાતિકામી દ્રૌપદી પાસે ગયો (૨–૬૦–૧ થી ૬). વિચક્ષણ દ્રૌપદીએ કહ્યું, 'સૂત! તું જા. જઈને જુગારીને (ધર્મરાજાને) પૂછી લાવ કે, 'તમે પ્રથમ કોને હાર્યા છો? પોતાની જાતને કે મને?' એનો જવાબ લઈને આવ, પછી મને ત્યાં લઈ જજે.' (૨–૬૦–૭).

પ્રાતિકામી સભામાં પાછો આવ્યો. યુધિષ્ઠિરને દ્રૌપદીનો પ્રશ્ન પૂછ્યો. પ્રશ્ન સાંભળતાં જ યુધિષ્ઠિર તો શબની જેમ નિશ્ચેષ્ટ થઈ ગયા. કંઈ પણ જવાબ ન આપી શક્યા. એટલે દુર્યોધન પ્રાતિકામીને આજ્ઞા કરી, પાંચાલી પોતે જ અહીં આવીને આપણા સાંભળતાં જ યુધિષ્ઠિરને જે પૂછવું હોય તે પૂછે. (માટે તેને અહીં તેડી લાવ.)' સૂત પ્રાતિકામી ફરીને દ્રૌપદી પાસે ગયો અને વ્યથાપૂર્વક હલકટ દુર્યોધનનો સભામાં આવવાનો હુકમ કહ્યો. આમ છતાં ય ધીર દ્રૌપદીએ

(પોતાના શીલ–) ધર્મ ઉપરની અટંકી શ્રદ્ધાથી ફરીથી સૂતને કહ્યું, 'ખરેખર, વિધાતાએ એવું જ નિર્મ્યું છે કે, સુખદુઃખનો સ્પર્શ ધીર અને મૂર્ખ બન્નેને થાય છે. (બન્નેને સુખદુઃખ પડે છે.) પરન્તુ ધર્મ એક જ શ્રેષ્ઠ કહેવાય છે. તે રક્ષણ કરાયેલો ધર્મ (આચરેલું શીલ) અમને શાન્તિ (સ્વાસ્થ્ય, સુખ) આપશે. (માટે જઈને મારા પ્રશ્નનો જવાબ લાવ).' સૂત પાછો સભામાં આવ્યો. દુર્યોધને ફરીથી હુકમ કર્યો કે, 'દ્રૌપદીને અહીં જ લાવ. કૌરવો (અર્થાત્ કુરુવંશી 'પાંડવો') તેના સવાલનો પ્રત્યક્ષ જવાબ આપશે.' એટલે સૂત જો કે દુર્યોધનનો સેવક હતો, છતાં પણ પવિત્ર દ્રૌપદીના કોપથી ડર્યો, અને દુર્યોધનનો હુકમ અણસાંભળ્યો કરીને એણે સભાજનોને સામું પૂછ્યું: 'હું કૃષ્ણાને શું કહું?! (૨–૬૦–૮ થી ૧૭).

પણ દુર્યોધન જેનું નામ, એણે દુઃશાસનને, દ્રૌપદીને પકડી લાવવા આજ્ઞા કરી, દુઃશાસન પાંડવોના ઉતારે પહોંચ્યો. દ્રૌપદીને લાલ આંખ કરીને ફરમાન કર્યું: 'તું ધર્મપૂર્વક અમને મળી છે. માટે કૌરવોની સેવા કરવા ચાલ.' એવું કહેતાં દુર્મના કૃષ્ણા ઊઠી અને રાજા ધૃતરાષ્ટ્રના અંતઃપુર તરફ (માતા ગાંધારી ઉપરના પૂર્ણ વિશ્વાસથી) શરણ માટે દોડી. પણ રોષથી ગર્જતા દુઃશાસને વેગથી ધસીને એકવસ્ત્રા, અધોનીવી અને શરણ માટે દોડી જતી દ્રૌપદીને રાજસૂય મહાયજ્ઞના અવભૃથસ્નાન વખતે મન્ત્રપૂત જળથી સિંચાયેલા તેના વાંકડિયા, દીર્ઘ, નીલ કેશપાશથી પકડી. અને હજુ થોડાક સમય પહેલાંની સામ્રાજ્ઞીને, પાંચ પાંચ નાથ હતા છતાં ય અનાથ એવી દ્રૌપદીને, વાયુ જેમ કદળીને ખેંચી જાય એમ સભા તરફ ઢસડવા લાગ્યો.[1] નમેલી અંગલતાવાળી દ્રૌપદી ઘસડાતાં ઘસડાતાં, દુઃશાસનને ત્રૂટક ત્રૂટક કહેવા માંડી: 'મન્દબુદ્ધે! હું રજસ્વલા છું. મેં એક જ વસ્ત્ર પહેર્યું છે. અનાર્ય! મને સભામાં ખેંચી જવી જોઈએ નહિ.'[2]

---

૧. (૧) स तां परामृश्य सभासमीपमानीय कृष्णामतिकृष्णकेशीम् ।
दुःशासनो नाथवतीमनाथवच्चकर्ष वायुः कदलीमिवार्ताम् ॥ २–६०–२४

આ સાથે સર° 'આદિપર્વ'માં પ્રણાશના અંતે હારનાં કારણોની સમીક્ષા કરતાં ધૃતરાષ્ટ્ર-વચનોમાં

यदाश्रौषं द्रौपदीमश्रुकण्ठीं सभां नीतां दुःखितामेकवस्त्राम् ।
रजस्वलां नाथवतीमनाथवत्तदा नाशंसे विजयाय संजय ॥ १–१–१०६

(૨) કુન્તીએ આ પ્રસંગને સંભારીને શ્રીકૃષ્ણને કહેલું વચન સર°

नाध्यगच्छत्तथा नाथं कृष्णा नाथवती सती ॥ ५–८८–८६ = ५–१३५–१८

(૩) આ नाथवतीमनाथवत् પદમાંનો વિચાર ગ્રહણ કરીને શ્રી બિલ્વમંગલાચાર્યે 'ગોવિન્દદામોદરસ્તોત્ર'માં આ રીતે મૂક્યો છે:

अग्रे कुरूणामथ पाण्डवानां दुःशासनेनाहृतवस्त्रकेशा ।
कृष्णा तदाक्रोशदनन्यनाथा गोविन्द दामोदर माधवेति ॥ २ ॥

'કૌરવો અને પાંડવોની સમક્ષ દુઃશાસને જ્યારે ચોમેરથી વસ્ત્રો અને કેશ ખેંચવા માંડ્યાં, ત્યારે જેનો કોઈ બીજો નાથ નહોતો તે કૃષ્ણાએ, 'ગોવિન્દ, દામોદર, માધવ' એમ પોકાર કર્યો. स्तोत्ररत्नावली, ગીતા પ્રેસ, ગોરખપુર, પૃ. ૨૧૦).

૨. ૨-૬૦-૨૫; આ યુગમાં રજસ્વલા અસ્પૃશ્ય નહિ મનાતી હોય એમ લાગે છે.

ત્યારે દુઃશાસન કૃષ્ણાને મજબૂત પકડીને ગર્જ્યો: '(તારું શીલ, માન) બચાવવા માટે તું કૃષ્ણ, હરિ (શ્રીકૃષ્ણ), જિષ્ણુ, નર (અર્જુન), (વગેરે જેને બોલાવવા હોય તેમને) બોલાવવા રાડો પાડ. આ હું તો તને લઈ જાઉં છું. તું રજસ્વલા હોય, એકવસ્ત્રા હોય કે વિવસ્ત્રા હોય (તેથી શું?). તને અમે દ્યૂતમાં જીતી છે. તું અમારી દાસી છે. દાસીનાં વસ્ત્રો તો (માલિકની) મરજી મુજબ હોય.' અને આમ દુઃશાસને પાંડવોના, અર્જુનના અને શ્રીકૃષ્ણના પ્રભાવનો ય અનાદર કરીને, એ સ્ત્રીધર્મમાં આવેલી સતીને અર્ધનગ્ન હાલતમાં કુરુઓની સંસદમાં ઊભી કરી. એક બાજુ દુઃશાસનને 'તું મને નવસ્ત્રી કરીશ નહિ' એમ વારતી; યુધિષ્ઠિર પાસેથી પોતાના પ્રશ્નનો જવાબ સભા વચ્ચે મેળવવા માટે, પોતાના જ મોંઢે જાહેરમાં બીજાઓની આગળ ધર્મરાજનું ભૂંડું બોલાવવાની કૌરવોની ઇચ્છાને સમજતી; ભરતવંશી ક્ષત્રિયોને, ભીષ્મને, દ્રોણને અને ધૃતરાષ્ટ્રને આ ઉગ્ર અન્યાય મૂંગે મોંઢે સહીને એમાં મૂક સંમતિ આપવા માટે ઠપકો આપતી; અને ધર્મરાજ યુધિષ્ઠિરની ધર્મનિષ્ઠા તથા ગુણોને યાદ કરી, સભામાં એમણે કેવા સંયોગોમાં જુગાર ખેલી નાખ્યો હશે તેનો, તથા એમની દુઃખી સ્થિતિનો (પોતાની આ ભયંકરતમ હાલતમાં પણ) વિચાર કરી, એમના પ્રત્યે પ્રેમ, માન અને અદબ દાખવતી દ્રૌપદી, એના જેવી સત્ત્વશીલ વ્યક્તિ જ બોલી શકે એવા આ શબ્દો બોલી: 'ધર્મ જેને નિપુણો જ પામી શકે એવો સૂક્ષ્મ છે. ધર્મપુત્ર રાજા એવા ધર્મમાં સ્થિર રહેલા છે. (તેથી આવા ધર્મપ્રાણ) પતિના ગુણોને છોડીને, તેમના પરમાણુ જેટલા દોષનેય હું જિહ્વાએ આવવા દેવા ઇચ્છતી નથી.' (૨-૬૦-૧૮ થી ૩૪).

કૌરવોની ચંડાળચોકડી—દુર્યોધન, દુઃશાસન, કર્ણ અને શકુનિ—દ્રૌપદીને જાતજાતનાં અડપલાં કરવા માંડી અને અપશબ્દો સંભળાવવા લાગી. દુઃખી હૃદયે ભીષ્મ ઊભા થયા. દ્રૌપદીને તેના પ્રશ્નનું પોતે કેમ નિરાકરણ કરી શકતા નથી તેની, કાયદાની બારીકી (ધર્મની સૂક્ષ્મતા, મનુષ્યકૃત 'ધર્મ'ની સૂક્ષ્મતા) સમજાવી. (૧) નિર્ધન મનુષ્ય પારકા ધનથી હોડ બકી શકતો નથી, પણ (પરતન્ત્ર છતાં પણ યુધિષ્ઠિર તારા પતિ તો છે જ) સ્ત્રીઓ (ધર્મશાસ્ત્ર અર્થાત્ કાયદા મુજબ) પતિને અધીન છે. (૨) સત્યવાદી ધર્મરાજ પોતે જ 'હું જિતાયો છું' એમ કહે છે. (૩) નિષ્ણાત જુગારી શકુનિ જીત્યો તેને ધર્મરાજા કપટ માનતા નથી (અને તે સામે ફરિયાદ પણ કરતા નથી!), એટલે હું તારા પ્રશ્નનું નિરાકરણ કરી શકતો નથી.' (૨-૬૦-૩૫ થી ૪૨).

દ્રૌપદીએ, ભલે ફરિયાદ ન થઈ, પરન્તુ દેખીતી રીતે જ ખુલ્લા દુરાચરણરૂપ દ્યૂત અને પછી પુત્રવધૂનું સભા વચ્ચે થતું આ ઘોર અપમાન, એ હકીકત તરફ નજર રાખીને કૌરવવૃદ્ધો પાસે પ્રશ્નનો ઉત્તર માગ્યો. (૨-૬૦-૪૩ થી ૪૭).

પણ સૌ દુર્યોધનની શેહ અને કાયદાની સૂક્ષ્મતામાં ગૂંચવાઈને બોલી શકતા નહોતા. યુધિષ્ઠિર સૂનમૂન બેઠા હતા.

દ્રૌપદીનું, કોઈ બન્ધકીનું (ગણિકાનું) અપમાન કરવામાં આવે તેનાથી અનેકગણું ભારે અપમાન થતું જોઈને અકળાયેલો ભીમસેન ધર્મરાજને અડાવતો હતો. સંયમી અર્જુન ભીમને વારતો હતો. એ વખતે 'અરણીમાંથી પ્રકટેલો અગ્નિ અરણીને જ બાળી મૂકે છે,' 'આ તો આડું

વહેરે છે,' 'આ તો પ્રાજ્ઞવાદિક મહામૂર્ખ છે,' વગેરે કટાક્ષવચનો સહન કરીને પણ દુર્યોધનના નાના ભાઈ વિકર્ણે, દ્રૌપદીનું દુઃખ જોઈને, ભીષ્મ, દ્રોણ, કૃપ, વિદુર અને પિતા ધૃતરાષ્ટ્ર સુદ્ધાંને વિચારપૂર્વક ઉત્તર આપવા વિનંતીઓ કરી; પણ જ્યારે કોઈ બોલ્યું નહિ, ત્યારે વિકર્ણે જ દ્રૌપદી વતી ન્યાયસંગત દલીલો કરી (વકાલત કરી): '(૧) ધર્મરાજે દ્યૂતના વ્યસનમાં આવીને તેમ જ જુગારીઓથી ઉશ્કેરાઈને દ્રૌપદીને હોડમાં મૂકી હતી તેથી એમનું મન ઠેકાણે ન કહેવાય. (૨) દ્રૌપદી પાંચે પાંડવોની સામાન્ય પત્ની છે. (તેથી એકલા યુધિષ્ઠિર હોડમાં ન મૂકી શકે). (૩) યુધિષ્ઠિરે પોતે જિતાઈ ગયા પછી એને દાવમાં મૂકી છે (એટલે કે પોતે પરાધીન થયા પછી એમને દ્રૌપદીને હોડમાં મૂકવાની સત્તા રહી જ નહોતી). અને સભાસદોને સમજાવ્યું કે ધર્મરાજે વ્યગ્ર હાલતમાં કરેલું આ કૃત્ય કોઈ ગાંડા માણસે કરેલા કૃત્ય જેવું છે. તેથી તેની કિંમત, કાયદા પ્રમાણેય નથી, માટે તમે કર્તવ્યાભિમુખ થઈને ન્યાય કરો.[૧] (૨–૬૧–૧ થી ૨૪).

પણ એ વખતે ક્રોધમૂર્ચ્છિત કર્ણે સ્થવિરની જેમ બોલતા 'નાદાન' વિકર્ણને અપમાન્યો અને દુઃશાસનને પાંડવોનાં તથા દ્રૌપદીનાં વસ્ત્રો ઉતારી લેવા કહ્યું. આ સાંભળતાં પાંડવોએ પોતાનાં ઉત્તરીય સભામાં ઉતારી નાખ્યાં! (કૃષ્ણાના તેજનો અલ્પાંશ પણ, સામાન્યતઃ પ્રતિભાશાળી એવા આ પાંડવ વીરો દર્શાવી શકતા નથી. પોતાનાં વસ્ત્ર સ્વેચ્છાએ ઉતારનાર તેઓ દ્રૌપદીનાં વસ્ત્ર ખેંચાતાં કેવી રીતે બચાવી શકે? આ સંયોગોમાં ભીષ્મ, દ્રોણ વગેરેનો વાંક કેવી રીતે કાઢવો એય સમજાય નહિ!). અને પછીનું દૃશ્યઃ

> ततो दुःशासनो राजन् द्रौपद्या वसनं बलात् ।
> सभामध्ये समाक्षिप्य व्यपक्रष्टुं प्रचक्रमे ॥
> आकृष्यमाणे वसने द्रौपद्यास्तु विशां पते ।
> तद्रूपमपरं वस्त्रं प्रादुरासीदनेकशः ॥ २–६०–४०, ४१.

(વૈશંપાયન જનમેજયને કહે છે:) 'પછી હે રાજન્! સભાની વચ્ચે દુઃશાસન દ્રૌપદીનાં વસ્ત્રોને બલાત્કારે ખેંચીને ઝૂંટવી લેવા માંડ્યો. હે વિશાં પતે! પણ દ્રૌપદીનાં વસ્ત્રો ખેંચાવા માંડતાં, એક નીચે બીજું એમ એ જ રંગનાં વસ્ત્રોનો (જાણે કે ચમત્કારિક) પ્રાદુર્ભાવ થયો![૨]

'ભીમસેને દુઃશાસનની છાતી ચીરીને લોહી પીવાની રૌદ્ર પ્રતિજ્ઞા લીધી. સભાજનો (દ્રૌપદી

---

૧. ધર્મની સૂક્ષ્મતા—કાયદાની બારીકીના આ મુદ્દા ઉપર (સંભવતઃ નોકર હતા તેથી) કવિ વિદુર પણ બોલવાની શરૂઆત નહોતા કરી શકતા. તેઓ પણ વિકર્ણ જેવા કાચી ઉંમરના પણ ન્યાયી જુવાનિયાની શરૂઆત પછી બોલી શક્યા! સત્ય અને ન્યાયનું પ્રકટીકરણ ગમે ત્યાં, ગમે તેવા નાના મનુષ્ય મારફત પણ થઈ શકે છે, એનું આ વિશિષ્ટ ઉદાહરણ છે, અને વેદવ્યાસે તેને વિશિષ્ટ રીતે ઉઠાવ આપ્યો છે. વિશેષ માટે જુઓ 'ભારત-રત્ન', (ભો. જ. સાંડેસરા, ૧૯૬૩), પૃ. ૨૭૧ થી ૨૭૫.

૨. દુઃખાર્ત દ્રૌપદીની પ્રાર્થના સાંભળીને દ્વારકાવાસી શ્રીકૃષ્ણ તેની વહારે ધાયા. (જુઓ 'સભાપર્વ' ક્ષેપક ૫૪૨, ૫૪૩ થી ૫૫૧, ૫૫૩) અને તેને ૧૦૮ ચીર પૂર્યાં (જુઓ 'સભાપર્વ' ક્ષેપક ૫૫૨; લોકપ્રિય માન્યતા અનુસાર, ભગવાનને શેરડી છોલતાં છરી વાગી ત્યારે દ્રૌપદીએ ચીર ફાડીને પાટો બાંધેલો. તે પાટામાં ૯૯૯ તાર હતા, તદનુસાર ૯૯૯ ચીર પૂર્યાં), વગેરે બીના ભક્તિમાર્ગની દૃષ્ટિએ, શ્રીકૃષ્ણ ભક્તની વહારે ચઢે છે તે દર્શાવવા જુદે જુદે રૂપે મહાભારતમાં પાછળથી ઉમેરી દેવામાં આવેલી

તથા ભીમને) માન આપવા લાગ્યા અને કૌરવો ઉપર ફિટકાર વરસાવવા લાગ્યા. છેવટે જ્યારે સભામધ્યે ચીરનો મોટો ઢગલો થયો ત્યારે, દુઃશાસન થાકીને અને ભોંઠો પડીને બેસી ગયો!' (૨–૬૧–૪૨ થી ૪૮).

આ પછી વિદુરે **અનાથવત્** રીતી દ્રૌપદીના પ્રશ્નનો સાચો ઉત્તર આપવા સભાસદોને વિનંતી કરી: 'આના પ્રશ્નનો કોઈ જવાબ આપતું નથી. અહીં સભામાં ધર્મ પીડાય છે. બળેલો ઝળેલો દુઃખી (ન્યાય માટે) સભામાં આવે છે તેને સભ્યો, સત્ય અને ધર્મથી શાન્તિ આપે છે......ન્યાયસભામાં બેઠેલો ધર્મદર્શી જો પ્રશ્નનો સાચો ઉત્તર આપતો નથી તો તે અસત્યના અર્ધા ફળને ભોગવે છે......વગેરે'. પરન્તુ શેહ, શરમ અને ગૂંચવાડામાં ડૂબેલા કોઈએ કંઈ જવાબ આપ્યો નહિ અને કર્ણે તો દુઃશાસનને હુકમ કર્યો, 'આ કૃષ્ણા દાસીને ઘરમાં લઈ જા!' (૨–૬૧–૫૨ થી ૮૧).

આવા કટોકટીના વખતે પણ અભિજાત દ્રૌપદી સભામાંના ગુરુજનોને વિનયથી નમન કરવા માંડી. નમન કરતી એને દુષ્ટ દુઃશાસન ઢસડીને સભાની બહાર લઈ જવા માંડ્યો એટલે દ્રૌપદી પડી ગઈ. ત્યારે પોતાની મહત્તા યાદ કરતી અને કૃષ્ણ સાથેનું સખ્ય સંભારતી એ (ભૂત-પૂર્વ) સામ્રાજ્ઞી વિલાપ કરતાં બોલી: સ્વયંવર સમયે રંગમંડપમાં રાજાઓની નજરે પડી હતી (તે સિવાય કદી રંગમંડપમાં ગઈ નથી એવી) તે વિના મને આમ (જાહેરમાં) કોઈએ જોઈ નથી તે હું આજે (દ્યૂત) સભામાં આવી પડી છું! જેને પૂર્વે વાયુ અને આદિત્યે પણ ઘરમાં જોઈ નથી (સર૰ કહેવત, 'જેને ઊનો વાયરોય અડ્યો નથી') તે હું આજે કુરુસંસદની વચ્ચે પ્રદર્શિત થાઉં છું! પૂર્વે ઘરમાં જેને વાયુ સ્પર્શે તોપણ પાંડવો સાંખતા નહોતા, તેને આ દુષ્ટ દુઃશાસન પકડે છે તોપણ તેઓ સહી લે છે![1] દુઃખને અયોગ્ય અને પુત્રવધૂ તથા પુત્રી જેવી હું આજે કલેશ પામું છું, અને કૌરવો તેને સહન કરે છે, એટલે એમનો દિનમાન ફરી ગયો છે, એમ હું

છે. તેમાંય ક્ષેપક ૫૪૩માં આવતી **દ્રૌપદીની પ્રાર્થના તો સ્વતંત્ર રીતે રત્ન છે. ચિત્તની અપ્રમત અવસ્થામાં એ ભારે આશ્વાસક છે.** તેથી ક્ષેપક ૫૪૩માંથી છ લીટીઓને 'આશ્રમ-ભજનાવલિ'માં ગાંધીજીએ લીધી છે. એમ છતાં હિન્દુ સમાજનાં પ્રમત્ત તત્ત્વોની નબળાઈ એને કારણે (આવી સુંદર પ્રાર્થનાઓના પણ અણઘડ ઉપયોગથી) વધી છે, તે હકીકત છે. એ રીતે 'સભાપર્વ' પરિશિષ્ટ ૧–૪૨ લીટી ૬ થી ૧૦માં આવતી ક્ષેપક કુન્તી-પ્રાર્થના પણ દ્રૌપદીની પ્રાર્થનાનું અનુકરણ છે. અને જે જાગૃત ભક્તિ નથી પરન્તુ પ્રમાદી ભક્તિ છે, એમાં પ્રવેશતી પંગુતા દર્શાવે છે.

જુઓ પ્રકરણને અંતે પરિશિષ્ટ.

૧. આ ઉદ્ગારો પડદાપ્રથાનો નિર્દેશ નથી કરતા. પણ સામ્રાજ્ઞી દ્રૌપદીનું સમ્માન કેવું જળવાતું હતું તે દર્શાવે છે. મહાભારતના દ્રૌપદી અંગેના ઉલ્લેખો સક્રિય રાજ્યવહીવટ કરનાર અમાત્ય જેવા છે. જેમકે (૧) રાજસૂય યજ્ઞ પ્રસંગે પોતે ભૂખી રહીને પણ અપંગ અને કૂબડાંથી માંડીને ઊર્ધ્વરેતા યતિઓ સુદ્ધાં જમ્યા કે નહિ તેનું ધ્યાન રાખતી હતી. ૨–૪૮–૩૯ થી ૪૧; સર૰ ૩–૨૨૨–૪૦, ૪૧ થી. (૨) 'આરણ્યકપર્વ'નો અ. ૨૨૨, તેમાંય ખાસ કરીને શ્લોક ૪૦ થી ૫૪ તો એમ દર્શાવે છે કે દ્રૌપદી, ઇન્દ્રપ્રસ્થના સામ્રાજ્યની તમામ આવક-જાવકનો વહીવટ સંભાળતી હતી. (સર૰ અત્યારના નાણાપ્રધાનનો હોદ્દો) અને પાંડવ ભાઇઓના મહેલો, તમામ નોકર-ચાકર, અતિથિસત્કાર, સમ્રાટના સંપૂર્ણ રસાલાનો—હાથી, ઘોડા સુદ્ધાંતની ગણત્રી અને કર્મચારીઓનાં નામ સુદ્ધાં પણ યાદ રાખીને—વહીવટ કરતી હતી.

માનું છું ! સતી અને શુભ એવી હું સભા વચ્ચે (અધર્મીઓ વડે) દૂભી રહી છું, એનાથી હલકટ બીજું કયું કામ હોય ? (ધર્મરક્ષાના ઇજારદાર) રાજાઓનો **ધર્મ** આજે ક્યાં જતો રહ્યો છે ? ! 'સ્ત્રીઓને સભામાં ન લઈ જવાય' એવું અમે પહેલાં સાંભળ્યું છે. પણ કૌરવોમાં પૂર્વનો એ **સનાતન ધર્મ** નાશ પામ્યો છે. નહિ તો પાંડવોની પત્ની, ધૃષ્ટદ્યુમ્નની બહેન અને વાસુદેવની સખી એવી હું રાજાઓની સભામાં (બલાત્કારે) કેમ આવી શકું ?[1] અને ફરીથી એ જ પ્રશ્ન પૂછ્યો કે, 'કહો હું જિતાયેલી છું કે અણજિતાયેલી ? તમે ઉત્તર આપશો એમ કરીશ.'

તૂટેલા હૃદયે ભીષ્મ ફરી બોલ્યા. અગાઉ એમણે 'ધર્મની સૂક્ષ્મતા'નો જવાબ આપેલો તે સંભાર્યો (જુઓ ઉપર ૨–૬૦–૩૫ થી ૪૨) અને લાચારીપૂર્વક કહ્યું: 'ધર્મની સૂક્ષ્મતાને વિજ્ઞાની મહાત્માઓ પણ નથી જાણી શકતા. આ જગતમાં બલવાન જેને ધર્મ ગણે છે તે જ ધર્મ ગણાય છે. (સર૦ કહેવતો 'બળિયાના બે ભાગ', 'જિસકી લાઠી ઉસકી ભેંસ' વગેરે). જેને બલવાનો ધર્મની મર્યાદા કહે છે તે જ ધર્મ બને છે. (અહીં બલવાન બની બેઠેલ દુર્યોધનાદિની ચંડાળચોકડીને ઉદ્દેશીને આ વચનો છે.) આ ઉત્તર આપવાનું કાર્ય સૂક્ષ્મ છે, ગહન છે અને ગૌરવવાળું છે (ભારે છે), એટલે હું જવાબ આપી શકતો નથી. પણ એટલું ચોક્કસ છે કે, બધા કૌરવો લોભ અને મોહમાં નિમગ્ન થઈ ગયા છે, એટલે આ કુલનો અંત બહુ થોડા વખતમાં આવી જશે...' વ. કહીને શાન્ત થયા. (૨–૬૨–૧૪ થી ૨૧).

ત્યારબાદ આ બલવાનના 'ધર્મ'નાં ચૂંથણાં થયાં. વળી અપમાનોની પરંપરા અને છેવટે ઐશ્વર્યના મદથી ફાટી ગયેલા દુર્યોધને પોતાની ડાબી સાથળ ખુલ્લી કરી, દ્રૌપદી અને ભીમ પ્રત્યે બીભત્સ ચાળો કર્યો. ભીમે તેની સાથળ ભાંગવાની પ્રતિજ્ઞા કરી. (આવતા ભયની આંધીની એંધાણી રૂપે) શિયાળ અને ગધેડાં ભૂકયાં. વિદુર અને ગાન્ધારીએ ધૃતરાષ્ટ્રને ભયનું નિવેદન કર્યું. (વાતાવરણ જોઈ ગભરાયેલા) ધૃતરાષ્ટ્રે દ્રૌપદીને વરદાન આપી તેને તથા પાંડવોને દાસભાવમાંથી છોડચા અને પોતાના તરફથી વધારામાં સામ્રાજ્ય પણ પાછું આપ્યું ! ('સભાપર્વ' અ. ૬૩).

થયું. દુર્યોધન અને શકુનિની મહેનત પાણીમાં ગઈ! અને વૈર વધ્યું તે છોગામાં ! ધૃતરાષ્ટ્રની આજ્ઞા લઈ પાંડવો ઇન્દ્રપ્રસ્થ તરફ જવા નીકળ્યા. વળી દુર્યોધને ધૃતરાષ્ટ્રને સમજાવ્યો. દ્યૂત રમવાની પરવાનગી લીધી. ભીષ્મ, દ્રોણ, વિદુર, વિકર્ણ વગેરે સર્વ હિતકારી સંબંધીઓએ તેનો વિરોધ કર્યો. પુત્રવત્સલા ધર્મપરાયણ ગાન્ધારીએ, ધૃતરાષ્ટ્રને દુર્યોધન જેવા દુષ્ટ પુત્રનો વધ

---

૧. कथं हि भार्या पाण्डूनां पार्षतस्य स्वसा सती।
वासुदेवस्य च सखी पार्थिवानां सभामियाम्। ૨–૬૨–૧૦.

આ સાથે સર૦ દ્રૌપદીએ વિષ્ટિ માટે જતાં શ્રીકૃષ્ણને પોતાનું આ અપમાન યાદ કરાવતાં કહેલું વચન:

°तव कृष्ण प्रिया सखी॥ ૫–૮૦–૨૧ઘ.

તથા વનમાં મળવા આવેલા શ્રીકૃષ્ણને કહેલું વચન:

°तव कृष्ण सखी विभो॥ ૩–૧૩–૫૩ખ.

કરવા કહ્યું, અને ફરી દ્યૂત રમાતું અટકાવવા વિનંતીપૂર્વક અનુરોધ કર્યો. પરંતુ ધૃતરાષ્ટ્રે તો 'ભલે કુલનો અંત આવે. હું તેને રોકી શકું એમ નથી. જે પ્રમાણે (મારા પુત્રો) ઇચ્છે છે તેમ જ થાઓ. પાંડવો પાછા આવો અને **મારા પુત્રો** સાથે ફરી દ્યૂત રમો!'[1] ('સભાપર્વ' અ. ૬૪ થી ૬૬).

પાંડવોની પાછળ જ દૂત પ્રાતિકામી દોડ્યો. દ્યૂત માટે આમંત્ર્યા અને ફરીથી એ જ ધાતાની આજ્ઞાથી આવી પડતા અનિવાર્ય શુભ-અશુભની વાતો કરતા, સર્વનાશ જાણતા છતાં, પેલા વ્રતને અધીન થઈને પાછા આવ્યા! દ્યૂત રમ્યા. ફરી સામ્રાજ્ય ખોયું અને તેર વર્ષના વનવાસે ગયા.[2] ('સભાપર્વ,' અ. ૬૭ થી ૭૦).

દ્રૌપદીવસ્ત્રાહરણના પ્રસંગમાં દ્રૌપદીનાં ચીર ખેંચાવા માંડતાં 'એક નીચે બીજું એમ એ જ રંગનાં અનેક વસ્ત્રોનો પ્રાદુર્ભાવ થયો' (૨-૬૦-૪૦, ૪૧). તેનો અર્થ શો? પાંડવો ફરીથી વન જતાં, પોતાનાં દુષ્કૃત્યોનાં ભાવી અમંગળ પરિણામોની ચિન્તાથી વ્યગ્ર થયેલા ધૃતરાષ્ટ્રનાં નીચેનાં વચનોમાં એ સ્ફુટ થાય છે. ધૃતરાષ્ટ્ર સંજયને કહે છે: '...બુદ્ધિ કલુષિત થાય અને વિનાશ ઉપસ્થિત થાય ત્યારે નીતિ જેવી લાગતી અનીતિ હૃદયમાંથી દૂર ખસતી નથી... કાળ કંઈ દંડ ઉગામીને કોઈનું માથું ફોડતો નથી. પણ આવું વિપરીત અર્થદર્શન એ જ કાળનું બળ છે. સર્વધર્મજ્ઞા યશસ્વિની દ્રૌપદીને ભૂંડા જુગારી સિવાય બીજો કોણ સભામાં ખેંચી લાવે? સ્ત્રીધર્મમાં આવેલી, એકવસ્ત્રા; ધનહીન, વ્યગ્રચિત્ત, શ્રી વગરના, સર્વ કામનાહીન, ધર્મપાશથી જકડાયેલા (બલવાન દુરાત્માઓએ જે 'કાયદા'ને ધર્મ તરીકે ઠઠાડી દીધેલો[3] તે પાશથી જકડાયેલા), અને દાસ થયેલા પાંડવોને જોતી, દુર્યોધન અને કર્ણની કડવી વાણી સાંભળતી, અમર્ષવાળી, દુઃખિયારી કૃષ્ણાની કુરુસંસદમાંની એ દીન આંખો આખી પૃથ્વીને પણ બાળી નાખે એવી હતી. સંજય! (ભાઈ!) હવે મારા પુત્રોમાંથી કોઈ બચશે ખરો કે? કૃષ્ણાને સભામાં ઉપાડી જવાયેલી જોઈને ગાન્ધારીની સાથે ભરતોની સર્વ સ્ત્રીઓએ ત્યાં ભૈરવ રુદન કર્યું હતું. દ્રૌપદીને ઘસડી જવામાં આવતાં બ્રાહ્મણો કોપી ઊઠ્યા હતા, અને એમણે સાયંકાળે અગ્નિહોત્રમાં બિલકુલ

---

૧. अन्तः कामं कुलस्यास्तु न शक्ष्यामि निवारितुम् ॥ ૨-૬૬-૩૬ગઘ

यथेच्छन्ति तथैवास्तु प्रत्यागच्छन्तु पाण्डवाः ।

पुनर्द्यूतं प्रकुर्वन्तु मामकाः पाण्डवैः सह ॥ ૨-૬૬-૩૭.

૨. આ 'વ્રત'ની પકડ એટલી સખત છે કે ધૃતરાષ્ટ્રે અપમાન કરી વિદુરને કાઢી મૂક્યા. તે કાઢી મૂકેલા વિદુરને આવતા જોઈ વનવાસી ધર્મરાજ ગભરાયા અને ભીમને પૂછવા માંડ્યા કે, 'આ વિદુર આપણને ફરી દ્યૂત રમવાનું આમંત્રણ આપવા તો નથી આવતાને? પછી શકુનિ આપણાં આયુધ જીતી લેશે તો શું કરીશું? ગાંડીવ જશે તો આપણને રાજ્ય કેમ મળશે? અને ભીમ! મને આહ્વાન થાય તો હું પાછું ઠેલી શકું એમ નથી!' ૩-૬-૭ થી ૯. છેવટે ઋષિ બૃહદશ્વે યુધિષ્ઠિરને દ્યૂતનું સંપૂર્ણ રહસ્ય શીખવ્યું તે પછી જ એ ભય ગયો હતો. ૩-૭૮-૧૪ થી ૧૭.

૩. धर्मस्य ह्रियमाणस्य बलवद्भिर्दुरात्मभिः । ૧૨-૨૫૨-૧૧કખ

= ૧૩-૧૪૭-૧૮કખ; સર૦ ૧૨-૧૫૨-૧૮કખ

હોમ કર્યો નહોતો[૧]...પ્રજામાં મહાઘોર ભય પ્રવર્ત્યો હતો...દુર્યોધનની (બ્રાહ્મણો ચાલ્યા ગયેલા તેથી સૂની) અગ્નિહોત્રશાળામાં શિયાળવીઓ લાળી કરતી હતી, અને તેના જવાબમાં ગધેડાંઓએ ભૂંકીને દિશાઓ ગજવી મૂકી હતી! તે વખતે ભીષ્મ, દ્રોણ, કૃપ, સોમદત્ત અને મહારથી બાહ્લિકની સાથે (સભામાંથી) બહાર ચાલ્યા ગયા હતા. એ વખતે વિદુરની પ્રેરણાથી મેં કૃષ્ણાને વરદાન આપ્યાં હતાં... ત્યારે વિદુરે મને કહ્યું હતું કે, '...પાંચાલીના આ ક્લેશને પાંડવો સહન નહિ કરે. સત્યપ્રતિજ્ઞ વાસુદેવથી પાંડવો રક્ષાયેલા છે. (વધારામાં) પાંચાલોથી રક્ષિત થઈને બીભત્સુ અર્જુન અને દંડધારી યમની જેમ ગદા ઘુમાવતો ભીમ આવશે ત્યારે એના વેગને કોઈ સહન નહિ કરી શકે. પાંડવો કૌરવો કરતાં વધુ બલવાન છે. (વાસુદેવના રક્ષણ નીચે) ભીમે જરાસંધ (બધી રીતે) બલવાન હતો તોપણ મારી નાખ્યો હતો..' સંજય! આવી અનેક રીતે વિદુરે મને ધર્મ અને અર્થથી ભરેલાં વચન કહ્યાં હતાં, પણ પુત્રનું હિત (?) ઇચ્છનારા મેં તે વચન માન્યાં નહિ!' (૨–૭૨–૮ થી ૩૬).

કૌરવસભામાં દ્રૌપદીવસ્ત્રહરણ ન થઈ શક્યું તેનાં કારણો આ પ્રમાણે જણાય છે: (૧) ગાન્ધારી જેવી સતી (= સત્યાચરણી) સ્ત્રીની (આગેવાની) સાથે ઘણીખરી કૌરવ સ્ત્રીઓએ ભૈરવ રુદન—ભયંકર રોકકળ કરી મૂકી હતી.[૨] સ્વજાતિદ્વેષી, લોભી, ઈર્ષ્યાળુ અને ઝખડાખોર મનાતી સ્ત્રીઓએ જ રાજ્યના, ના, સામ્રાજ્યના લોભમાં ફસાયા વિના અને સ્ત્રીના માનના સંરક્ષણ અર્થે શક્ય તેટલો ભારે પ્રયત્ન કર્યો છે. આ વિગત મૂકીને કૃષ્ણ દ્વૈપાયને સ્ત્રીઓની ન્યાયબુદ્ધિમાં વિશિષ્ટ વિશ્વાસ દર્શાવ્યો છે. એમ પણ બની શકે કે, આ કૌરવ સ્ત્રીઓએ, દ્રૌપદીનાં ચીર ખેંચતા દુષ્ટ દુઃશાસન તરફ પોતાનાં ચીર ફેંકીને ઢગલો કર્યો હોય અને કકળતાં કકળતાં ઉપાલંભ આપ્યો કે, 'તું સ્ત્રીની લાજ, ભલેને દુશ્મન કેમ ન હોય, અમારા દેખતાં લૂંટી નહિ શકે.' (૨–૭૨–૧૯).

---

૧. (૧) भारतानां स्त्रियः सर्वा गान्धार्या सह संगताः ।
प्राक्रोशन्भैरवं तत्र दृष्ट्वा कृष्णां समागताम् ॥ २–७२–१९.

अग्निहोत्राणि सायाह्ने न चाहूयन्त सर्वशः ।
ब्राह्मणाः कुपिताश्चासन्द्रौपद्याः परिकर्षणे ॥ २–७२–२०.

(૨) કુસંપ અને મન્યુના પુરસ્કારથી આવેલો અંજામ—મહાયુદ્ધ પછીનો વિનાશ જોતાં જોતાં રણભૂમિ ઉપર દુઃશાસનનું શબ જોતાં, ગાન્ધારીએ શ્રીકૃષ્ણને કહ્યું હતું: 'જનાર્દન! ભાઈ દુર્યોધન અને જોતાં, કર્ણનું પ્રિય કરવાની ઇચ્છાથી દુઃશાસને દ્યૂતમાં જિતાયેલી દ્રૌપદીને કહ્યું હતું: 'પાચાલિ! તું પાંડવોની સાથે અમારી દાસી (દાસપત્ની) બની છે. માટે તું સત્વર અમારાં ઘરોમાં પ્રવેશ.' કૃષ્ણ! ત્યારે મેં દુર્યોધનને, મૃત્યુપાશમાં સપડાયેલા મામા શકુનિનો ત્યાગ કરવા અને પાંડવો જોડે સલાહ કરવા કહ્યું હતું. '૧૧–૧૮–૨૦ થી ૨૫ ઇ. ગાન્ધારીએ આમ દુર્યોધનને શકુનિનો ત્યાગ કરવા પણ સમજાવેલું, અને છેવટે આગળ જણાવ્યું તેમ દુર્યોધનનો વધ સુદ્ધાં કરવાનું ધૃતરાષ્ટ્રને સૂચવેલું.

૨. આમ છતાં કોઈ કોઈ હલકી કક્ષાની કૌરવ સ્ત્રીઓ દ્રૌપદીનું દુઃખ જોઈ મનમાં રાજી પણ થઈ હોય એમ બને. વનમાં દ્રૌપદીને મળવા ગયેલાં સત્યભામા વિદાય લેતાં જે વચનો કહે છે તે સર° 'તમે વન જવા નીકળ્યાં (વસ્ત્રાહરણ પ્રસંગે નહિ), ત્યારે જે કુરુસ્ત્રીઓ ગર્વથી ભાન ભૂલીને હસી હતી, તેમના સંકલ્પો ટૂંક સમયમાં જ ભાંગી પડશે, તે તમે જોશો.' ૩–૨૨૪–૮.

(૨) બ્રાહ્મણોનો અન્યાય સામેનો તીવ્ર કોપ (૨–૭૨–૧૦). (૩) ભીષ્મ, દ્રોણ, કૃપ, સોમદત્ત અને બાહ્લિક વગેરેનો આ બનાવ સામે સજ્જડ વિરોધ, અને તેઓ સભામાંથી બહાર નીકળી ગયા તે (૨–૭૨–૨૩ થી ૨૫). વસ્ત્રાહરણ બંધ રહ્યા પછી તેઓ ફરી સભામાં આવ્યા હશે એમ લાગે છે. (૪) કૌરવ ભાઈઓમાં માતા ગાન્ધારીના પુણ્યશીલવાળા સ્વભાવનો વારસો પામેલા એક માત્ર યુવાન વિકર્ણની સબળ વકીલાત (૨–૬૧–૧૧ થી ૨૫). (૫) આદિથી અંત સુધી દીર્ઘદર્શી વિદુરનો સજ્જડ વિરોધ ('સભાપર્વ' અ. ૫૧ થી ૭૨). (૬) પાંડવો સત્યપ્રતિજ્ઞ શ્રીકૃષ્ણ જેવા મહારથી મહાનુભાવથી રક્ષાયેલા છે, અને દ્રૌપદી એ વાસુદેવની સખી છે તે વાત (૨–૬૨–૧૦; ૭૨–૨૯, ૩૦, ૩૪; ૩–૪૮–૬૭). (૭) અને સર્વથી વધુ તો દુઃખી, ક્રોધિત છતાં દૃઢ શીલવાન પાંચાલીનું ધર્મતેજ.

મતલબ કે સમાજ અને કાયદો દુર્યોધનને અસરકારક રીતે અટકાવવા જેટલો સબળ નહોતો છતાં એને સો ટકા બેફામ વર્તવા દેવા જેટલો નિર્બળ પણ નહોતો. ધર્મશીલતા હતી, આજની જેમ જ પૂરી સબળ નહિ, તેમ અત્યંત નિર્બળ પણ નહિ. તે સાથે જ વ્યક્તિની શીલનિષ્ઠા પૂરેપૂરી હોય તો, (હજી મ. ગાંધીજીએ ભારતના ભાગલા સમયના અત્યાચારો વખતે કહ્યું હતું તેમ : 'શીલવતી સ્ત્રીના શીલનો ભંગ કોઈ પણ કરી શકે નહિ.') ગમે તેવા કપરા સંજોગોમાં, પ્રાણના ભોગે પણ, તેનું શીલ અખંડ જ રહે. એ સિદ્ધાંતને અનુસરીને સાધ્વી ધર્મશીલા દ્રૌપદીનું આ વિષમ સંયોગોમાંય રક્ષણ થયું—અર્થાત્ ઋત, અથવા તો ઋતરૂપી ભગવાન શ્રીકૃષ્ણે તેને ચીર પૂર્યાં. પછી અનેક ભક્ત કવિઓ અને પુરાણીઓએ જુદા જુદા ભક્તિપૂત ભાવોથી ભરપૂર વાણીમાં આ કથાનકને ગૂંથીને (અનેક ક્ષેપકો દ્વારા) મહાભારતમાં દાખલ કરી દીધું. એ બીના મહાભારતની સમીક્ષિત વાચના જોતાં સામાન્ય વાચક પણ સહેલાઈથી સમજી શકે એટલી સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે. તે સાથે જ મૂળ વાચના પ્રમાણે દ્રૌપદીનું તેની અંગત અને સમાજમાં રહેલી તેજસ્વિતા તથા ધર્મશીલતાએ રક્ષણ કર્યું હતું, તેનું સંક્ષિપ્ત, સાદી અને વેગવાળી અત્યંત સુંદર શૈલીમાં જે વર્ણન છે, તે 'ભગવાને ચીર પૂર્યાં'ના કથાનક કરતાં તો ઘણું વધારે ઉત્તમ છે જ. પરન્તુ વિશ્વનાં સર્વોત્તમ કાવ્યોમાં પણ ઘણે ઊંચે આસને વિરાજી માર્ગ મુકાવે એવી ઉત્કૃષ્ટ રસાનુભૂતિવાળું છે.

આમ છતાં દ્રૌપદીએ આ ભયાનક કટોકટીની ઘડીએ સખા અભયદાતા શ્રીકૃષ્ણનું સ્મરણ કરેલું. વિષ્ટિ માટે હસ્તિનાપુર જતા શ્રીકૃષ્ણને ધર્મરાજ, ભીમ અને અર્જુને સુલેહ કરાવવા ભાર દઈને કહ્યું. એ વખતે દ્રૌપદીએ પોતાના ગૌરવ અને કૌરવોએ કરેલા અપમાનની યાદ તાજી કરી કેશવને યુદ્ધ કરી, પાપી દુઃશાસન અને દુર્યોધનને દંડ દેવા ભારપૂર્વક જણાવી કહ્યું હતું : 'જનાર્દન! તમારા ઉપરના વિશ્વાસથી ફરી કહું છું કે, પૃથ્વી પર મારા જેવી કોઈ સોહાગણ હશે! હું દ્રુપદરાજની પુત્રી, યજ્ઞવેદીમાંથી જન્મી, ધૃષ્ટદ્યુમ્નની બહેન, કૃષ્ણ! તમારી પ્રિય સખી, અજમીઢકુલના પાંડુની પુત્રવધૂ, પાંચ ઇન્દ્ર જેવા પાંડવોની પટરાણી, પાંચ મહારથી પુત્રોની માતા, સગાઈની દૃષ્ટિએ અભિમન્યુની જેમ એ પુત્રો પણ ધર્મ મુજબ તમારા ભાણેજ, આવી (ગૌરવશાળી) હું તેને પાંડવોના દેખતાં, અને કેશવ! તમો જીવો છો છતાં, પાંડવો જેવા (પરાક્રમી) પાંચાલો અને વૃષ્ણિઓ પણ જીવતા છે છતાં, સભામાં ઢસડીને મારો ચોટલો ચૂંથવામાં આવ્યો! પાપીઓની સભામાં દાસી બની અને નિષ્ક્રિય તથા અક્રોધી રહીને પાંડવો જોઈ રહ્યા! ત્યારે 'ત્રાહિ મામ્! ગોવિન્દ!' એવું મેં તમારું

મનમાં આશા સાથે ચિંતન કર્યું હતું. × × ×'[૧] (૫–૮૦–૨૦ થી ૨૬). વળી પોતાનો સુંદર, નીલ કેશપાશ ડાબા હાથમાં પકડી શ્રીકૃષ્ણને બતાવી બોલી, 'જ્યારે શત્રુઓ સાથે સંધિ કરવા ઇચ્છો ત્યારે દુઃશાસને વીંખેલા આ ચોટલાને યાદ કરજો!...' (૫–૮૦–૩૩ થી ૩૬).

આ પહેલાં દૂતકાર્ય માટે કૌરવોનો દૂત સંજય પાંડવોની છાવણીમાં આવેલો. તેને વિદાય વખતે સંદેશો આપેલો તેમાં શ્રીકૃષ્ણે કહ્યું હતું : '(વસ્ત્રાહરણપ્રસંગે) દ્રૌપદીએ મને દૂરવાસીને 'ગોવિન્દ!' કહીને પોકારેલો તેનું ભારે ઋણ ચઢી ગયું છે, તે મને અજંપો કરાવે છે—હૃદયમાંથી ખસતું નથી.' (૫–૫૮–૨૧).

આર્ત દ્રૌપદીનો પોકાર શ્રીકૃષ્ણને કેમ ન હચમચાવે ? એક તો ભગવાન શ્રીકૃષ્ણ સ્ત્રીઓના પરમ વિશ્વસ્ત અને પરમ ઉદ્ધારક. અને તેમાંય આ તો તેમની પ્રિય સખી (૩–૧૩–૫૩; ૫–૮૦–૨૧). પાંડવો વનવાસે ગયા સાંભળીને શ્રીકૃષ્ણ પાંડવોને મળવા વનમાં આવ્યા (૨–૧૩–૧ થી; ૪૮–૧૨ થી). ત્યાં દ્રૌપદીએ 'દિવ્ય અને માનુષ સૌ ભૂતોના ઈશ મધુસૂદન આગળ પ્રણયપૂર્વક પોતાનું દુઃખ વર્ણવ્યું.' એમાં શરૂમાં 'પાર્થોની ભાર્યા, કૃષ્ણ જેવા સમર્થની (વિભુની) સખી, અને ધૃષ્ટદ્યુમ્નની બહેન એવી મારા જેવી સ્ત્રીને સભામાં શા માટે ઘસડવામાં આવે ?' કહ્યા પછી સભામાં થયેલા અત્યાચારનું વર્ણન કર્યું. કૌરવોએ પાંડવોને અત્યાર સુધી હેરાન કરેલા તે બધું વર્ણવ્યું. રુકિમણીને શ્રીકૃષ્ણ જેવી બહાદુરીથી જીતી લાવ્યા હતા તેવી જ બહાદુરીથી અર્જુન પોતાને જીતી લાવેલા તે બધું સંભારીને ઉમેર્યું, 'પતિઓ મારા નથી, પુત્રો મારા નથી. ભાઈઓ, પિતા અને સગાં મારાં નથી, અને મધુસૂદન! તમે ય મારા નથી. કારણ એ વખતે કર્ણે મારી હાંસી ઉડાવેલી એનું શૂળ તો શમતું જ નથી તો પણ આ બધા (=તમે સૌ) ક્ષુદ્રોથી અપમાન પામેલી મને, જાણે હું શોક વિનાની હોઉં એમ મારી ઉપેક્ષા કરે છે!'[૨] (૩–૧૩–૫૨ થી ૧૧૩).

---

૧. सुता द्रुपदराजस्य वेदिमध्यात्समुत्थिता ।
धृष्टद्युम्नस्य भगिनी तव कृष्ण प्रिया सखी ॥ ૫–૮૦–૨૧

*   *   *

साहं केशग्रहं प्राप्ता परिक्लिष्टां सभां गता ।
पश्यतां पांडुपुत्रेण त्वयि जीवति केशव ॥ ૫–૮૦–૨૪.
= કે. 'સભાપર્વ', ક્ષેપક ૫૩૫, લીટી ૩, ૪, અને
'સભાપર્વ', ક્ષેપક ૫૪૨, લીટી ૩, ૪.

*   *   *

निरामर्षेष्वचेष्टेषु प्रेक्षमाणेषु पाण्डुषु ।
त्राहि मामिति गोविन्द मनसा काङ्क्षितोऽसि मे ॥ ૫–૮૦–૨૬.

૨. (૧) શ્રીકૃષ્ણે તે વખતે દ્રૌપદીને આશ્વાસન આપ્યું, અને પોતે દ્યૂતસમયે દ્વારકામાં નહોતા, નહિ તો વણતેડયે પણ સભામાં આવીને કોઈ પણ રીતે દ્યૂત બંધ રખાવત વ. કહ્યું. ૩–૧૩–૧૧૪ થી ૧૧૭; અને અ. ૧૪.

શ્રીકૃષ્ણના હૃદયમાં દ્રૌપદીનાં વચનો ચોંટી ગયાં, અને તેઓ યોગ્ય પ્રસંગે તેને સંભારતા :

(૧) દૂતકાર્ય કરવા પાંડવોની છાવણીમાં આવેલા સંજયે ‘ધર્મ’ની વાતો સંભળાવી. તેને પ્રત્યુત્તર આપતાં શ્રીકૃષ્ણે કહેલું : ‘વળી જો તો ખરો, કૌરવોએ સભાની વચ્ચે આવું પાપી કૃત્ય કર્યું હતું. યશસ્વિની સદ્‌ગુણ અને ચારિત્ર્યથી રક્ષિત (शीलवृत्तोपपन्नाम्), રજસ્વલા, રુદન કરતી દ્રૌપદીને સભામાં રોકી રાખી હતી, અને ભીષ્મ વગેરે પ્રમુખ કૌરવોએ તેની ઉપેક્ષા કરી હતી. શક્તિશાળી પાસેથી અન્યાયના વિરોધનું મૂગું સૂચન એટલે કે સહનશીલતા, જેને ખોટી રીતે ‘સહિષ્ણુતા’ કે ‘તિતિક્ષા’નાં રૂપાળાં નામોથી ઓળખવામાં આવે છે, તેની નહિ પણ સક્રિય વિરોધની, પૂ. ગાંધીજીએ જેનો આદર્શ શીખવ્યો છે, તેવા ‘સત્યાગ્રહ’ની શ્રીકૃષ્ણ અપેક્ષા રાખે છે. એ વખતે જ જો આકુમારવૃદ્ધ કૌરવોએ આ અન્યાય અટકાવ્યો હોત તો ધૃતરાષ્ટ્રે મારું અને એના પુત્રોનું પણ પ્રિય કર્યું હોત, પણ દુઃશાસને તો એથી ઊલટું કૃષ્ણાને શ્વશુરોની સભામાં ઘસડી આણી. એણે (દ્રૌપદીએ) ત્યાં કરુણા ઉપજાવે તેવું કહ્યું, પણ વિદુર સિવાય કોઈએ તેની તરફ જોયું યે નહિ ! નિર્બળતાને લીધે કોઈ રાજા પણ સામો અવાજ કરી શકયો નહિ. ત્યારે પોતાનો ધર્મ સમજીને વિદુરે મૂર્ખ દુઃશાસનને ધર્મ્ય અને સત્ય વચનો કહ્યાં હતાં. (અને હવે હે સંજય !) એ સભામાં તું આ (સમર્થોનો) ધર્મ બોલ્યો જ નહિ અને હવે પાંડવ ધર્મરાજાને ધર્મ શીખવે છે ! ત્યાં એ સભામાં કૃષ્ણાએ તો મહાદુષ્કર કર્મ કર્યું હતું, જેને લીધે એણે પાંડવોને તથા પોતાની જાતને દુઃખના મહાસાગરમાંથી નૌકાની જેમ બચાવી લીધાં હતાં.’ (૫–૨૯–૩૦ થી ૩૫ તથા ૩૬ થી ૪૦; ૫૦–૨૯–૩૫ના ચરણ ક, ચ સાથે સર° ૧–૨–૧૦૨; ૨–૬૪–૩).

(૨) વિષ્ટિ કરવા ગયેલા શ્રીકૃષ્ણે દુર્યોધનના તુંડમિજાજી ભાષણનો પ્રત્યુત્તર આપતાં દ્રૌપદીના અપમાનનો ઉલ્લેખ કરીને કહ્યું : ‘કુલીન, શીલવાન, પાંડુપુત્રોને પ્રાણથીયે અધિક એવી તેમની પટરાણી દ્રૌપદીને સભામાં પકડી મંગાવીને અપશબ્દો બોલીને તેં જેવું અપમાન કર્યું હતું તેવું, નિકટના સંબંધીની પત્નીનું અપમાન તારા સિવાય બીજો કોણ કરે ?’ (૫–૧૨૬–૮, ૯).

(૩) કર્ણવધનો સંકલ્પ કરીને પ્રયાણ કરતા અર્જુનનો ઉત્સાહ વધારતાં શ્રીકૃષ્ણે, કર્ણે દ્રૌપદીને જે કઠોર અપશબ્દો સંભળાવ્યા હતા તેની યાદ આપીને, એ અપશબ્દોનો જવાબ ધારદાર બાણોથી આપવા પ્રેરણા કરી હતી. (૮–૫૧–૭૭ થી ૮૧).

(૪) કર્ણ સાથેના આખરી મુકાબલામાં જ્યારે કર્ણના રથનું પૈડું જમીનમાં ફસાઈ ગયું, ત્યારે કર્ણે અર્જુનને યુદ્ધના ધર્મોની યાદ આપીને એક મુહૂર્તભર, પોતે રથનું પૈડું બહાર કાઢી લે ત્યાં સુધી થોભવા સૂચવ્યું (૮–૬૬–૫૯ થી ૬૫). એ વખતે તેના સગવડીઓ ધર્મ સંભારવાના હલકટ વર્તન તરફ વાસુદેવે કર્ણનું ધ્યાન દોર્યું : ‘રાધેય ! ધન્યભાગ્ય કે તું ધર્મને સંભારે છે ! મોટે ભાગે હલકટ મનુષ્યો દુઃખમાં ડૂબે ત્યારે દૈવને નિન્દે છે, પોતાનાં કુકૃત્યોને નહિ ! પણ અલ્યા કર્ણ ! માત્ર એક વસ્ત્રવાળી દ્રૌપદીને તેં, દુર્યોધન, દુઃશાસન અને શકુનિએ સભામાં પકડી

(૨) વિષ્ટિ માટે હસ્તિનાપુર ગયેલા શ્રીકૃષ્ણ ફોઈ કુન્તીને મળવા ગયા. ત્યાં કુન્તીએ દ્રૌપદીના આ અપમાનનો બદલો લેવા—પુત્રોથી પણ વધુ વહાલી પુત્રવધૂના અપમાનનો બદલો લેવા શ્રીકૃષ્ણને દ્રૌપદીના જેવી જ વીરવાણીમાં સંબોધ્યા હતા. ૫–૮૮–૪૨ થી ૫૭; ૭૯ થી ૮૬; ૫–૧૩૫–૧૫ થી ૨૧.

મંગાવી ત્યારે તને 'ધર્મ' નહોતો સાંભર્યો!......જ્યારે દુઃશાસનના કબ્જામાં સપડાયેલી રજસ્વલા દ્રૌપદીની તેં હાંસી કરી એ વખતે તારો 'ધર્મ' ક્યાં (ઊંઘી) ગયો હતો?!' (૮–૬૭–૧, ૨, ૪; 'કર્ણપર્વ'નું ક્ષેપક ૧૧૪૭ ઇત્યાદિ).

(૫) કર્ણનું પતન થતાં કૃપાચાર્યે હજુ પણ સંધિ કરી લેવા દુર્યોધનને સમજાવ્યો. પ્રત્યુત્તરમાં દુર્યોધને સંધિ નહિ થઈ શકે એનાં કારણો દર્શાવ્યાં તેમાં કહ્યું : 'સભામાં આવેલી દ્રૌપદીએ જે વિલાપ કર્યા હતા તેને કૃષ્ણ સહન કરતા નથી.!....તેમ જ રજસ્વલા અને એકવસ્ત્રા દ્રૌપદીને સર્વ લોકોના દેખતાં સભાવચ્ચે જે દુઃખ દીધું હતું, તે વસ્ત્રહીન, દીન દ્રૌપદીને પાંડવો હજુય સંભારે છે...જ્યારથી દ્રૌપદીને અમે દુઃખી કરી છે ત્યારથી એ મારો વિનાશ કરવા માટે તથા પતિઓની ઉન્નતિ માટે, અને વૈરનો પૂરેપૂરો બદલો વસૂલ કરવા કાયમ સ્થણ્ડિલ (=સ્વચ્છ ભૂમિ. પથારી કે પલંગ નહિ) ઉપર સૂઈને ઉગ્ર તપ કરે છે. અને વાસુદેવની બહેન સુભદ્રા માન અને દર્પ મૂકીને (સપત્ની) દ્રૌપદીની દાસીની જેમ શુશ્રૂષા કરે છે...[1] (૯–૪–૯; ૧૬ થી ૧૯).

(૬) મહાયુદ્ધ પૂરું થયું. તે પછી મળવાના બહાને ધૃતરાષ્ટ્રે ભીમસેનની લોખંડી પ્રતિમાના ચૂરા કરી નાખ્યા. તે પછી ધૃતરાષ્ટ્રને આશ્વાસન અને ઠપકો આપતાં શ્રીકૃષ્ણે તેને કહ્યું : 'કેવળ તમારા અપરાધથી જ પુત્રનાશની આ આપત્તિ તમારા ઉપર આવી છે. માટે તમારાં દુષ્કૃત્યોનું સ્મરણ કરીને, કોપને કાબૂમાં લો. જે ક્ષુદ્ર દુર્યોધને પાંડવો સાથેની સ્પર્ધાને લીધે પાંચાલીને સભા વચ્ચે ઘસડી મંગાવી હતી એ વૈરનો બદલો લેવા ઇચ્છતા ભીમે એને મારી નાખ્યો છે. માટે તમારા અને તમારા દુરાત્મા પુત્રના અતિચાર તરફ નજર નાખો...' (૧૧–૧૨–૬ થી ૯).

(૭) રાત્રિયુદ્ધમાં પાંડવોના પુત્રોને અશ્વત્થામાએ મારી નાખ્યા. એ વૈરના બદલારૂપે અશ્વત્થામાના મસ્તકનો મણિ લઈને પાંડવો શ્રીકૃષ્ણની સાથે પુનઃ શિબિરે આવ્યા. ભીમસેને દ્રૌપદીને મણિ આપતાં દ્રૌપદીએ શ્રીકૃષ્ણને કહેલાં વચનો સંભાર્યાં: 'સંધિ કરવા જતા મધુસૂદનને તેં કહ્યું હતું', 'પતિઓ મારા નથી, પુત્રો અને ભાઈઓ મારા નથી, અને ગોવિન્દ! તમે પણ મારા નથી, કારણ રાજા યુધિષ્ઠિર 'શાન્તિ' ઇચ્છે છે!' આવાં ધીર અને ક્ષાત્રધર્મ-અનુસારનાં વચનો તેં પુરુષોત્તમ શ્રીકૃષ્ણને કહ્યાં હતાં તે યાદ કર...' (૧૦–૧૬–૨૦ થી ૨૯; આ પૈકી શ્લોક ૨૮, ૨૯ એ આરણ્યક. ૧૩–૧૧૨માં દ્રૌપદીએ કહેલાં વચનો છે; વળી શ્લોક ૨૭ થી ૨૯ સાથે સર૦ દ્રૌપદીવચનો ૫–૮૦–૨૨ થી ૩૬).

આ રીતે સભામાં આચરાયેલા અધર્મ વેળા ધર્મના (=વિરાટ પુરુષોત્તમ શ્રીકૃષ્ણના) રક્ષણ નીચે દ્રૌપદીની લાજની રક્ષા થઈ, અને સખા પુરુષોત્તમ શ્રીકૃષ્ણના એટલે કે માનવોત્તમ, સમર્થ ધર્મરક્ષક, ધર્મસંસ્થાપક અને સ્ત્રીઓ તથા દલિતોના પરમ મિત્ર શ્રીકૃષ્ણની સહાયથી તથા (ચારિત્ર્યબળમાં સમર્થ પરન્તુ પાશવિક બળમાં) નિર્બળ સ્ત્રી (=આવી કોઈ પણ વ્યક્તિ) ઉપર થયેલા અત્યાચારને પરિણામે કૌરવોનો ભીષણ પ્રણાશ થયો.

કૌરવોનો પ્રણાશ થતાં દીપ્ત અગ્નિશિખામાંથી જન્મેલી અને અગ્નિજ્વાળા જેવી તીક્ષ્ણ યાજ્ઞસેનીનું વૈર વસૂલ થયું. પરન્તુ વૈરવસૂલની ભાવના લૌકિક રીતે ન્યાય્ય દેખાવા છતાં સંપૂર્ણ

---

૧. આ સંદર્ભ જોતાં એવું લાગે છે કે દ્રૌપદીએ દ્યૂતસભામાંના અપમાન પછી કઠોર બ્રહ્મચર્યવ્રતનું પાલન કરેલું, અગ્નિશિખામાંથી જન્મેલી દ્રૌપદીનું તેજ એના પ્રબળ મનોનિગ્રહને આભારી છે.

ધર્મ ન હોઈ શકે. તેથી તેના ભૂંડા કુરૂપ પ્રત્યાઘાતો અને પરિણામોનું તાદૃશ્ય જુગુપ્સક વર્ણન બતાવીને કારુણિક કવિ-ઇતિહાસકારે ઉત્કૃષ્ટ ભાવોનું, પર્યુપશમન કરતા ભાવોનું દિગ્દર્શન કર્યું છે. દિગ્દર્શન જ માત્ર નહિ, ઉદધિમન્થન કરીને અમૃત—નિર્વૈર, અનાસકત, પરમધર્મ અહિંસા-રૂપી અમૃત—બહાર કાઢ્યું છે. આપણી વચ્ચે હજુ હમણાં જ એ અમૃતકુંભમાંના બિન્દુને પૂ. ગાંધીજીએ ઓળખાવ્યું. એ પાવા માટે પ્રાણનું બલિદાન આપીને અનાસક્ત શક્તિશાળીનો પૂર્ણ પ્રયત્ન કર્યો; અમૃતને અહીં જ મૂકીને, સાર્વજનિક પરબ તરીકે રાખીને ચાલ્યા ગયા. એને આધારે મહાન દ્રૌપદી કરતાં પણ વધુ પૂર્ણ રીતે ધર્મરક્ષણ કરીને, ધર્મ પાસેથી રક્ષણ મેળવવાની શક્તિ સર્વને પ્રાપ્ત થાઓ.

પારિશિષ્ટ

વસ્ત્રો ખેંચાવા માંડતાં, મદદ માટે દ્રૌપદીએ આર્ત સ્વરે શ્રીકૃષ્ણને પોકાર પાડીને પ્રાર્થના કરતાં શ્રીકૃષ્ણ મદદ કરવા દોડી આવ્યા.

वैशंपायन उवाच ।

आकृष्यमाणे वसने द्रौपद्या चिन्तितो हरिः ।
गोविन्द द्वारकावासिन्कृष्ण गोपीजनप्रिय ।
कौरवैः परिभूतां मां किं न जानासि केशव ।
हे नाथ हे रमानाथ व्रजनाथार्तिनाशन ।
कौरवार्णवमग्नां मामुद्धरस्व जनार्दन ।
कृष्ण कृष्ण महायोगिन्विश्वात्मन्विश्वभावन ।
प्रपन्नां पाहि गोविन्द कुरुमध्येऽवसीदतीम् ।
इत्यनुस्मृत्य कृष्णं सा हरिं त्रिभुवनेश्वरम् ।
प्रारुदद्दुःखिता राजन्मुखमाच्छाद्य भामिनी ।
याज्ञसेन्याः वचः श्रुत्वा कृष्णो गह्वरितोऽभवत् ।
त्यक्त्वा शय्यासनं पद्भ्यां कृपालुः कृपयाभ्यगात् ।

'સભાપર્વ', ક્ષેપક ૫૪૩, પૃ. ૩૦૪.
લીટી ૨, ૩ = કે. 'સભાપર્વ,' ક્ષેપક ૫૩૫, લીટી ૧, ૨.

(આ કંડિકામાંની લીટી ૨ થી ૭ સુધીની છ લીટીઓ 'આશ્રમ ભજનાવલિ'માં 'સ્ત્રીવર્ગની પ્રાર્થના'ના વિભાગની શરૂમાં મૂકવામાં આવી છે.)

'વસ્ત્રો ખેંચાવા માંડતાં દ્રૌપદીએ હરિનું ચિન્તન કરવા માંડ્યું : 'હે ગોવિન્દ! દ્વારકા-વાસિન્! કૃષ્ણ! ગોપીજનપ્રિય! કેશવ! કૌરવોથી પરાભવ પામતી મને તમે કેમ જાણતા નથી? હે નાથ! રમાનાથ! વ્રજનાથ! આર્તિનાશન! કૌરવરૂપી સાગરમાં ડૂબેલી એવી મને હે જનાર્દન! તમે બચાવો. કૃષ્ણ! ઓ કૃષ્ણ! મહાયોગિન્! વિશ્વાત્મન્! વિશ્વભાવન! ઓ ગોવિન્દ! કૌરવોની વચ્ચે કમ્પી રહેલી હું તમારે શરણે આવી છું, મારું રક્ષણ કરો.' આમ તે દુઃખિયારી ભામિની[1] ત્રિભુવનના સ્વામી હરિ-કૃષ્ણનું સ્મરણ કરીને હે રાજન્ (જનમેજય!)

---

१. भामिनी दीप्तिमती स्वस्मिन् भगवदनुग्रहनिश्चयात् शत्रूनगणयन्तीत्यर्थः । પં. નીલકંઠ.

(બે હાથથી ?) મોઢું ઢાંકીને રડવા માંડી. યાજ્ઞસેનીનાં વચન સાંભળીને શ્રીકૃષ્ણ (કરુણાથી) વ્યાકુળ થઈ ગયા અને એ કૃપાળુ શય્યાસન છોડીને પગપાળા જ (સભામાં) આવી પહોંચ્યા. '

' સભાપર્વ, ' ક્ષેપક ૫૪૨ થી ૫૫૩ સુધીનાં બીજાં નાનાં ક્ષેપકો ઉપરના ભાવને આવરી લઈને જુદી જુદી રીતે દ્રૌપદીના મનોભાવ વ્યક્ત કરવા પ્રયત્ન કરે છે. તેમાં ક્ષેપક ૫૪૨ની લીટી ૩, ૪ : દ્રૌપદીએ શ્રીકૃષ્ણ આગળ રજૂ કરેલો વિચાર (૫–૮૦–૨૪), ' આવી મહત્તાવાળી હું તેનો ચોટલો, કેશવ ! તમારા જીવતાં પીંખવામાં આવ્યો ' એને વ્યક્ત કરે છે. ક્ષેપક ૫૪૫માં દ્રૌપદીએ ' ત્રાહિ મામ્ ! ગોવિન્દ ! ' એવો પોકાર કર્યો તે પણ (૫–૮૦–૨૬)ના સંદર્ભને અનુલક્ષીને છે. ક્ષેપક ૫૫૨ દુઃશાસને ૧૦૮ વસ્ત્ર ખેંચ્યાનો ચોક્કસ આંકડો આપી ઉલ્લેખ કરે છે તેથી અને ક્ષેપક ૫૫૩

नानारागविरागाणि वसनान्यथ वै प्रभो ।
प्रादुर्भवन्ति शतशो धर्मस्य परिपालनात् ॥ ' સભાપર્વ ', ક્ષેપક ૫૫૩.

' ધર્મના પરિપાલનને લીધે સેંકડો રંગબેરંગી વસ્ત્રો ઉત્પન્ન થવા માંડ્યાં ' કહે છે તેથી મહત્ત્વનાં છે.

* * *

' સભાપર્વ, ' ક્ષેપક પરિશિષ્ટ ૧–૪૨, લીટી ૫ થી ૧૦માં કુન્તીની પ્રાર્થના છે. તેમાં નીચે મૂકેલા ઉદ્ગારો, મુગ્ધાવસ્થા, પંગુતા અને પ્રમાદ વ્યક્ત કરે છે, અને વીર માતા ક્ષત્રિયાણી કુન્તીના વ્યક્તિત્વ સાથે ય બંધબેસતા નથી. તે સરખામણી માટે રજૂ કર્યા છે :

अनादिनिधनं ये त्वामनुध्यायन्ति वै नराः ।
तांस्त्वं पासीत्ययं वादः स गतो व्यर्थतां कथम् ।

આદિ અને અંતરહિત એવા તમારું જે લોકો ધ્યાન કરે છે, તેમનું તમે રક્ષણ કરો છો, એવો સિદ્ધાંત છે, તે કેમ વ્યર્થ થયો છે ?

ઉદ્ગારો મુગ્ધ હોવા છતાં, ભક્તિના વિકાસમાં એનું સ્વતંત્ર રીતે ચોક્કસ સ્થાન છે જ, તે પણ નોંધવું જોઈએ.

ગુજરાતમાં કૌલ સંપ્રદાય

જીવણભાઈ પ્ર. અમીન

ગુજરાતમાં પ્રચાર :

ગુજરાતના સંદર્ભમાં કૌલ સંપ્રદાયનો ઉલ્લેખ "મોહરાજપરાજય" (૧૩મી સદીનો પૂર્વાર્ધ)માં મળે છે. કુમારપાલના જીવ-હિંસા નિષેધ ફરમાનના સંદર્ભમાં રાજ્યના ચાર સંપ્રદાયના પ્રતિનિધિ-સાધુઓએ એનો સંપર્ક સાધ્યો હતો. આ ચાર પૈકી એક કૌલ સાધુ હતો.[૧]

રાજાના ફરમાન વિરુદ્ધ એ કહે છે "મુક્ત મને રોજ માંસ ખાવું અને મદ્ય પીવું, એ ધર્મ અમે ઉપદેશ્યો છે."[૨]

ગુજરાતમાં પ્રાચીન કાળમાં આ શાખાનો પ્રચાર હતો તે માટે આ સબળ પુરાવો છે, કારણ આ સાધુ કુમારપાલના રાજ્યના એક સંપ્રદાયનું પ્રતિનિધિત્વ ધરાવી રાજા પાસે આવેલો જણાય છે.

વિશેષમાં, આ સંપ્રદાયનું ઉદ્‌ગમસ્થાન રાજસ્થાન હતું.[૩] અને ગુજરાતના ચૌલુક્ય રાજાઓ રાજસ્થાન સાથે ધાર્મિક, સાંસ્કૃતિક તેમ જ રાજકીય સંબંધો ધરાવતા. એટલે ગુજરાતમાં આ શાખાનો પ્રચાર હોય એ તદ્દન સ્વાભાવિક છે. પણ ગુજરાતની પ્રજાની પ્રબળ અહિંસક ભાવના અને મદ્ય-માંસ તરફની સૂગને કારણે એ લોકોમાં સ્થાન પ્રાપ્ત કરી શક્યો નહિ હોય અને ધીમે ધીમે લુપ્ત થઈ ગયો હશે.

સ્થાપક :

પાશુપતોની પંચાર્થિકા શાખાના સાધુ વિશ્વરૂપના શિષ્ય અલ્લટ કે ભાવરક્ત આ શાખાના પ્રસ્થાપક હતા, એવું હર્ષ શિલાલેખમાંથી જાણવા મળે છે.[૪]

---

૧. 'મોહરાજપરાજય,' પૃ. ૧૦૦

૨. કૌલ :—

"ખજ્જઇ મંસં અણુદિણુ પિજ્જઇ મજ્જં ચ મુક્કસંકપ્પં ।
અણિવારિયમણપસરો એસો ધમ્મો મએ દિટ્ઠો ॥ ૨૨ ॥
મોહરાજપરાજય, પૃ. ૧૦૦.

૩. હર્ષ શિલાલેખ, એપિગ્રાફિયા ઇન્ડિકા, ૨, પૃ. ૧૧૬ વગેરે.

૪. पंचार्थलाकुलाम्नाये विश्वरूपोऽभवद् गुरुः ॥ २८ ॥
दीक्षाजातमलध्वंस—विस्फुरज्ज्ञाननिर्म्मलः ।
प्रशस्ताख्यो भवच्छिष्यस्तस्य पाशुपतः कृती ॥ २९ ॥
भावरक्तोऽभवत्तस्य शिष्यो नामतोऽल्लटः ॥ ३० ॥
सांसारिककुलाम्नायस्तयो यस्य विनिर्गमः ॥ ३१ ॥
—શૈવ કલ્ટ ઈન નોર્ધર્ન ઇંડિયા, પૃ. ૨૭–૨૮

ઉદ્ગમસ્થાન :

ગુજરાતની સરહદે આવેલ રાજસ્થાનનું રાણપલ્લિકા ગામ (જિ. જયપુર) આ સંપ્રદાયનું ઉદ્ગમ સ્થાન ગણાય છે.[૧]

'કુલ' અને 'અકુલ' :

કૌલ સંપ્રદાયમાં 'કુલ'નો અર્થ શક્તિ અને 'અકુલ'નો અર્થ શિવ થાય છે. કુલને વિશે અકુલનો સંબંધ એ કૌલ કહેવાય છે.[૨]

'કુલ' શબ્દના ઘણા અર્થ થાય છે પણ આ સંદર્ભમાં 'શક્તિ' અર્થ ઉચિત છે, અને શિવનું નામ અકુલ એટલું જ ઉચિત છે, કારણ કે એમનું કોઈ કુલ–ગોત્ર નથી. અર્થાત્ એમનો આદિ કે અંત નથી.[૩]

શિવની સિસૃક્ષા(સૃષ્ટિ રચવાની ઇચ્છા)નું નામ જ શક્તિ છે. શક્તિથી બધા પદાર્થ ઉત્પન્ન થયા છે; શક્તિ શિવની પ્રિયા છે. પરંતુ શિવ અને શક્તિ એકબીજાથી ભિન્ન નથી. શિવની અંદર શક્તિ છે અને શક્તિની અંદર શિવ છે; ચંદ્ર અને ચંદ્રિકાની જેમ શિવ અને શક્તિની વચ્ચે અંતર ન જ જાણવું.[૪] 'કૌલજ્ઞાનનિર્ણય'માં કહ્યું છે કે શિવ વિના શક્તિ નથી અને શક્તિ વિના શિવ નથી; અગ્નિ અને ધૂમની જેમ એ બંને અન્યોન્ય પ્રવર્તે છે. જેમ વૃક્ષ વિના છાયા ન હોય અને છાયા વિનાનું વૃક્ષ ન હોય એમ શિવ અને શક્તિનું જાણવું.[૫]

'સિદ્ધસિદ્ધાંતસંગ્રહ'માં કહ્યું છે કે શિવ અનન્ય, અખંડ, અવિનશ્વર, ધર્મહીન અને નિરંગ છે એટલે એમને અકુલ કહ્યા છે,[૬] જ્યારે શક્તિ સૃષ્ટિનો હેતુ છે; સમસ્ત જગતરૂપી પ્રપંચની

---

૧. हर्षस्यासन्नतो ग्राम : प्रसिद्धो राणपल्लिका ।
सांसारिककुलाम्नायस्ततो यस्य विनिर्गम : ॥ ३१ ॥
—હર્ષ શિલાલેખ, એપીગ્રાફિયા ઇન્ડિકા, ૨, પૃ. ૧૧૬ વગેરે.

૨. कुलं शक्तिरिति प्रोक्तमकुलं शिव उच्यते ।
कुलेऽकुलस्य संबंध : कौलमित्यभिधीयते ॥
—સૌભાગ્યભાસ્કર, પૃ. ૫૩.

૩. નાથસંપ્રદાય, પૃ. ૬૧

૪. शिवस्याभ्यन्तरे शक्ति : शक्तेरभ्यन्तरे शिव : ।
अन्तरं नैव जानीयात् चंद्रचंद्रिकयोरिव ॥
ગોરક્ષસિદ્ધાંતસંગ્રહ, પૃ. ૬૭

૫. न शिवेन विना शक्ति : न शक्तिरहित : शिव : ।
अन्योऽन्यं च प्रवर्तन्ते अग्निधूमौ यथा प्रिये ।
न वृक्षरहिता छाया नच्छायारहितो द्रुम : ॥ ૧૭–૮–૯

૬. वर्णगोत्रादिराहित्यादेक एवाकुलं मतम् ।
अनन्तत्वादखण्डत्वादयत्वादनाशनात् निर्धर्मत्वादनंग-
त्वादकुलं स्यान्निरन्तरम् । —સિદ્ધસિદ્ધાંતસંગ્રહ, ૪, ૧૦–૧૧

પ્રવર્તિકા છે એટલે એને કુલ (વંશ) કહી છે.[1] શક્તિ વિના શિવ કંઈ પણ કરવા અસમર્થ છે,[2] 'ઇ'કાર શક્તિનું વાચક છે અને શિવમાંથી 'ઇ'કાર કાઢી નાખવાથી તે 'શવ' થઈ જાય છે.[3] એટલે શક્તિ જ ઉપાસ્ય છે. આ શક્તિની ઉપાસના કરવાવાળા શાક્તો કૌલ છે.

'લલિતાસંગ્રહસ્રનામ' પરથી "સૌભાગ્યસંસ્કાર' નામની ટીકામાં અને એના અંતર્ગત આવેલ 'ષોડશિકાર્ણવ' પરની 'સેતુબંધ' નામની ટીકામાં 'કુલ' શબ્દની અનેક રીતે સમજૂતી આપી છે.[4]

'કુલ' શબ્દના ચાર અર્થ તારવવામાં આવ્યા છે—(૧) દાર્શનિક, (૨) વંશપરક, (૩) રહસ્યપરક, અને (૪) યોગપરક.

(૧) દાર્શનિક અર્થ:

સંસારના સમસ્ત પદાર્થો જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન—એ ત્રણ વિભાગોમાં વિભક્ત છે. જ્ઞાતા જ્ઞાનનો કર્તા છે અને જ્ઞેય એ(જ્ઞાન)નો વિષય છે. જાણવાની ક્રિયાનું નામ જ્ઞાન. જગતના જેટલા પદાર્થ છે તે બધા 'મારા' જ્ઞાનના વિષય છે એટલે 'હુંં' જ્ઞાનનો કર્તા થયો અને 'હું જાણું છું'—એ જ્ઞાન ક્રિયા છે. આ રીતે એક જ્ઞાન સમવાય સંબંધથી જ્ઞાતામાં, વિષયના સંબંધથી જ્ઞેયમાં અને તાદાત્મ્ય સંબંધથી જ્ઞાનક્રિયામાં રહે છે. "હું ઘટને જાણું છું"—આ સ્થળે "જ્ઞાન"ને પ્રકાશિત કરવા માટે જ્ઞાનની આવશ્યકતા છે પરંતુ "હું જ્ઞાનને જાણું છું"—આ સ્થળે જ્ઞાનને પ્રકાશિત કરવા માટે ભિન્ન જ્ઞાનની આવશ્યકતા નથી. કારણ જ્ઞાન પોતે પોતાને પ્રકાશિત કરે છે અર્થાત્ એ સ્વપ્રકાશિત છે. જે પ્રકારે જુદા જુદા પદાર્થોને પ્રકાશિત કરવા માટે દીવાની જરૂર છે પણ દીવાને પ્રકાશિત કરવા માટે બીજા દીવાની જરૂર નથી; કારણ કે તે સ્વયંપ્રકાશ છે, એ રીતે જ્ઞાન પણ પોતે પોતાને પ્રકાશિત કરે છે. આ રીતે આ જગત જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાનના રૂપમાં ત્રિપુટીકૃત છે. આ ત્રિપુટીકૃત જગતના બધા પદાર્થોને જ્ઞાનરૂપ ધર્મ એક હોવાને કારણે 'સજાતીય' છે અને એટલે એઓ 'કુલ' (જાતિ) કહેવાય છે. આ 'કુલ' સંબંધી જ્ઞાનને કૌલજ્ઞાન કહે છે; અર્થાત્ ત્રિપુટીભાવ દ્વારા જગતના તમામ પદાર્થોનું જ્ઞાન તે કૌલજ્ઞાન છે; સ્પષ્ટ રીતે કહીએ તો બ્રહ્મજ્ઞાન સ્વરૂપ છે, જગત બ્રહ્મમય છે અને એ બ્રહ્મથી ભિન્ન નથી—આ

---

१. कुलस्य सामरस्येति सृष्टिहेतुः प्रकाशभूः ।
सा चापरंपरा शक्तिराद्येशस्यापरं कुलम् ।
प्रपञ्चस्य समानस्य जगद्रूपप्रवर्तनात् ॥ —સિદ્ધસિદ્ધાંતસંગ્રહ, ૪/૧૨-૧૩.

२. शिवोऽपि शक्तिरहितः कर्तुं शक्तो न किंचन ।
शिवः स्वशक्तिसहितो ह्याभासाद्‌भासको भवेत् ॥ —એજન, ૪/૨૬.

3. शिवोऽपि शवतां याति कुण्डलिन्या विवर्जितः । —દેવી ભાગવત.

૪. આધુનિક વિદ્વાનોએ 'કુલ' શબ્દના અર્થનો વિચાર કરતી વખતે પ્રાયઃ આ વ્યાખ્યાઓ જ ઉદ્ધૃત કરી છે.—દા. ત. ભારતીય દર્શન, પૃ. ૫૪૧ અને આગળ, કૌલમાર્ગરહસ્ય, પૃ. ૪૦૭ કૌલજ્ઞાનની ભૂમિકા, પૃ. ૩૬-૩૮.

પ્રકારનું જે પરિપૂર્ણ અદ્વૈતજ્ઞાન તે કૌલ-જ્ઞાન.[૧] જે આ જ્ઞાનના ઉપાસક છે એ કૌલ કહેવાય છે.[૨]

(૨) વંશપરક અર્થ :

'કુલ' શબ્દનો સાંકેતિક અર્થ વંશ છે. એ બે પ્રકારે હોય છે :

૧. વિદ્યાથી, અને ૨. જન્મથી. ગૌરક્ષસિદ્ધાંતસંગ્રહમાં આના સંદર્ભમાં કહ્યું છે કે સૃષ્ટિ બે પ્રકારની હોય છે—નાદરૂપા અને બિંદુરૂપા. નાદરૂપા સૃષ્ટિ ગુરુપરંપરાથી અને બિંદુરૂપા જન્મ-પરંપરાથી પ્રાપ્ય છે;[૩] જોકે આ માર્ગમાં પરમ શિવથી લઈને ગુરુ સુધી ચાલી આવતી જ્ઞાન-પરંપરા જ મુખ્ય છે, એટલે વિદ્યાક્રમને જ 'કુલ' કહે છે. આ 'કુલ'ના અનુવર્તી 'કૌલ' છે.[૪]

રહસ્યપરક અર્થ :

'કુલ'નો અર્થ જાતિ પણ થાય છે. એક જ જાતિની વસ્તુઓમાં અજ્ઞાનવશ ભિન્ન જાતીયતાનું ભાન થાય છે. ઉપાસ્ય પણ ચેતન છે, ઉપાસક પણ ચેતન છે. આ બંનેને એક જ 'કુલ'ની વસ્તુ બનાવવાનું શાસ્ત્ર પણ 'કુલ' શાસ્ત્ર થયું. આ શાસ્ત્રોમાં માનનારા કૌલ કહેવાય છે.[૫]

યોગપરક અર્થ :

'સૌભાગ્યભાસ્કર' (પૃ. ૩૫)માં 'કુલ' શબ્દનો અર્થ યોગપરક અર્થ પણ આપ્યો છે. 'કુ'નો અર્થ પૃથ્વી છે અને 'લ'નો અર્થ 'લીન' થવું એવો છે. હવે પૃથ્વીતત્ત્વ મૂલાધાર ચક્રમાં લીન રહે છે એટલે મૂલાધાર ચક્રને 'કુલ' કહે છે. આ મૂલાધાર સાથે સુષુમ્ણા નાડી જોડાયેલી હોય છે કે જેની અંદરથી જાગૃત થઈ કુંડલિની સહસ્રાર ચક્રમાં પરમ શિવ સાથે સામરસ્ય પ્રાપ્ત કરે છે. એટલે લક્ષણાવૃત્તિથી સુષુમ્ણાને પણ 'કુલ' કહે છે.[૬] તત્ત્વસાર નામક ગ્રંથમાં કુંડલિનીને શક્તિરૂપ બતાવી છે. શક્તિ જ સૃષ્ટિ છે અને સૃષ્ટિ કુંડલિ છે.[૭] એટલે કુંડલિનીને પણ કુલ કહે છે.[૮]

કૌલ-સાધકનું લક્ષ્ય :

કૌલ સાધકનું મુખ્ય કર્તવ્ય જીવશક્તિ કુંડલિનીને જાગૃત કરવાનું છે. શક્તિ જ મહા-કુંડલિની રૂપથી જગતમાં વ્યાપ્ત છે. માનવના શરીરમાં તે કુંડલિનીરૂપે સ્થિત છે. કુંડલિની

---

૧. કૌલમાર્ગરહસ્ય, પૃ. ૪–૬.

૨. નાથસંપ્રદાય, પૃ. ૫૮

૩. ગોરક્ષસિદ્ધાંતસંગ્રહ. પૃ. ૭૧.

૪. નાથસંપ્રદાય, પૃ. ૫૮.

૫. નાથસંપ્રદાય, પૃ. ૫૮

૬. वेदशास्त्रपुराणानि सामान्यगणिका इव ।
सा पुनः शांकरी मुद्रा प्राप्तकुलवधूरिव ॥ —ગોરક્ષસિદ્ધાંતસંગ્રહ, પૃ. ૧૩.

૭. तत्त्वसारेऽयमेवार्थो निरूपणपदे कृतः ।
सृष्टिस्तु कुण्डली ख्याता सर्वभावमता हि सा ॥ —સિદ્ધાંતસંગ્રહસાર, ૪/૩૦.

૮. નાથસંપ્રદાય, પૃ. ૬૫

અને પ્રાણશક્તિને લઈને જ જીવ માતૃકુક્ષિમાં પ્રવેશ કરે છે. બધા જીવ સાધારણ રીતે ત્રણ અવસ્થામાં રહે છે. જાગૃત, સુષુપ્તિ અને સ્વપ્ન અર્થાત્ કાં તો તે જાગતા હોય અથવા ઊંઘતા હોય છે કે સ્વપ્ન જોતા હોય છે. આ ત્રણે અવસ્થામાં કુંડલિની શક્તિ નિષ્ચેષ્ટ રહે છે. આ અવસ્થામાં એના દ્વારા ફક્ત શરીર ધારણનું જ કાર્ય થાય છે.[1] સાધના દ્વારા નિદ્રિતા કુંડલિનીને જાગૃત કરી, મેરુદંડ-મધ્યસ્થિતા નાડી—સુષુમ્ણાના માર્ગ મારફતે સહસ્રારમાં સ્થિત પરમ શિવ સુધી ઉત્થાપન કરવી, એ કૌલ સાધકનું પરમ કર્તવ્ય છે.[2] તે જ શિવ અને શક્તિનું મિલન છે. શિવશક્તિનું આ સામરસ્ય જ પરમ આનંદ છે.[3] જ્યારે આ આનંદની અનુભૂતિ થાય છે ત્યારે સાધકને કંઈ જ કરવાનું બાકી રહેતું નથી.

આ સાધના માટે બધા માણસો સરખી કક્ષાના હોતા નથી, એવું કૌલ સંપ્રદાય ખાસ માને છે. કેટલાક માણસો—સાધકોની સાંસારિક આસક્તિ પ્રબળ હોય છે. આ પ્રકારના મોહરૂપી પાશથી બંધાયેલા જીવોને આ પંથમાં 'પશુ' કહે છે.[4] શાસ્ત્રમાં એમને માટે અલગ પ્રકારની સાધના કહી છે.

પણ કેટલાક એવા સાધકો હોય છે જે અદ્વૈત-જ્ઞાનની એકાદ ઝલક અનુભવી સાધનમાર્ગમાં ઉત્સાહિત થઈ મોહપાશને બળપૂર્વક તોડી નાખે છે, એને 'વીર' કહે છે. આવા સાધકો ધીમે ધીમે અદ્વૈતજ્ઞાન પામે છે અને અંતમાં ઉપાસ્ય દેવતા સાથે એકાત્મકતા અનુભવે છે.

કોઈ એવા સાધક હોય છે, જે સહજપણે અદ્વૈતજ્ઞાન પામે છે, એવા ઉત્તમ-કોટિના સાધકોને આ પંથમાં 'દિવ્ય'ના નામે ઓળખવામાં આવે છે.

આ પ્રમાણે આ પંથમાં ત્રણ શ્રેણીના સાધક મનાય છે—પશુ, વીર અને દિવ્ય, એ ઉત્તરોત્તર ઉત્તમ ગણાય છે. આ ત્રણેની અવસ્થાઓને અનુક્રમે પશુભાવ, વીરભાવ અને દિવ્યભાવ કહે છે. શાસ્ત્રોમાં એમને માટે અલગ અલગ સાધનમાર્ગ ઉપદેશ્યો છે.[5]

તંત્રશાસ્ત્રમાં સાત પ્રકારના આચાર ગણાવ્યા છે.[6] એમાંના સાતમા આચારનું નામ

---

૧. નાથસંપ્રદાય, પૃ. ૭૩.

સહસ્રાર વગેરે ષડચક્રોનું અને એની સાથે સંકળાયેલ શરીરના અન્ય ભાગોનું જ્ઞાનસાધક માટે આવશ્યક ગણાય છે. એના વર્ણન માટે જુઓ યોગદિવાકર, નાથસંપ્રદાય, પૃ. ૭૩, ૧૦૩ થી ૧૧૩ વગેરે.

કૌલ સંપ્રદાય અને નાથસંપ્રદાય આ બાબતમાં એક છે. ફક્ત બંનેએ ગણાવેલા ચક્રોની સંખ્યામાં થોડા ફેર છે. (નાથસંપ્રદાય, પૃ. ૭૪).

૨. સિદ્ધસિદ્ધાંતસંગ્રહ, ૫-૧૧.

૩. समरसानंदरूपेण एकाकारं चराचरे ।
चेयज्ञातं स्वदेहस्थं कुलवीरं महाद्भुतम् ॥ અકુલવીરતંત્ર વગેરે ૧૧૫.

૪. સામાન્ય રીતે શૈવધર્મ અને એની તમામ શાખાઓમાં આ પ્રમાણે જ માનવામાં આવે છે.

૫. નાથસંપ્રદાય., પૃ. ૭૫.

૬. એના વર્ણન માટે જુઓ, નાથસંપ્રદાય, પૃ. ૭૫.

કૌલાચાર છે. કૌલાચારમાં કોઇ પણ આચાર નિયમનું બંધન નહિ. ભાવચૂડામણિમાં કહ્યું છે કે કર્દમ અને ચંદનમાં, પુત્ર અને શત્રુમાં, શ્મશાન અને ગૃહમાં, સુવર્ણ અને તૃણમાં લેશ માત્ર પણ ભેદ-બુદ્ધિ નહિ રાખનારા કૌલ કહેવાય છે.[૧]

મત્સ્યેન્દ્રનાથે "અકુલવીરતંત્ર"માં આ ભાવને જરા જુદી રીતે દર્શાવ્યો છે. તેઓ કહે છે કે જ્યાં સુધી અકુલવીરરૂપી અદ્વૈતજ્ઞાન મળે નહિ, ત્યાં સુધી બાલ-બુદ્ધિના માણસો નાના પ્રકારના ભોગોની કલ્પના કરે છે. આ ધર્મ છે, આ શાસ્ત્ર છે, આ તપ છે, આ લોક છે, આ માર્ગ છે, આ જ્ઞાન છે, આ જ્ઞેય છે, આ શુદ્ધ છે, આ અશુદ્ધ છે, આ સાધ્ય છે, આ સાધક છે, આ તત્ત્વ છે, આ ધ્યાન છે—આ બધા બાલ-બુદ્ધિના વિકલ્પો છે.[૨] જેને આ અદ્વૈતજ્ઞાનની અનુભૂતિ થાય છે, તેને પ્રાણાયામ, સમાધિ કે ધ્યાન, ધારણાની આવશ્યકતા નથી રહેતી.[૩] તે બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, બુદ્ધ, દેવાદિ ઉપાસ્યોથી અભિન્ન થઈ સ્વયં ધ્યાન અને ધ્યાતા બની જાય છે.[૪] તે યજ્ઞ-ઉપવાસ, પૂજા-અર્ચના, હોમ, નિત્ય-નૈમિત્તિક વિધિ, પિતૃકાર્ય, તીર્થયાત્રા, ધર્મ, અધર્મ, સ્નાન, ધ્યાન-બધાથી અતીત થઈ જાય છે.[૫] ટૂંકમાં એ તમામ દ્વન્દ્વોથી રહિત બને છે.[૬]

તત્ત્વજ્ઞાન :

દાર્શનિક દૃષ્ટિએ આ સંપ્રદાય તંત્રમતને મળતો આવે છે. તંત્રમત દાર્શનિક દૃષ્ટિએ સત્કાર્યવાદી છે.[૭]

પ્રલયકાલમાં સમગ્ર સૃષ્ટિને પોતામાં વિલિન કરીને પ્રાણીમાત્રના કર્મફલને સૂક્ષ્મરૂપથી પોતામાં સ્થાપિત કરીને, એક માત્ર અદ્વિતીય ભાવે રહેલી શક્તિ ફરીથી "સિસૃક્ષા"[૮]ના રૂપમાં વ્યક્ત થાય છે. આ પ્રથમ આવિર્ભૂતા આદ્યા શક્તિને 'ત્રિપુરા' કહી છે.[૯]

---

૧. कर्दमे चंदने भिन्नं पुत્રे शत्रौ तथा प्रिये ।
श्मशाने भवने देवि तथा वै कांचने तृणे ।
न भेदो यस्य लेशोऽपि स कौलः परिकीर्तितः ॥

૨. અકુલવીરતંત્ર, ૭૮-૮૭.

૩. એજન પૃ. ૧૭-૨૦.

૪. એજન પૃ. ૨૬-૧૮

૫. એજન પૃ. ૪૩-૪૬

૬. अथ किं बहुनोक्तेन सर्वद्वन्द्वाभिवर्जितः ।

૭. કાર્યરૂપે જે અસ્તિત્વ ધરાવે છે તે કારણરૂપે પણ અસ્તિત્વમાં રહેલું હોય છે. "કારણ" અવ્યક્તાવસ્થામાં હોય છે જ્યારે "કાર્ય" વ્યક્તાવસ્થામાં હોય છે.

૮. સિસૃક્ષાનો અર્થ થાય છે સર્જન કરવાની ઇચ્છા.

૯. त्रिपुरा परमा शक्तिराद्या ज्ञानादितः प्रिये ।
स्थूलसूक्ष्मविभेदेन त्रैलोक्योत्पत्तिमातृका ॥
कवलीकृतनिःशेषतत्त्वग्रामस्वरूपिणी ।
तस्यां परिणतायान्तु न कश्चित् पर इष्यते ॥

(વામકેશ્વર તંત્ર (૪/૪-૫)ના શ્લોકો પરથી સેતુબંધ ટીકા (૧૩૪-૫) જુઓ)

કૌલજ્ઞાનનિર્ણય પ્રમાણે, શિવની સિસૃક્ષા—જગત ઉત્પન્ન કરવાની ઇચ્છા થવાથી, શિવ અને શક્તિ એ બે તત્ત્વો ઉત્પન્ન થાય છે. પરમ શિવ નિર્ગુણ અને નિરંજન છે. શિવ સગુણ અને સિસૃક્ષારૂપ ઉપાધિથી વિશિષ્ટ છે. શિવનો ધર્મ જ શક્તિ છે. ધર્મી અને ધર્મ અભિન્ન રહી શકી નહિ એટલે મત્સ્યેન્દ્રનાથે કહ્યું કે શક્તિ વિના શિવ નથી હોતા અને શિવ વિના શક્તિ રહી શકતી નથી.[૧] આ (૧) શિવ, અને (૨) શક્તિ, ૩૬ તત્ત્વોમાંનાં પ્રથમ બે છે.

બાકીનાં તત્ત્વો નીચે પ્રમાણે છે: (૩) સદાશિવ, (૪) ઈશ્વર, (૫) શુદ્ધવિદ્યા, (૬) માયા, (૭) અવિદ્યા, (૮) કલા, (૯) રાગ, (૧૦) કાલ, (૧૧) નિયતિ, (૧૨) જીવ, (૧૩) પ્રકૃતિ, (૧૪) મન, (૧૫) બુદ્ધિ, (૧૬) અહંકાર, (૧૭) શ્રોત્ર, (૧૮) ત્વક, (૧૯) ચક્ષુ, (૨૦) જીહ્વા, (૨૧) ઘ્રાણ, (૨૨) વાક, (૨૩) પાણિ (હાથ), (૨૪) પાદ, (ચરણ), (૨૫) પાયુ, (૨૬) ઉપસ્થ, (૨૭) શબ્દ, (૨૮) સ્પર્શ, (૨૯) રૂપ, (૩૦) રસ, (૩૧) ગંધ, (૩૨) આકાશ, (૩૩) વાયુ, (૩૪) તેજ, (૩૫) જલ, (૩૬) પૃથ્વી.[૨]

આ ૩૬ તત્ત્વોમાં પ્રથમ બે (૧) શિવ અને (૨) શક્તિ—શિવતત્ત્વ કહેવાય છે. કારણ કે આ તત્ત્વોમાં સત્–ચિત્–આનંદ–એ ત્રણે અનાવૃત અને સુસ્પષ્ટ રહે છે.

આ પછીનાં ત્રણ તત્ત્વો—(૩) સદાશિવ, (૪) ઈશ્વર, અને (૫) શુદ્ધવિદ્યા—ને "વિદ્યાતત્ત્વ" કહે છે, કારણ કે એમાં સત્ અને ચિત્ અંશ અનાવૃત રહે છે.[૩]

બાકીનાં એકવીસ તત્ત્વ નં. ૬ થી ૩૬ સુધીનાં—'આત્મતત્ત્વ'[૪] કહેવાય છે. કારણ કે એમાં ફક્ત 'સત' (સત્તા) અંશ જ પ્રકટ અને અનાવૃત રહેલ છે.[૫]

આ પ્રમાણે ઉપર્યુક્ત ૩૬ તત્ત્વો નીચેનાં ત્રણ તત્ત્વોમાં અંતર્ગત થાય છે. (૧) શિવતત્ત્વ, (૨) વિદ્યાતત્ત્વ, (૩) આત્મસત્ત્વ.

આ શક્તિએ જ સૃષ્ટિ-વિધાન દ્વારા જગતને જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયના રૂપમાં કલ્પિત કર્યું છે. આ પ્રકારે જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતા રૂપ ત્રિપુરાકૃત જગતની પુરાવર્તિની આદિભૂતા હોવાને કારણે જ આ શક્તિ ત્રિપુરા કહેવાય છે.

મત્સ્યેંદ્રનાથે "કૌલજ્ઞાનનિર્ણય"માં આ શક્તિનો આમ નામથી નિર્દેશ કર્યો નથી પણ સ્પષ્ટ-પણે પ્રતીત થાય છે કે તાંત્રિકોના સૃષ્ટિતત્ત્વને તેઓ આ પ્રકારે જ સ્વીકારે છે. (નાથસંપ્રદાય, પૃ. ૬૫)

૧. કૌલજ્ઞાનનિર્ણય, ૧૭/૮.

૨. આ તત્ત્વોની વિગતો માટે જુઓ, 'નાથસંપ્રદાય', પૃ. ૬૬–૬૭.

૩. આનંદ અંશ આવૃત રહે છે.

૪. 'આત્મતત્ત્વ' શબ્દમાં આવતા 'આત્મ' પૂર્વ પદથી એવો ભ્રમ ન થવો જોઈએ કે એ ચેતના-પ્રધાન છે. વસ્તુત: 'આત્મા' શબ્દનો પ્રયોગ અહીં જડ શરીરના અર્થમાં સમજવાનો છે.

સંસ્કૃતમાં 'તનુજ'ના પર્યાય તરીકે પ્રયોજાતા 'આત્મજ'માં 'આત્મ' શબ્દ પણ શરીરનો અર્થ ધરાવે છે.

૫. અહીં બાકીના બે અંશ આવૃત હોય છે.

શિવ અને જીવ અભિન્ન છે. માયા ત્રણ પ્રકારના કાળથી[1] શિવને આચ્છાદિત કરે છે ત્યારે શિવ જીવરૂપે વ્યવહારાય છે એટલા માટે પરશુરામ કલ્પસૂત્રમાં કહે છે કે "शरीरकंचुकिः शिवो जीवो निष्कंचुकः परम शिवः". (૧-૫)

અર્થાત્ શરીર (ત્રિ-મળ પરિણામ) દ્વારા આચ્છાદિત શિવ જ જીવ છે અને અનાચ્છાદિત જીવ જ શિવ છે. એટલે 'કૌલજ્ઞાનનિર્ણય'માં મત્સ્યેન્દ્રનાથે કહ્યું છે કે વસ્તુતઃ જીવથી જગત ઉદ્ભવ્યું છે. જીવ જ બધા તત્ત્વોનો પ્રધાન છે કારણ કે જીવ જ હંસ છે, એ જ શિવ છે, એ જ પરશિવ છે, અને સાચું પૂછો તો એ જ મન છે અને ચરાચરમાં વ્યાપ્ત છે; એટલે પોતે જ પોતાનું બંધન અને પોતાની મુક્તિ છે, આત્મા જ આત્માને બાંધે છે અને આત્મા જ આત્માને મુક્ત કરે છે. જેને આ તત્ત્વ સમજી લીધું છે એ કાયા આત્મા છે, સ્વને ઓળખનાર અને પરાયા સમસ્તમાં આત્માને નિરખનાર 'યોગિરાટ' છે. તે સ્વયં સાક્ષાત્ શિવસ્વરૂપ છે અને બીજાને મુક્ત કરવા માટે સમર્થ છે.

जीवेन च जगत् सृष्टं स जीवस्तत्त्वनायकः ।
स जीवः पुद्‌गलो हंसः स शिवो व्यापकः परः ॥
स मनस्तूच्यते भद्रे व्यापकः स चराचरे ।
आत्मानमात्मना ज्ञात्वा भुक्तिमुक्तिप्रदायकः ॥
प्रथमस्तु गुरुर्ह्यात्मा आत्मानं बंधयेत् पुनः ।
बन्धात्तु मोचयेदात्मा आत्मा वै कायरूपिणः ॥
आत्मनश्चापरो देवि येन ज्ञातः स योगिराट् ।
स शिवः प्रोच्यते साक्षात् स मुक्तो मोचयेत् परान्ः ॥

—કૌલજ્ઞાનનિર્ણય, ૧૭, ૩૩-૩૭

કૌલ માર્ગનું અત્યંત સંક્ષિપ્ત પણ સચોટ ઉપસ્થાન "કૌલોપનિષદ"માં જોવા મળે છે. આ ઉપનિષદ સૂત્રાત્મક છે. આરંભમાં કહ્યું છે કે બ્રહ્મનો વિચાર ઉદ્ભવ્યા પછી બ્રહ્મા શક્તિ-(ધર્મ)ની જિજ્ઞાસા થાય છે. જ્ઞાન અને બુદ્ધિ—એ બંને ધર્મ(શક્તિ)ના રૂપમાં છે, જેમાં મોક્ષનું કારણ એક માત્ર જ્ઞાન જ છે. અને મોક્ષ વસ્તુતઃ સર્વાત્મા સિદ્ધિ (અર્થાત્ સમસ્ત જાગતિક પ્રપંચોની સાથે પોતાને અભિન્ન સમજાવે છે) ને કહે છે.

પ્રપંચનું તાત્પર્ય પાંચ વિષયો—શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ—છે. આ પાંચ વિષયોને જાણવાવાળો પ્રાણ—વિશિષ્ટ જીવ પણ અભિન્ન જ છે. યોગ અને મોક્ષ—બંને જ્ઞાન છે. અધર્મનું કારણ અજ્ઞાન છે પરંતુ આ અજ્ઞાન પણ જ્ઞાનથી ભિન્ન નથી. અર્થાત્ બ્રહ્મ ધર્મહીન છે

૧. આ ત્રણ મળ નીચે પ્રમાણે છે:

(૧) આણવ—પોતાને અણુ માત્ર સમજવું.

(૨) માયિક અર્થાત્ જગતના તત્ત્વરૂપ એક અદ્વૈત પદાર્થોમાં ભેદબુદ્ધિ.

(૩) કર્મ અર્થાત્ નાના જન્મોમાં સ્વીકૃત કર્મોના સંસ્કાર.

તોપણ અવિદ્યાને કારણે બ્રહ્મને પણ માણસ નાનારૂપધર્મારોપ સાથે જુએ છે. આ અવિદ્યા પણ જ્ઞાન (અર્થાત્ બ્રહ્મની શક્તિ) જ છે. પ્રપંચ જ ઈશ્વર છે અને અનિત્ય પણ નિત્ય છે.[૧] કારણ કે તે પણ બ્રહ્મ શક્તિનું રૂપ જ છે. અજ્ઞાન જ જ્ઞાન છે અને અધર્મ જ ધર્મ છે. મતલબ કે બ્રહ્મ અને બ્રહ્મ–શક્તિમાં કોઈ ભેદ નથી. આ જ મુક્તિ છે.[૨]

આચારવિચાર : તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ કૌલમાર્ગમાં આમ ઉચ્ચ પ્રકારનું તત્ત્વદર્શન કરવામાં આવ્યું છે. પરંતુ એ તત્ત્વદર્શનમાં રહેલા સાધ્યને સિદ્ધ કરવા માટે એ માર્ગમાં જે આચાર-વિચાર બતાવ્યા છે તે સામાન્ય શ્રૌત–સ્માર્ત ધર્મથી ઘણે અંશે વિપરિત પ્રકારના છે.

કૌલોપનિષદમાં જણાવેલા આચાર–તત્ત્વમાં લોકાયત મત જેવું ઘણું નજરે પડે છે.

કૌલોપનિષદમાં કહ્યું છે કે જીવને પાંચ બંધન છે. (૧) અનાત્મમાં આત્મબુદ્ધિ, (૨) આત્મામાં અનાત્મ બુદ્ધિ, (૩) જીવોમાં પરસ્પર ભેદ જ્ઞાન, (૪) ઈશ્વર (અર્થાત્ ઉપાસક)માં ભેદ બુદ્ધિ અને (૫) ચૈતન્ય અર્થાત્ પરમ બ્રહ્મથી આત્માને પૃથક સમજવાની ભેદ બુદ્ધિ.

આ પાંચ બંધન પણ જ્ઞાન રૂપ છે. કારણ કે આ બધો બ્રહ્મ–શક્તિનો વિલાસ છે.[૩] આ બંધનોને કારણે માણસ જન્મજન્માન્તરના ફેરામાં પડે છે. આ દેહમાં જ મોક્ષ છે. જ્ઞાન આ છે—સમસ્ત ઇંદ્રિયોમાં નયન(આત્મા) પ્રધાન છે. ધર્મ વિરુદ્ધ કાર્ય કરણીય છે, ધર્મવિહિત કરણીય નથી (અહીં ધર્મનું તાત્પર્ય ધર્મશાસ્ત્રોથી છે, જે સીમિત જીવનના વિધિ–નિષેધોમાં વ્યવસ્થાપક ગણાય છે.) જે કંઈ છે તે બધું શાંભિ (શક્તિ)નું રૂપ છે.[૪] આ માર્ગના સાધક માટે વેદ માન્ય નથી. ગુરુ એક જ હોય છે અને અંતમાં સર્વૈક્યતા—બુદ્ધિ પ્રાપ્ત થાય છે. મંત્ર–સિદ્ધિ પૂર્વે વેદાદિનો ત્યાગ કરવો જોઈએ. ઉપાસનાપદ્ધતિ ગુપ્ત રાખવી જોઈએ. આનું રહસ્ય શિષ્યેતર કોઈને બતાવવું નહિ. અંદરથી શાક્ત, બહારથી શૈવ અને લોકોમાં વૈષ્ણવ બનીને રહેવું—એ આચાર છે. આત્મજ્ઞાનથી જ મોક્ષ લબ્ધ છે.[૫]

અધ્યાત્મ આ છે—વ્રતાચરણ ન કરે, નિયમ-પૂર્વક ન કરે, નિયમ મોક્ષકનો બાધક છે. કૌલ સંપ્રદાયની સ્થાપના—પ્રચાર કરવો નહિ, બધામાં સમતા બુદ્ધિ કેળવવી—આને અનુસરનારા મુક્ત છે.[૬]

આમ કૌલ સંપ્રદાયમાં ઉપાસનાની ક્રિયાઓ ગુપ્ત રાખવાનો આગ્રહ સેવવામાં આવતો. એ ઉપરથી એ ક્રિયાઓમાં લોક–વિરુદ્ધ ક્રિયાઓનું પ્રાધાન્ય રહેલું હોય એવું સૂચિત થાય છે.

---

૧. નાથસંપ્રદાય, પૃ. ૬૩

૨. એજન.

૩. નાથસંપ્રદાય, પૃ. ૬૩

૪. એજન

૫. એજન.

૬. એજન.

'મોહરાજપરાજય'માં કૌલ સાધુનું નિરૂપણ કાપાલિક સાધુના જેવું કરવામાં આવ્યું છે.[૧] અને એમાં મદ્ય અને માંસના સેવનને કૌલ સાધુનો ધર્મ ગણાવ્યો છે. એ હકીકત પરથી પણ આ અનુમાનને સમર્થન મળે છે,

કૌલ સંપ્રદાયમાં આગળ જતાં સ્ત્રી-દેહની જગ્યાએ દેવ-પ્રતિમા કે યંત્રને ઉપાસ્ય માનવાનો સુધારો અપનાવાયો હોય એવું પૂર્વ કૌલોના લક્ષણોના ભેદ પરથી સ્પષ્ટ થાય છે. પરંતુ ગુજરાતમાં સોલંકી કાલ સુધીમાં તો પૂર્વ કૌલોની[૨] વિચારશ્રેણીવાળો સંપ્રદાય પ્રચલિત હતો, એવું 'મોહરાજપરાજય'માંના કૌલોના પાત્રાલેખન પરથી સૂચિત થાય છે.

---

૧. મોહરાજપરાજય, પૃ. ૧૦૦

૨. લક્ષ્મીધરે "સૌંદર્યલહરી" પરની ટીકામાં કૌલોના બે પ્રકાર ગણાવ્યા છે: (૧) પૂર્વ કૌલો કે જેઓ યુવાન સ્ત્રીઓની યોનિના પૂજક હોય છે; અને (૨) ઉત્તર કૌલો કે જેઓ દેવ-દેવીઓની મૂર્તિઓ અને યંત્રોની પૂજા કરે છે.

(શૈવ કલ્ટ ઇન નોર્ધર્ન ઇંડિયા, પૃ. ૧૩)

ગુજરી ભાષા

છોટુભાઈ આર. નાયક

ઇસ્લામી લેખકોમાં એક બોલીને ગુજરી નામ આપવામાં આવેલું છે. તેનો ઇતિહાસ જાણવા જેવો છે.

ઈ. સ. ૭૧૨માં અરબોએ સિંધ લીધું અને તેઓ જીતો મેળવતા મુલતાન સુધી પહોંચ્યા. એના પરિણામે ઇરાક, યમન તથા મિસર અને એ જિતાયેલા પ્રદેશ વચ્ચે મુક્ત આંતર-વ્યવહાર શરૂ થયો. મુસાફરો, મઝહબના પ્રચારકો અને વેપારીઓએ ત્યાં આવજા કરવા માંડી. એને લઈને ત્યાંની સ્થાનિક ભાષા ઉપર અરબીની અસર પડવાનો પ્રારંભ થયો અને ખાસ કરીને અરબી શબ્દો સ્થાનિક ભાષામાં પ્રચાર પામવા લાગ્યા. તે પછી ગઝનવીઓએ આક્રમણો કરી ભારતમાં પગપેસારો શરૂ કર્યો. તેમની માતૃભાષા તુર્કી હતી; પરંતુ તેમનાં જ્ઞાન તથા સાહિત્યની તેમ જ સરકારી ભાષા ફારસી હતી. ઈસ્વી અગિયારમી સદીના પ્રથમ ચરણમાં મહમૂદ ગઝનવીનાં આક્રમણોથી માંડી ઈ. સ. ૧૧૮૬ સુધી પંજાબ ગઝનવીઓની સત્તા નીચે રહ્યું. ભારતમાં તેમનું પાયતખ્ત લાહોર હતું. તેઓની ફોજોમાં જે તુર્ક, ઈરાની કે અફઘાન લોકો હતા; તેઓમાંથી જેમને એ પ્રદેશની હવા માફક આવી હતી તેઓએ ત્યાં જ રહેવાનું પસંદ કર્યું હતું. તે સમયે ઈરાન, તુર્કસ્તાન અને ખુરાસાનથી હિંદુસ્તાનમાં આવવાને ખુશ્કી રાહ મુલતાનમાં થઈને જ હતો. તે ભાગોમાંથી અરબી કે ફારસી ભાષી આલેમ-ફાઝેલ લોકો કે ઇસ્લામના પ્રચારકો આવતા ત્યારે પ્રથમ તેઓ મુલતાનમાં જ પહોંચતા અને ત્યાંથી અન્ય શહેરોમાં ફરતા રહેતા. આમ મુલતાન હિંદુસ્તાનમાં ઇસ્લામી અભ્યાસ તથા ઇસ્લામી જ્ઞાનવિજ્ઞાનનું કેન્દ્ર બન્યું હતું. અરબ અને ગઝનવી શાસકોએ—મુસલમના દેશોમાંથી આવનારા અને વસવાટ કરીને રહેલા લોકોની સગવડો માટે મુસાફરખાનાં, દવાખાનાં, કિતાબખાનાં, મસ્જિદો, મદ્રેસાઓ અને સરાઈઓનો ઇન્તેજામ તેમના કબ્જા હેઠળના પ્રદેશોમાં કર્યો હતો. એવા મુસલમાનોની સંખ્યા હજારો અને લાખોની થઈ ગઈ હતી. તેમણે તેમનો સ્થાનિક લોકો સાથેનો વ્યવહાર સ્થાનિક ભાષામાં પોતાની ભાષાના શબ્દો ઉમેરી ઉમેરીને ચલાવ્યો. પરિણામે તે ભાષા તરફ અરબી, ફારસી તથા તુર્કી ભાષાના શબ્દોનું ધીમું વહેણ ચાલુ રહ્યું અને એ શબ્દોથી મિશ્રિત એક નવી ભાષા યોજાતી રહી. અજમેર અને દિલ્હીના[૧] રાજા પૃથ્વીરાજના રાજ-કવિ ચંદ બરદાઈએ એક લાંબું કાવ્ય પૃથ્વીરાજ-રાસો નામનું લખ્યું છે. એમાં સલામ, બાદશાહ, પરવરદિગાર, દીનાર, મસ્ત, ખલક, ફરમાન વગેરે અનેક અરબી તેમ જ ફારસી શબ્દોના મજકૂર પ્રભાવને લઈને ઉપયોગ થયેલો છે. તેમાંની નીચેની કડી ઘણી જાણીતી છે:—

बारह बाँस बीसमें चार अंगुल परमान,
इतने गज बादशाह है म़त चूके चवहान।

---

૧. Journal of the Royal Asiatic Society, 1931, pp. 259-81.

એમાં 'ગઝ' અને 'બાદશાહ' ફારસી શબ્દો છે.

ઈ. સ. ૧૧૭૫ થી ૧૧૯૫ના ગાળામાં અનેક આક્રમણો કરી શિહાબુદ્દીન મોહમ્મદ ઘોરીએ હિંદુસ્તાનના ઘણા મોટા ભાગ ઉપર પોતાનો કબ્જો જમાવ્યો હતો. તે દરમિયાન દિલ્હી ઉપર સૌથી પ્રથમ ઈ. સ. ૧૧૯૨માં મુસલમાનોની સત્તા થઈ. શિહાબુદ્દીન મોહમ્મદ ઘોરીના જે લશ્કરે કુત્બુદ્દીન અયબેકની[૧] સિપાહસાલારી નીચે દિલ્હી ઉપર વિજય મેળવ્યો હતો. તેના સૈનિકોમાં એક મોટી સંખ્યાના એવા લોકો હતા જે વરસોથી પંજાબમાં વસવાટ કરીને રહેતા હતા અને તેઓ અરબી-ફારસી શબ્દોના મિશ્રણવાળી ભાષા બોલતા હતા અથવા બોલી શકતા હતા. દિલ્હીની તે સમયની પ્રચલિત બોલી અને તેઓની બોલીમાં માત્ર અંતરનો જે ફેર સામાન્ય રીતે હોય છે તેટલો જ હતો.

શિહાબુદ્દીન મોહમ્મદ સ્વદેશ પાછો ગયો ત્યારે ભારતમાં જીતેલા પ્રદેશનો વહીવટ કરવા તે કુત્બુદ્દીન અયબેકને પોતાના નાયબ તરીકે મૂકતો ગયો. ચાર વરસ પછી તે ફરીથી આવ્યો ત્યારે આલેમ-ફાઝેલ લોકો, શેખો અને દરવેશોને ઇસ્લામના પ્રચાર માટે તે સાથે લાવ્યો હતો. તેઓ સ્થાનિક ભાષામાં ઉપદેશો કરતા અને વ્યવહાર ચલાવતા. અને તેઓની ભાષામાં અરબી-ફારસી શબ્દો વિશેષ આવી જતા. ઈ. સ. ૧૨૦૬માં શિહાબુદ્દીનનું ખખ્ખરોએ ખૂન કર્યું અને કુત્બુદ્દીન અયબેકે સલ્તનતની સ્થાપના દિલ્હીમાં કરી. તેના શાસકો ગુલામવંશના સુલતાનો નામે ઓળખાયા.

તે પછી ખલજી વંશ (ઈ. સ. ૧૨૯૦–૧૩૨૦)ની સલ્તનત દરમિયાન દિલ્હીમાં હઝરત ખાજા ફરીદુદ્દીન ગંજશકર (મૃ. ઈ. સ. ૧૨૬૫) અને હઝરત શેખ નિઝામુદ્દીન ઓલિયા (મૃ. ઈ. સ. ૧૩૨૫) જેવા સૂફીઓની ખાનકાહો હતી. એવા મુસલમાન સંતોએ ઇસ્લામનો પ્રચાર ત્યાં સારી રીતે કર્યો. મોટી સંખ્યામાં મદ્રસાઓ સ્થપાઈ. અમીર ખુસ્રો નામનો શાયર (મૃ. ઈ. સ. ૧૩૨૫) એ જમાનામાં થયો હતો. તે સંસ્કૃતમાં નિપુણ હતો. તે તુર્કી જાણતો હતો. તેણે અનેક રાગરાગણી[૨] રચ્યાં હતાં. સિતાર વાજિંત્ર અને તરાણાના ગાણામાં તેણે ભારતીય ઢબો આણી હતી. અને તેમાં નવાં નામો પણ ઉમેર્યાં હતાં. તેમની શેરો એટલી મધુરી હતી કે તેને 'તૂતીએ હિંદ' (એટલે કે ભારતનો પોપટ) પણ કહેવામાં આવે છે. મજકૂર સૂફી નિઝામુદ્દીન ઓલિયાનો તે મુરીદ હતો. તેણે ખાલિક-બારી નામના કાવ્ય-પ્રકારની રચના કરી હતી જેને લઈને શબ્દકોશ બાબતમાં અરબી-ફારસી ભાષીઓને તેમ જ સ્થાનિક લોકોને ઘણો ફાયદો થયો હતો. તે હતી નીચેના પ્રકારની:—

---

૧. કુત્બુદ્દીનના હાથની ટચલી આંગળી તૂટેલી હતી તેથી લોકો તેને 'અયબેક શલ' કહેતા હતા. સમય જતાં તેના નામ સાથે માત્ર અયબેક બોલાતું રહી ગયું. 'શલ'નો અર્થ 'લંગડું' કે 'સુકાયેલું' કે 'જૂઠું' પડેલું થાય છે. તુર્કી ભાષામાં 'અય'નો અર્થ 'ચંદ્રમા' અને 'બેક'નો અર્થ 'બેગ' ઉપરથી 'માલિક,' 'શેઠ' એવો થાય છે. શિહાબુદ્દીને કુત્બુદ્દીનને બહાદુરીની કદર તરીકે એ ખિતાબ આપ્યો હતો.

૨. ઉત્તર ભારતમાં એ અગાઉથી ચાલી આવેલા સંગીતે નવો ઘાટ લીધો. તેમાં તેણે ફારસી તરાણાને વણી લીધો. સંગીતના નવા પ્રસ્થાનના આધારે એ રીતે તૈયાર થયેલા સંગીતનો વિકાસ ઉત્તર ભારતમાં થયો છે. આ જ કારણથી એ દક્ષિણ હિંદના કર્ણાટકી સંગીતથી જુદું પડે છે.

रसूल पैगम्बर जान बसीठ ।[1]
यार दोस्त बोलै जो ईठ ॥

मर्द मनस ज़न है इस्तरी ।
कहत अकाल, वबा है मरी ॥

बिआ बिरादर आओ रे भाई ।
बिनशीं मादर बैठ रे माई ॥

तुरा बुगुफ्तम, मैं तुझ कहा ।
कुजा बिमाँदी; तू कित रहा ॥

राह तरीक, सबील पहचान ।
अर्थ तेहूका मारग जान ॥

આ રીતે ત્યાંની સ્થાનિક ભાષામાં અરબી-ફારસી ભાષાના શબ્દોનો પ્રચાર વધતો જ ગયો.

એ ઉપરના સમય દરમિયાન ગુજરાતના સોલંકી વંશ (ઈ. સ. ૯૬૦–૧૨૪૩)ના ખરેખરા મધ્યાહ્ન કાળથી મુસલમાન તાજિરો અને મઝહબના પ્રચારકોને એ પ્રદેશમાં રહેવા દેવાની સહિષ્ણુતા રાજાઓએ દાખવી હતી. તેમની સંખ્યા નજીવી હતી છતાં તેમના સંપર્કમાં આવેલા લોકોમાં અરબી-ફારસીના શબ્દો ધીમી ગતિથી વપરાતા થયા હતા.

તે પછી અલાઉદ્દીન ખલજીએ ગુજરાત ઉપર આક્રમણ કરી તે જીત્યું અને ઈ. સ. ૧૩૦૦માં અણહિલવાડમાં મુસલમાન સત્તાનો ઉદય થયો. એ સલ્તનતના લગભગ બે સદી જેટલા શાસન દરમિયાન દિલ્હીના સુલતાનો ગુજરાતનો રાજ્યવહીવટ વખતોવખત નાઝિમો મારફત કરતા રહ્યા. તેઓ વારંવાર બદલાતા રહેતા. તેઓ સાથે અમલદારો, નોકર-ચાકરોનો રસાલો તથા ફોજી લોકો આવતા. એ સર્વ તથા નાઝિમોના નિમંત્રણથી ઇસ્લામના ઉપદેશકો પણ મઝહબના પ્રચારાર્થે આવતા રહેતા. તે તમામને સ્થાનિક લોકો સાથેના વ્યવહારમાં જાણ્યે-અજાણ્યે પોતાની ભાષાના

---

૧. रसूल અરબી શબ્દ છે, पैगम्बर ફારસી શબ્દ છે અને बसीठ (એટલે કે સંદેશાવાહક) હિંદી છે. यार અને दोस्तનો અર્થ ईढ એટલે ઇષ્ટ (મિત્ર) થાય છે. मर्द (ફા.), मनस (હિં.) (એટલે કે મનુષ્ય) છે અને जन (ફા.) એટલે इस्तरी (હિં.) (સ્ત્રી) છે; कहत (અ०)નો અર્થ अकाल (એટલે કે દુષ્કાળ) છે અને बबा (અ०) એટલે मरी (હિં.) (સંક્રામક રોગ જેમાં એકસાથે કેટલાંએ માણસો મરી જાય છે; જેવા કે પ્લેગ) છે.

बिया बिरादर (ફા.)નો અર્થ आओ रे भाई (હિં.) (એટલે કે આવ રે ભાઈ) થાય છે. बिनशीं मादर (ફા.)નો અર્થ बैठ अरी माई (હિં.) (એટલે કે 'અરે મા બેસ' એવો અર્થ થાય છે.

तुरा बुगुफ्तम (ફા.)નો અર્થ मैंने तुझे कहा (એટલે કે મેં તને કહ્યું) થાય છે. कुजा बिमाँदीનો અર્થ तू कित (कहाँ) रहा (હિં.) એટલે કે તું ક્યાં રહ્યો એવો અર્થ થાય છે.

राह (ફા.), तरीक (અ०) અને सबील (અ०) એ ત્રણનો અર્થ मारग (હિં.) (मार्ग સં.) (એટલે કે રસ્તો) થાય છે.

શબ્દો વાપર્યા વિના છૂટકો ન હતો. એ રીતે અરબી–ફારસી તેમ જ તેમાં પ્રચાર પામેલા તુર્કી શબ્દોનો ઉપયોગ ગુજરાતની સ્થાનિક ભાષામાં થવા લાગ્યો, અને એ વ્યવહારથી તેઓ પણ તેમની પોતાની ભાષામાં સ્થાનિક ભાષાના શબ્દો વાપરતા થયા હતા.

ઈ. સ. ૧૩૯૮માં તૈમૂર લંગે દિલ્હી ઉપર આક્રમણ કરી તેને લૂંટ્યું અને ત્યાં હાહાકાર વર્તાવ્યો. ત્યાંની પાંગળી બનેલી સલ્તનતને લઈને દેશમાં અંધાધૂંધી વ્યાપી. પ્રાંતોના હાકેમો આ તકનો લાભ લઈ સ્વતંત્ર શાસક બન્યા, અને તેમ કરવાનું ગુજરાતનો નાઝિમ ઝફરખાન ચૂક્યો નહિ. એ રીતે અહીં મુસલમાન સલ્તનતની સ્થાપના થઈ.

એ સમયે કેટલાક લોકો દિલ્હીથી હિજરત કરી દખ્ખણમાં તેમ જ ગુજરાતમાં ગયા. તેઓમાં કેટલાક મશહૂર ઓલિયા પણ હતા.

ગુજરાતના સુલતાનોના સમયમાં ખજાનાનો સારો જેવો ભાગ ઓલિયાઓ, ફકીરો અને દરવેશોના ચરણમાં જતો. અકબરે ગુજરાત જીતી મોગલ સલ્તનતમાં ઈ. સ. ૧૫૭૩ અને ૧૫૮૩ના ગાળામાં સામેલ કરી દીધું ત્યાં સુધી સરકારમાં તેઓની ભારે લાગવગ હતી અને તેઓ ગુજરાતમાં ઠેકઠેકાણે પ્રસરી ગયા હતા. જ્યાં ઇચ્છે ત્યાં તેમને વજીફા મળતા. સુલતાનો તેમ જ અમીરો તરફથી તેમને નજરાણાં મળતાં. તેઓનું મુખ્ય કાર્ય મજહબના પ્રચારનું હતું; અને તેઓમાં મોટા ભાગના એ કાર્યમાં અને ઉપદેશો આપવામાં અતિ નિપુણ હતા. તેઓ પાસે તેમના તસવ્વુફ (સૂફી મત) અંગેના ઉપદેશો આપવાના અને મજહબના પ્રચાર કરવાના સાધન તરીકે તેમણે તેમની સાથે દિલ્હીથી આણેલી ભાષા હતી. તેઓને તેમનો મકસદ બર લાવવા સ્થાનિક લોકોની ભાષાના શબ્દોની મદદ લેવી પડતી હતી. તે રીતે ગુજરાતના સ્થાનિક લોકોની ભાષાના શબ્દોના મિશ્રણવાળી અને તેનાથી અસર પામેલી જે ભાષાનો ઉપયોગ તેમણે કર્યો તેને તેમણે ગુજરી નામ આપ્યું હતું.[1] કેટલીક ઉર્દૂ કિતાબોમાં આ ગુજરીને ગુજરાતી ઉર્દૂ પણ કહી છે અને ગુજરાતમાંથી એ દખ્ખણમાં ગઈ તેને દક્કની ઉર્દૂ નામ આપવામાં આવેલું છે.

એ સમયની ભાષાના પૂરા નમૂના પુસ્તકોમાં ટાંકેલા મળતા નથી; પરંતુ મશહૂર મુસ્લિમ સંતોનાં છૂટાંછવાયાં વાક્યો નોંધાયેલાં મળે છે. તે ઉપરથી તેઓ જે ભાષાનો ઉપયોગ કરતા હતા તેનો ખ્યાલ આવે છે.

દિલ્હી નગરી ઉપર આક્રમણ કરીને તૈમૂર લંગે તેને પાયમાલ કરી. તે પછી ત્યાંથી ઓલિયાઓ ગુજરાતમાં આવી રહ્યા હતા, જેઓમાં શેખ અહમદ ખટ્ટૂ (જન્મ ઈ. સ. ૧૩૩૬–૩૭: મૃત્યુ ઈ. સ. ૧૪૪૬ : દરગાહ અમદાવાદ શહેરથી લગભગ પાંચ માઈલ ઉપર આવેલા સરખેજ ગામને સીમાડે), અને શેખ બુરહાનુદ્દીન કુત્બે આલમ બુખારી (જ. ઈ. સ. ૧૩૮૮ : મૃ. ઈ. સ. ૧૪૫૩ : દરગાહ અમદાવાદ શહેર નજીક આવેલા વટવા ગામમાં) અતિ મશહૂર છે. શેખ અહમદ ખટ્ટૂ સૂફી શાયર હતા. ગુજરીમાં લખેલી તેમની નીચેની શેરો મળે છે :

दोखा (दूखा) काजल जी करूँ।
तू सोकन दुःख दिन्ह ॥

---

૧. ઉર્દૂ પુસ્તકોમાં 'ગૂજરી' (મૌલાના અબ્દુલ્ હક્ક—ઉર્દૂ કી ઇબ્તિદાઈનશ્વોનુમા મેં સૂફિયાએ કિરામ કા કામ, પૃ. ૮૭ : શેખ હબીબુલ્લાહ—જવાહિરુલ્અસ્રારનો દીબાચો).

न पियू देखन दिन्ह मुज ।
न आप देख सकिन्ह ॥

[એક વખત એક દાસી આંખમાં મેંશ આંજીને હજરત શેખ અહમદની પાસે ગઈ. તેના ઉપર નજર પડતાં જ તે બોલ્યા, " તું શૌક્ય કાજળ આંજીને મને દુઃખ દે છે. તારામાં ધ્યાન જતાં પિયુનું ધ્યાન ધરાતું નથી. તું પોતે પિયુને દેખી શકતી નથી અને મને જોવા દેતી નથી.]

શેખ બુરહાનુદ્દીન કુત્બે આલમ બુખારી એક વાર હાલ અવસ્થામાં બોલ્યે જતા હતા :

मोहम्मद पीर में खडया, सांई प्रेम चखाए ।

એક રાત્રિએ એવું બન્યું કે તે તહજ્જુદ (મધરાત પછીની નમાઝ) માટે બહાર નીકળ્યા ત્યારે અંધારામાં એક કઠણ વસ્તુ ઉપર તેમને ઠોકર લાગી અને તેમના મોંમાંથી નીચેનું વાકય બહાર નીકળ્યું :[1]

क्या हय ? लोहा हय, कि लक्डी हय, कि पथ्थर हय ?

તેમનું નીચેનું કથન પણ ઘણું જાણીતું છે :[2]

चिश्तीओंने पकाई अने बुखारीओंने खाई ।

---

૧. તોહ્ફતુલ્કિરામ, ભા. ૧, પૃ. ૧૭.

તે પછી સવારે તેમના કેટલાક મુરીદોએ તે સ્થળે જઈને જોયું તો તે કઠણ વસ્તુમાં શેખ જે ત્રણ વસ્તુ બોલ્યા હતા તે ત્રણેય હતી.

શેખે તે વસ્તુને એક ઊંડા ખાડામાં સાચવી રાખવાની સૂચના કરી અને તેને અડવાની મનાઈ કરી. આગળ ઉપર તેમણે જણાવ્યું કે તેને અડનારનું એકે બાળક હયાત રહેશે નહિ. (મિર્ઝા મોહમ્મદ હસનઅલી મોહમ્મદખાન—ખાતિમએ મિર્આતે અહમદી, પૃ. ૨૬; સિકંદર મોહમ્મદ મન્જહૂ—મિર્આતે સિકંદરી, પૃ. ૨૫૪). શેખનું એ વચન સાચું પડે છે કે નહિ તેની અજમાયશ કરવા એક વેપારીએ તે વસ્તુને ખાડામાંથી કાઢી. તે પછી ત્યાં તેને સાચવી રાખવામાં આવી છે. તેમાં સોનું, લોખંડ તેમ જ લાકડું, એ ત્રણેયનાં લક્ષણો હોવાનું જણાય છે; તે એકબીજાને કેવી રીતે વળગી રહ્યાં છે તે સમજાતું નથી.

૨. એના પ્રસંગ અંગે કહેવાય છે કે હજરત મોહમ્મદ શાહે આલમ (જ. ઈ. સ. ૧૪૧૫) શેખ બુરહાનુદ્દીન કુત્બે આલમ બુખારીના પુત્ર હતા. શેખે તેમને ચિશ્તિયા ફિરકાના મશહૂર સૂફી શેખ બારકઅલ્લાહ (મૃ ઈ. સ. ૧૪૪૧; દરગાહ અમદાવાદમાં શાહીબાગ નજીક હાજીપુરામાં—મૌલ્વી અબૂ તુરાબ મોહમ્મદ—તઝ્કિરતુલ્ ઑલિયાએ દક્કન, પૃ. ૧૭૦)ની પાસે મોકલ્યા. તેમણે પોતાનું કામ પતાવી દીધું. તે પછી પાછા વળતા હતા ત્યારે શેખે તેમને બાફેલા કઠોળથી ભરેલું એક વાસણ આપ્યું અને તે પહોંચાડવા એક મુરીદને તેમની સાથે મોકલ્યો. એક મૂગો બહેરો, લંગડો અને અંધ એવો માણસ જોવામાં આવે ત્યાંથી પાછા ફરવાની તેને શેખે સૂચના કરી. શાહેઆલમ અને મુરીદ (અમદાવાદમાં આવેલા) ત્રણ દરવાજા નજીક પહોંચ્યા ત્યારે મજકૂર વર્ણનનો માણસ નગારું વગાડતો મળ્યો. તે શાહેઆલમની પાસે આવતાંવેંત બોલતો, સાંભળતો, ચાલતો અને દેખતો થયો. અને 'શાહેઆલમ,' 'શાહેઆલમ,' પોકારવા લાગ્યો. આજુબાજુના લોકો પણ ' શાહેઆલમ 'નું નામ બુલંદ અવાજે બોલવા લાગ્યા. મુરીદ ત્યાંથી પાછો ફર્યો. શેખ બુરહાનુદ્દીન કુત્બે આલમના ખાનકાહમાં સર્વ બુખારીઓએ તે કઠોર ખાધું. એ સમયે શેખે એ (चिश्तीओंने पकाई अने बुखारीओंने खाई ।) કથનનું ઉચ્ચારણ કર્યું હતું.

શેખ યહ્યા નામના એક સૂફીએ પોતાની મુશ્કેલી પ્રદર્શિત કરવા નીચેનું વાક્ય ઉચ્ચાર્યું હતું તે કહેવતરૂપ બની ગયેલું છે:[૧]

वक्त शेख यह्या जैसा पडे तैसा सहे अपने पीडन किसे ना कहे।

[શેખ યહ્યા, જેવો સમય હોય તે પ્રમાણે સહન કરવું જોઈએ. પોતાનું દુઃખ કોઈને કહેવું ન જોઈએ.]

શેખ બુરહાનુદ્દીન કુત્બે આલમના પુત્ર શાહેઆલમ ઉર્ફે શાહ મંજન (જન્મ ઈ. સ. ૧૪૧૫: મૃ. ઈ. સ. ૧૪૭૫: દરગાહ અમદાવાદમાં આવેલા ચંડોળા તળાવ પાસે)નું નીચેનું વાક્ય:

अरे मियाँ अ-बोलक[२] बोलते क्यों नहीं ?[३]

નીચેનું વાક્ય પણ તેમનું જ છે:—

पढ, डोकरे ।[४]

સુલતાન મહમૂદશાહ બેગડા (ઈ. સ. ૧૪૫૯–૧૫૧૧)નું નીચેનું કથન કહેવતરૂપ થયેલું છે:—

नीची बेरी सब कोई झोडे ।

[નીચી બોરડી સૌ કોઈ ઝૂડે.]

આવા પુરાવા ઉપરથી કહી શકાય છે કે તે સમયે દિલ્હીની આજુબાજુ જે સ્થાનિક ભાષા હયાતિમાં આવતી હતી તેમાં ગુજરાતના સ્થાનિક ભાષાના શબ્દોના મિશ્રણવાળી ભાષા ગુજરાતના સૂફીઓ તેમ જ સુલતાનો બોલતા હતા. આગળ ઉપર તેઓમાં તે માત્ર બોલચાલ પૂરતી મર્યાદિત રહી ન હતી, પરંતુ તેમાં શાયરીની રચના પણ શરૂ થઈ હતી, અને અનેક સૂફી શાયરોએ એ ભાષામાં ગઝલ-સંગ્રહો (દીવાન) પણ તૈયાર કર્યા હતા. તેઓમાં નીચેના સૂફીઓનો પણ સમાવેશ થતો હતો:

હજરત કાઝી મહમૂદ દરિયાઈ પીર (મૃ. ઈ. સ. ૧૫૩૪; દરગાહ લુણાવાડા પાસે વીરપુરમાં)ની તસવ્વુફના રંગવાળી ગુજરી શે'રો મળે છે. જેમાંથી કેટલીક નીચે પ્રમાણે છે:—

कोई माया-मरम न वुज्हे रे,
बात मनकी कस न सुज्हे रे।[५]
आज सरीजन घर आया
क्यूं न करूँ मेहमानी ।

---

૧. શેખ મોહમ્મદ અમીન-યૂસુફો ઝુલેખા. પૃ. ૩૨ (હસ્તપ્રત, સંપાદન, ડૉ. એમ. એ. ફારૂકી)

૨. બોલી શકે નહિ એવું; મૂગું.

૩. તોહફતુલ્ કિરામ, ભા. ૧, પૃ, ૧૮.

૪. સિકંદર મોહમ્મદ મન્જહૂ—મિરાતે સિકંદરી, પૃ. ૬૫.

૫. અર્થાત્ કોઈ માયા-મર્મની વાત સમજી શકે નહિ; દિલની બાબત કોઈને સૂઝે નહિ.

તે જક્રી ('ઝિક્ર' એટલે કે 'ધ્યાન'નું બગડેલું રૂપ)[1] શાયરીની રચના કરતા હતા.[2] તેમાં અન્ય વિષયો ઉપરાંત ઓલિયાઓની વંશાવળી અને શેખોની પ્રશંસા રહેતી હતી. એમની જક્રી ગુજરાતમાંથી નીકળીને આખા હિંદુસ્તાનમાં પ્રશંસા પામી હતી. શાહ અલી મોહમ્મદ જીવ ગામધની (મૃ. ઈ. સ. ૧૫૬૫: દરગાહ ખમાસા, જમાલપુરમાં) નામના સૂફી શાયર 'જીવ' તખલ્લુસથી ફારસી તેમ જ ગુજરીમાં શેરો રચતા હતા. જવાહિરુલ્ અસરાર નામના ફારસી શાયરીના તેમના સંગ્રહમાં તસવ્વુફનો રંગ છે તેના સિદ્ધાંતો તેમાં તેમણે સાદી ભાષામાં સમજાવેલા છે.

એ શાયરની ગુજરીમાં લખેલી કેટલીક શેરો નીચે મુજબ છે:—

आपैं खीलूँ आप खिलाऊँ, आपैं आपस ले गल लाऊँ ।

[હું પોતે રમું અને પોતાને રમાડું અને પોતાને સાથે લઈ આલિંગન કરું.]

कजीं सो होए अंधियारी राता,
सांज बेती कर लावे धाता ।[3]
होकर दीवरा राते सारी
लाकर जोत दिखावे सारी ॥

[રાત્રિ અંધકારમય હોય છે ત્યારે દોડતો આવીને બત્તી સળગાવે છે; દીવો બનીને આખી રાત્રિ પોતાની રોશની ફેલાવે છે.

મિયાં ખૂબ મોહમ્મદ ચિશ્તી (જ. ઈ. સ. ૧૫૩૯માં અમદાવાદમાં,[4] મૃ. ઈ. સ. ૧૬૧૪[5], દફન: વર્તમાન કારંજ પોલીસ ચોકીની સામે, અમદાવાદ) મહાન સૂફી શાયર હતા. તે ખૂબ તખલ્લુસથી શેરો રચતા હતા. અમ્વાજે ખૂબી[6] અને ખૂબ તરંગ ઉપરાંત તેમની અનેક કૃતિઓ ગુજરીમાં છે. ખૂબ તરંગ એક મસ્નવી (મહા-કાવ્ય) છે જે તેમણે ઈ. સ. ૧૫૭૮માં પૂરી કરી હતી. તેમાં તેમણે તેમના મુરશિદ શેખ કમાલુદ્દીનનાં કથનો નઝમમાં ઉતારેલાં છે. તેમની રચનાઓ-માંથી થોડી શેરો નીચે મુજબ છે:

देह शराब जो किसकू कोई
साकी उसका नाम सो होई ।
उस पर आलम मस्त सो तान्ह
वजूद इसाकी हय उस थान्ह ।

---

૧. એની વિગત માટે જુઓ મારું પુસ્તક 'અરબી-ફારસીની ગુજરાતી ઉપર અસર,' ભા. ૨, ૫૧૮-૧૯.

૨. ઓરિયેન્ટલ કૉલેજ મૅગેઝિન (લાહોર, ૧૯૩૦, નવેમ્બર), પૃ. ૨૩.

૩. મૌલ્વી અબ્દુલ્ હક્ક—ઉર્દૂકી ઇબ્તિદાઈ નશ્વો નુમામેં સૂફીઆએ કિરામ કા કામ, પૃ. ૭૭-૭૮ (૧૯૩૩).

૪. એજન, પૃ. ૮૦.

૫. એજન, પૃ. ૮૦.

૬. શેખ મોહમ્મદ અમીન—યૂસુફો ઝુલૈખા (હસ્તપ્રત—દીબાચો—ડૉ. એમ. એ. ફારૂકી-સંપાદિત)

[જો કોઈ કોઈને શરાબ આપે તો તે સાકી કહેવાય છે; દુનિયા તેના ઉપર મસ્ત થઈ જાય છે અને તે જગ્યાએ તેની હસ્તી રચાય છે.

एक बलवंत सो हुआ सवार,
आया राजकुंवर के बार ।
कहिया कि मेरा ज़ोर आज़माऊँ
आज तमाशा एक दिखलाऊँ ।

તેમણે ભાવભેદ નામની એક પુસ્તિકા પણ લખેલી છે. તેમાં અલંકારોની વ્યાખ્યા અને ઉદાહરણો છે. તેમાં તેમણે વાપરેલી ભાષાને ગુજરાતી કહી છે. તેમાં ફારસીની સાથે સાથે દરેક અલંકાર તેમણે ગુજરીમાં પણ સમજાવેલો છે. તેમાં આપેલાં ઉદાહરણો ગુજરીમાં છે; જેવાં કે :—

ध्यान खुदाका पकड जो छोडे उसे कहीं जग मान्ह ।
भला बुरा हो समर देखो सबल नहीं इस थान्ह ॥

[જો કોઈ ખુદાનું ધ્યાન ધરીને પછી છોડી દે તો તેનું સારું ફળ દુનિયામાં હોય તે ખરાબ થાય છે.]

हम्द खुदाकी खूब कर कह सलात[1] रसूल,
पीछें सिफत शे'रकी कहे तो हूए कबूल ।

[સારી રીતે અલ્લાહની સ્તુતિ અને રસૂલની સલાત[1] કહે. તે પછી શેરોની તારીફ કહે તો તે સ્વીકાર્ય બને.]

મિયાં ખૂબ મોહમ્મદ ચિશ્તીએ એક પ્રચલિત લોકકથાને વાર્તારૂપે ગુજરીમાં કહેલી છે તે નીચે પ્રમાણે છે :—[2]

चीन महीं चितियारे जान,
चितरे मोर सो उडते आन ।
त्यां कीतक चितियारे और
दावा किया तिस आकर मोर ।
कह्या बादशाह कन चल जाय
लिख पानी पर नकश दिखाय ।
गये सुलतान कनी सब चल
आ सुलतानी दिया अहल ।
हुक्म बादशा'का जो पाये
चित्र सब कुछ कर दिखलाये ।

---

१. દુવા અને સલામ

૨. એમાં કન, મહીં, ચિતરે, કીતક (કેટલાક), કની (કને) વગેરે ગુજરાતી શબ્દો છે.

બાબાશાહ હુસૈની ઉર્ફે પીર બાદશાહ પણ ગુજરાતનાં સૂફી શાયર હતા. તેમણે એક દીવાન ગુજરીમાં લખેલી છે. તે શાહ અલી જીવમાં ઘણી શ્રદ્ધા ધરાવતા હતા. તેમને અંગે તેમણે કહ્યું છે કે:—

शाह अली जीव जग परवर तुम हो मेरे लाल,
नाजुक निहाल[१] है शाह हुसैनी राखो तुम संभाल ।

મોગલ શહેનશાહ અકબરે ગુજરાતને પોતાની સલ્તનતમાં ઈ. સ. ૧૫૭૩ અને ૧૫૮૩ના ગાળામાં સમાવી દીધું. તે દરમિયાન ગુજરાતમાં શાંતિ નહોતી રહી. તેથી ત્યાં વસવાટ કરીને રહેલા મુસલમાન સાહિત્યકારો અને સૂફી શાયરો મોટી સંખ્યામાં સ્થળાંતર કરીને દખ્ખણમાં બીજાપુર અને ગોવળકોંડા પહોંચ્યા. તે સ્થળો જ્ઞાન–વિજ્ઞાન અને સાહિત્યનાં મહાન કેન્દ્રો હતાં. બીજાપુરના આદિલશાહી અને ગોવળકોંડાના કુત્બશાહી સુલતાનો આલેમફાઝેલ લોકો અને શાયરોને તેમના દરબારમાં આવકાર, આશ્રય અને ઉત્તેજન આપતા હતા.

ગુજરાતના જે સૂફી શાયરોનો સમૂહ તે સમયે દખ્ખણમાં ગયો તેમાંના કેટલાકે તેમનાં કાવ્યોમાં પોતાની ભાષાને ગુજરી કહેવાનું ચાલુ રાખ્યું હતું; જેમ કે શેખ બુરહાનુદ્દીન જાનમ (મૃ. ઈ. સ. ૧૫૮૨) બીજાપુરના એક મહાન સૂફી શાયર હતા. તેમણે તેમની કૃતિ હુજ્જતુલ્ બકામાં જણાવ્યું છે કે—

जे होवें गियान पुजारी ना देखें भाका गुजरी ।

[જે જ્ઞાનના પૂજારી હોય છે તે ભાષા તરફ લક્ષ આપતા નથી, ભલે તે ગુજરી હોય.]

તેમણે તેમની બીજી કૃતિ ઇર્શાદનામામાં કહ્યું છે કે:

यह सब गुजरी क्या जबाँ, करिया आइना दियानुमा

[આ સર્વ ગુજરી ભાષામાં કહ્યું અને એ સર્વ આયનાની પેઠે સાફ રીતે જણાવ્યું.]

એમ લાગે છે કે શેખ બુરહાનુદ્દીન જાનમ મૂળ ગુજરાતમાં હતા અને ત્યાં અંધાધૂંધી ફેલાઈ તે દરમિયાન કોઈ એક વખતે બીજાપુર ગયા હશે.[૨]

આ ઉપરથી એમ પણ કહી શકાય છે કે જાનમના સમયમાં દખ્ખણમાં બીજાપુર તરફ વિશેષે કરીને ગુજરીનો સારો જેવો પ્રભાવ હતો[૩] અને સૂફી શાયરો એ જ ભાષામાં કાવ્યની રચના કરતા હતા. આ જ ભાષા પાછળથી રેખ્તા નામે ઓળખાઈ અને તે પછી ઉર્દૂ નામથી પ્રચલિત બની.[૪] આમ ઉર્દૂની પ્રારંભિક સાહિત્યપ્રવૃત્તિ ગુજરાતમાં થઈ હતી.

---

૧. અર્થાત્ છોડ.

૨. ઓરિએન્ટલ કૉલેજ મેગેઝિન, ફેબ્રુઆરી, ૧૯૩૧, પૃ. ૭.

૩. ઉર્દૂ, (જુલાઈ, ૧૯૨૭), પૃ. ૫૪૬.

૪. મૌલ્વી અબ્દુલ હક્ક—ઉર્દૂ કી ઇબ્તિદાઈ નશ્વોનુમામેં સૂફીઆએ કિરામ કા કામ, પૃ. ૮૫–૮૬

ઔરંગઝેબે ઈ. સ. ૧૬૮૬માં બીજાપુર અને ઈ. સ. ૧૬૮૭માં ગોવળકોંડા જીત્યાં અને તેમને પોતાની સલ્તનતમાં સામેલ કરી દીધાં. તેણે ત્યાં રાજ્ય-વહીવટમાં સુધારા કર્યા અને અદીબો અને શાયરોને ઉત્તેજન આપ્યું. પરિણામે ગુજરી ભાષાનો સાહિત્યમાં ઉપયોગ કરનારા દખ્ખણી શાયરોની ભાષાકીય અસર આખા હિંદુસ્તાનમાં ફેલાઈ. બીજી બાજૂએ ગુજરાતમાં ગુજરીમાં શાયરીની રચનાનું કાર્ય રુંધાયું ન હતું અને તે સમય દરમિયાન એ ભાષામાં સાહિત્યિક પ્રવૃત્તિ ચાલુ રહી હતી.

ઈશા ચિશ્તી (જ. દિલ્હીમાં: દફન–બુરહાનુલ્‌મુલ્ક ચકલા, વર્તમાન લુણસાવાડા, અમદાવાદમાં) જહાંગીરના શાસન દરમિયાન અમદાવાદના સૂબેદાર મુર્તઝા બુખારી (ઈ. સ. ૧૬૦૬–૦૯)ના આમંત્રણને માન આપી ગુજરાતમાં આવ્યા હતા. તે સૂફી શાયર હતા. તેમણે ઈસા તખલ્લુસથી ગુજરી ભાષામાં શેʼરોની રચના કરેલી છે અને તેમના પીર હસન મોહમ્મદ ચિશ્તીની[1] તારીફ તેમાં કરેલી છે. તેમાંથી એક દૃષ્ટાંત નીચે પ્રમાણે છે:—

हसन मोहम्मद पीर हमारे कहे दसावली वाल,
ईसा सेवक यूँ कहे सारी उमरका दुःख ताल ।[2]

સૈયદ પીર મશાઈખ ચિશ્તી (જ. ઈ. સ. ૧૬૫૧માં ઉત્તર ગુજરાતના જંત્રાલ ગામમાં: દરગાહ, અમદાવાદમાં, વર્તમાન ગોમતીપુર વિભાગમાં ચારતોડા). એ ગુજરીમાં 'મશાઈખ' તખલ્લુસથી અનેક ગ્રંથો રચેલા છે, જેવા કે નૂરનામા (મુસલમાન સંતોના જીવનચરિત્રોના વિષય ઉપર), મકતૂલનામા, હઝરત ઇમામ હુસૈન ઉપર મરસિયો, અખ્લાકે નખી અને ગઝ્‌વાત (મસ્નવી-મહાકાવ્ય જેમાં પેગમ્બર મોહમ્મદે મઝહબ અંગે લડેલી લડાઈઓનું વર્ણન છે). એ ઉપરાંત તેમની મિʼરાજનામા, વિસાલનામા અને ઇમાને મુફસ્સિલ જેવી તેમની કાવ્ય-કૃતિઓ પણ છે.

ગુજરીને પોતાના વિચારો પ્રદર્શિત કરવાના વાહન તરીકે અપનાવ્યા બાબતમાં તે નીચે મુજબ જણાવે છે:

अने गमार हंय रहते जंगल रे मांही,
वे गुजरी रे बिना और समजे रे नांहि ।
मुजे उन वास्ते हंय किताबाँ रे करनी,
तो समजन उन्होंकी वयसी बोली मन धरनी ।

તેમણે એક દીવાન રચેલી છે તે અંગે તે જણાવે છે કે:—

मैं चाहूँ दीवान ए अयसा रे बनावा,
के मेरे रे मुरीद काहोवे पुरा रे भावा ।
और देखने की उसे हाजत नारे होवे,
दीन की हकीकत सब उसमांहे थी लेवे, ।

---

૧. જન્મ ઈ.સ. ૧૫૨૩: મૃ. ઈ. સ. ૧૬૩૦ (સૈયદ ઇમામુદ્દીન બરકાતુલ ઔલિયા, પૃ. ૫૧; મૌલ્વી હાદી અલીખાન—રહફિઝિયહ, પૃ. ૨૭)

૨. અબ્દુર્‌ રશીદ લાલ મોદ્દદ ચિશ્તી—મુખ્બિરુલ્‌ ઔલિયા (હસ્તપ્રત)

उम्मीद इतना ए तासीर रे होवे,
जे ए दीवान कू सूने उसका कुफर धोवे ।
नसीहत पहोंचे उस दिल केरे माहा,
शयतान गालिब उसे आवे रे नावा ।
पीरी मुरीदीका उसे नेह तू दीजे,
मेरे मुरीद कू कहीं भी पीरा न कीजे ।

નીચેની શે'રો પણ તેમની જ છે :—[૧]

कि अिलाही नाम मुझे बुजरुग देता,
मशाइक नाम सू मुझे बन्देने केता ।
नाम की शरम हैं तुझे सू रहना,
तू मशाइक नाम सहीह कर कहना ।
तो दोस्ती अपनी नबीजी हो केरी,
शरम राख तू खालिक मेरी ।
अितनी फिकर चिंत यूँ देती,
पयखी पढने की तब जाने केती ।
एक हजार जब उसे रे लिखाय,
तब पढने खातर सामान रे बनाय ।

ગોધરાના શેખ મોહમ્મદ અમીન એક સૂફી શાયર હતા. તેમણે યૂસુફો ઝુલૈખા નામના એક મસ્નવી (મહાકાવ્ય) ઈ. સ. ૧૬૯૭માં ગુજરી ભાષામાં લખી હતી તેમાં તેમણે ઇશ્કે હકીકીનું નિરૂપણ કરતાં જણાવ્યું છે કે :—[૨]

अरे बन्दे हकीकी अिश्क[3] जानो,
मजाझी इश्क[४] कूं दिल पर न आनो ।
मजाझी अिश्क कूं जिन्हों किया है,
दगा उनकूं सो शयतानने दिया है ।
हकीकी अिश्क बीच जो कोई पेठे,
वे तो खासे खुदा के होके बैठे ।
दगा उन्हों दिया शयतान कूं रे,
रखा साबित उन्हों ईमान कूं रे ।

એક જગ્યાએ ઝુલૈખાના ઇશ્કે મજાઝીને તેની મુશ્કેલીનું કારણ જણાવ્યું છે :—

---

૧. શેખ મોહમ્મદ અમીન–યૂસુફો ઝુલૈખા (હસ્તપ્રત : ડૉ. એમ. એ. ફારૂકીસંપાદિત).

૨. એજન.

૩. અર્થાત્ ખુદાનો માનવ પ્રેમ.

૪. અર્થાત્ પ્રેમ.

मजाझी अिश्क जो रखते हैं जगमाँ,
ऊनों कूं ख्वार करता हैं झमानाँ ।
हकीकी अिश्क जो रखते हैं दर दिल,
नहीं पडता ऊनों कूं कदहीं मुश्केल ।
खुदा के अिश्क भीतर वे शबो रोज,
रहते हैं दिल-खुशाली सूं दील-अफरोज ।
जो आशिक हूअी अिनसाँ पर झुलेखा,
पडी तो ऊस उपर देखो बिपत क्या ।
अगर अल्लाह पर आशिक वे होती,
अने अिनसान के सामे न जोती ।
कछू मुश्केल न पडती उसके तँय हाँ,
रती हो मस्त दाइम अिश्कके माँ ।

ગોધરાના[1] બીજા ગુજરી શાયર ફત્હ નામે હતા.[2] તેમણે 'યૂસુફે સાની' કે 'ઝુલૈખાએ સાની' નામનું એક મહાકાવ્ય રચેલું છે. તે ઈ. સ. ૧૬૯૭ની આસપાસની કૃતિ હોવાનું જણાય છે. તેમાંથી નીચેની શે'રો છે:—

अब सुनो फत्ह की बाताँ सब अयाँ,
गोधरे के शहरमें कीता बयाँ ।
बेठे थे एक दिन जुमा मस्जिद मने,
को बडे और जवान सब छोटे नने ।

સૈયદ પીર મોહમ્મદશાહ કાદિરી (જ. ઈ. સ. ૧૬૮૮માં દખ્ખણના બીજાપુરમાં: મૃત્યુ ઈ. સ. ૧૭૪૯: દરગાહ-સલાહુદ્દીન હવેલી-વર્તમાન પીર મોહમ્મદશાહ રોડ). એક આલેમ ફાઝેલ શાયર હતા. 'અક્દસ' તખલ્લુસથી ફારસી તેમ જ ગુજરીમાં શાયરીની રચના કરતા હતા. ઇશ્કુલ્લાહ નામક તેમનો કાવ્યગ્રંથ ગુજરીમાં રહસ્યવાદના વિષય ઉપર છે. તેમાંથી નીચેની શે'રો છે:

आलम मिसाले रोज है, आवे नज़र कस्रत तमाम,
जाली के सूराखों मिसाले नूरोंकी है सूरत तमाम ।
या खल्क मिसाल शबके है इस जा में कसरत बेशुमार,
बेहद सितारे तुम देखो होते हैं शबमें आशकार ।

* * *

बादे सबा का फैज है हरनेको बदके ऊपर,
बख्शिश करे ताज़गी हर खारो गुलो बर्गो समर ।

---

૧. સૈયદ નસીરુદ્દીન હાશિમી-દક્કનમેં ઉર્દૂ, પૃ. ૨૧૫ (૧૯૩૬); ઓરિએન્ટલ કૉલેજ મેગેઝિન, ફેબ્રુઆરી, પૃ. ૨૪

૨. રઝવી ફાઈક-મખ્ઝનુશ્ શુઅરા (મુકદ્દમા—પૃ. ૩)

* * *

बेसंग रेज़ा खाक पर जो कोई चले अपने कदम,
इस खाक सें पावे न दुःख हरगिज़ कफे पा एक दम ।

ગુજરીને ફારસી તરફ વળાંક કોણે આપ્યો તેની વિગત હવે આપણે જોઈએ :

વલી (મૃ. ઈ. સ. ૧૭૦૭)[૧] ઉર્દૂચરિત્ર-લેખકોએ સૌથી પ્રથમ ઉર્દૂ શાયર તરીકે માન્ય રાખેલા છે. તેમને કેટલાક અમદાવાદના[૨] અને કેટલાક ઔરંગાબાદના[૩] વતની હોવાનું માને છે. અમદાવાદના શાહીબાગમાં ચીની પીરની મઝાર નામથી જે કબર છે તે તેમની છે. તે એ બે સ્થળોમાંથી કોઈ પણ એકના હોય પરંતુ એ તો હકીકત છે કે તેમને ગુજરાત પ્રત્યે ગાઢ મોહબ્બત હતી. સૂફી વૃત્તિ ધરાવનાર તે પવિત્ર પુરુષ હતા.[૪] તેમણે ઉર્દૂ શાયરીના તમામ (રુબાઈ, કસીદા, કિત્આ, મસ્નવી અને ગઝલ વગેરે) પ્રકારોમાં કાવ્ય-રચના કરેલી છે. તેમાં તેમણે ફારસીના મોટા ભાગના છંદો સફળતાપૂર્વક વાપર્યા અને રદીફવાર દીવાન પણ તૈયાર કરી હતી. અરુચિકર, ભારે અને ભદ્દા શબ્દો તજી સાદા સરળ અને સુસ્વર શબ્દોમાં તેમણે રચના કરી હતી. તેનાથી શાયરીમાં જોશ, કશિશ, તાજગી અને તાકાત આવ્યાં. તેમના અગાઉ થઈ ગયેલા ગુજરી શાયરોના અલંકારોને બદલે તેમણે ફારસીમાંથી તે લેવાનો આરંભ કર્યો હતો.

વળી તેમના જીવન-કાળ દરમિયાન બે વાર દિલ્હી ગયા હતા, અને બીજી વાર ગયા ત્યારે તેમની સાથે તેમણે રચેલા રેખ્તાનો[૫] સંગ્રહ તે સાથે લઈ ગયા હતા. તે ત્યાં ઘણો લોકપ્રિય બન્યો હતો. અમીરો, શરીફોની મહેફિલો, મજલિસોમાં તેમ જ ગલીઓ અને મહોલ્લાઓમાં તેમાંની શે'રો લલકારાવા માંડી હતી.[૬] એ અસર લાંબો સમય રહી; અને તે પછી થયેલા ઉર્દૂ શાયરોએ તેમાંથી ખોશાચીની કરી અને તેમને પગલે ચાલ્યા.[૭] તેમની શે'રોનાં દૃષ્ટાંતો નીચે મુજબ છે:—

बेवफाई न कर खुदा सूं डर,
जग हंसाई न कर खुदा सूं डर ।

---

૧. સૈયદ નસીરુદ્દીન હાશિમી—દક્કનમેં ઉર્દૂ, પૃ. ૨૦૭ (૧૯૩૬)

૨. મીર હસન—ત'રીખે અદબે ઉર્દૂ, પૃ. ૮૪ (૧૯૨૯); રઝવી ફાઈક—મખ્ઝનુલ્ શુઅરા, પૃ. પૃ. ૧૧૦ (૧૯૩૩); ખાજા ખાન હમીદ—ગુલ્શને ગુફ્તાર, પૃ. ૨૪૬.

૩. મીરતકી મીર—નિકાતુશ્ શુઅરા; રાય લક્ષ્મીનારાયન શફીક—ચમનિસ્તાન; મોહમ્મદ અબ્દુલ્જબ્બાર મલ્કાપૂરી—તઝકિરએ શુઅરાએ દક્કન.

૪. મોહમ્મદ અબ્દુલ્ જબ્બાર મલ્કાપૂરી—તઝકિરએ શુઅરાએ દક્કન, પૃ. ૧૧૩૬ (હિ. સ. ૧૩૨૯).

૫. ફારસીમાં 'રેખ્તન' (અર્થાત્ 'રેડવું' 'વેરવું', કે 'વિખેરવું') ઉપરથી ભૂતકૃદંતનું રૂપ 'રેખ્તહ' છે. એક વસ્તુ બીજીમાં રેડવાથી બન્નેનું મિશ્રણ થાય છે. તેથી 'રેખ્તહ' (ઉપરથી 'રેખ્તા')નો અર્થ 'મિશ્ર ભાષા' થયો હતો. ભિન્ન ભિન્ન ભાષાઓ એમાં મિશ્રિત છે જેમ દીવાલને ઈંટ, માટી, ચૂનો, સફેદો વગેરેથી પુષ્ટ કરવામાં આવે છે તેમ એમાં બન્યું છે. (આબે હયાત, પૃ. ૨૧)

૬. સૈયદ નસીરુદ્દીન હાશિમી—દક્કનમેં ઉર્દૂ, પૃ. ૮૬ (૧૯૩૬)

૭. આગા મોહમ્મદ બાકિર-તારીખે નઝ્મો નસ્રે ઉર્દૂ, પૃ. ૧૯ (૧૯૩૩)

है जुदाई में जिन्दगी मुश्केल,
आ जुदाई न कर खुदा सूं डर ।
आरसी देख कर न हो मग़रूर,
खुद नुमाई न कर खुदा सूं डर ।
अय वली गैर आस्तानए यार,
जब्ह-साई न कर खुदा सूं डर ।

તેમની ગઝલમાંથી નીચેની શે'રો છે :—

खूब रु खूब काम करते हैं
एक निगाह में गुलाम करते हैं ।

ગુજરાતના શહેર સૂરત ઉપર લગભગ સો શે'રોનું એક મહાકાવ્ય તેમણે લખેલું છે. તેમાંથી નીચેની શે'રો છે :

अजीब शहरों में है पुर नूर यक शहर,
बिलाशक वह है जग में मक्सदे दहर ।
अहे मशहूर जिसका नाम सूरत,
कि जावे जिसके देखे सब कुदूरत ।
जगत की आँख का गोया है यह नूर,
अछो जिस नूर सूं हर चश्मे बद दूर ।

આ ગુજરીનું અંતિમ સ્વરૂપ ઉત્તર ગુજરાતમાં—ખાસ કરીને કડી પ્રાંતમાં ભવૈયા યા તરગાળા લોકો ભવાઈ ભજવે છે તેમાંની ગઝલ, જકડી અને ગરબામાં મળે છે. તેમાંની ગઝલો-માંનું એક દૃષ્ટાંત નીચે પ્રમાણે છે :—

ભલાજી ભેદ પુછ! ખુબ, અબ તું સબદ સુન મેહેબુબ;[1]
જો હે દીનકા તું દોસ્ત, મનમેં રાખીએ ના રોસ્ત,
સબકા એક હૈ અલા, ભલા મન હોયેલા ભલા;
ગ્યાની સોઈ રહે ગંભીર, આદુ અમર પીરકા ફકીર.

*　　*　　*

હીરા હાથ જબ આયા, સોઈ સમજ પરખાયા;
સ્વામી બાલ ફીરપા ફીન, પાયા દીન કા ધર દીન.

જકડી[2] એટલે કે ધ્યાન અને તે અલ્લાહનું ધ્યાન જેનું દૃષ્ટાંત નીચે છે :

---

૧ ભવાઈ-સંગ્રહ, પૃ. ૪૯-૫૧, 'જંદા ઝુલણ'ના વેશમાં.

૨ એની વીગત માટે જુઓ મારું પુસ્તક "ગુજરાતી પર અરબી-ફારસીની અસર," ભા. ૨, પૃ. ૫૧૮-૧૯.

ઊંચે મેહેલ કે હેલ સે કંચન, ફૂલું સેજ બછાના હૈ;[1]
તાજા માલ નવાલા હાજર, મન માને તબ ખાના હૈ,
હસ્તી ઘોડા માલ ખજેના, મુલક મુલક પર થાના હૈ;
કહે માંડણ સુન દોસ્ત હુમારે, થિરના રેહેના જાના હૈ. ૧

જતન કીયા થા જીવકા, ફિર મરને કા ઘર ના જોયા;
ચલતે ફેરી લગા જુલમ સે, કર પીસ્તાવા ફીર રોયા,
પ્રેમ ખેતકા બના બગીચા, નામ ધણીકા ના બોયા;
કહે માંડણ સુન દોસ્ત હમેરે, કયા જાગા ફીર કયા સોયા. ૨

દરદ બીરાના સો નહિ જાના, પડા પુરાના કૌ હોજા;
લે તસબી નહિ ખોજ્યા મનકું, બસે નીરંજન મનદોજા,
કૈસે નાહ્યો થાયો બીન થંભે, જપ તપ ઉઠે ચિત ખોજા.
કહે માંડણ સુન દોસ્ત હમારે, કયા એકાદશી ઓર કયા રોજા.

ગુજરી ભાષાના અવશેષો થોડાએક મેનાગુજરીના ગરબાના જે જુદા જુદા પાઠો છે તેમાં પણ મળી આવે છે: જેમ કે:—

કે કાબુલસેં બાદશાહ ચઢે, ને સારી દિલ્હીકા દીવાન રે;
કે બાદશાહારે ઉતરે બાગમેં, મેં કયા મસ દેખન જાઉં રે.

* * *

કે છોટી મટકીમેં દહીં જમાયો, દુધ લીઓ ખુબ સારો રે;
કે ચલી ગુજરીઆં દહીં બેચનકું, આઇ બાદશાહા કે દરબાર રે,
કે અધયર લો કોઈ મહીયર લો, કોઈ લોને મીઠડાં દુધ રે;
કે સાસુરે કેવે સુણો બવરીઆં લશ્કરમેં મત જાવ રે.

* * *

કે ચલી ગુજરીમાં મહીં બેચનકું, બેઠી લાલ બજાર રે;
કે સીપાઇ બચ્ચાને ચાડી લગાઈ જીવન હુવા હેરાન રે.

* * *

કે અલીયાં રે ગલીયાં બહોત ભલી, તેરે પડદકું દઉં આગ રે;
કે હીંદવાણી તું હરામજાદી બાદશાહકું દેવે જવાબ રે.

* * *

કે મકના હાથી અજબ બના ગોરી, હાથી દેખન આવ રે;
કે તેરે હાથીમેં કયા દેખના, મેરે ઘેર ભૂરી ભેંસ રે.

* * *

૧. ભવાઈ-સંગ્રહ, પૃ. ૫૩, 'જંદા ઝુલણ'ના વેશમાં. એમ લાગે છે કે જ્યારે આ છાપવામાં આવ્યું હશે ત્યારે મૂળના કેટલાક ઉચ્ચારોમાં આમતેમ પરિવર્તન કરવામાં આવ્યું હશે. મૂળનાં ઉચ્ચારણો સચવાયેલાં લાગતાં નથી.

કે મેરી મુંછો અજબ બની ગોરી, મુંછો પર મોહી આવ રે;
કે તેરી મુંછોં મેં કયા દેખના, મેરે બકરે જેસા પૂંછ રે.

* * *

કે છોટી મટકી કા મૂલ કરોને ગોરી, ઉસકા કયા હોય મૂલ રે;
કે છોટી મટકી કા મૂલ કરૂંને, તેરી સારી દિલ્હી ડૂલ રે.

* * *

કે તેરા રૂપ તો કીને દીયા જાણે સોનું ઘડે સોનાર રે;
કે અલ્લા મીયાંને મુજે રૂપ દીયા ને કરમ દીયા કીરતાર રે.

* * *

કે ગરબડ સરબડ કયા બોલતી ગોરી બોલો સમજ કી બાત રે;
કે અક્કડ છક્કડ કયા બોલતી ગોરી થપ્પડ લગાઉં દોચાર રે.

* * *

કે ગુજરી કહે સુણ બાદશાહ તુમ સુણો અમારી બાત રે;
કે મારૂં તમાચા ને ઉડ જાય પઘડી, મુખડા હો જાય લાલ રે.

* * *

કે તોપોંકી ધુમરાણ હુઈને હુવા અંધેરા ઘોર રે;
કે બાદશાહકું તો ખબર નહિને, રઇયત નાઠી જાય રે.[1]

* * *

ગુજરી ભાષામાં વપરાતા શબ્દોના અભ્યાસ અંગે જણાય છે કે મોગલ શહેનશાહ જહાંગીરના સમયના હિંદુસ્તાનમાં બાળકોને ફારસી પ્રત્યે દિલચસ્પી કેળવવાને ઉપર જણાવેલ ખાલિકબારી (ઉર્ફે હિફ્ઝુલ્ લિસાન્ એટલે કે ભાષા કંઠે કરવી તે)ના પ્રકારના નિસાબનામાં (પાઠ્યપુસ્તકો) લખવામાં આવતાં હતાં. એનો આરંભ ગુજરાતમાં થયો હોવાની સંભાવનાને બિલકુલ નકારી તો ન જ શકાય.[2] એવા નિસાબનામાંઓની હસ્તપ્રતો ગુજરાતમાં મળે છે.

---

૧. આ ગરબો ગુજરાતના જુદા જુદા ભાગોમાં લોકપ્રિય હોવાથી તેમ જ એને મળતા ગરબા રાજસ્થાનની ભાષામાં પણ મળતા હોવાથી એમાંના કેટલાક શબ્દોના ઉચ્ચારણમાં પ્રદેશ પ્રમાણે ફેરફાર થયા છે, તે બધા અહીં નોંધ્યા નથી. માત્ર જે ઉચ્ચારો ગુજરી ભાષાને અનુરૂપ છે તેમની જ નોંધો ઉપર કરેલી છે. સંભવ છે કે મૂળ ગરબો આખો ગુજરી ભાષાના સ્વરૂપમાં રચાયો હોય અને તેમાં પાછળથી પ્રદેશભેદો, ઉચ્ચારણભેદો થયા હોય તેથી હાલ ગવાતા ગરબામાં જ્યાં જ્યાં ગુજરી ભાષાનાં ચિહ્નો સચવાઈ રહ્યાં છે તેમના જ નમૂના નીચેના પુસ્તકોને આધારે આપ્યા છે :—

(૧) ચતુર સુંદર ગરબાવલી (મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે), પૃ. ૧૧૮–૨૪.

(૨) The Indian Antiquary, Vol. XVIII, 1889, pp. 244–45.

૨. પ્રો. નજીબ અશ્રફ નદ્વી—લુગાતે ગુજરી (દીબાચો, પૃ. ૧૧) (મુંબઈ, ૧૯૬૨)

ગુજરી ભાષામાં લખાયેલી શે'રોમાંના શબ્દોની જોડણીમાં એકસરખાપણું સચવાયેલું નથી. એ તો નિર્વિવાદ છે કે તે કદાચ ગુજરાતી જોડણીની અનિયમિતતાનું એક કારણ હોય એ સંભવિત છે.

તદુપરાંત ફારસીમાં સામાન્ય રીતે બહુવચન નિર્જીવ અને બુદ્ધિ-રહિત વસ્તુઓનાં નામને છેડે 'હા' અને જીવંત અને બુદ્ધિશાળી વસ્તુઓનાં નામોને છેડે 'આં' લગાડીને કરવામાં આવે છે. બહુવચનનાં નામોને છેડે 'આં' આવે છે તે ફારસીની અસરને લઈને નહિ પરંતુ સ્થાનિક ગુજરાતીની અસરને લઈને હોવાનું જણાય છે. જેમ કે 'બિહિશી'નું 'બિહિશ્તાં,' 'મત'નું 'મતાં', 'દુઆ'નું 'દુઆયાં,' 'ભાઈ'નું, 'ભાયાં,' 'સિપાહી'માંથી 'હી' નષ્ટ થઈને 'સિપાયાં'. શે'રોમાં દૃષ્ટાંતો નીચે છે:—

बैताँ चालीस सेव पर चौदा और सेव,
है लिखियाँ गोधरे के बीच सुन लेव[1]

એ મુજબ ક્રિયાપદોમાં પણ હોવાનું જણાય છે; જેમ કે:—

हजारों लौंडियों थियाँ हूर तमसाल ।

નર અને નારી જાતિમાં પણ એકસરખાપણું સચવાયેલું નથી. આમ મૂળ અરબી-ફારસી ભાષાઓની જોડણી તેનાં જાતિ, વચન વગેરે તથા સ્થાનિક ગુજરાતીની જોડણી ગુજરીમાં આવતાં સચવાઈ રહ્યાં નથી એ એક સ્વાભાવિક ઘટના છે. જોડણી અંગે એક બાબત નોંધપાત્ર એ છે કે અંજુમને ઇસ્લામે ઉર્દૂ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (મુંબઈ)ના ડાયરેક્ટર, પ્રોફેસર નજીબ અશ્રફ નદ્વીએ ગુજરી શબ્દોના એક કોશનું પ્રકાશન ઈ. સ. ૧૯૬૨માં કરેલું છે. તેની હસ્તપ્રત ઉપર તેનું નામ ન હતું. તેથી તેમણે તે કોશનું નામ 'લુગાતે ગુજરી' (ગુજરીનો શબ્દકોશ) રાખેલું છે. તેમણે સંશોધન કર્યા બાદ તેના દીબાચામાં જણાવ્યું છે કે તે ઉર્દૂનો સૌથી પુરાણો શબ્દકોશ છે. તેમાં ગુજરીમાં વપરાતા અરબી-ફારસી તથા દેશી શબ્દો કંઈક અંશે વ્યવસ્થિત રીતે ગોઠવેલા છે. મૂળ શબ્દકોશકારે હાંશિયામાં મૂળ તથા અરબી, ફારસી તથા હિંદીમાં તેમાંના કેટલાક સમાનાર્થ શબ્દો વગેરે વીગત ફારસીમાં આપેલી છે. તેમાં શબ્દોના ઉચ્ચારો તરફ ખાસ ધ્યાન રાખેલું છે તેથી તેમને ઉર્દૂનો સૌથી પુરાણો શબ્દકોશ તેને કહ્યો છે તે યથાર્થ લેખી શકાય.

ગુર્જરોના ઇતિહાસમાં એ વાત જાણીતી છે કે તેઓ પંજાબ વગેરે પ્રદેશોથી માંડી ગુજરાત સુધી વિસ્તરેલા હતા. તેમની ભાષા ઉપર ઇસ્લામની અને અરબી, ફારસી, તુર્કી વગેરે ભાષાઓએ અસર કરી હોય છતાં તેનું મૂળ રૂપ સચવાયું હોય એ કારણે એ ભાષાને 'ગુજરી' એવું નામ મળે એ સમજાય એવું છે. બીજા પ્રદેશોમાં આ સ્વરૂપ સૂચવાયું હોય તેના કરતાં ગુજરાતની લૌકિક ભાષામાં આ સ્વરૂપ વધારે સચવાયેલું લાગે છે. તે ભવૈયાઓના રેખતા તેમ જ તેમના બીજા સાહિત્ય અને મેનાગુજરી જેવા ગુજરાતમાં અત્યંત પ્રચાર પામેલા ગરબાની ભાષા ઉપરથી જણાય છે.

પરિશિષ્ટ

ગુજરીમાં વપરાતા શબ્દોનો આછો ખ્યાલ નીચે મુજબ આપવામાં આવ્યો છે:

---

૧. મલેક અમીનુદ્દીન કમાલ—યૂસુફો ઝુલૈખા (હિ. સ. ૧૧૦૯)

અકર્મી, અચરત (અચરજ), અને, ઊલ (દાતણની), ઊંડા, કારન, કિર્તાર, કંસારા, ખભા (ખભો), ખોબા (ખોબો), ઘનો (ઘણું); ચાસ (ખેડનો આંકો), ચીસ, છેલા (છેલ્લું), જોયના (જોવું), ઠામ (ઠેકાણું), ડોસી, તમ (તમો), તમેં (તમો), દાતાર, ધુજરા (ધ્રુજારો), નાખના (નાખવું), પખાલી, પાલનહાર, પિછોરી, પૂજ્ય, પોપટ, પંચાસ (પચાસ), બૂમ, માંજર (મરઘાના માથા ઉપરની કલગી), લૂહાર, વાહલા, સગલા (સઘળા), સતાવીસમી, સાત (સાથે), સર્જનહાર, હમેં (હમો), હવી (હવે), હૂં (હું) વગેરે.

ગુજરીમાં 'ળ' અને વર્તમાન ગુજરાતીમાં તેની જગ્યાએ 'ડ' હોય એવા શબ્દો :—

કળિયા (કડિયો), કાગળા (કાગડા), ઘોળી (ઘોડી), છેળો (છેડો), ચોપળી (ચોપડી), દાળમ (દાડમ), રૂળા (રૂડા) વગેરે.

* * *

ગુજરીમાં 'લ' અને વર્તમાન ગુજરાતીમાં 'ળ' હોય એવા શબ્દો :—

આગલ (આગળ), ઊંગલી (આંગળી), ગોવાલિયા (ગોવાળિયો), ઝાલ (ઝાળ), બાંસલી (વાંસળી), સલના (સળવું) વગેરે.

* * *

ગુજરીમાં **અ**કારાંત અને વર્તમાન ગુજરાતીમાં ઇકારાંત, ઈકારાંત કે **ઓ**કારાંત હોય તેવા શબ્દો :—

ખુલ (ખુલ્લી), છર (છરો), બહર (બહેરો), હલ્દ (હલ્દી), હાન (હાનિ), વગેરે.

ગુજરીમાં **આ**કારાંત અને ઈકારાંત શબ્દોમાં અનુસ્વારનું પ્રમાણ વિશેષ છે; જેમ કે :—

આત્માં, કરિશ્માં, ફૂદનાં, ચૂનાં (ચૂનો), દીવાનાં, દુનિયાં, ફિરનાં, મેનાં, સૂરમાં, સૂંગનાં, સેં (સે), સોનાં વગેરે.

ગુજરીમાં વર્તમાન ગુજરાતીમાં આરંભમાં નકારાત્મક 'અ' વાળા અનેક શબ્દો ઉચ્ચારણ-ભેદ સાથે મળે છે :

અપૂર (અપૂરતું), અજાન (અજાણ્યું), અપિછાનિયાં (પિછાન નહિ હોય એવું), અયાનાન (અજ્ઞાન), અકર્મી વગેરે.

મારા સ્વાધ્યાયની વાનગી

કલ્યાણરાય ન. જોષી

પુરાતત્ત્વનો અભ્યાસ મને ગમતો વિષય થઈ પડ્યા પછી મારું લક્ષ જ્યાં ત્યાં શિલાલેખો અને તામ્રશાસનોની તપાસ કરવા તરફ ઢળી ગયું હતું—મારા નિવાસસ્થાનમાં કે મારા પ્રવાસનાં સ્થળોમાં અનેક જૂના ખંડેરોની અને દેવાલયોની મેં મુલાકાત લીધી છે. તેને પરિણામે ઘણા શિલાલેખો મેં મારી નોંધપોથીમાં ઉતારી લીધા છે. પુરાતત્ત્વના અભ્યાસનું એક અંગ કોતરાયેલા લેખોનું ગણાય છે. મારા અભ્યાસની વાનગી તરીકે અત્રે ત્રણ શિલાલેખોનું અક્ષરાન્તર અભ્યાસીઓ માટે રજૂ કરવામાં આવે છે. આ ત્રણે લેખો નાગરી લિપિમાં કોતરાયેલા છે. ગુજરાતના ત્રણ દૂરદૂરના પ્રદેશનું પ્રતિનિધિત્વ આ લેખોમાં દર્શન આપે છે: (૧) મધ્ય ગુજરાતનો ખંભાતનો પ્રદેશ, (૨) ઉત્તર ગુજરાતનો વીસનગરનો પ્રદેશ અને (૩) સૌરાષ્ટ્રના પશ્ચિમ છેડા પરનો દ્વારકાનો પ્રદેશ. આ લેખો પરથી સમસ્ત ગુજરાતની અસલી સંસ્કૃતિનું ઐક્ય સિદ્ધ થાય છે. આત્મકલ્યાણ માટે કે આપ્તજનના કલ્યાણ માટે દેવાલયો બાંધવામાં કે દેવાલયોના જીર્ણોદ્ધાર કરવામાં રાજા મહારાજા કે શ્રીમન્ત લોકો પોતાનું દ્રવ્ય વાપરવામાં પોતાનું કર્તવ્ય માનતા હતા. એ આ ત્રણ લેખો પરથી સ્પષ્ટ સમજાય છે.

ગુજરાતમાં જ્યોતિષશાસ્ત્રનો વિકાસ સારી રીતે થયો હતો—અને તેથી શુભ કાર્ય માટે શુભ મુહૂર્ત હોવાનો આગ્રહ રાખવામાં આવતો હતો. ગ્રહોની અનુકૂળ દૃષ્ટિની અપેક્ષા રાખવામાં આવતી હતી. તે આ લેખોમાં પ્રતિબિંબિત થયું છે.

આપણા દેશમાં **વિદ્યા** તો **પાઠે** જ વિકસતી હતી. પુસ્તકો દ્વારા એ વિકાસ બહુ મોડો સધાયો હતો. છતાં કોતરાયેલા તામ્રપત્ર દ્વારા અને શિલાલેખ દ્વારા સુશિક્ષિત જનોએ અસલી સંસ્કૃતિની છાપ જાળવી રાખી છે—એ જગતના ઇતિહાસને ચોપડે નોંધપાત્ર બની ગયેલી હકીકત છે.

પુરાતત્ત્વના અભ્યાસીઓને આ લેખોમાંથી ઘણુંય મળશે. મને નથી સાંપડ્યું તેવું અન્યને મળી રહે એ હેતુથી આ લેખો પ્રકટ કરવા વિચાર્યું છે.

શિલાલેખ

સ્થળ: ખંભાત પાસેનું **નગરા**

(સં. ૧૨૯૨)

१. ॥ ळ. ॥ संवत १२९२ वर्षे आषाढ शुदि ७ रवौ नारदमुनि विनिवेशिते श्री नगरकह महास्थाने सं ९०२ वर्षे अ.

२. ति वर्शकाल वशा इति पुराणतया च आकस्मिक श्री जयादित्य देवीय महाप्रासादपतनविनिष्टा यां श्री रन्नादेवी मूर्तौ

३. पश्चात् श्रीमत्पतन वास्तव्य .प्राग्वाट ठ. श्री यंडमात्मज ठ. श्री चंडप्रासादांगज ठ. श्री सोमतनुज ठ. श्री आशाराजनंद.

४. तेन ठ. श्रीकुमारदेवी कुक्षि संभूतेन महामात्य श्री वस्तुपालेन स्वभार्यायाः ठ. कान्हड पुत्र्याः ठ. संपुकुक्षिभवा.

५. यामहं श्री ललिता देव्याः पुण्यार्थमिहैवामुत्रे श्री जयादित्यदेव—श्रीरन्नादेवी मूर्तिरियं कारिता ॥ शुभमस्तु ॥

નગરા ગામમાં (ખંભાત પાસે) ભીડભંજન મહાદેવના દેરામાં સૂર્યની મૂર્તિ છે તેની ડાબી બાજુએ એક સ્ત્રીની મૂર્તિ છે. તે રન્નાદેવીની હોવી જોઈએ. એ મૂર્તિના પગ નીચે લેખ કોતરેલો છે. તેનું અક્ષરાન્તર ઉપર ઉતાર્યું છે. કુલ પાંચ પંક્તિઓ કોતરાઈ છે.

લેખમાંથી અભ્યાસ માટે ફલિત થતા મુદ્દા :—

(૧) હાલ ખંભાત પાસે વડોદરા પુરાતત્ત્વ ખાતા તરફથી જે સ્થળનું ખોદકામ થયું છે તે **નગરા** ગામનો ઉલ્લેખ અહિં **નગરક** નામથી થયો છે.

(૨) જે સૂર્યના મન્દિરમાં રન્નાદેવીની મૂર્તિ—વસ્તુપાલ મહામાત્યની ભાર્યા લલિતા-દેવીના પુણ્યાર્થે સ્થાપવામાં આવી છે તે સૂર્યદેવનું નામ **જયાદિત્ય** હતું એમ જણાય છે.

(૩) એ જયાદિત્યનો મહાપ્રાસાદ સંવત ૯૦૨માં અતિવૃષ્ટિના તોફાનમાં પડી ગયો હતો. ત્યાં સંવત ૧૨૯૨માં એટલે કે લગભગ ચારસો વરસ પછી એ સ્થળનો ઉદ્ધાર મહામાત્ય વસ્તુપાલની લોકકલ્યાણ તેમજ આપ્તજનના કલ્યાણની દૃષ્ટિથી થયેલો હતો. એક શિલાલેખમાં ચારસો વરસ પહેલાંના બનાવનું સૂચન થયું છે એ આ ઉત્કીર્ણ લેખની વિશિષ્ટતા છે.

(૪) મહામાત્ય વસ્તુપાલની વંશાવલિ આ લેખમાં કડીબદ્ધ આપવામાં આવી છે.

(૫) સંવત ૯૦૨ પહેલાં ગુજરાતમાં આદિત્યની—સૂર્યની—પ્રતિમાઓ પૂજાતી હતી.

(૬) લેખની ઈબારત સ્પષ્ટ રીતે સિદ્ધ કરે છે કે ઈ. સ.ના તેરમા સૈકામાં ગુજરાતમાં સંસ્કૃત ભાષાનું ગૌરવ શિષ્ટ સમાજમાં જળવાઈ રહ્યું હતું.

(૭) મહામાત્ય વસ્તુપાલની સંસ્કૃતિ પ્રત્યેની સમદૃષ્ટિનું અહીં દર્શન થાય છે. તેમણે કેવળ જૈન મન્દિરોનો જ ઉદ્ધાર કરવામાં જ કર્તવ્ય નહોતું માન્યું—પરંતુ આપ્તજનોના આત્મ-કલ્યાણ વાસ્તે સૂર્ય અને રન્નાદેવીનાં દેવાલયો સ્થાપવામાં પણ ઊંડો રસ તેમણે લીધો હતો.

[આ શિલાલેખનું અક્ષરાન્તર અવતરણ મને અમરેલીના પંડિત જેવા પ્રશ્નોરા બ્રાહ્મણ શ્રી ગિરિજાશંકર ભટ્ટની હસ્તલિખિત વહીમાંથી સાંપડેલું છે. શ્રી ગિરિજાશંકર ભટ્ટ—ગુજરાતના પંડિતવર્ય શ્રી ભગવાનલાલ ઇન્દ્રજીના મદદનીશ તરીકે—શ્રી ડૉકટર ભાઉદાજીના પુરાતત્ત્વના કામને વેગ આપવા—ગુજરાતના અસલી ખંડેર અને અસલી સંસ્કૃતિવાળાં વસતાં શહેરોની મુલાકાતે ઈ. સ. ૧૮૯૮માં પ્રવાસે નીકળ્યા હતા. એમના એ પ્રવાસની હકીકતવાળી નાની સરખી વહીમાંથી આ લેખ મને સાંપડ્યો હતો.]

શિલાલેખ

સ્થળ : દ્વારકા પાસેનું **મઢી**

(સં. ૧૮૦૭)

ॐ नमो गणेशाय ॥

मुक्तासरादि शुभ पुष्कर पंचभिर्वै
संवेष्टिता मुनिगणैः परिसेविता च ।
यस्यां स्थितो पश्यति द्वारवत्याम्
देवालयं सा मढिका सुशोभते ॥ १

तत्रोदय नारायण अभयदेवो स्थितोस्ति बहु घस्रैः ।
शोभित तुर्यै हस्तैरायुधयुक्तै र्हिनन्तु वः पाप ॥ २

तस्यालयस्य जीर्णस्य उद्धारः कारितोधुना
आचार्यस्योपदेशेन भोजराजेन धीमता ॥ ३

संवतुरंग नभनागरसान्वितेऽब्दे
माघेय भासि ःसितपक्षयुते हि विष्णो ।
बाणे तिथौ धिषणवारयुते प्रतिष्ठा
सौदाम्न पु स्थ किल विक्रम नाम भूपः ४
क्रमे निशेषः । श्रीरस्तु.

ભાવાર્થ

મુક્તાસર વગેરે પાંચ શુભ સરોવરોથી વીંટાયેલી અને ઋષિમુનિઓના ચોતરફના વાસથી સેવાયેલી અને જ્યાં ઊભીને દ્વારાવતીમાંના દેવાલયનું માણસ દર્શન કરે છે—તે **મઢિકા** સારી રીતે શોભી રહી છે. ૧

ત્યાં બહુ અસ્ત્રો ધારણ કરી અભય આપનાર ઉદયનારાયણ દેવ ઉપસ્થિત છે—જે ચાર હાથમાં આયુધો વડે શોભી રહ્યા છે તે દેવ તમારાં પાપનો નાશ કરો. ૨

આચાર્યના રૂડા ઉપદેશથી પ્રેરાયેલા ધિમાન ભોજરાજાએ હમણા એના દેવાલયનો જીર્ણોદ્ધાર કર્યો.

સંવત ૧૮૦૭ માઘ માસના શુકલપક્ષની પંચમી અને ગુરુવારના રોજ વિષ્ણુની પ્રતિષ્ઠા સૌદામ્ન પુરમાં (પોરબન્દર) રહેતા વિક્રમ નામના રાજાએ કરાવી (પૂરા ક્રમથી) ક્રમશઃ સમાપ્ત. શુભ થાઓ.

લેખ પરથી ફલિત થતા મુદ્દા :—

(૧) દ્વારકાથી લગભગ વીસ માઈલ પર—જ્યાં હાલ **ઓખા મઢી** નામનું રેલ્વે સ્ટેશન છે ત્યાં આ લેખમાં નમુદ થયેલ **મઢિકા** સ્થળ છે. એ સ્થળે સંસ્કૃત ભાષાનું જ્ઞાન

ધરાવતા સાધુ, સન્તો અને વિદ્વાન આચાર્ય વસતા હતા. કારણ કે આખો લેખ વિશુદ્ધ સંસ્કૃત ભાષામાં લખાયો છે. અનુષ્ટુપ, આર્યા, વસંતતિલિકા-જેવા છન્દમાં શ્લોકો આ લેખમાં કોતરાયા છે.

(૨) સૌદામ્નપુરના રાજા **વિક્રમ** નામના હતા. તેમણે આચાર્યના ઉપદેશથી આ દેવાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. સૌદામ્નપુર એટલે સુદામાપુરી (હાલનું પોરબન્દર) સમજાય છે. એ સુદામાપુરી બહુ જૂના કાળનો ઇતિહાસ ધરાવતું નથી. પોરબન્દર શહેર ચૌદમા સૈકા પછી વસ્યું છે. સંવત ૧૮૦૭માં પોરબન્દરમાં વિક્રમાદિત રાણા રાજ કરતા હતા. તેના પુત્ર ભોજરાજે-પાટવીકુમારની કારકીર્દીમાં આચાર્યના ઉપદેશથી આ દેવાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો છે.

(૩) આ લેખમાં જે આચાર્યના ઉપદેશની વાત આવે છે—તે પોરબન્દર પાસે **શીંગડા** ગામે આવેલા મઠના મઠાધિપતિ હતા. એ મઠની પરંપરા આજસુધી ચાલુ છે. ત્યાં વિદ્વાન સાધુ અધિપતિ તરીકે રહે છે. તેમના તરફથી સંસ્કૃત પાઠશાળા ચલાવવામાં આવે છે. શીંગડાના મઠમાં સાધુ, બ્રાહ્મણો-આદિનો આજ પણ સારો સત્કાર થાય છે.

મઢિકા ગામના મન્દિર ઉપર શિંગડાના મઠાધિપતિનું ઉપરિપણુ છેક ઈ. સ. ૧૯૦૦ સુધી ચાલુ હતું. તેથી સિદ્ધ થાય છે કે આ લેખમાં જણાવેલા આચાર્ય તે શિંગડા મઠના મઠાધિરાજ હોવા જોઈએ.

(૪) આ લેખમાં લખ્યા સાલ અંકથી બતાવવામાં આવી નથી, પણ શબ્દોથી દર્શાવવામાં આવી છે. સંસ્કૃત ભાષાની એ પ્રણાલિકા વિશિષ્ટ રૂપની છે. સંસ્કૃત ભાષામાં **अंकानाम् वामतोगति**—એ સૂત્ર પ્રમાણે પહેલો શબ્દ એ વરસના અંકનો છેલ્લો અંક સમજવાનો હોય છે—આ લેખમાં—અંકના પર્યાય શબ્દો આ રીતે છે.

तुरंग नभ नाग रसान्वितेऽब्दे—એટલે ઉલટે ક્રમે શબ્દોના પર્યાય અંક ગોઠવતાં રસા = પૃથ્વી = ૧, નાગ = વસુ = ૮, નભ = આકાશ = ૦ અને તુરંગ = અશ્વ = ૭, ૧૮૦૭નો અંક આવે છે. લેખમાં તિથિ દર્શાવવા **बाण** વપરાયેલ છે. બાણ=શર=૫ આવા પ્રકારે દર્શાવેલા સંવતના આંકડા નક્કી કરવા માટે મેં મારી પુરાતત્ત્વને લગતી નોંધપોથીમાં કવિશ્રી દલપતરામે ઘડી આપેલી પંક્તિઓ આ પ્રમાણે લખી રાખી છે—

રાશિ, ભૂમિ, **એકે** ભુજ, નયન, **બે** યુગ્મજ ગણો,
વળી વહ્નિ, નાડી, ભુવન, ગુણ, તે'તો **ત્રણ** ગણો,
લહો વેદો, મુક્તિ, યુગ, વર્ણ, તે **ચાર** સજનો,
શરો, ભૂતો, **પાંચે ષટ્જ** ઋતુ, ચક્રો, દર્શનો.

મુનિ, સિન્ધુ **સાતે** વસુ **સિદ્ધિ આઠે;**
નવે ખંડ, ભક્તિ, **દશે** દિશ પાઠે.
લહો રુદ્ર, **એકાદશે,** ભાનુ **બારે;**
પછી યક્ષ છે, રત્ન **ચૌદે** વિચારે.

તિથિ તે પછી, **સોળ** શૃંગાર જાણો;
પછી એકની તો મતિ વામ જાણો.
મુનિ ભૂમિ તે **સત્તરે** જેમ માનો;
અઢારે પુરાણો, કલાથી પીછાણો.

(અહિં નયન = બે બતાવ્યું છે, પણ શિવના નેત્ર એટલે ત્રણ સમજવાનું પણ કહેવામાં આવે છે).

(૫) લેખની પ્રથમ પંક્તિમાં મુક્તાસર વગેરે પાંચ-સરોવર જણાવવામાં આવેલ છે—તે પૈકીનું મુક્તાસર તળાવ હાલના મઢી ગામથી બે ફર્લાંગ દૂર આવેલું છે.

(૬) લેખમાં મન્દિરમાં બિરાજતા દેવનું નામ **ઉદ્દયનારાયણ** આપવામાં આવ્યું છે. હાલ તે મન્દિરમાં જે મૂર્તિ પૂજાય છે તે ચતુર્ભુજ વિષ્ણુ ભગવાનની છે. તેનું નામ ઉદ્દયનારાયણ એ દૃષ્ટિથી રાખવામાં આવ્યું હોય કે મઢિમાં સૂર્યનો ઉદય થાય. માઘ માસની અજવાળી પાંચમના રોજ સૂર્યનાં કિરણ એ મન્દિરના પૂર્વાભિમુખ દ્વારમાંથી દેવના સ્વરૂપને પ્રકાશિત કરતાં હોય.

આ લેખ લંબચોરસ પીળા રંગના પત્થર પર કોતરાયેલો છે. તે મઢીના મન્દિરમાં છૂટો પડેલો હતો. એટલે કે તે જ્યાં જડવામાં આવ્યો હતો—તે સ્થળનું ચણતર વીખાઈ ગયું હોવું જોઈએ. તેથી તે લેખવાળો પત્થર છૂટો પડી ગયો હતો. આ લેખનો પત્થર મઢીના તલાંટી શ્રી દામોદર શિવજી મારફત મેં દ્વારકા મગાવી ત્યાંના મામલતદારની કચેરીમાં સાચવી રાખવા મુકાવ્યો હતો. પણ એવાં કાર્યાલયમાં ઘણીવાર બને છે તેમ આ પત્થર હાલ નજરે પડતો નથી.

શિલાલેખ

સ્થળ : ઉત્તર ગુજરાતનું **વીસનગર**

(સં. ૧૮૩૮)

श्री गणेशाय नमः ॥ श्री अंबिकायै नमः ॥

स्वस्ति श्रीजयोमँगलमाभ्युदयाश्च
आदित्याद्यगहः सर्वैं सनक्षत्रासराशयः
सर्वांन् कामान् प्रयछन्तु यस्यैषं देवमंदिरं १

कल्याणाति दिवामणी सुललित
कांतिकलानां निधि ।
लक्ष्मी—मात तयोर्बुधिश्च व्रुयतां जिवश्चरं जीविना ॥
साम्राज्यं भूराजोर्कजो विजयतां राहुर्बहु कर्यतां ।
केतुर्वांछित सर्व कार्य शुभदं श्रेयः सदा सर्वदा ॥ २

गुर्जर राजाधिराज महाराज फत्तेसींघराव गायकवाड श्री विशाल नग्रे कुमासदार केशवराव देशमुख्य तस्याग्रे । धनाढ्य पारेख श्री सेवकरामेण शिवालय कृतमिदं.॥ शुभं भूयात् ।

स्वस्ति श्रीमान्नृप विक्रमार्क राज्य समायातित संवत १८३८ आषाडादि संवत १८३९ ना वर्षे

श्रीमंत भूपति क्रते शाके १७०४ प्रवर्तमान्ये उत्तरायने गते श्री सूर्ये ॥ वसंत रुतौ महामांगल्यप्रदे मासोत्तममासे शुभकारी वैशाखमासे शुक्र पक्षें पंचम्यां तिथौ गुरुवासरे ॥ नक्षत्रे ॥ अतिमंज योगे ॥ कौलव कर्णे ॥ एवं पंचांगे शुद्धौ मेषस्थे सवित्रे शेषेषु गृहेषु० ।

श्री वडोदरे वास्तव्य वणीक लाड जाति ॥ सत्कर्मोपार्जित पारेख श्री सेवकराम कुबेरदास भाई० दुर्लभराम तस्य चीरंजीवी भाईचंद तेन शिवालयं कृतं ॥ कर्ताशीर्वादः ॥

ब्रंह्मा मोरारि त्रिपुरांतकारी भानुशशि भूमिसुतो बुधश्च ।
गुरुश्च शुक्रः शनि राहुकेतु सर्वेग्रहाः शांतिकराः भवन्ति ॥ १

वंशोविस्तारतां यातु वृद्धिं यातु म—र्यशः ।
आयुः विपुलतां यातु येन देवालयं कृतं ॥ २

गाढ ध्यान मनेक भानु जठ—जसकल धरणी ।
पोदं (च छ) करियुगं दरदल————णु निरावरंती ॥
स्वणोतुंग गिरिद्वयं——चरि दिना करती आत्मजा
पस्या—रिमिदं शिवामि व————शिवः पातु वः ॥ ३

नत्वा नत्वा भाविनो भूमिपालान् ।
भूयो भूयो—ते रामचंद्रः ।
सामान्योयं धर्मसेतु नृपाणां
काले काले पालनीयो नवदि :— ॥ ४

આ લેખ ઉત્તર ગુજરાતના ઐતિહાસિક સ્થળ તરીકે જાણીતા વીસનગર શહેરમાંના પૂર્વ-ભાગમાં આવેલા શિવાલયની ભીંતમાં કોતરાયેલો છે.

દેવમન્દિરના દ્વારની સામે ચોગાનમાં પત્થરનો મોટો હાથી ઊભો રાખવામાં આવ્યો છે. દેવમન્દિરને આંગણે હાથી ઊભો રાખવાનો રિવાજ વડોદરા રાજ્યના કેટલેક સ્થળે પળાતો હતો એવું અમારા જોવામાં આવ્યું છે. (૧) તળ વડોદરામાં—કોઠી કચેરીના મકાન પાછળ—કહેવાતા સૂર્યમન્દિરને આગણે (૨) પ્રભાસ પાટણથી દૂર આવેલા માધવમન્દિરે.

આ લેખની ભાષા સંસ્કૃત—અશુદ્ધ સંસ્કૃત—છે. લેખના અનેક અક્ષરો ઝાંખા પડી ગયા હોવાથી સ્પષ્ટરૂપે તે સમજાયા નથી. તો પણ લેખનો ભાવાર્થ બહુ જ સ્પષ્ટ રીતે સમજી શકાય છે.

ભાવાર્થ

ગુર્જર રાજાધિરાજ મહારાજ ફત્તેસિંઘરાવ ગાયકવાડના વિશાલ નગરના કુમાવીસદાર (વહીવટદાર) કેશવરાવ દેશમુખની કારકિર્દીમાં ધનાઢ્ય પારેખ શ્રી સેવકરામે આ શિવાલય બંધાવ્યું.

વિક્રમાર્ક રાજાના સંવત ૧૮૩૮ અને આષાડી સંવત ૧૮૩૯ના વરસમાં અને શાકે ૧૭૦૪માં ઉત્તરાયણના સૂર્ય વખતે વસંત ઋતુમાં માંગલ્યકારી વૈશાખ માસના શુકલ પક્ષની પાંચમ અને ગુરુવારે—પંચાંગ શુદ્ધિ સમયે (૧ તિથિ, ૨ વાર, ૩ નક્ષત્ર, ૪ યોગ, ૫ કરણ) મેષ રાશિના સૂર્ય કાળે—સંકલ્પ કરવામાં આવ્યો.

શ્રી વડોદરાના રહેવાસી લાડ વાણીઆ સત્કર્મોના ફલ પ્રાપ્ત કરનાર પારેખ શ્રી સેવકરામ કુબેરદાસ ભાઈ૦ દુર્લભરામ તેના ચિરંજીવી ભાઈચંદ તરફથી શિવાલય રચાયું.

આશીર્વાદનાં વચનો :—બ્રહ્મા, વિષ્ણુ (મોરારિ), મહેશ (ત્રિપુરારિ), ભાનુ, ચન્દ્રમા, મંગલ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ, કેતુ–બધા ગ્રહો શાન્તિકર થાઓ (૧) વંશનો વિસ્તાર થાઓ, મહા યશની વૃદ્ધિ થાઓ, આયુષ્ય વધો—જેમના તરફથી દેવાલય રચાયું તેમને.

બીજો શ્લોક અસ્પષ્ટ છે—શિવ તમારું રક્ષણ કરો.

ભવિષ્યના ભૂમિપાલોને નમી નમીને, ફરી ફરી રામચન્દ્ર દેવને સંભારીને—જે રાજાઓના કર્તવ્યપથનો સામાન્ય સેતુ છે—તે સમયે-સમયે (યુગે યુગે) સામાન્ય ધર્મ પાળવો ઘટે છે :—

લેખ પરથી ફલિત થતા મુદ્દા :—

(૧) આ લેખ લખાયો ત્યારે સંવત ૧૮૩૮માં વીસનગર ઉપર ગુર્જર રાજાધિરાજ ફત્તેસિંહરાવ ગાયકવાડની સત્તા પ્રવર્તતી હતી. તે કાળે વીસનગરના વહિવટદાર શ્રી કેશવરાવ દેશમુખ હતા. .વડોદરાના રહેવાસી લાડવાણીઆ શ્રી સેવકરામ તે સમયે વીસનગરમાં કોઈ કામગીરી ઉપર (રાજની કામગીરી ઉપર) હોદ્દો ભોગવતા હતા. સંભવ છે કે—શ્રી સેવકરામ (વડોદરાના હરિભક્તિ શેઠના પ્રતિનિધિ તરીકે) રાજ્યની તીજોરી સાચવતા હશે.

(૨) સેવકરામના પુત્ર ભાઈચંદ તરફથી દેવાલયના કાર્યની પૂર્ણાહુતિ થઈ હતી.

(૩) આ શુભ કાર્ય જેમની ઇચ્છાથી પાર પડયું તેમની ભક્તિ શંકર ભગવાન તરફ ઢળી હતી. જોકે આશીર્વાદના શ્લોકમાં તો બ્રહ્મા, વિષ્ણુ, અને મહેશ ત્રણે દેવોની આરાધના થઈ છે. વળી લેખના આરંભમાં વિઘ્નહર ગણેશને નમસ્કાર કરી શ્રી અંબિકાદેવીને નમસ્કાર અર્પણ થયા છે. તે પરથી જણાય છે કે લાડવાણીઆ સેવકરામની કુલદેવી અંબિકાજી હોવાં જોઈએ. વડોદરાના નગરશેઠ હરિભક્તિના અસલી વાસ આગળ ઘડિયાળી પોળને નાકે આજે પણ અંબાજીનું દેવાલય મોજૂદ છે.

(૪) આ લેખ લખાયાના કાળમાં—તિથિ, વાર, નક્ષત્ર, યોગ અને કરણ—એ પાંચ પંચાગનાં અંગો પ્રત્યે લોકો—શિષ્ટ લોકો સારી પેઠે અભિમુખ હતા. જુદા જુદા ગ્રહો પણ પૂજનીય ગણાતા હતા, અને એ ગ્રહોની મીઠી નજરની અપેક્ષા રાખવામાં આવતી હતી.

(૫) લેખપત્રમાં—રાજકર્તાને લગતી હકીકત મૂકવાની પદ્ધતિ પાળવામાં આવતી હતી.

(૬) આ લેખમાં પુત્ર માટેનો પર્યાય શબ્દ "ચિરંજીવી" વપરાયો છે. તે ગુજરાતી ભાષાની વિશિષ્ટતા ભરેલી સંસ્કૃતિ સૂચવે છે.

સને ૧૯૩૫માં વીસનગર હાઈસ્કૂલના હેડમાસ્તર તરીકેના મારા વાસ દરમ્યાન પુરાતત્ત્વને લગતી જે નોંધ કરવામાં આવી હતી તેમાંથી આ લેખનો ઉતારો કરવામાં આવ્યો છે. ઇતિહાસ-પ્રેમી એ સ્થળે વિશેષ શોધ કરશે તો ત્યાંથી ઉપયુક્ત સામગ્રી મળી રહે એવો પૂરો સંભવ છે.

બુદ્ધનાથ–નગરા

રમણલાલ ના. મહેતા

નગરાના રબારીવાસમાં બુદ્ધનાથને નામે ઓળખાતી પ્રતિમા છે. (આ. ૧) આ પ્રતિમા પર શ્રી રત્નમણિરાવ ભીમરાવ જોટેએ સર્વપ્રથમ નોંધ "ખંભાતના ઇતિહાસ"માં લખી તેમાં આ પ્રતિમા બુદ્ધની હોવાનું જણાવ્યું.[૧] ત્યારબાદ આ મત પ્રચલિત બન્યો. પરંતુ ઈ. સ. ૧૯૬૨માં ડૉ. જે. પી. અમીને આ મૂર્તિ જૈન તીર્થંકર હોવાનો મત પ્રચલિત હોવાનું નોંધ્યું હતુ.[૨] તેથી 'સ્વાધ્યાય'ના પુસ્તક ૧ના ત્રીજા અંકમાં ઈ. સ. ૧૯૬૪માં રમણલાલ મહેતાએ આ પ્રતિમાની સવિસ્તર ચર્ચા કરીને તે બુદ્ધની હોવાની તથા તેની ધર્મચક્ર મુદ્રા હોવાનું દર્શાવ્યું છે, તથા પ્રથમ વાર એ મૂર્તિ ખરતા પથ્થરની (Sand Stone) હોવાનું પ્રતિપાદન કર્યું. પરંતુ તાજેતરમાં 'સ્વાધ્યાય'ના પુસ્તક ૪ના પ્રથમ અંકમાં ડૉ. કાંતિલાલ ફૂલચંદ સોમપુરાએ "બે બૌદ્ધ પ્રતિમાઓ" એ લેખ લખીને રમણલાલ મહેતાનો મત બરાબર નથી એમ દર્શાવવાનો પ્રયત્ન કરેલો હોઈ, બુદ્ધનાથની મૂર્તિની પુનઃ ચર્ચા કરવાની પરિસ્થિતિ ઉત્પન્ન થઈ છે.

ડૉ. કાંતિલાલ સોમપુરાના અભિપ્રાય મુજબ ખંભાત પાસેના નગરામાં રબારીવાડના એક ટેકરા પર રેતિયા પથ્થરની ધ્યાનાવસ્થામાં બેઠેલી મોટી પ્રતિમાની બનાવટનો પથ્થર રેતિયો હોવાની નોંધ ડૉ. મંજુલાલ મજમુંદાર-સંપાદિત 'ક્રોનોલૉજી ઑફ ગુજરાત'માં હોવાનું સમજાય છે. ક્રોનોલૉજી ઑફ ગુજરાતમાં આ મૂર્તિની નોંધ બે જગ્યાએ છે. તેની મોટી નોંધ પૃ. ૨૭૮ પર છે, તેમાં આ મૂર્તિ શેની બનેલી છે તે બાબત કોઈ નોંધ નથી; જ્યારે બીજી નોંધ પ્લેટ ૫૬ બી પર છે. તેમાં આ મૂર્તિ પથ્થરની હોવાનું નોંધ્યુ છે, પરંતુ તે કયો પથ્થર છે એ બાબત ડૉ. મંજુલાલ મજમુંદારે મૌન સેવ્યું છે. આ મૂર્તિ ભૂરા પથ્થરની હોવાનો મત શ્રી રત્નમણિરાવ તથા ડૉ. જે. પી. અમીનનો હતો. એ મતની સંપૂર્ણ તપાસ "નગરાની બુદ્ધનાથની પ્રતિમા" નામના લેખમાં 'સ્વાધ્યાય' પુસ્તક ૧, અંક ૩, પૃષ્ઠ ૩૨૪ પર રમણલાલ મહેતાએ કરી છે, તે તરફ ધ્યાન દોરવું જરૂરી છે. તદુપરાંત ડૉ. કાન્તિલાલ સોમપુરા જણાવે છે કે, "પ્રસ્તુત બુદ્ધનાથની એક પણ હસ્તની મુદ્રા આ અવસ્થામાં નથી અને તેથી ડૉ. મહેતા ધારે છે તેમ તેની મુદ્રા ધર્મચક્ર મુદ્રા નથી તે કારણે આ પ્રતિમા વૈરોચન બુદ્ધની નથી."[૩] અભિપ્રાયની પુષ્ટિ અર્થે ડૉ. સોમપુરાએ નીચે પ્રમાણે વિધાનો કર્યાં છે:

"બૌદ્ધ પ્રતિમાવિધાનની દૃષ્ટિએ આ પ્રતિમા ધ્યાની બુદ્ધો પૈકી એક ધ્યાની બુદ્ધ રત્નસંભવની છે. પ્રતિમાના બન્ને હાથ કંઈક અંશે ખંડિત થયેલા છે, છતાં બન્ને હસ્તની મુદ્રાઓ ઉપરોક્ત ધ્યાની બુદ્ધના મુખ્ય લક્ષણને વ્યક્ત કરે છે. પ્રતિમાના ડાબા હાથની હથેળી સ્પષ્ટતઃ પલાંઠી પર ખુલ્લી છે, જ્યારે જમણો હાથ વરદ મુદ્રામાં હોય તેમ લાગે છે. પ્રતિમાની બન્ને બાજુએ અંકિત કરેલાં સિંહનાં શિલ્પો તેનાં વાહનો હોવાનું જણાય છે. આ બધાં લક્ષણો ધ્યાની બુદ્ધ રત્નસંભવનાં છે."[૪]

આ વિધાનોનું પૃથક્કરણ કરતાં તેમાંથી નીચેના ચાર વિચારો ફલિત થાય છે :

(૧) પ્રતિમાના ડાબા હાથની હથેળી સ્પષ્ટતઃ પલાંઠી પર ખુલ્લી છે.

(૨) જમણો હાથ વરદ મુદ્રામાં હોય તેમ લાગે છે.

(૩) પ્રતિમાની બંને બાજુએ અંકિત કરેલાં સિંહનાં શિલ્પો તેનાં વાહનો છે.

(૪) તેથી આ મૂર્તિ ધ્યાની બુદ્ધ રત્નસંભવની છે.

આ ચાર વિચારો પૈકી પ્રથમ બે માત્ર અવલોકનો છે. ત્રીજો વિચાર થોડું અવલોકન અને થોડું અર્થઘટન દર્શાવે છે; જ્યારે ચોથો વિચાર એ પ્રથમ ત્રણ વિચારોને બળે તારવેલું અર્થઘટન છે. આ પરિસ્થિતિમાં આ ચાર વિચારોની ચર્ચા આવશ્યક છે.

ડૉ. કાંતિલાલ સોમપુરાનો પહેલો વિચાર સ્પષ્ટતઃ અવલોકનની ખામીથી ઉદ્ભવેલો છે. તેમણે છાપેલો ફોટો જોતાં સ્પષ્ટ રીતે સમજાશે કે મૂર્તિનો ડાબો હાથ કાંડા આગળથી થોડો તૂટી ગયો છે. (આ. ૨ अ, ब). તેથી મૂર્તિની હથેળી ક્યાં હશે એ પ્રશ્ન ઉદ્ભવે. આ મૂર્તિ બેઠેલી છે. તેનો ડાબો પગ નીચે અને જમણો પગ ઉપર છે. જમણા પગની એડી, પંજો અને આંગળાં એમ આખું પગનું તળિયું મૂર્તિના તૂટેલા ડાબા હાથના કાંડા પાસે સ્પષ્ટ રીતે દેખાય છે. ડૉ. સોમપુરાએ છાપેલા ફોટામાં પણ એડી, પંજો, આંગળાં—એમ આખું પગનું તળિયું સ્પષ્ટ દેખાય છે. પગનાં તળિયાંને તેમણે હથેળી માનીને ડાબા હાથની હથેળી, પલાંઠી પર ખુલ્લી જોઈ છે, અને એ રીતે તેમનું મૂર્તિનું અવલોકન ખામીભર્યું લાગે છે.

હવે ડાબા હાથની હથેળી ક્યાં હશે એ તપાસ જરૂરી બને છે. બુદ્ધનાથની મૂર્તિની નાભિની ડાબી બાજુ પર તૂટેલી હથેળી નજરે જોનારને સરળતાથી દેખાશે. આ હથેળી પરની કેટલીક આંગળીઓ નાભિની નીચે ખંડિત અવસ્થામાં દેખાય છે. ડૉ. સોમપુરાએ છાપેલો ફોટોગ્રાફ તેમ જ આકૃતિ ૨ ब જોતાં આ પરિસ્થિતિ હોવાનું સમજાય છે. આમ તેમનો પહેલો વિચાર અવલોકનનિષ્ઠ નથી.

ડૉ. સોમપુરાનો બીજો વિચાર દર્શાવે છે કે જમણો હાથ વરદ મુદ્રામાં છે. અહીં મૂર્તિ-શાસ્ત્રની સામાન્ય પરિભાષાની સમજ જરૂરી છે. કંઈક આપવાનું હોય એ રીતે હથેળી ખુલ્લી અને આંગળાં નીચેની બાજુએ હોય એ રીતે હાથ રાખવાથી વરદ મુદ્રા બને છે. આ મુદ્રાનાં લક્ષણો શ્રી. કનૈયાલાલ દવેએ 'ગુજરાતનું મૂર્તિવિધાન'માં પૃ. ૮૭ પર તેમ જ આકૃતિ ૭માં દર્શાવ્યાં છે; તથા પ્રભાશંકર સોમપુરાએ 'દીપાર્ણવ'માં અનેક સ્થળોએ દર્શાવ્યાં છે. આ ગ્રન્થો અને આકૃતિઓ જોતાં સમજાય છે કે વરદ મુદ્રામાં હથેળી ખુલ્લી અને આંગળાં નીચે હોય છે; જ્યારે આવી હથેળી તૂટે અને તેનો કોઈ ભાગ બચે તો તે હાથનાં આંગળાં નીચે જતાં દર્શાવે, અને હથેળી પલાંઠી તરફ હોય. બુદ્ધનાથના જમણા હાથની આ પરિસ્થિતિ નથી.

બુદ્ધનાથનો જમણો હાથ થોડો તૂટેલો છે પરંતુ તેનાં કાંડાથી હથેળીનો ભાગ ઊંચો જતો દેખાય છે; (આ. ૨ क) અને કાંડાથી તે આશરે ૧૧૦°નો કોણ બનાવે છે. આ રીતની હાથ, કાંડું અને હથેળીની પરિસ્થિતિ, કાંડા આગળથી હથેળી ઊંચી કરવામાં આવે ત્યારે જ સંભવિત



આકૃતિ ૨ અ
બુદ્ધનાથ : નગરા;
હાથની મુદ્રા



આકૃતિ ૨ બ
બુદ્ધનાથ : નગરા;
હાથની મુદ્રા

આકૃતિ ૨ ક
બુદ્ધનાથ : નગરા;
હાથની મુદ્રા

આકૃતિ ૧

બુદ્ધનાથ: નગરા



આકૃતિ ૩

બુદ્ધનાથ: નગરા;
સિંહાસનની પીઠ પરનાં
સિંહ અને હાથીનાં
સુશોભનો

બને, અને એ રીતે હથેળી ઊંચી કરવાથી વરદ મુદ્રા બનતી નથી એ મૂર્તિશાસ્ત્રના અભ્યાસીઓ સરળતાથી કહી શકે એમ છે. જો આ વરદ મુદ્રા નથી તો તે કયી મુદ્રા છે તે પ્રશ્ન ઉપસ્થિત થાય. જમણા હાથની હથેળી ખંડિત છે, પરંતુ તેનાં આંગળાં મૂર્તિની નાભિની નીચે ડાબા હાથનાં આંગળાં સાથે મળે છે, એમ મૂર્તિ જોતાં સ્પષ્ટ સમજાય છે, જ્યારે આ રીતે બંને હાથની આંગળીઓ મળે ત્યારે બુદ્ધ મૂર્તિઓમાં જે મુદ્રા બને છે તે ધર્મચક્ર મુદ્રા હોય છે.

ધર્મચક્ર મુદ્રામાં તર્જની અને અંગૂઠા મળે છે, અને બન્ને હાથનાં તર્જની અને અંગૂઠા એકબીજાને અડકે છે. બુદ્ધનાથની મૂર્તિનો આ ભાગ ખંડિત છે, પરંતુ બંને હાથની થોડી આંગળીઓ એકબીજાને અડકતી સ્પષ્ટ દેખાય છે. આ પરિસ્થિતિ ધર્મચક્ર મુદ્રાવાળા હાથ તૂટતાં બને, પરંતુ બીજી મુદ્રા તૂટતાં એવી પરિસ્થિતિનું નિર્માણ થાય નહીં એ હકીકત છે. આમ મૂર્તિનું અવલોકન કરતાં ડૉ. સોમપુરાનો બીજો વિચાર પણ અવલોકનની ખામી તથા હાથની મુદ્રા પારખવામાં ઊભી થયેલી મુશ્કેલી દર્શાવે છે.

તેમનો ત્રીજો વિચાર પ્રતિમાની બંને બાજુએ પાછલા પગે ઊભેલા સિંહોને મૂર્તિનાં વાહનો તરીકે દર્શાવે છે. બુદ્ધનાથની પ્રતિમા આસનસ્થ છે. એ આસનની પાછળ ગોળાકાર તકિયો અને તેની બંને બાજુએ ગોળાકાર સ્તંભ, અને તેની બહાર નીચેના ભાગમાં હાથી અને તેની ઉપર પાછલા પગે ઊભેલા સિંહો દેખાય છે (આ. ૩). આ સિંહની ઉપર થાંભલાને આધારે આડું ભારોટિયું નાખેલું દર્શાવવામાં આવ્યું છે, અને તેની ઉપર મકરમુખને નામે જાણીતાં સુશોભનની વચ્ચે ગોળાકાર પરિકર દર્શાવ્યા છે, તે સિંહાસનના ભાગો છે. આ જાતના હાથીની ઉપર ઊભેલા સિંહો માત્ર સુશોભન અર્થે ભારતીય શિલ્પમાં એટલા બધા પરિચિત છે કે તેને વાહન માનવાની ભારતીય શિલ્પના અભ્યાસીઓ ભાગ્યે જ ભૂલ કરે. મૂર્તિનાં વાહનો તેની નીચે, આસન પર કે તેની બાજુમાં કોતરેલાં હોય છે. આ સ્થળોએ બુદ્ધનાથની મૂર્તિ પર કોઈ પણ જાતનું વાહન નથી. તેથી ડૉ. સોમપુરાનો ત્રીજો વિચાર અર્થઘટનની તેમ જ અવલોકનની અપૂર્ણતા સ્પષ્ટ રીતે દર્શાવે છે.

આમ તેમના ત્રણ વિચારો અવલોકન તથા અર્થઘટનની ખામીવાળા હોઈ તેને પાયા તરીકે સ્વીકારીને કરેલ અર્થઘટન ગેરવ્યાજબી હોવાની બાબત ચર્ચા કરવાની કોઈ જરૂર નથી.

આ ચર્ચા પરથી તેમ જ મૂર્તિના અધ્યયનથી નીચેના મુદ્દાઓ ફલિત થાય છે :

(૧) નગરાની રબારીવાસની મૂર્તિ એ ખરતા પથ્થર અથવા રેતિયા પથ્થરની બનેલી છે.

(૨) આ મૂર્તિના હાથ ખંડિત હોવા છતાં તેના બાકી રહેલા ભાગો મૂળ "ધર્મચક્ર" મુદ્રા દર્શાવતા હોવાની સ્પષ્ટ છાપ ઊભી કરે છે.

(૩) ધર્મચક્ર મુદ્રામાં ઘણી બૌદ્ધ મૂર્તિઓ મળે છે, અને તેના હાથ છાતી પર અથવા નાભિ પાસે જોવામાં આવે છે. નાભિ પાસે ધર્મચક્ર મુદ્રા હોય એવી મૂર્તિઓ ગુજરાત તથા આન્ધ્ર પ્રદેશમાં મળે છે.

(૪) ધર્મચક્ર મુદ્રાવાળી બૌદ્ધ મૂર્તિઓ વજ્રયાનની પાંચ બુદ્ધોની કલ્પના અસ્તિત્વમાં આવી તે પહેલાંથી મળતી હોઈ, ગુહ્ય સમાજ જેવા તંત્રગ્રંથોમાં તે વૈરોચનને નામે જાણીતી

મૂર્તિ છે. વજ્રયાન પંથ શરૂ થયા પછી આવી પ્રચલિત મૂર્તિઓને પોતાના યાનમાં સમાવી લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

(૫) ગુજરાતમાં વજ્રયાન મતનો પ્રચાર ક્યારે થયો ? તેની ચર્ચા મહત્ત્વની છે. ડૉ. ઉમાકાન્ત શાહે આ મૂર્તિ ઈ. સ.ના સાતમા સૈકાની આસપાસની હોવાનું "ગુજરાતમાં બૌદ્ધધર્મ" નામના વિસ્તૃત લેખમાં 'સ્વાધ્યાય,' પુ. ૧, અંક ૩ના પૃ. ૩૦૫ પર દર્શાવ્યું છે. એ યુગમાં ગુજરાતમાં વજ્રયાનનો ખાસ પ્રચાર હોવાનો સંભવ નથી.

(૬) નગરાની બુદ્ધનાથની પ્રતિમા વજ્રયાન કે તાંત્રિક મતની ન હોય એવો સંભવ કાઢી નાખવા જેવો નથી. જો આ હકીકત હોય તો તે પ્રતિમાને ધર્મચક્ર મુદ્રાવાળી બુદ્ધમૂર્તિ માનવી પડે.

(૭) આ મૂર્તિની મુદ્રા "ધર્મચક્ર" સિવાય બીજી રીતે સમજાવવી મુશ્કેલ છે.

સંદર્ભ

૧ રત્નમણિરાવ જોટે, ખંભાતનો ઇતિહાસ, પૃ. ૧૪૯

૨ અમીન (ડૉ.), જે. પી., "નગરા (ખંભાતની પૂર્વાવૃત્તિ)" ગુજરાત સંશોધન મંડળનું ત્રૈમાસિક, પુ. ૨૫, અં. ૪, પૃ. ૭૫–૭૬

૩ સોમપુરા, (ડૉ.), કા. ફૂ., 'બે બૌદ્ધ પ્રતિમાઓ,' સ્વાધ્યાય, પુ. ૪, અંક, ૧, પૃષ્ઠ ૯૮.

૪ એ જ.

વાઘેલાકાલીન લેખનકળા–(અભિલેખો)

નવીનચન્દ્ર આચાર્ય

વાઘેલાકાલ દરમ્યાન મળી આવેલા અભિલેખોને ત્રણ વિભાગમાં વહેંચી નાખવામાં આવે છે: (૧) તામ્રપત્રો, (૨) શિલાલેખો, (૩) પ્રતિમાલેખો.

તામ્રપત્રો :

તામ્રપત્રો ભૂમિદાન અંગેના દસ્તાવેજ હોવાથી તેને લાંબા કાળ સુધી સાચવી રાખવાં પડતાં. આથી તેને તાંબાના ધાતુના પતરા ઉપર કોતરવામાં આવતાં. આવું દાનપત્ર 'તામ્રપત્ર' કે 'તામ્રશાસન'ના નામે ઓળખાતું.[૧] આ પતરાની એક બાજુ પર લખાણ કોતરવામાં આવતું. જો લખાણ લાંબું હોય તો બે કે ત્રણ પતરાંનો પણ ઉપયોગ થતો. આવાં પતરાંને ઉપરનીચે કાણાં પાડી કડીથી જોડવામાં આવતાં તેમ જ એક બાજુ લખાણ કોતરવામાં આવતું. પતરાં એક બીજાને ઘસાવાથી લખાણ ઘસાઈ ન જાય તેટલા માટે તેની કિનારો વાળવામાં આવતી. સામાન્ય રીતે તામ્રપત્રો લંબચોરસ આકારમાં હતાં. તેના ઉપર દેવનાગરીમાં લખાણ કોતરવામાં આવતું. તામ્રપત્રની સત્યતા માટે લખાણના અંતે રાજાની મુદ્રા છાપવામાં આવતી. તામ્રપત્રોના લખાણમાં દાન આપનારની વંશાવળી, સંવત, દેવભૂમિની વિગત, દાન આપવાનો હેતુ, તથા દાન આપનારની હયાતિ બાદ દાનને ચાલુ રાખવા માટેનો અનુરોધ, લખનારનું નામ, અધિકારીનું નામ, વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવતો.

વાઘેલા સમયનાં જે દાનપત્રો મળ્યાં છે તેમાં ભીમદેવ બીજાના તથા ત્યારપછીના રાજવીઓના દાનશાસનોની સંખ્યા જૂજ પ્રમાણમાં છે. આ શાસનોની લેખપદ્ધતિ જોતાં તે સંપૂર્ણ રીતે વિકાસ પામેલી જણાય છે. ભીમદેવ બીજાના સમયથી વાઘેલા સમયના અંત સુધીનાં સર્વ દાનશાસનોમાં શરૂઆત રાજાના પૂર્વજોથી કરવામાં આવી છે. આ ઉપરાંત રાજાના બિરુદો તેમ જ દાનશાસનોની વિગતો મિતિ, દૂતક, લેખક રાજાની સહી વગેરે સર્વ બાબતો જણાવવામાં આવી છે. આ ઉપરાંત દાનશાસનોનું મહત્ત્વ સમજાવતા અને પોતાના અનુગામી રાજાઓને તેની માન્યતા આપવાની નૈતિક ફરજ પાડતા ભગવાન વ્યાસનાં પુરાણોમાંના શ્લોકો પણ ટાંકવામાં આવ્યા છે. આ શ્લોકોની કોઈ ચોક્કસ સંખ્યા નક્કી જણાતી નથી; પણ તે લગભગ પાંચથી વધારે જોવા મળતા નથી. આ લેખપદ્ધતિનાં મુખ્ય અંગો નીચે પ્રમાણે જોવા મળે છે:

(૧) આરંભિક મંગળપ્રવચન[૨]

---

૧ ધર્મશાસ્ત્રોમાં પણ દાનશાસનોને તામ્રપત્ર પર કોતરવાનું કહેવામાં આવ્યું છે:

पट्टे वा ताम्रपत्रे वा स्वमुद्रोपरिचिह्नितम्। યાજ્ઞ. સ્મૃતિ. ૧. ૩૧૯.

૨ स्वस्ति આચાર્ય ગિ. વ. ગુજરાતના ઐતિહાસિક લેખો, નં. ૨૧૬.

(૨) દાનની મિતિ (સંવત, માસ, તિથિ, વાર)[૧]

(૩) રાજાની પ્રશસ્તિ, એના બિરુદો[૨]

(૪) શાસનસ્થળ[૩]

(૫) દાનનો આશય[૪]

(૬) દાન લેનાર[૫]

(૭) દાનની વિગતો—સીમા દેવભૂમિ પરના હક[૬]

(૮) દાનના પરિપાલનના માટે ભાવિ રાજવીઓને અપીલ[૭]

(૯) દાનના અનુપાલનના માટે પુણ્ય તેમજ અપહરણના પાપને લગતા શ્લોકો[૮]

(૧૦) દૂતકનું નામ[૯]

(૧૧) લેખકનું નામ[૧૦]

(૧૨) રાજાના દસ્કત[૧૧]

---

૧ દા. ત. श्रीमद्विक्रमकालातीत सप्तदशाधिक त्रयोदशशतिकसंवत्सरे लौकक ज्येष्टमासस्य कृष्णपक्ष चतुर्थ्यां तिथौं गुरावधेह........ ગુ. ઐ. લે. ૨૧૬

૨ દા. ત. श्री मदणहिल्लपाटके समस्तराजावलीविराजित परमेश्वर परम-भट्टारक उमापति-वरलब्ध प्रसाद पौढ प्रताप चौलुक्य कुल कमलिनी कलिकाविकासमार्तंडसिंघण सैन्य समुद्रसंशोषण वडवानल मालवाधीश मानमर्दनमेदपाटकदेश कलुष राज्यवल्लीकन्दोच्छे[द] न कुदाल कलय कर्णाटराजजलधितनयास्वयंवर पुरुषोत्तम भुजबलभीम-अभिनवसिद्धराज अपरार्जुनेत्यादिसकल बिरदावली समलंकृत महाराजाधिराज श्री मद्वीसल देव कल्याणविजयराज्ये...... ગુ. ઐ. લે. ૨૧૬

૩ ......प्रसादपत्तलायं वर्धिपथके भुज्यमान्यमंडलयां...... ગુ. ઐ. લે. ૨૧૬

૪ ......पितामहराणक श्री लूणपसाजदेव श्रेयार्थं आशापलयां...... ગુ. ઐ. લે. ૨૧૬

૫ ......तथा वल्लालनारायणरूपनारायणदेवयोर्नित्यं......... ગુ. ઐ. લે. ૨૧૬

૬ ......मेहूणाभिधानग्रामेकस्य मंडल्यां भूमिहल ६ तथा हाट १२... [ગુ. ઐ. લે. ૨૧૬

૭ अस्मत्प्रदत्तमिति........मंतव्यं पालनीयं च । ગુ. ઐ. લે. ૨૧૬

૮ (१) बहुभिर्वसुधा....................तदाफलं । १ ।

(२) षष्टिवर्षसहस्राणि...............नरकं वसेत् । २ ।

(३) वंध्याटवी..............दत्तदायापहारका । ३ ।

(४) तडागानां...........भूमिहर्तानशुद्धयति । ४ । ગુ. ઐ. લે. ૨૧૬

૯ दूतकोऽत्र........... श्री श्रीधर :— ગુ. ઐ. લે. ૨૧૬

૧૦ लिखितमिदं महाक्षपटलिकमहं श्री गोविंदेन........એજન

૧૧ श्री अपरार्जुनमहाराजाधिराज श्री श्रीमद्वीसलदेवस्य...... એજન.

વાઘેલા સમયના દાનપત્રોમાં ભીમદેવ બીજાના સમયના દાનપત્રોનો સમાવેશ થાય છે. વીસલદેવના દાનપત્રમાં જણાવેલાં અંગો કરતાં ભીમદેવ બીજાનાં દાનપત્રોમાં કેટલોક ફેરફાર જણાય છે. સૌ પ્રથમ તો ભીમદેવ બીજાનાં દાનપત્રોમાં તેમજ જયંતસિંહ તથા ત્રિભુવનપાલનાં દાનપત્રોમાં રાજાની વંશાવળી આપવામાં આવી છે જે આ દાનપત્રમાં જોવા મળતી નથી. એ ઉપરાંત વીસલદેવ પહેલાના રાજવીઓનાં દાનપત્રોમાં દાનપત્રની મિતિ રાજાની વંશાવળી પછી આપવામાં આવી છે, જ્યારે વીસલદેવના દાનપત્રમાં મિતિ શરૂઆતમાં આપવામાં આવી છે.[૧]

ચૌલુક્ય સમયના ભીમદેવ બીજાના પહેલાંના રાજવીઓનાં દાનપત્રો જોતાં બીજો ખાસ કંઈ ફેરફાર જોવા મળતો નથી, પણ શરૂઆતના રાજવીઓ—જેવા કે ચામુંડરાજ,[૨] કર્ણદેવ પહેલો[૩] અજયપાલ[૪]નાં દાનપત્રોમાં મંગલાચરણના શ્લોક જોવા મળે છે, જ્યારે સિદ્ધરાજ જયસિંહ,[૫] કુમારપાળ,[૬] મૂળરાજ બીજો[૭] વગેરેનાં દાનપત્રોમાં મંગલાચરણ તરીકે ફક્ત સ્વસ્તિ લખેલું માલૂમ પડે છે. ભીમદેવ બીજાના સમયમાં આ સ્વસ્તિ લખવાની પ્રથા ચાલુ રહેલી જણાય છે. વીસલદેવના સમયમાં પણ આમાં કંઈ પણ ફેરફાર થયેલો જણાતો નથી.

આ જ સમયમાં આવતા સંવત ૧૨૬૪ના ટિમાણામાંથી મળી આવેલ મેહરજગમલ્લનાં તામ્રપત્ર જોતાં તેમાં પણ કંઈ ફેરફાર જણાતો નથી. શરૂઆતમાં મંગળવચન 'ॐ' આપવામાં આવ્યું છે, જ્યારે વીસલદેવના સમયમાં 'સ્વસ્તિ' જોવા મળે છે.[૮] આ દાનશાસનમાં વીસલદેવના દાનશાસનની માફક શરૂઆતમાં સંવત આપવામાં આવી છે. ત્યાર પછી રાજાનો ઉલ્લેખ જોવા મળે છે. આમાં રાજાના દસ્કત જોવા મળતા નથી. ટૂંકમાં ભીમદેવ બીજાનાં દાનપત્રો, જયંતસિંહનું દાનપત્ર, ત્રિભુવનપાલનું દાનપત્ર, વીસલદેવનું દાનપત્ર, તથા મેહરજગમલ્લનાં દાનપત્રોમાં થોડુંક લખાણ આડાઅવળી છે. બાકી પદ્ધતિ સરખી જોવા મળે છે.

ચૌલુક્ય સમયની શરૂઆતથી તે અંત સુધી મળી આવેલાં તામ્રપત્રો જોતાં તે સર્વ લંબચોરસ આકારનાં જણાય છે. મૂળરાજના સમયનાં તામ્રપત્રોની લંબાઈ પહોળાઈ વધુમાં વધુ ૭×૧૦ ઇંચની જાણવા મળે છે[૯] અને ઓછામાં ઓછી ૫ × ૭$\frac{૩}{૪}$ ઇંચની જાણવા મળે છે.[૧૦] ભીમદેવ પહેલાના સમયનાં તામ્રપત્રોનાં માપ વધુમાં વધુ ૭ × ૯ ઇંચના[૧૧] અને ઓછામાં ઓછા

---

૧ મૂળરાજના વંશના શરૂઆતનાં દાનપત્રોમાં મિતિ આરંભમાં અપાતી. એજન ૧૩૮-૧૩૯.

૨ એજન ૧૩૬ अ

૩ એજન ૧૪૧–૧૪૨

૪ એજન ૧૫૭

૫ એજન ૧૪૩ अ

૬ એજન ૧૪૪ ई

૭ એજન ૧૫૭ ब

૮ એજન ૧૬૨.

૯ ગુ. ઐ. લે. ૧૩૭.

૧૦ એજન ૧૩૮.

૧૧ એજન ૧૩૯.

૩ ૬/૮ × ૪ ૯/૮ ઇંચના મળે છે.[૧] કર્ણદેવ સિદ્ધરાજ,[૨] અજયપાલ ભીમદેવ બીજા વગેરેના સમયનાં તામ્રપત્રો જોતાં આ માપમાં ધીરે ધીરે વધારો થતો જોવા મળે છે. લવણપ્રસાદ વીરધવલના સમકાલીન ભીમદેવ બીજાનાં તામ્રપત્રોનું કદ ૬ ૧/૮ × ૯ ૧/૪ ઇંચથી[૩] ૧૪ × ૧૫ ઇંચ સુધીનું છે.[૪] વાઘેલા વંશના રાજાઓનાં તામ્રપત્રોમાં એક જ તામ્રપત્ર મળ્યું છે. તે વીસલદેવના સમયનું (વિ. સ. ૧૩૧૭) છે. તેનું કદ ૧૧ × ૧૩ ૩/૪ ઇંચનું છે.[૫] આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે ધીરે ધીરે સમયોચિત તામ્રપત્રોની લંબાઈ પહોળાઈમાં વધારો થયો છે.

સામાન્ય રીતે લેખં કોતરતી વખતે તેની લાંબી બાજુ આડી રાખવામાં આવતી. આ લખાણને ઓછામાં ઓછા બે અને વધુમાં વધુ ત્રણ પતરાંમાં સમાવેશ કરવામાં આવતો. ચૌલુક્ય વંશનાં ઉપલબ્ધ તામ્રપત્રોના લેખો સામાન્યતઃ બે પતરામાં કોતરાયેલા જોવા મળે છે.[૬] સામાન્ય રીતે તામ્રપત્રોની બહારની બાજુ અરક્ષિત હોવાથી તેની અંદરની બાજુએ લખવામાં આવતું. બે પતરાની ચારે બાજુઓમાં પણ ફક્ત અંદરની બે બાજુઓનો ઉપયોગ કરવામાં આવતો.

આ તામ્રપત્રોમાં પ્રશસ્તિ તેમ જ લેખની વિગતો વગેરે સરેરાશ ૨૦ થી ૪૦ લીટીઓ સુધીના લખાણમાં એક પતરામાં સમાવવામાં આવતી દરેક લીટીમાં સરેરાશ ૩૦ અક્ષરો લખવામાં આવતા.

દરેક તામ્રશાસનના પતરાને એક છેડે બે કડીઓથી જોડવામાં આવતા. આ કડીઓ માટે પ્રથમ પતરાના છેવટના ભાગમાં અને બીજા પતરાના શરૂઆતના ભાગમાં બબ્બે કાણાં રાખવામાં આવતાં.[૭] કડી ત્રાંબાની સાદી તથા લગભગ ૧/૩ ઇંચ જાડી તથા ૨ ૩/૮ ઇંચ વ્યાસની રાખવામાં આવતી. આમ કરવાથી પતરાં જોડાયેલાં રહેતાં. આ તામ્રપત્રોને સુરક્ષિત રાખવા માટે તેની ચારે બાજુથી કિનારને વાળવામાં આવતી કે જેથી પતરાં એકબીજા સાથે ઘસાય નહિ અને

---

૧ એજન ૧૪૦.

૨ કર્ણદેવનું વિ. સં. ૧૧૪૦ તથા સિદ્ધરાજનું વિ. સ. ૧૧૫૬નું આ બંને તામ્રપત્રો હાલમાં બો. જે વિદ્યાભવન અમદાવાદના મ્યુઝિયમમાં રાખવામાં આવ્યાં છે. કર્ણદેવનું તામ્રપત્રનું માપ ૯ × ૧૨ અને સિદ્ધરાજનું તામ્રપત્રનું માપ ૯ાા × ૧૧ાાનું છે.

૩ એજન ૧૫૯.

૪ એજન ૧૬૫, ૧૭૦.

૫ એજન ૨૧૬.

૬ કર્ણદેવ પહેલાનું શ. સં. ૯૯૬નું તથા ભીમદેવ બીજાનું વિ. સં, ૧૨૬૬નું તામ્રપત્ર ત્રણ પતરામાં કોતરાયેલ જોવા મળે છે (ગુ. ઐ. લે. ૧૪૧, ૧૪૨, ૧૬૨). આનું કારણ એ જણાય છે કે આ લેખોમાં લાંબામાં લાંબી વંશાવળી આપવામાં આવી છે. તેમજ દેવભૂમિની ઝીણી ઝીણી વિગતો આપવામાં આવી છે. આ ત્રણ પતરાંની ચારે બાજુનો એટલે પહેલા પતરાંની અંદરના બાજુ બીજા પતરાના બંને બાજુ તથા ત્રીજા પતરાની અંદરની બાજુનો ઉપયોગ કરેલ છે.

૭ ત્રણ પતરાં પણ એક જ બાજુથી એટલે પહેલા પતરાના નીચેની બાજુ તથા બાકીનાં બે પતરાંના ઉપરની બાજુએથી જોડવામાં આવતાં.

તેમાંનું લખાણુ બગડે નહિ. તામ્રશાસનની પ્રમાણુતા માટે એની એક કડીના સાંધા ઉપર રાજમુદ્રાની છાપ લગાડવામાં આવતી જેથી કોઈ રાજાના નામે ઘડેલી ખોટા તામ્રશાસનની બનાવટ ટકી શકે નહિ. આવી મુદ્રાવાળી કોઈ કડી ઉપલબ્ધ નથી. સોલંકી કાલનાં ૨૧ તામ્રપત્રો મળ્યાં છે. તેમાં ૬ તામ્રપત્રોની કડીઓ સાથે મળ્યા છે કડીના ગાળામાં ફેરફાર જોવા મળે છે. આમાં કોઈ પણ કડી રાજમુદ્રાવાળી નથી. ભીમદેવ બીજાના ઘણાખરા લેખોને અંતે ભીમદેવના સ્વહસ્ત (દસ્કત) કરાયા છે. વિ. સં. ૧૩૧૭ના વીસલદેવના તામ્રપત્રમાં પણ અંતે વીસલદેવના દસ્કત કરાયા છે.[૧]

શિલાલેખો :

શિલાલેખો પથ્થર પર કોતરેલા હોય છે. આ મહત્ત્વના ઐતિહાસિક આધારો છે. તે જે તે સમયના દસ્તાવેજી પુરાવાઓ છે. વાઘેલા કાલ દરમ્યાન ઉપલબ્ધ થયેલા શિલાલેખોને ત્રણ વિભાગમાં વહેંચી શકાય: (૧) પ્રશસ્તિલેખો, (૨) દાન અંગેના લેખો, (૩) મૃતસ્મારક લેખો. આમાં ઘણા લેખો ફક્ત મંદિરો બંધાવ્યાની, જીર્ણોદ્ધાર કરાવ્યાની કે સ્થાપત્ય બંધાવ્યાની ફક્ત માહિતી આપતા હોય છે. જ્યારે કેટલાક એ સિવાયની અન્ય મહત્ત્વની માહિતી પૂરી પાડે છે.

(૧) પ્રશસ્તિલેખો :

આ લેખો પથ્થર પર કોતરીને દીવાલમાં જડી દીધેલા હોય છે. પથ્થરનું માપ લખાણુની લંબાઈ પહોળાઈ પ્રમાણે રાખવામાં આવતું. આવા લેખો રાજા, મંત્રી કે ધર્મગુરુ કે કોઈ ધનાઢ્ય માણસ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવે કે નવું બંધાવે ત્યારે તેનાં સુકૃત્યોની નોંધરૂપે લખવામા આવતાં. તેમાં રાજાની વંશાવળી, સમકાલીન રાજાનાં બિરુદો, રાજ્યકાલ, જેની પ્રશસ્તિ રચવામાં આવી હોય તેની વંશાવળી, તેનાં સુકૃત્યોની નોંધ વગેરેનો સમાવેશ કરવામાં આવતો. આ પ્રશસ્તિઓ છંદબદ્ધ શ્લોકોમાં રચવામાં આવતી. ઘણી વાર આવા શ્લોકોની સંખ્યા સો કરતાં પણ વધારે પ્રમાણમાં હતી. આ પ્રશસ્તિઓ દ્વારા આપણને આ સમયના કવિઓની કવિત્વ શક્તિ, વિષય પર પ્રભુત્વ, વિવિધ વૃત્તો તેમ જ રાજાઓનો કેટલોક ઇતિહાસ, જુદા જુદા વંશોના તેમ જ તે વંશમાં થઈ ગયેલા પ્રતિભાશાળી પુરુષોનાં સુકૃત્યો વગેરેની માહિતી સાંપડે છે. આ ઐતિહાસિક દૃષ્ટિએ ઘણી મહત્ત્વની હોય છે. વાઘેલાકાલ દરમ્યાન રચાયેલી આવી અનેક પ્રશસ્તિઓ ઉપલબ્ધ છે, જેમ કે ડભોઈમાં રાજા વીસલદેવે કરાવેલ બાંધકામો અંગે સોમેશ્વરરચિત વીસલદેવ પ્રશસ્તિ,[૨] નાનાક પ્રશસ્તિ,[૩] આબુની તેજપાલ-પ્રશસ્તિ,[૪] દેવપટ્ટનમાંની

---

૧ આ તામ્રપત્ર હાલમાં ક્યાં છે તે જાણવા મળતું નથી, પણ એ તામ્રપત્રની છાપેલી પ્રતમાં અંતે વીસલદેવનું નામ લખેલું છે.

ઈ. એ. વો. ૬, પૃ. ૨૧૦, ગુ. ઐ. લે. ૨૧૬.

૨ ગુ. ઐ. લે. ૨૧૫.

૩ એજન, ૨૧૮, ૨૧૯.

૪ એજન, ૨૦૬.

ત્રિપુરાન્તક પ્રશસ્તિ,[1] ગિરનારમાં આવેલી વસ્તુપાલ પ્રશસ્તિઓ,[2] આ ઉપરાંત અન્ય કવિઓએ રચેલ વસ્તુપાલ પ્રશસ્તિઓ.[3]

(૨) દાન અંગેના લેખો :

દાન અંગેની વિગતો મોટે ભાગે તામ્રપત્રોમાં આપવામાં આવતી. છતાં પણ વાઘેલાકાલ દરમ્યાન શિલાલેખો પરથી પણ દાનની વિગતો વિષે માહિતી મળે છે : જેમકે વિ. સં. ૧૨૮૬માં ભૃગુમઠમાં દેવપૂજાના આસનનો પાટલો આપવામાં આવ્યો તેની વિગત નોંધતો લેખ.[4] વિ. સં. ૧૩૨૦ના અર્જુનદેવના વેરાવળમાંની હરસદ માતાના મંદિરમાંથી મળેલા લેખમાં વેરાવળમાં મસીદ માટે જમીન આપ્યાનું તથા તેના નિભાવ માટે દાન આપ્યાની વિગતો લેખમાંથી મળે છે.[5] આ ઉપરાંત સારંગદેવના અનાવડામાંથી મળેલા લેખ પરથી પણ માહિતી મળે છે કે જુદા જુદા ધંધાદારી વર્ગ પર દ્રમ અને દ્રવ્યના લાગા નાખ્યા હતા.[6]

વિમલવસહિમાંના સારંગદેવના સમયના આબુ પર આવેલ લેખ પરથી જણાય છે કે મંદિરના નિભાવ માટે સારંગદેવના મંડલેશ્વર વીસલદેવે જુદા જુદા ધંધાને લગતા લાગા બાંધી આપ્યા.[7] પાલ્હે સંવત ૧૩૩૩માં સુમતિસ્વામીની પૂજા માટે વાડી દાનમાં આપી હતી.[8]

આમ આ લેખો દ્વારા દાનની વિગતો, જુદા જુદા ધર્મની વિગતો, અધિકારીઓ, દાનની મિતિઓ વગેરેની મહત્ત્વની માહિતી મળે છે.

મૃતસ્મારક લેખો :

પ્રશસ્તિલેખો તથા દાનશાસનના લેખો ઉપરાંત બીજા કેટલાક પ્રકારના શિલાલેખો મળે છે, પણ એમાંના ઘણા લેખોમાં મંદિર, દેરી, વાવ, વગેરેનાં બાંધકામને લગતી હકીકત આપવામાં આવે છે.

એમાં એ પૂર્તધર્મ કરનાર વ્યક્તિની લાંબી પ્રશસ્તિ ન હોવાથી આ લેખોનો સમાવેશ થતો નથી. બીજા કેટલાક શિલાલેખોમાં કોઈ યોદ્ધો વીરગતિ પામ્યાની કે કોઈ પતિવ્રતા સ્ત્રી સતી થયાની હકીકત નોંધવામાં આવે છે. આવા લેખો કોતરેલી શિલાને પાળિયો કહે છે. આ ઉપરાંત બીજા પણ કોઈક પ્રકીર્ણ પ્રકાર મળે છે.

---

૧ એજન, ૨૨૨.

૨ એજન ૨૦૭ થી ૨૧૩.

૩ સુકૃત કીર્તિકલ્લોલ્યાદિ વસ્તુપાલ પ્રશસ્તિ સંગ્રહ; સંપાદક આચાર્ય જિનવિજયમુનિ, પૃ. ૧ થી ૩૯.

૪ ગુ. ઐ. લે ૨૪૭

૫ એજન ૨૧૭

૬ એજન ૨૨૩

૭ એજન ૨૨૩ अ

૮ એજન ૨૨૦ अ

મંદિરમાં દેવકુલિકાઓ ઉપર, વાવ, કુંડમાં કે હિંદુ મંદિરોની દીવાલો ઉપરથી મળી આવે છે. દા. ત. આબુ ઉપર આવેલ લુણવસહિના મંદિરમાં તેજપાલે પોતાના જુદા જુદા કુટુંબીઓના શ્રેયાર્થે બંધાવેલ દેવકુલિકાઓ ઉપર આવેલા લેખો.[૧] વિ. સં. ૧૩૨૦માં અર્જુનદેવના સમયમાં સૌરાષ્ટ્રના મંડલેશ્વર સામંતસિંહે દ્વારકાના રસ્તા પર રેવતીકુંડમાં પગથિયાં બંધાવ્યાં.[૨] કચ્છમાં રવેચી મંદિર પાસે રવિસિંહે ૧૬૦૦ દ્રમ ખર્ચી વાવ કરાવી.[૩] આવા લેખો બહુ ટૂંકા હોય છે. તેમાં ફક્ત મિતિ, કોના શ્રેયાર્થે તેમ જ કોણે શું કરાવ્યું તેની વિગત આપવામાં આવે છે.

આ પ્રકારના લેખોમાં પાળિયા નોંધપાત્ર છે. વીરગતિએ પામેલ યોદ્ધાઓ અથવા પતિ પાછળ સતી થયેલ સ્ત્રીઓની યાદગીરીના લેખો કોતરેલા હોય છે. દા. ત. વિ. સં. ૧૨૧૨માં મેધાનો પુત્ર વણરાજ મૃત્યુ પામ્યો તેનો લેખ.[૪] પદ્રિયાક ગામનો દ્રાકુ, પ્રાંતા અને રાતુમીમાં સંગ્રામમાં મરાયા તેનો લેખ.[૫] મેગાણુંમાં જયંતસિંહ મરાયો અને તેની સ્ત્રી સતી થઈ તેનો લેખ[૬] વગેરે.

પ્રકીર્ણ પ્રકારના વૃતસ્મારક લેખોમાં એક લેખ અહીં નોંધપાત્ર છે, જેમાં મેવાડા જ્ઞાતિના ગોરના પુત્ર કરિપાલને ગિરનાર ઉપર લેખ કોતરવાનો હક્ક આપવામાં આવ્યો હોવાનું નોંધવામાં આવ્યું છે.[૭]

આમ આપણને આ લેખો દ્વારા જુદા જુદા રાજવીઓ, અમાત્યો, અધિકારીઓ તથા રાજ્યમાં બનેલા પ્રસંગો રાજ્યકાલ, રાજ્યવિસ્તાર, રાજ્યવિભાગ, કરવેરા, નાણું, માપ, સ્થળો વગેરેની વિપુલ માહિતી મળે છે.

પ્રતિમા લેખો :

આ પણ એક દસ્તાવેજી આધાર છે. પ્રતિમાલેખો જૈન મંદિરમાંથી વિપુલ પ્રમાણમાં મળી આવે છે. શ્રાવકો પોતાના શ્રદ્ધેય તીર્થંકરની મૂર્તિઓ બનાવડાવતા અને તેના પર લેખો કોતરાવતા. આમાં મૂર્તિ બનાવડાવનારનું નામ, કુલ વગેરે, મૂર્તિ બનાવડાવનારનો હેતુ, મૂર્તિની પ્રતિષ્ઠા કરનારનું નામ, કુલ, ગોત્ર, ગચ્છ વગેરેનો સમાવેશ કરવામાં આવતો.[૮]

આ લેખો ધાતુની પ્રતિમાઓ તેમ જ પથ્થરની પ્રતિમાઓ ઉપર તે સમયમાં પ્રચલિત એવી દેવનાગરી લિપિમાં કોતરવામાં આવતા. આવા લેખો દ્વારા તે સમયના લોકોની ધર્મભાવના,

---

૧ ગુ. ઐ. લે. ૧૭૧ થી ૧૮૫, ૧૮૭ થી ૧૯૨; ૨૦૩ વગેરે.

૨ એજન ૨૧૬ अ.

૩ એજન ૨૧૯ अ.

૪ એજન ૨૪૬

૫ વલ્લભવિદ્યાનગર સંશોધન પત્રિકા ભા. ૨. ગુજરાતીમાંથી મળેલા કેટલાક નવા લેખો, પૃ. ૭

૬ મુનિ વિસાલવિજયકૃત, બે જૈન તીર્થો, પૃ. ૨૨.

૭ ગુ. ઐ. લે. ૨૧૯ ब.

૮ વાઘેલાકાલીન પ્રતિમાલેખોની યાદી માટે જુઓ—‘ગુજરાત ઇતિહાસ સંદર્ભસૂચિ–ખંડ ૩, પ્રતિમાલેખો’. સંયોજક ડૉ. નવીનચન્દ્ર આચાર્ય. પ્રકાશક—ગુજરાત ઇતિહાસ પરિષદ, અમદાવાદ.

કયા દેવ કે તીર્થંકરની પૂજા વધારે પ્રમાણમાં પ્રચલિત હતી, કયા ધર્મગુરુમાં લોકો વધારે પ્રમાણમાં શ્રદ્ધા રાખતા તેમજ કયાં કયાં ગોત્ર કે ગચ્છ હતાં. આ સર્વ માહિતી આ લેખો દ્વારા મળી રહે છે. તે સાથે જુદા જુદા ધર્મગુરુઓનાં નામ, લેખ કોતરનાર સલાટનાં નામ, તથા મૂર્તિ બનાવનાર તથા પધરાવનારનાં નામ, જ્ઞાતિ કે ગોત્ર, સ્થળ વગેરેની માહિતી ઉપલબ્ધ થાય છે. પ્રતિષ્ઠાની મિતિઓ પરથી મૂર્તિ, શિલ્પનો કાલ, પ્રતિષ્ઠા કરનાર, કરાવનારનો પ્રવૃત્તિકાલ તથા એ સમયની કાલગણના પદ્ધતિ વગેરેની માહિતી મળે છે.

દા. ત. સંવત ૧૨૯૨ વર્ષે અષાઢ સુદ ૭, રવિવાર, નગરક મહાસ્થાને સંવત ૯૦ વર્ષના ગતિવર્ષાકાલ તથા અતિપુરાણતાને લઈને અકસ્માત શ્રી જયાદિત્યનો મહાપ્રસાદ તૂટી પડતાં, શ્રી રન્નાદેવીની મૂર્તિ નષ્ટ થતાં પછી શ્રી પત્તનના રહેવાશી પ્રાગ્વાટ શ્રી ચંડપનાં પુત્ર શ્રી ચંડપ્રસાદના પુત્ર શ્રી સોમના પુત્ર શ્રી આશરાજના પુત્ર અને કુમારદેવીની કુખે જન્મેલા મહામાત્ય શ્રી વસ્તુપાલે......શ્રી લલિતાદેવીના પુણ્યાર્થે શ્રી જયાદિત્ય દેવની પત્ની શ્રી રન્નાદેવીની મૂર્તિ કરાવી.[1]

સંવત ૧૩૩૫ના ચૈત્ર વદિ ૫ ને દિને પલ્લીવાલ જ્ઞાતિના શ્રેષ્ઠી સાહા સજમલે માતાપિતાના શ્રેયાર્થે આદિનાથની મૂર્તિ કરાવી. તેની પ્રતિષ્ઠા વિજયસેનસૂરિના શિષ્ય ઉદયપ્રભસૂરિએ કરાવી.[2]

સંવત ૧૩૪૬ના વર્ષમાં શ્રી ગૌડ બ્રાહ્મણ શ્રી સામંતે પોતાનાં માતાપિતાના શ્રેયાર્થે બ્રહ્માની મૂર્તિ કરાવી.[3]

સંવત ૧૩૫૫ના વૈશાખ સુદી ૧૨ ને સોમવાર પોરવાડ જ્ઞાતિના શ્રેષ્ઠી સાખા મહં ચાચા, તે ચાચાની ભાર્યા રાણિ તેના પુત્ર મહં મદન તેની ભાર્યા સલખણદે અને તેના પુત્ર સહિત બેન સંબલના કલ્યાણ માટે પંચતીર્થયુક્ત પાર્શ્વનાથનું બિંબ ભરાવ્યું અને તેની પ્રતિષ્ઠા શ્રી ભાવદેવસૂરિએ કરી.[4]

---

૧ રત્નમણિરાવ જોટેકૃત, ખંભાતનો ઇતિહાસ, પૃ. ૨૫૩.

૨ શ્રી બુદ્ધિસાગરસૂરિકૃત, "જૈન ધાતુ પ્રતિમાલેખસંગ્રહ, ભા. ૨, લે. ૧૩૧.

૩ શ્રી બી. એલ. માંકડનો લેખ—પ્રોવિન્શીઅલ સ્કલ્પચર ઇન ગુજરાત અંડર ચૌલુક્યાઝ એન્ડ વાઘેલાઝ, ટુ ઇમેજીસ ફ્રોમ કેમ્બે, બરોડા મ્યુઝિયમ બુલેટીન વૉ. ૭ પૃ. ૪૯, પ્લે. ૧. આવૃત્તિ ૨.

૪ મુનિ વિશાલવિજયજીકૃત, શ્રી કુંભારિયાજીતીર્થ, લે. ૪૬, પૃ. ૧૧૨.

વસ્તુપાલ-તેજપાલની કીર્ત્તનાત્મક પ્રવૃત્તિઓ

મધુસૂદન ઢાંકી અને હરિશંકર પ્રભાશંકર શાસ્ત્રી

ગુજરાતની વિવિધલક્ષી વાસ્તુપ્રણાલીનો મધ્યકાલીન ભારતીય સ્થાપત્યના મહોદધિને સમૃદ્ધ કરવામાં ગણનાપાત્ર કહી શકાય એવો ફાળો રહ્યો છે. ગુજરાતના રાજવંશો, મંત્રીઓ, શ્રેષ્ઠીઓ અને બહુજનસમાજે ગુર્જર ધરાને વાસ્તુ-કૃતિઓથી શણગારવામાં કોઈ કચાશ રાખી નહોતી. આ વિપુલ આશ્રયના પ્રતાપે એની વિશિષ્ટ સ્થાપત્યશૈલી પણ પૂર્ણ વિકાસ સાધી રહી; સારાયે પશ્ચિમ ભારતમાં વ્યાપ્ત એવી આ પ્રાણવાન મારુ-ગુર્જર પ્રથા પોતાની આંતરિક શક્તિ, એને અનુલક્ષીને રચાયેલા વાસ્તુગ્રંથોનું શિસ્તપૂર્ણ નિયમતંત્ર, તેમ જ સતત મળેલા પોષણના પ્રભાવે આજ દિવસ સુધી ટકી રહી છે. વિધર્મી શાસનના કારણે ઉત્તરાપથમાં ઘણે સ્થળે જ્યારે દેવાલય સ્થાપત્યની ગ્લાનિ થઈ ત્યારે ગુજરાત અને રાજસ્થાનમાં એનો દીપ નિષ્કંપ જલતો રહ્યો. પશ્ચિમ ભારતની આ આલંકારિક અને કલાપૂર્ણ વાસ્તુપરંપરાના દીપને અબાધિત, અવિરત ઉત્તેજન આપી પ્રકાશિત રાખી એની રક્ષા કરનાર, એની રચનાઓના મર્મજ્ઞ અને પ્રશંસક, એની પ્રગતિના પુરસ્કર્તા અને પોષક તો હતા એ કાળે થયેલા કલિકાલકુબેર મંત્રીશ્વર વસ્તુપાલ અને એમના લઘુબંધુ વાણિજ્યવીર તેજપાલ; ગુજરાતની સ્વાધીનતા અને સંસ્કૃતિના સમર્થ સંરક્ષક, એની અસ્મિતાના અઠંગ આરાધક, દુર્જેય રણવીર છતાંયે ધર્મવીર, સ્વધર્મનિષ્ઠ છતાંયે સર્વધર્મ-સમદર્શી, શ્રી અને સરસ્વતીના સમાન લાડીલા સચિવેશ્વર વસ્તુપાલ અને ધર્મધુરંધર તેજપાલના સદ્ધર્મકૃત્યોની સવિસ્તર નોંધ એમના સમકાલીન પ્રશંસકો અને વિદ્યાશ્રિતોએ રચેલાં કાવ્યો અને પ્રશસ્તિઓ તેમ જ ચરિત્રચિત્રણમાંથી વિગતે મળી આવે છે. ઉત્તરકાલીન લેખકો પણ વસ્તુપાલ-તેજપાલની ધર્મવિષયક પ્રવૃત્તિઓનું સવિસ્તર, કેટલીક વાર અતિશયોક્તિભર્યું વર્ણન કરતાં ચૂકચા નથી. એ તમામ ગ્રંથસાધનોના નિરીક્ષણ, પરીક્ષણ, અને વિશ્લેષણ દ્વારા પ્રાપ્ત થતી. અંતિમ અને વિશ્વસ્ત માહિતીના આધારે એટલું ચોક્કસ નિશ્ચિત થાય છે કે એમણે નિર્માણ કરાવેલ પ્રાસાદો અને પ્રતિમાઓ, વાપીઓ અને જલાશયો, પ્રાકારો અને પ્રકીર્ણ રચનાઓની સંપૂર્ણ યાદી સ્તબ્ધ કરે એવી વિસ્તૃત અને વીગતપૂર્ણ છે. સમ્રાટો પણ સવિસ્મય લજ્જિત બન્યા હશે એટલી વિશાળ સંખ્યામાં વાસ્તુ અને શિલ્પની રચનાઓ આ મહાન બંધુઓ દ્વારા થયેલી છે. અગાઉ કોઈ એક લેખમાં આ મહત્ત્વપૂર્ણ વિષય પર પૂર્ણ અને તલસ્પર્શી આલોચના થયેલી જાણમાં ન હોઈ અહીં એની વીગતવાર ચર્ચા કરવા વિચાર્યું છે. આ રસપ્રદ વિષય પર પ્રકાશ પાડનાર સાધનોમાં મુખ્યત્વે નીચેનાં ગ્રંથ અને પ્રશસ્તિ રચનાઓનો આધાર અહીં લેવામાં આવ્યો છે. (૧) કવિ સોમેશ્વરકૃત 'કીર્તિકૌમુદી' (ઈ.સ. ૧૨૨૧ આસપાસ), (૨) જય-સિંહસૂરિરચિત 'શકુનિકાવિહારપ્રશસ્તિ' (ઈ. સ. ૧૨૩૦ પૂર્વે), (૩)-(૪) ઉદયપ્રભસૂરિ-વિરચિત 'ધર્માભ્યુદય મહાકાવ્ય' (ઈ. સ. ૧૨૩૦ પૂર્વે) તથા 'સુકૃતકીર્ત્તિકલ્લોલિની' (ઈ. સ. ૧૨૩૨ પૂર્વે), (૫) અરિસિંહકૃત 'સુકૃતસંકીર્તન' (ઈ. સ. ૧૨૩૧ પૂર્વે), (૬) નરેન્દ્રપ્રભસૂરિ-

રચિત ‘વસ્તુપાલપ્રશસ્તિ’ (મોટી), (૭) વિજયસેનસૂરિકૃત ‘રેવંતગિરિરાસુ,’ (૮) પાલ્હણ-પુત્રકૃત ‘આબુરાસ’, (૯) બાલચંદ્રકૃત, ‘વસંતવિલાસ,’ (ઈ. સ. ૧૨૪૦ પશ્ચાત્), (૧૦) મેરૂતુંગાચાર્યકૃત ‘પ્રબંધચિંતામણી’ (ઈ. સ. ૧૩૦૯), અને (૧૧) જિનહર્ષગણિવિરચિત ‘વસ્તુપાલચરિત્ર’ (ઈ. સ. ૧૪૪૧). આ સિવાયના ગ્રંથો–જેવા કે જિનપ્રભસૂરિરચિત ‘વિવિધ તીર્થકલ્પ’ (તેરમી-ચૌદમી શતાબ્દી), રાજશેખરસૂરિનો ‘પ્રબંધકોશ’ (ઈ. સ. ૧૩૪૯), અને મુનિશ્રી જિનવિજયજીસંપાદિત ‘પુરાતન પ્રબંધસંગ્રહ’ના તેરમીથી પંદરમી શતાબ્દીના લેખનોમાં જણાવેલી કેટલીક નોંધોના અપવાદો બાદ કરતાં બાકીનાની વીગતો તપાસતાં ઘણી વાર વ્યવહારુ શક્યતાઓની પરિસીમાઓ વટાવી જતી હોઈ અહીં તેને બહુ લક્ષમાં લેવામાં આવી નથી; જ્યારે ઉપર કહી તે અગ્યાર રચનાઓમાં અપાયેલી નોંધો સમતોલ, અન્યોન્ય પ્રમાણિત, પૂરક અને પ્રતીતિકર, તેમ જ કેટલીક વાર ઉપલબ્ધ ઉત્કીર્ણ લેખોના આધારો પર નિઃશંક પુરવાર થતી હોઈ અહીં એને જ પ્રમાણભૂત માનવામાં આવી છે. આ સિવાય ઉત્તરકાલીન લેખકોએ વસ્તુપાલ-તેજપાલને અનુલક્ષીને લખેલા રાસમાંથી કેટલીક ઉપયોગી લાગી તે માહિતીનો પણ અહીં સમાવેશ કર્યો છે. તેમાં હીરાણંદ (ઈ. સ. ૧૪૨૯), લક્ષ્મીસાગર (ઈ. સ. ૧૪૫૨ પશ્ચાદ્), પાર્શ્વચંદ્ર (ઈ. સ. ૧૫૪૧), સમયસુંદર (ઈ. સ. ૧૬૨૬), અને મેરૂવિજય-(ઈ. સ. ૧૬૬૫)ની કૃતિઓ મુખ્ય છે. આ વાઙ્મયિક સાધનો ઉપરાંત ગિરનાર અને આબુ પરની બે મોટી પ્રશસ્તિઓના શિલાલેખોમાં અપાયેલી વીગતો તેમ જ શત્રુંજય, આબુ, અણહિલવાડ પાટણ, ખંભાત, નગરા, શેરિસા, તારંગા, ધોળકા, ગણેશર અને પ્રભાસમાંથી પ્રાપ્ત થયેલ પ્રકીર્ણ લેખોની માહિતીને પણ અહીં સમાવી લેવામાં આવી છે.

વસ્તુપાલ-તેજપાલનાં ધર્મલક્ષી સુકૃત્યોનું સમગ્રાવલોકન કરતાં એ મહામના મંત્રીઓની દાનશીલતાનો પ્રવાહ જૈન અને બ્રાહ્મણધર્મનાં ધર્મસ્થાનો પરત્વે તેમ જ ધાર્મિક અને જનોપયોગી વાસ્તુનિર્માણ તરફ નિષ્પક્ષ રીતે, પૂર્ણ ઔદાર્યથી, એકધારો વહ્યો છે. આ સુકૃત્યો કરતી વખતે આ સહૃદયી, પ્રેમાળ મંત્રીઓ પોતાના ભાઈભાંડુઓ, પૂર્વજો, ગુરુજનો, સગાં-સંબંધીઓ, મિત્રો અને રાજારાણાંને પણ ભૂલ્યાં નથી. આ તમામ સુકૃત્ય-રચનાઓનું વિશ્લેષણ કરતાં આ પ્રમાણે વર્ગીકરણ થાય છે: (૧) **નગર નિર્માણ,** (૨) **વરણ વિધાન:** અ દુર્ગ, પ્રાકાર, આ પ્રતોલી, (૩) **જલાશયાદિ નિર્માણ:** અ તટાક, આ કુંડ, ઇ વાપી, ઈ કુપ, ઉ પ્રપા, ઊ તક્રમંડપિકા, (૪) **પ્રાસાદ નિર્માણ:** અ જૈન, આ બ્રાહ્મણીય, ઇ મુસ્લિમ, (૫) **દેવકુલિકા નિર્માણ:** અ જૈન, આ બ્રાહ્મણીય, (૬) **મંડપ નિર્માણ,** (૭) **પ્રકીર્ણ સ્થાપત્ય નિર્માણ:** અ તોરણ, આ સ્તંભ, ઇ પ્રતિહસ્તક, ઈ ઉત્તાનપટ્ટ, (૮) **સુવર્ણ-દંડકલશાધિરોપણ,** (૯) **સંચારપાજા નિર્માણ,** (૧૦) **જીર્ણોદ્ધાર:** અ જૈનમંદિરો, આ બ્રાહ્મણીય મંદિરો, (૧૧) **પ્રતિમા પ્રતિષ્ઠા,** અ જૈન (જિન, સરસ્વતી, યક્ષીયક્ષાદિ,) આ બ્રાહ્મણીય, ઇ આરાધક મૂર્તિ, (૧૨) **અન્ય ઇમારતો:** અ પૌષધશાલા, આ બ્રહ્મશાલા, ઇ ધર્મશાલા, ઈ રથશાલા, ઉ સત્રાગાર અને ઊ મઠ અને (૧૩) **શેષ:** અ શુલ્કમંડપિકા, આ હટ્ટિકા અને ઇ વાટિકા.

ગ્રંથોમાં સૌથી વિશેષ વીગતો ‘વસ્તુપાલચરિત્ર’માં અપાયેલી છે, જ્યારે પ્રશસ્તિઓ-માં ‘અલંકાર મહોદધિ’ના અંતે નરેન્દ્રપ્રભસૂરિએ આપેલી પ્રશસ્તિ સૌથી મોટી અને વીગત-

પૂર્ણ છે. જુદાં જુદાં સ્થળોએ વસ્તુપાલ-તેજપાલે કરાવેલ સુકૃત્યોની અહીં રજૂ કરવામાં આવી રહેલી હકીકતો બહુધા મૂળ કૃતિઓની અસલ શબ્દરચનાઓને પ્રામાણિક રહીને કરવામાં આવી છે.

(૧) શત્રુંજય :

જૈન તીર્થોમાં અગ્રણી એવા આ દેવાત્મા સમા પુનિત, પ્રાચીન પર્વતીય તીર્થ પર વસ્તુપાલને અપાર ભક્તિ, પ્રીતિ, અહોભાવ હતાં. એની એણે સાડાસાત વાર યાત્રા કરેલી. છેલ્લી યાત્રા અધૂરી રહી અને મહાયાત્રા બની. અહીં એણે ઘણાં સુકૃત કરાવેલાં. શત્રુંજયના દક્ષિણ શ્રૃંગ પર મંત્રીશ્વર ઉદયનના પુત્ર વાગ્ભટ્ટે ઈ. સ. ૧૧૫૭માં પુનર્નિર્માણ કરાવેલ ભગવાન ઋષભદેવનું મહિમ્ન મંદિર શોભી રહ્યું હતું. એમાં વસ્તુપાલે યુગાદિદેવની પ્રતિમા પાછળ ભામંડલ સમો મણિકાંચનમય પૃષ્ઠપટ્ટ અને મુખભાગે શાતકુમ્ભમય તોરણ કરાવ્યાં. એ પ્રાસાદના ત્રણે મંડપો પર જ્ઞાનદર્શન અને ચારિત્રરૂપી મહારત્નવત્ ત્રણ સુવર્ણકલશો પૌત્ર પ્રતાપસિંહના[1] કલ્યાણ અર્થે ચઢાવ્યાં. એના પ્રવેશદ્વારમાં આરસનું મોટું તોરણ કરાવ્યું; તેમ જ એની સમ્મુખે ઉભયમુખી લક્ષ્મીની[2] મધ્યમૂર્તિવાળું તોરણ કરાવ્યું. એની સમીપમાં પ્રશસ્તિ સહિત બે ચતુષ્કિકા-ઓ કરાવી; તેમ જ ત્યાં લુણિગ અને મલ્લદેવની અશ્વારૂઢ મૂર્તિઓ જુદી મંડપિકાઓમાં કરાવી; અને ઉત્તર-દક્ષિણે ચાર ચાર ચતુષ્કિકાઓ કરાવી. નાભેયના આ મહામંદિરની સામે પ્રત્યેક દ્વારે તોરણયુક્ત ઇન્દ્રમંડપ[3] કરાવ્યો. તેમાં મહારાજ ભીમદેવ(?)[4] રાજા વીરધવળ અને રાણી જૈતલદેવીની દ્વિપારૂઢ મૂર્તિઓ કરાવી; જ્યારે પોતાની અને તેજપાલની તુરગારૂઢ મૂર્તિઓ ઉપરાંત લલિતાદેવી(?),[5] સાત ગુરુજનો, પૂર્વજો, સંબંધીઓ અને મિત્ર [મંત્રી યશોવીર(?)]ની મૂર્તિઓ મુકાવી. આ ઉપરાંત આદિનાથના એ મૂલચૈત્યના વલાનકના દક્ષિણ ભાગે લલિતાદેવીના પુણ્યાર્થે સત્યપુરાધીશ વીરનું મંદિર કરાવ્યું, જ્યારે વામપક્ષે દ્વિતીય પત્ની સૌખુકાના શ્રેયાર્થે ભૃગુકચ્છવિભૂષણ શ્રી મુનિસુવ્રતસ્વામીનું સમવસરણ, અશ્વાવબોધચરિત્ર અને શકુનિકાચરિત્રપટ્ટ સહિતનું મંદિર કરાવ્યું. સત્યપુરમંડન મહાવીરના એ મંદિરને છેડે પ્રવેશમાર્ગે બે તોરણવાળું વાગ્દેવી(ભારતી)નું મંદિર કરાવ્યું. આ ત્રણે મંદિરો પર પ્રતાપસિંહના કલ્યાણ માટે કાંચન કલશો મુકાવ્યા. ભૃગુપુરાવતારના મંદિરમાં પ્રપિતામહ ચંડપ્રસાદના શ્રેયાર્થે અજિતનાથ અને સંભવનાથનાં બિમ્બ મુકાવ્યાં તેમ જ પોતાની અને સોખુકાની મૂર્તિ મુકાવી. એ શકુનિચૈત્યની પાછળ સ્વર્ગીયબંધુ મલ્લદેવના શ્રેયાર્થે ઉત્તુંગ તોરણ સહિત અષ્ટાપદ તીર્થ કરાવ્યું : આટલામાં જ પોતાના અને લલિતાદેવીના શ્રેયાર્થે સ્ફટિકના દ્વારવાળી ઉત્તરમુખી બે દેવકુલિકાઓ કરાવી. એ સિવાય ગિરનારના ચાર કૂટ અમ્બા, અવલોકના, શામ્બ અને પ્રદ્યુમ્ન—ના શિખરાવતાર, હેમદંડકલશયુક્ત મંદિરો સાથે રૈવતાધીશ નેમિનાથનું ચૈત્ય કરાવ્યું: તેમ જ સ્તંભનકાધિપ પાર્શ્વનાથનું મંદિર કરાવ્યું. એક ઉત્સવમંડપ કરાવ્યો. જિનમાતા મરૂદેવીના મંદિર પર હેમદંડ સહિત કલશ મુકાવ્યો. તીર્થરક્ષક કપર્દિયક્ષના પુરાતન મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. એમાં વામપક્ષે તોરણ કરાવ્યું અને

---

૧ વસ્તુપાલ અને લલિતાદેવીના પુત્ર જૈત્રસિંહનો આ પુત્ર હશે ?

૨ કેટલાક પ્રશસ્તિકારોનાં કથન અનુસાર: ઇંદિરાની; અર્થ એક જ છે.

૩ અખણ્ડલ મંડપ; કેટલાક પ્રશસ્તિકારોનાં કથન: અર્થ એક જ છે.

૪ જિનહર્ષે અહીં નિજનાયક શબ્દનો વિનિયોગ કર્યો છે.

૫ જિનહર્ષે કરેલ "નિજદૈતા"નો શું અર્થ કરવો ?

અંતરાલના ગોખલામાં પાર્શ્વનાથની મૂર્તિ કરાવી તેમ જ પરિધિમાં આરસની જગતી કરાવી. જગતીમાં મત્તવારણ મંડિત ઉત્તુંગ તોરણ કરાવ્યું. આદિનાથના આ દેવાલયસમૂહ ફરતો પ્રતોલી-યુક્ત પ્રાકાર કરાવ્યો. અહીં યુગાદિદેવના મંદિર પાસે શિલ્પીએ ઘડેલી સ્વર્ગીય માતા કુમારદેવીની પ્રતિમા જોઈ આર્દ્રહૃદયી મંત્રીશની આંખોમાં આંસુ આવેલાં. શત્રુંજયના (ઉત્તર શૃંગ પર આવેલા ?) શાંતિનાથના પ્રાચીન મંદિર પર પાંચ શાતકુંભ (સુવર્ણકલશ) મુકાવ્યા અને એના મંડપમાં સાત દેવકુલિકાઓ[1] કરાવી; તેમ જ સાત જયસ્તંભો આરોપ્યા. આટલામાં ક્યાંક ગજપાદકુંડ પણ કરાવ્યો. મોઢેરપુરાવતાર મહાવીરના મંદિરમાં પોતાની આરાધક મૂર્તિ મુકાવી. શત્રુંજય પર પોતે કરાવેલ દેવસ્થાનોના ખર્ચનિભાવ માટે વીરધવલ પાસે તામ્રશાસન કરાવી અર્કપાલિત (અંકેવાળીયા) ગામ સમર્પણ કરાવ્યું.

શત્રુંજયને અનુલક્ષીને લઘુબંધુ તેજપાલે પણ કેટલાંક સુકૃત્યો કરાવેલાં જેની નોંધ જોઈએ. એણે શત્રુંજય પર ચડવાની પાજ (સંચારપાજા) કરાવી. આદિનાથના શ્રૃંગની સામે અનુપમાદેવીના શ્રેય માટે અનુપમા-સરોવર કરાવ્યું. એના ઉપકંઠ અને કુંડ વચ્ચેના તટ પર વાટિકા કરાવી. ત્યાં અમ્બાલય, કપર્દીભવન અને પદ્યબંધ (પગથિયાં) કરાવ્યાં. ઇન્દ્રમંડપ પાસે નંદીશ્વરદ્વીપચૈત્ય કરાવ્યું. પોતાની સાત ભગિનીઓના[2] કલ્યાણ અર્થે સાત દેવકુલિકાઓ કરાવી. બંધુ મલ્લદેવની બે વિધવા પત્નીઓ લીલુ અને પાનુ અને એમના પુત્ર પૂર્ણસિંહ અને પૌત્ર પેથડના શ્રેયાર્થે ત્યાં બીજી ચાર દેવકુલિકાઓ કરાવી. મંત્રી યશોરાજ (યશોવીર ?)[3]ના શ્રેયાર્થે ત્રણ દેવ-કુલિકાઓ કરાવી. પોતાની અને અનુપમાદેવીની આરસની બે મૂર્તિઓ કરાવી. શંખેશ્વરાવતાર પાર્શ્વનાથની મૂર્તિ કરાવી. છેલ્લે વસ્તુપાલના સ્મરણમાં સ્વર્ગારોહણ પ્રાસાદ કરાવ્યો.[4]

ઈ. સ. ૧૩૧૩ દરમિયાન થયેલા ખંડન અને ત્યારપછીના જીર્ણોદ્ધારો, ખાસ કરીને સોળમી શતાબ્દીના કર્માશાના જીર્ણોદ્ધાર દરમિયાન શત્રુંજય પરની વસ્તુપાલ-તેજપાલ નિર્મિત સ્થાપત્યકૃતિઓનો અન્ય પ્રાચીન દેવાલયો સાથે સર્વથા વિનાશ કરવામાં આવ્યો જણાય છે.

(૨) પાદલિપ્તપુર

શત્રુંજયની તળેટીમાં વાગ્ભટ્ટ પ્રપા પાસે અને પાલતિાણાની સીમમાં વસ્તુપાલે લલિતા-દેવીના શ્રેયાર્થે લલિતાસર કરાવ્યું. એના સેતુ પર રવિ, શંકર, સાવિત્રી અને વીરજિનનાં ધામો કરાવ્યાં. જિનપૂજન માટે કુસુમવાટિકા તેમ જ પ્રપા અને વસ્તી કરાવ્યાં. પાલિતાણામાં મહાવીરનું મંદિર કરાવ્યું અને કુમારવિહાર પર હેમકુમ્ભ અને ધ્વજા ચડાવ્યાં.

---

૧ ગોખલા સમજવાના.

૨ જાલ્હૂ, માઉ, સાઉ, ધનદેવી, સોહગા, વયજુ અને પદ્મલા

૩ જાબાલિપુર (જાલોર)ના રાજા ઉદયસિંહના મંત્રી યશોવીર વસ્તુપાલના મુરબ્બી મિત્ર હતા. બન્ને વચ્ચે અગાધ મૈત્રી હતી એટલે યશોવીરના કલ્યાણ માટે શત્રુંજય પર વસ્તુપાલે પ્રતિમાઓ ભરાવી હોય તો એ બનવાજોગ છે.

૪ જૈત્રસિંહે તેજપાલના સ્મરણાર્થે ચાન્દોન્માનપુરમાં ગજઅશ્વની રચનાવાળો પ્રાસાદ કરાવ્યાનું જિનહર્ષ નોંધે છે. આ પ્રાસાદ પણ સ્વર્ગારોહણ પ્રાસાદ સમજવાનો. સ્વર્ગારોહણ પ્રાસાદ સંબંધમાં એક સંશોધનાત્મક લેખ શ્રી પ્રભાશંકર સોમપુરા અને દ્વિતીય લેખક હાલ તૈયાર કરી રહ્યા છે.

(૩) ગિરનાર

શત્રુંજય પછીનું તરતનું મહત્ત્વ ધરાવતા પુરાણપ્રસિદ્ધ રૈવતાચલ-ગિરનાર-પર પણ વસ્તુપાલે મહત્ત્વનાં સુકૃત્યો કરાવેલાં. અહીં ઈ. સ. ૧૧૨૯માં સોરઠના દંડનાયક સજ્જન દ્વારા નવનિર્મિત તીર્થનાયક ભગવાન નેમિનાથના મંદિરના પશ્ચિમ તેમ જ ઉત્તર અને દક્ષિણ દ્વારે તોરણો કરાવ્યાં. એના ગૂઢમંડપ આગળની ત્રિક(મુખમંડપ)માં ડાબીજમણી બાજુએ પિતા તથા પિતામહની અશ્વારૂઢ મૂર્તિઓ કરાવી, તેમ જ ત્યાં પિતાના શ્રેયાર્થે અજિત અને શાંતિજિનની કાયોત્સર્ગ પ્રતિમાઓ કરાવી. સંકડાશ ટાળવા અહીં ઇન્દ્રમંડપ પણ કરાવ્યો. મંડપ પર કલ્યાણકલશો મુકાવ્યાં. નેમિનાથના આ પ્રશસ્ય જિનભવનના અંતભાગે (પાછળ, પૂર્વમાં) પૂર્વજોની પ્રતિમાઓ અને પ્રશસ્તિ સહિત કાશ્મીરાવતાર દેવી સરસ્વતીની કુલિકા કરાવી.

આ સિવાય વસ્તુપાલે અહીં કેટલાંક મહત્ત્વનાં નવાં મૌલિક મંદિરો પણ કરાવેલાં. એમાં સ્વશ્રેયાર્થે શત્રુંજયાવતાર ઋષભદેવનું મંદિર, તેને વામપક્ષે જોડેલો લલિતાદેવીની પુણ્યવૃદ્ધિ અર્થે કરાવેલ પૂર્વજોની મૂર્તિ સાથેનો વિંશતી જિનાલંકૃત સમ્મેતશિખર મંડપ અને દક્ષિણ પક્ષે સોખુકાના શ્રેયાર્થે કરાવેલ અષ્ટાપદતીર્થમંડળનું 'વસ્તુપાલવિહાર' નામે ઓળખાતું ઈ.સ. ૧૨૩૨માં પૂર્ણ થયેલું ઝૂમખું મુખ્ય અને મહત્ત્વનું છે. આદિનાથના એ મંદિરમાં પોતાના પૂર્વજોના શ્રેયાર્થે અજિતનાથ અને વાસુપૂજ્યનાં બિંબ મુકાવ્યાં. એના મંડપમાં ચંડપની મૂર્તિ, વીર જિનેન્દ્રનું બિંબ અને અમ્બિકાની મૂર્તિ કરાવ્યાં; ત્યાં ગર્ભગૃહના દ્વારની ડાબીજમણી બાજુએ પોતાની અને તેજપાલની ગજારૂઢ મૂર્તિઓ કરાવી. અષ્ટાપદના મંડપમાં કુમારદેવીની અને ભગિનીની મૂર્તિ કરાવી. આ ત્રણે પ્રાસાદનાં ત્રણ તોરણ કરાવ્યાં. આ વસ્તુપાલવિહારની પૃષ્ઠે કપર્દીયક્ષનું મંદિર કરાવ્યું. ઋષભદેવની માતા મરૂદેવીના મંદિરે ગજારૂઢ મૂર્તિ કરાવી. આ ઉપરાંત સ્તંભનપુરાવતાર શ્રી પાર્શ્વનાથનું મંદિર કરાવ્યું. અહીં પણ વસ્તુપાલે સત્યપુરાવતાર મહાવીરનું મહિમાસ્વરૂપ મંદિર બંધાવેલું. નેમિનાથની પ્રતિમા અને આત્મીય, પૂર્વજ, અનુજ, પુત્રાદિની મૂર્તિઓ સહિતનો એક મુખોદ્ઘાટનક કે સુખોદ્ઘાટનક સ્તંભ કરાવ્યો. ઉત્તર બાજુએ પિતા આસરાજ અને પિતામહ સોમની અશ્વારૂઢ મૂર્તિઓ કરાવી. જિનમઠની પ્રપા કરાવી અને ત્રણ દેવકુલિકાઓ કરાવી. શિવચૈત્યમાં પોતાની, પોતાની પત્નીની, તેજપાળ અને એની ભાર્યાની મૂર્તિ મુકાવી. અમ્બા શિખરે અમ્બિકાસદનનો નવો મંડપ કરાવ્યો. અમ્બિકાનું આરસનું પરિકર કરાવ્યું. અર્હંતની દેવકુલિકા કરાવી. અહીં મંડપના શ્રેયાર્થે નેમિનાથની મૂર્તિ તથા ચંડપ, મલ્લદેવ, તેજપાળ અને પોતાની મૂર્તિઓ કરાવી. અવલોકના શિખરે ચંડપ્રસાદની પુણ્યવૃદ્ધિ અર્થે નેમિજિનની પ્રતિમા તેમ જ ચંડપ્રસાદ અને પોતાની પ્રતિમા મુકાવી. પ્રદ્યુમ્ન શિખરે સોમના શ્રેયાર્થે નેમિજિનની મૂર્તિ તથા સોમની અને તેજપાળની મૂર્તિ મુકાવી. શામ્બશિખરે પિતા આસરાજના કલ્યાણ અર્થે નેમિનાથની પ્રતિમા તેમ જ આસરાજ અને કુમારદેવીની પ્રતિમા મુકાવી.[૧]

---

૧ અંબાજીના દેવાલયવાળું 'અમ્બા' શિખર તો એ નામથી આજે પણ ઓળખાય છે, પણ અવલોકના, શામ્બ, અને પ્રદ્યુમ્ન શિખરોનાં નામ બદલાઈ જઈ આજે તો ગોરખનાથ, દત્તાત્રય, અને ઓઘડનાથના, નામથી પરિચયમાં છે.

તેજપાળે ગિરનાર ઉપર તો માત્ર 'કલ્યાણત્રય' સંજ્ઞક નેમિનાથનું મંદિર બંધાવ્યાના ઉલ્લેખો છે. એ મંદિરનો સમરસિંહ-માલદેએ ઈ. સ. ૧૪૩૮માં આમૂલચૂલ ઉદ્ધાર કરેલો અને હાલ તે સંગ્રામસોનીના મંદિર તરીકે ઓળખાય છે. વસ્તુપાલે કરાવેલ પાર્શ્વનાથના ચૈત્યને સ્થાને સંપ્રતિ રાજાના મંદિરના નામે ઓળખાતું શાણુરાજ અને ભુંભવે ઈ. સ. ૧૪૫૩માં બંધાવેલું મંદિર ઊભું છે; જ્યારે સત્યપુરવીરને સ્થાને નરપાલ સંઘવીએ ઈ. સ. ૧૪૫૫માં મહાવીરનું નવીન જ મંદિર બંધાવ્યું જે હાલ મેલકવસહિ તરીકે ઓળખાય છે. અમ્બિકાના મંદિરનો પણ શ્રેષ્ઠી સોમલે ઈ. સ. ૧૪૬૮માં ઉદ્ધાર કરેલો છે. છતાં વસ્તુપાલની મુખ્યકૃતિ 'વસ્તુપાલ–વિહાર' હજુ અસ્તિત્વમાં છે. નેમિનાથના મંદિરની પાછળ એ મંદિર આવેલું છે. તેમાં પણ જોકે મંડપોની છતો, સંવરણા અને ગર્ભગૃહનાં શિખર પંદરમી શતાબ્દીમાં નવેસરથી બંધાયાં લાગે છે. આ મંદિરમાં જ સંવત્ ૧૨૮૮ના વર્ષવાળી વસ્તુપાલની ૬ મોટી અને મહત્ત્વપૂર્ણ શિલાલેખ-પ્રશસ્તિઓ લગાવેલી છે. ગુજરાતના સ્થાપત્યની આ દેવાલય એક અણુમોલ કૃતિ ગણાય છે.

ડુંગર ઉપરના સ્થાપત્ય ઉપરાંત ગિરનારની તળેટીમાં તેજપાલે ગઢ સહિત તેજલપુર વસાવેલું. તેમાં મમ્માણી ખાણુના પથ્થરમાંથી ઘડેલી પાર્શ્વનાથની પ્રતિમા સહિત આસરાજ વિહાર કરાવ્યો. આ ઉપરાંત ત્યાં વસતી, સંઘેશગૃહ, સત્રાગાર, વાપી, પ્રપા, અને નવહટ્ટ કરાવ્યાં. પાર્શ્વનાથની પૂજા માટે ઉદ્યાન કરાવ્યું; અને માતાના નામથી કુમાર સરોવર કરાવ્યું. વસ્ત્રાપથમાં ભવનાથનો ઉદ્ધાર કરાવ્યો. ત્યાં આગળ કાલમેઘ ક્ષેત્રપાલ સ્થાપ્યા અને આશ્રમંડપ કરાવ્યો. તેજપાલની આ તમામ કૃતિઓ (કદાચ કુમારસરોવર સિવાય) કાળબળે નષ્ટ થઈ ચૂકી છે. ભવનાથ મહાદેવનો અંદરનો જૂનો ભાગ હજુ ઊભો છે. તે તો મૈત્રકકાલ જેટલો જૂનો છે.

(૪) વામનસ્થળી :

મંત્રી તેજપાળે વંથળીમાં વસતી કરાવી અને ગામના પ્રાન્તરમાં વાપી કરાવી.

(૫) દેવપત્તન :

વસ્તુપાલે અહીં પુરાતન ચંદ્રપ્રભજિનના મંદિરના અંત ભાગે અષ્ટાપદ પ્રાસાદ પૌષધશાલા સહિત બંધાવ્યો. એક બીજી પૌષધશાલા પણ કરાવી અને આવક માટે અટ્ટશાલા અને ગૃહમાલા કરાવી આપ્યાં. ભગવાન સોમનાથની રત્નખચિત મુંડમાળા રાજા વીરધવળના સંતોષ માટે કરાવી. તેજપાલે અહીં આદિજિનેન્દ્રનું મંદિર બંધાવ્યું. ઈ. સ. ૧૨૩૫માં વિનાયકની મૂર્તિ કરાવી. અનુપમાદેવીએ ઈ. સ. ૧૨૩૪માં મહાવીરના બિંબની પ્રતિષ્ઠા કરાવી. સોમનાથના મંદિર આગળ તેજપાલે પોતાની કીર્તિ માટે ડુંગર જેવા બે હાથીઓ અને એક ઘોડો કરાવ્યાં. દ્વિજના વેદપાઠ માટે બ્રહ્મશાલા અને સત્રાગાર કરાવ્યાં. વસ્તુપાલે કરાવેલ અષ્ટાપદના સ્તંભો અને સુંદર છત હાલ અહીંના જુમ્મામસ્જિદના પ્રવેશમંડપમાં છે; જ્યારે તેજપાલવાળા આદિનાથ મંદિરના સ્તંભો અને મંડપની છત માઈપુરિ મસ્જિદમાં છે.[૧]

---

૧ વસ્તુપાલ-તેજપાલના પ્રભાસમાં કરાવેલ જૈનમંદિરોની ચર્ચા આ અગાઉ 'સ્વાધ્યાય' પુસ્તક ૩, અંક ૩ (અક્ષય તૃતીયા, વિ. સં. ૨૦૨૨)માં "પ્રભાસપાટણનાં પ્રાચીન જૈનમંદિરો"એ શીર્ષક તળેના સચિત્ર લેખમાં વિસ્તારથી આ લેખના લેખકો કરી ચૂકયા છે.

(૬) કુહેડીગ્રામ :

તપોધનો માટે વસ્તુપાલે અભિરામ (આશ્રમ ?) કરાવ્યો.[૧]

(૭) કોટિનારી :

કોડીનારમાં વસ્તુપાલે નેમિનાથ ચૈત્યને ચંચધ્વજથી શોભિત કર્યું. અમ્બિકાના મંદિરનો ઉદ્ધાર કરી તેના પર હેમકલશ ચઢાવ્યો.

(૮) અજાહરપુર :

ઉના પાસેના અજારામાં મંત્રીશ્વર વસ્તુપાલે જિનાધીશ(પાર્શ્વનાથ ?)ના મંદિરનો ઉદ્ધાર કરી તેના શિખર પર કાંચનકલશ મુકાવ્યો. નિત્યપૂજા અર્થે ગામની બહાર વાટિકા અને વાપી કરાવ્યાં.

(૯) મધુમતી :

મહુવામાં જાવડી શ્રેષ્ઠીએ કરાવેલ વીરમંદિર પર વસ્તુપાલે ધ્વજા અને હેમકુમ્ભ મુકાવ્યાં.

(૧૦) તાલધ્વજપુર :

તળાજામાં વસ્તુપાલે ઋષભદેવનો પ્રાસાદ કરાવ્યો.

(૧૧) અર્કપાલિત :

પાલીતાણા ક્ષેત્રની નજીક આવેલા અંકીપલિય કે અત્યારે અંકેવાળિયાના નામે ઓળખાતાં ગામમાં વસ્તુપાલે જનકની ધર્મવૃદ્ધિ માટે શ્રી વીરજિનનું મંદિર કરાવ્યું. માતૃપુણ્યાર્થે પ્રપા, પિતૃપુણ્યાર્થે સત્ર, સ્વશ્રેયાર્થે વસ્તુપાલ સરોવર અને ગામલોકોના કલ્યાણ માટે શિવમંદિર અને પાન્થાવાસ કુટિ પણ કરાવ્યાં.

(૧૨) વલભી :

વલભીપુરમાં મલ્લદેવના શ્રેયાર્થે વસ્તુપાલે ઋષભપ્રભુના મંદિરનો ઉદ્ધાર કર્યો; કુપ, સુધાકુંડ અને પ્રપા કરાવ્યાં.

(૧૩) વિરેજયગ્રામ :

અહીં વસ્તુપાલ વિહાર કરાવ્યો, તેમ જ યાત્રિકોની સગવડ માટે સત્ર અને પ્રપા કરાવ્યાં. સંઘને ઊતરવા માટે પ્રતોલી સહિત સ્થાન કરાવ્યું. પાંચ મઠ કરાવ્યા.

(૧૪) વાલાક ભુંડ પદ્ર :

(વાળાક પંથક ?)માં વસ્તુપાલે વટકુપમંડપિકા કરાવી.

(૧૫) કલિગુંદીગ્રામ :

તેજપાળે અહીં પ્રપા અને વાપી કરાવ્યાં, વસ્તુપાલે તેની ડાબી બાજુએ ગાંગેયનું કલશયુક્ત મંદિર કરાવ્યું.

---

૧ કુહેડીગ્રામ તેમ જ લેખમાં આવતાં બીજાં કેટલાંક પ્રાચીન ગામોનાં અર્વાચીન નામો અંગે વાઘેલા યુગ પર મહાનિબંધ લખી પીએચ. ડી.ની ઉપાધિ મેળવનાર શ્રી નવીનચંદ્ર આચાર્ય હાલ સંશોધન કરી રહ્યા છે.

(૧૬) વર્ધમાનપુર :

વસ્તુપાલે વઢવાણમાં વર્ધમાન જિનેશનો હેમકુમ્ભદણ્ડવિભૂષિત બાવન જિનાલયવાળો પ્રાસાદ કરાવ્યો. સંઘરક્ષા માટે દુર્ગ કરાવ્યો. વીરપાલદેવના (મહાવીરના) પુરાતન દેવાલયનો ઉદ્ધાર કરાવ્યો. વાપી કરાવી અને બે સત્રાગારો કરાવ્યાં. આ મંદિરો કાળના ગર્ભમાં વિલીન થઈ ગયાં છે. (મહાવીરના મંદિરનો કેટલોક જૂનો ભાગ આ સમયનો લાગે છે.)

(૧૭) ધવલકક્ક :

વીરધવલના સમયમાં ધોળકા વાઘેલાઓનું પાટનગર હતું. અહીં વસ્તુપાલે શત્રુંજયાવતાર શ્રી નાભિજિનેશનો, વિશાલ બિંબ પ્રતિષ્ઠિત સુવર્ણ કલશયુક્ત ચતુર્વિંશતી પ્રાસાદ તેમ જ કપર્દીયક્ષનું મંદિર કરાવ્યું, પૌષધશાલા કરાવી, મુનિઓ માટે બીજી વસતી પણ કરાવી. રાણકભટ્ટારકના મંદિરનો ઉદ્ધાર કરાવ્યો તથા વાપી અને પ્રપા કરાવ્યાં. તેજપાલે અહીં ઉજ્જયંતાવતાર શ્રી નેમિનાથનો 'ત્રૈલોક્યસુંદર' પ્રાસાદ કરાવ્યો. અહીંની ટાંકા મસ્જિદમાં આ પૈકીના કેટલાક અવશેષો હોવા જોઈએ. વસ્તુપાલના મૂલમંદિરનું સ્થાન ધોળકામાં બતાવવામાં આવે છે, પણ તે મંદિર પ્રમાણમાં અર્વાચીન છે.

(૧૮) ધંધુક્કક :

વસ્તુપાલે ધંધુકામાં ચતુર્વિંશતી બિંબ અને વીરજિન સહિત અષ્ટાપદ ચૈત્ય કરાવ્યું. કુમારવિહારનો ઉદ્ધાર કરી એમાં મલનાયકની પ્રતિષ્ઠા કરી અને શિખર પર હેમકુમ્ભ મુકાવ્યાં. તેજપાલે અહીં મોઢવસતિમાં પાંચાલિકા(પૂતળી)વાળો રંગમંડપ કરાવ્યો. એ ઉપરાંત અહીં ત્રણ ધર્મશાલા, બે વિદ્યામઠ અને ત્રણ સત્રાગાર કરાવ્યાં. ધંધુકા અને હડાલાના પ્રાંતરમાં વીરધવળના સુકૃત માટે પ્રપા સહિત વાપી કરાવી.[૧]

(૧૯) ગણેશર :

વસ્તુપાલે અહીં ઈ. સ. ૧૨૩૫માં ગણેશ્વરના મંદિરનો મંડપ કરાવ્યો.

(૨૦) નવસારિકા :

સૌરાષ્ટ્ર પ્રદેશમાં કરાવેલ સુકૃત્યોના અવલોકન બાદ હવે લાટમાં તેમણે કરાવેલ કૃતિઓની નોંધ જોઈએ. નવસારીમાં તેજપાલે બાવન જિનાલયયુક્ત પાર્શ્વનાથનો પ્રાસાદ કરાવ્યો.

(૨૧) ગણદિવ્યાપુરી :

ગણદેવીમાં તેજપાલે નેમિચૈત્ય કરાવ્યું.

(૨૨) ઝીઝરીઆ ગ્રામ :

તેજપાલે (ઝગડિયામાં?) પ્રાસાદ, સરોવર અને વાપી કરાવ્યાં.[૨]

---

૧ વટેમાર્ગુઓ માટે રસ્તા ઉપર હશે.

૨ ભરૂચ પાસે ઝગડિયા એ ઝાંઝરિયા કદાચ હોઈ શકે. જિનહર્ષે આપેલા ગ્રામક્રમમાં તે બેસે છે ખરું?

(૨૩) ભૃગુકચ્છ :

અહીં ઉદયન મંત્રીના પુત્ર આમ્રભટ્ટે ઈ. સ. ૧૧૬૬માં પુનર્નિર્માણ કરેલા પ્રસિદ્ધ શકુનિકા વિહારમાં ૨૫ દેવકુલિકાઓ પર હેમદંડ સહિત કલ્યાણકુમ્ભ મુકાવ્યા. મંદિરનું પ્રતોલી–નિર્ગમ દ્વાર તારતોરણ સહિત નવું કરાવ્યું. ગૂઢમંડપમાં પોતાના અને લલિતાદેવીના શ્રેયાર્થે પરિકરયુક્ત અજિતનાથ અને શાંતિનાથની પ્રતિમાઓ તેમ જ તેની (કોડે ?) દક્ષિણમાં પોતાની અને લલિતાદેવીની મૂર્તિ કરાવી. એ શકુનિચૈત્યના મુખ પાસે આરસની બે દેવકુલિકાઓ કરાવી. (તેમાં ?) પાર્શ્વનાથ અને મહાવીરના બિમ્બ મુકાવ્યાં. મુનિસુવ્રતસ્વામીની ધાતુની મૂર્તિ કરાવી. જાંબુનદ અને ધાતુની ૨૦ જિન પ્રતિમાઓ પણ કરાવી. આ ભૃગુપુરમાં ચાર ચૈત્યો તેમ જ વાપી, કુપ, પ્રપાયુક્ત અભેદ્ય દુર્ગ કરાવ્યો. ગામ બહાર પુષ્પવન કરાવ્યું. તેજપાલે અહીં લેપમયી મૂર્તિઓ કરાવી, તેમ જ યુગાદીશના મંદિર પર હેમ મહાધ્વજ આપ્યો. ત્યાં ઉત્તર અને દક્ષિણે એમ બે દેવકુલિકાઓ કરાવી. ત્રણ કાંચનકુમ્ભ પધરાવ્યા. સ્નાત્ર પીઠ પર ધાતુ બિમ્બ પધરાવ્યાં. (નાગેન્દ્ર ગચ્છના ?) નાગેન્દ્રાદિ મુનિઓની લેપમયી પ્રતિમાઓની પોતાના ગુરુ (વિજયસેનસૂરિ ?) દ્વારા પ્રતિષ્ઠા કરાવી.

(૨૪) વડકૂષણપલ્લિ

વસ્તુપાલે અહીંના બે ચૈત્યમાં (અનુક્રમે) નાભેય અને નેમિનાથના બિંબની પ્રતિષ્ઠા કરાવી. સુવ્રતસ્વામીના ચૈત્યમાં હેમબિમ્બ મુકાવ્યું.

(૨૫) શુલકતીર્થ

વસ્તુપાલે સત્રાગાર કરાવ્યું.

(૨૬) વટપદ્ર

વડોદરામાં તેજપાલે પાર્શ્વજિનેન્દ્રનો મંદરોપમ વિશાળ પ્રાસાદ કરાવ્યો.

(૨૭) વત્કાટપુર

(આકોટા ?)માં આદિનાથના મંદિરનો તેજપાલે ઉદ્ધાર કરાવ્યો.

(૨૮) અસોવન ગ્રામ

તેજપાલે અર્હંત ચૈત્ય કરાવ્યું.

(૨૯) દર્ભાવતી

ડભોઈ વાઘેલાઓની પ્રિય ભૂમિ હતી. અહીં મંત્રીપુંગવોએ કેટલાંક મહત્ત્વનાં સુકૃત્યો કરાવેલાં. વસ્તુપાલે અહીંના વૈદ્યનાથ મંદિરના ૨૦ સુવર્ણ કલશો (પૂર્વે માલવાનો સુભટવર્મન હરી ગયેલો તે) નવા કરાવી મુકાવ્યા. એના ગર્ભગૃહની બહારની ભીંતમાં વીરધવલ, જૈતલદેવી, મલ્લદેવ, પોતાની તથા તેજપાલની મૂર્તિ કરાવી. દિનપતિ(સૂર્ય)ની પણ મૂર્તિ મુકાવી. ઉત્તરદ્વાર પાસે તોરણ કરાવ્યું. કાંચનકુમ્ભથી શોભતી બે ભૂમિકાવાળી વૃષમંડપિકા (નંદીમંડપ) કરાવી. એ મંદિરના અગ્રભાગમાં તેજપાલે જૈનમંદિર કરાવ્યું ને એના પર સુવર્ણના નવ કલશ મૂકાવ્યા. ત્યાં પ્રશસ્તિ મુકાવી. સ્વયંવર મહાવાપી કરાવી. કૈલાસપર્વત સમા તોરણયુક્ત, સુવર્ણ કુંભાંકિત પૂર્વજ મૂર્તિયુક્ત (૧૭૧ દેવકુલિકાઓના પરિવાર સાથે ?) પાર્શ્વજિનેશ્વરના ચૈત્યની રચના

કરાવી. ત્યાં વલાનકમાં ગજારૂઢ, રજતપુષ્પમાલાધારી માતા કુમારદેવીની પ્રતિમા મુકાવી. નગર ફરતો વિવિધભંગી વપ્ર (દુર્ગ) કરાવ્યો. રેવોરૂ સંગમે (વીરધવલના નામથી ?) વીરેશ્વર દેવનું મંદિર કરાવ્યું. કુમ્ભેશ્વર તીર્થમાં તપસ્વી મંડપ કરાવ્યો.

અત્યારે તો ડભોઈમાં વૈદ્યનાથ મહાદેવ કે પાર્શ્વનાથના મંદિરનો પત્તો નથી. વૈદ્યનાથ મંદિર સામે જે જૈનમંદિર હશે, કદાચ તેના અવશેષો ત્યાંના મહાલક્ષ્મીના નવા મંદિરમાં વપરાયા લાગે છે. ત્યાં લલાટબિમ્બ તરીકે દ્વારશાખામાં જિનમૂર્તિ છે. ડભોઈના કિલ્લાનાં ત્રણ દ્વારો—નાંદોદ, વડોદરા અને મહુડી—તેજપાલે બંધાવેલાં લાગે છે; જ્યારે પૂર્વ તરફની ગઢકાલિકાના મંદિરવાળી હીરા-ભાગોળ તો ત્યાંના પ્રશસ્તિલેખ અનુસાર વીસળદેવ વાઘેલાએ ઈ. સ. ૧૨૫૩માં બંધાવી છે. કલાની દૃષ્ટિએ આ દ્વારો કેવળ ગુજરાતના જ નહીં, સારાયે ભારતના ગૌરવ સમા છે.

(૩૦) પાવકગિરિ

પાવાગઢ પર તેજપાલે અર્હંતદેવનો સાર્વતોભદ્રપ્રાસાદ તેમ જ આદિજિનેશ, અજિતનાથ અને અર્બુદનાગનાં મંદિરો કરાવ્યાં. નેમિનાથ અને અમ્બિકાના મંદિરોનો ઉદ્ધાર કર્યો. પાવાગઢનાં આ તમામ મંદિરો સર્વથા નષ્ટ થયાં છે. એના પર રહેલાં સાત જૈન મંદિરો તો ૧૫મી શતાબ્દીનાં અને દિગમ્બર સંપ્રદાયનાં છે.

(૩૧) સ્તમ્ભનક

શેઢી નદીને કિનારે થાંભણામાં સ્તંભન પાર્શ્વનાથનું પ્રાચીન પ્રતિમાવાળું મંદિર હતું. એના શિખર પર વસ્તુપાલે કાંચન કુમ્ભદણ્ડ મુકાવ્યાં, એના ગૂઢમંડપમાં નાભેય અને નેમિનાથની અને જગતીમાં સરસ્વતીની પ્રતિમા કરાવી. મંદિર ફરતો નાગાકાર પ્રાકાર કરાવ્યો. વાપીનો ઉદ્ધાર કરાવી બે પ્રપા કરાવી.

(૩૨) સ્તમ્ભતીર્થ :

ગુજરાતમાં અણહિલવાડપાટણ પછીનું સૌથી મોટું જૈન કેન્દ્ર તો હતું ખંભાત. અહીં સચિવેશ્વર વસ્તુપાલે મોકળે મને સદ્ધર્મકૃત્ય કર્યાં છે. અહીં પોતાની પત્નીના કલ્યાણાર્થે મથુરાભિધાન અને સત્યપુરાભિધાનના જિનાલયો કરાવ્યાં. વલાનક અને ત્રિક, મોઢા આગળ પ્રતોલી, મઠ તથા અટ્ટમાં ૬ જિનબિંબની રચના કરી. અષ્ટમંડપ (અષ્ટાપદ મંડપ ?) સહિત આરસના ઉત્તાનપટ્ટ અને દ્વારપત્રયુક્ત બાવન જિનાલય કરાવ્યું. તેના પર બાવન પ્રૌઢ ધ્વજદંડ અને ઘટ મુકાવ્યાં. ત્રણ તોરણવાળી પાંચાલિકા(પુતળી)ની શ્રેણી કરાવી. ત્યાં પિતાના શ્રેયાર્થે શત્રુંજય અને ગિરનારના પ્રતિહસ્તક (પટ્ટ) કરાવ્યા ને એની આવક માટે બે હટ્ટિકા, ચાર ગૃહવાટિકા અને એક વાટિકા આપ્યાં. અહીંના પ્રાચીન શાલિગ જિનાલયના ગૂઢમંડપનો ઉદ્ધાર કરાવ્યો. એના ગર્ભગૃહના દ્વારે ખત્તકમાં પોતાની અને તેજપાલની મૂર્તિ મુકાવી; લક્ષ્મીધરના શ્રેયાર્થે એની પરિધિમાં અષ્ટાપદનો ઉદ્ધાર કરાવ્યો. રાણુક શ્રીઅંબડ અને વૈરિસિંહના પુણ્યાર્થે એની બાજુના ચૈત્યમાં બે અર્હત્બિંબ મુકાવ્યાં. ઋષભસ્વામીના કુમારવિહારમાં મૂલનાયક કરાવ્યાં, એના ૭૨ સુવર્ણકુમ્ભદણ્ડ સહિત નવાં કરાવ્યાં તથા બંને બાજુએ દેવકુલિકા કરાવી. મહાવીર અને પાર્શ્વનાથની પણ પ્રતિષ્ઠા કરાવી. પૌત્ર પ્રતાપસિંહની અને એના નાનાભાઈની

પુણ્યવૃદ્ધિ માટે અનુક્રમે નિર્ગમન દ્વાર અને વલાનકના પ્રવેશમાં એમ બે અર્હંતકુલિકાઓ કરાવી. ઓસવાલ ગચ્છીય પાર્શ્વનાથના જિનાલયમાં પોતાની અને તેજપાલની મૂર્તિ કરાવી; એના મોક્ષપુરદ્વારે તોરણના સ્તંભ પાસે મલ્લદેવની અને પોતાના કલ્યાણ માટે યુગાદિદેવની અને પોતાની પત્નીના શ્રેયાર્થે નાભેય અને વીરની મૂર્તિઓ કરાવી; એના ગૂઢમંડપમાં બે કાયોત્સર્ગજિન કરાવ્યાં. થારાપદ્ર ગચ્છીય શાંતિનાથ જિનાલયના વલાનક, ત્રિક અને ગૂઢમંડપનો ઉદ્ધાર કરાવ્યાં. કેલિકા ફઈ, ફુવા ત્રિભુવનપાલ અને પોતાના શ્રેયાર્થે અનુક્રમે સંભવનાથ, અભિનંદન જિન અને શારદા પટ્ટશાલામાં કરાવી પ્રતિષ્ઠિત કર્યાં. શત્રુંજયાવતારના મંદિરમાં નેમિનાથ અને પાર્શ્વનાથની બે દેવકુલિકાઓ કરાવી. ક્ષપણાર્દ્વસતિકાનો ઉદ્ધાર કરાવ્યો; એમાં ચંદ્રપ્રભનું બિંબ મુકાવ્યું. મઠ અને બે અટ્ટ કરાવ્યાં, રોહડીચૈત્યમાં અજયસિંહની મૂર્તિ કરાવી, અને એના કલ્યાણાર્થે નાભેયની મૂર્તિ કરાવી. બ્રહ્માણગચ્છીય નેમિનાથના જિનાલયમાં આદિનાથની દેવકુલિકા કરાવી. સંડેરગચ્છીય મલ્લિનાથ જિનાલયે લલિતાદેવીના શ્રેય માટે સીમંધર પ્રભુ અને (એના) ઉદ્દાર-મંડપમાં દેવકુલિકા સહિત યુગંધર, બાહુ, સુબાહુ અને જિનાધિપ સ્થાપ્યાં. ભાવડાચાર્યગચ્છીય પાર્શ્વજિનેશનો જિનત્રય નામક પ્રાસાદનો ઉદ્ધાર કર્યો. ચાહડ વિહારનું વલાનક કરાવ્યું; એમાં વચમાં ધાતુમય બિમ્બ મુકાવ્યું. આસરાજ-વિહારે પિત્તળનું સમવસરણ કરાવ્યું. સ્વકુલસ્વામી (કુલદેવ ?)ના મંદિર આગળ રંગમંડપ કરાવ્યો. તેજપાલે તેમાં માતાના શ્રેયાર્થે અરિષ્ટનેમિની પ્રતિમા મુકાવી, જૈન સાધુઓના નિવાસ માટે એક પૌષધશાલા કરાવી. મુનિઓ માટે બીજી પાંચ વસતી કરાવી.

ખંભાતમાં વસ્તુપાલે કેટલાક બ્રાહ્મણ મંદિરોને અનુલક્ષીને પણ સુકૃત કરાવેલાં: જેમ કે વીરધવલના શ્રેયાર્થે વૈદ્યનાથ મંદિરનો ઉદ્ધાર કરાવ્યો; એનો અખંડપદ મંડપ કરાવ્યો; એમાં મલ્લદેવની મૂર્તિ મુકાવી, ત્યાં સમીપમાં પૌત્ર પ્રતાપસિંહના કલ્યાણ માટે બન્ને બાજુ ગવાક્ષવાળી પ્રપા કરાવી. ભીમેશ્વરના મંદિર પર કલશ અને ધ્વજદંડ કરાવ્યાં; એના ગર્ભગૃહમાં પોતાની તથા તેજપાલની મૂર્તિ કરાવી; એની જગતીમાં વટસાવિત્રી-સદન સહિત લલિતાદેવીની મૂર્તિ કરાવી લોલાકૃતિ દોલા તથા મેખલા વૃષ કરાવ્યાં. પોતાના અને પોતાના બંધુના શ્રેયાર્થે તક્ર-વિક્રય વેદિકા-સ્થાન કરાવ્યું. બકુલાદિત્યના મંદિર આગળ સુધામંડપ કરાવ્યો. ત્યાં મંદિર આગળ ઉત્તાનપટ્ટ (ફરસબંધી ?) કરાવ્યું. યશોરાજ નામક શિવાલય કરાવ્યું. વીરધવલના ઉલ્લાસ માટે ઈંદુમંડલિ શિવાલય કરાવ્યું. નગરના ઉપકાર માટે કૃષ્ણનું ઈંદિરા સહિત મંદિર કરાવ્યું. દ્વિજરાજ માટે બ્રહ્મપુરી કરાવી અને તેર વાટિકા આપી. ષટ્કર્મનિરત બ્રાહ્મણોને શાસન કરાવી રામપલ્લડિકા ગ્રામ આપ્યું. કૂપ, આરામ, પ્રપા, તટાક, વાટિકા, બ્રહ્મપુરી અને શૈવમઠની રચના કરાવી. જલસ્થલ (બંદર) પર આવતા વણિજો (વેપારીઓ)ની સગવડ માટે શુલ્કમંડપિકા (જકાતની માંડવી) કરાવી. મહિસાગર સંગમે શંખ સાથેના યુદ્ધના સમયે રણમાં પડેલ રાજાઓના કલ્યાણાર્થે ભુવનપાલશિવના મંદિરમાં દશ દેવકુલિકાઓ કરાવી. એની જગતીમાં ચંડિકાયતન અને રત્નાકરનું મંદિર કરાવ્યું.

(૩૩-૩૪) આશાપલ્લિ અને કર્ણાવતી

અત્યારના અમદાવાદને સ્થાને, આ બન્ને નગરો સોલંકીયુગમાં વિદ્યમાન હતાં. અહીં ખાસ તો તેજપાલે જ સુકૃતો કરાવ્યાં લાગે છે. એણે અહીં (આશાપલ્લિમાં) હેમકુમ્ભાવલીયુક્ત આરસનું

નંદીશ્વરાવતાર ચૈત્ય કરાવ્યું. શત્રુંજયાવતારના પ્રાસાદ પર હેમધ્વજ ચઢાવી. ઉદયન વિહારમાં બે ખત્તક કરાવી પોતાના પુત્રના શ્રેયાર્થે વીર અને શાંતિજિનની પ્રતિમા સ્થાપી. શાંતૂવસતીમાં માતાના પુણ્યોદય માટે મૂલનાયક કરાવ્યા. વાયરીય વસતીમાં પણ માતાના કલ્યાણ માટે મૂલનાયક કરાવ્યા. કર્ણાવતીમાં વિંશતી જિનાલય પર હેમકુમ્ભ ચડાવ્યા.

(૩૫) પત્તન

ગુજરાતના ગરવા પાટનગર પાટણમાં તો અનેક દેવમંદિરો હતાં. સ્તંભતીર્થની જેમ અહીં પણ પૂર્વે રચાઈ ગયેલા કેટલાયે પ્રાસાદોની હકીકત પરોક્ષ રીતે જાણવા મળે છે. અન્ય ગ્રંથોમાંથી આ પ્રાસાદોના અસ્તિત્વ વિષે આધારભૂત માહિતી મળતી હોઈ જિનહર્ષે આપેલી હકીકતો કેટલી ચોક્કસ છે એનો ખ્યાલ આવે છે. અહીંનાં સુકૃતો મોટે ભાગે તેજપાલે કરાવેલાં જણાય છે. પંચાસરા પાર્શ્વનાથનો આમૂલચૂલ ઉદ્ધાર કરાવી એમાં મૂલનાયક સ્થાપી એ પ્રાસાદને હેમકુમ્ભથી વિભૂષિત કર્યો. ગજ, અશ્વ, નરથરની રચનાવાળો ભગવાન શાંતિનાથનો ૭૨ દેવકુલિકાયુક્ત આસરાજ વિહાર કરાવ્યો; એના પર કુલ ૭૭ સુવર્ણ કલશો ચઢાવ્યા. તે પ્રાસાદની ડાબી બાજુ કુમારદેવીના પુણ્યાર્થે અજિતસ્વામીનું ચૈત્ય કરાવ્યું; એમાં કુમારદેવીની ગજારૂઢ મૂર્તિ મુકાવી. કુમારવિહાર ચૈત્ય પર સાત તામ્રકલશ ચઢાવ્યા.

આહડદેવના ચૈત્યમાં મુખમંડપ કરાવ્યો અને તે મંદિરમાં નેમિનાથની ધાતુપ્રતિમા પધરાવી, કોરંટવાલ ગચ્છીય ચૈત્યમાં ચંદ્રપ્રભ-જિન કરાવ્યા. ખંડેરવાલ વસતીમાં કાયોત્સર્ગ જિનયુગ્મ કરાવ્યું. શાંતૂવસતિકાનો જીર્ણોદ્ધાર કરાવી તેના પર હેમકુમ્ભ ચઢાવ્યો. મલ્લિનાથ જિનાધીશના મંદિરનો ઉદ્ધાર કરાવ્યો. (મુ ? ૭) કેશવસતીમાં મોટું (જિન)બિમ્બ કરાવ્યું. વીરાચાર્ય જિનાગારમાં ગજશાલા કરાવી. તેમાં અષ્ટાપદાવતારનું ઉન્નતચૈત્ય કરાવ્યું. રાજવિહાર પર નવા કાંચન કલશ કરાવ્યા. મૂલનાથજિનનો કલશ કરાવ્યો. શીલશાળી મુનિઓ માટે (૧૦૦ ?) ધર્મશાળા કરાવી. નાગેન્દ્રગચ્છના સાધુઓ માટે ત્રણ મજલાવાળો ઉપાશ્રય કરાવ્યો; ત્યાં સત્રાલયની શ્રેણી કરાવી.

(૩૬) બાઉલા ગ્રામ

તેજપાલે અહીં નેમિનાથનું મંદિર કરાવ્યું.

(૩૭) નગર

વડનગરમાં તેજપાલે આદિજિનેશના પ્રાસાદનો સમુદ્ધાર કર્યો. આ મંદિર અને એની સામેની બે દેવકુલિકાઓ દશમા શતકના અંતભાગે થયેલી. મૂળમંદિરના વેદીબન્ધ સુધીનો ભાગ કાયમ રાખી ઉપલો તમામ ભાગ તેમ જ ગૂઢમંડપ અને ત્રિક તેજપાળે નવેસરથી કરાવેલાં. મૂળમંદિરનો જંઘાથી ઉપરના સમસ્ત ભાગનો ૧૮મી શતાબ્દીમાં ફરીને ઉદ્ધાર થયો છે.

(૩૮) વ્યાઘ્રપલ્લિ

વાઘેલમાં પૂર્વજોએ કરાવેલ જિનમંદિરનો ઉદ્ધાર કરાવ્યો.

(૩૯) નિરીન્દ્રગ્રામ

વોળા નામના વાલીનાથના મંદિરનો ઉદ્ધાર કર્યો.

(૪૦) સીંદુલ ગ્રામ મંડલ

શ્રી વીર-જિનના મંદિરમાં કશુંક કરાવ્યું.

(૪૧) ગોધ્રા :

ગોધરામાં ચાર (જિન)વેશ્મ કરાવ્યાં, ગિરીન્દ્ર સમો ઉત્તુંગ ગજ, અશ્વ રચનાંકિત ચતુર્વિંશતી અજિતસ્વામી તીર્થેશનો પ્રાસાદ તેજપાળે કરાવ્યો.

(૪૨) મંડલિ :

માંડલમાં આદિ જિનેન્દ્રની વસતી કરાવી. મોઢ અર્હંતવસતીમાં મૂલનાયક પધરાવ્યા. કુમાર જિનાલયનો ઉદ્ધાર કરાવ્યો.

(૪૩) શંખેશ્વર :

અહીં સુપ્રસિદ્ધ પાર્શ્વનાથના ચૈત્યનો ઉદ્ધાર કરી તે નવું કરાવ્યું. તેની દેવકુલિકાઓ પર હેમકુમ્ભો મુકાવ્યા.

(૪૪) સેરિસક :

સેરિસામાં મળેલા પબાસણોના લેખોના આધારે પાર્શ્વનાથ ભવનમાં મલ્લદેવ અને પુણ્ય-સિંહના પુણ્યાર્થે નેમિ અને વીર ખત્તકમાં સ્થાપ્યાં. ચૈત્ય પર કાંચનકુમ્ભ મુકાવ્યાં. ચાર ચતુ-ષ્કિકાઓ કરાવી અને ધર્મશાળાનો ઉદ્ધાર કિર્યો. જિનપૂજન અર્થે વાપી પ્રપાયુક્ત વાટિકા આપી. પ્રપાયુક્ત સત્રાગાર કરાવ્યું.

(૪૫) પ્રહ્લાદનપુર :

પાલણપુરમાં જિનવેશ્ય પર હેમકુમ્ભ મુકાવ્યાં. વામખત્તકમાં મોટું બિમ્બ મુકાવ્યું. ત્યાં બલાણકનો ઉદ્ધાર કર્યો. પોતાના પુણ્ય માટે (વસ્તુપાળે ?) વસતી કરાવી.

(૪૬) ભીમપલ્લી :

ભીલડિયામાં સુવર્ણકુમ્ભયુકત પાર્શ્વનાથના ઉન્નત મંદિરનું નિર્માણ કરાવ્યું. ગૌરીશંકર સંયુકત રાણકેશ્વર પ્રાસાદ (વીરધવળના શ્રેયાર્થે હશે ?) કરાવ્યો.

(૪૭) કર્કરાપુરી :

કાકરમાં આદિ-જિનેશનો પ્રાસાદ કરાવ્યો તથા નરેન્દ્રની (ભીમદેવની કે વીરધવળની ?) અને પોતાની ધાતુનિર્મિત પ્રતિમાઓ (વસ્તુપાળે) ખત્તકે સ્થાપી.

(૪૮) આદિત્યપાટક :

ચૈત્ય અને ધાતુબિમ્બ કરાવ્યાં.

(૪૯) વાય(ડ?) ગ્રામ :

(વાયડ?)માં વીર જગતગુરુ(મહાવીર)ના ચૈત્યનો ઉદ્ધાર કર્યો.

(૫૦) સૂર્યપુર :

ભાસ્વતવેશ્મનો ઉદ્ધાર કર્યો. વેદપાઠીઓ માટે બ્રહ્મશાલા કરાવી. એક વિદ્યાર્થીઓ માટે અને બીજું સાર્વજનિક એમ બે સત્રાગાર કરાવ્યાં.

(૫૧) થારાપદ્ર :

થરાદમાં કુમારવિહારના સહોદર સમું નવીન જૈનમંદિર કરાવ્યું. જિનાગારમાં તેજપાળે અનુપમાદેવીના શ્રેયાર્થે મૂળનાયકની સ્થાપના કરી.

(૫૨) ઉમ્બારસીજગ્રામ :

વસ્તુપાળે પ્રપા અને પાન્થકુટિ કરાવી, અદરકુપમાં પ્રપા કરાવી.

(૫૩) વિજાપુર :

શ્રી વીર અને નાભેયનાં જિનાલયો હેમકુમ્ભાંકિત કર્યાં.

(૫૪) તારંગા :

કુમારવિહારમાં નાભેય અને નેમિજિન ખત્તકમાં પ્રતિષ્ઠિત કર્યા, જેના લેખો મોજૂદ છે.

ગુજરાતને અડીને આવેલ અર્બુદમંડલ અને સત્યપુર(સાંચોર)મંડલ એ સમયે સોલંકીઓના આધિપત્ય નીચે હતાં; તે પ્રદેશની નગરીઓમાં પણ વસ્તુપાલ યા તેજપાળે તીર્થ સુકૃત્યો કરાવેલાં.

(૫૫) ચંદ્રાવતી :

(તેજપાળે ?) પોતાના પુણ્ય માટે વસતી કરાવી.

(૫૬) કાશહ્રદ :

કાસીન્દ્રામાં વસ્તુપાળે અમ્બાલય કરાવ્યું અને તેજપાળે નાભેય ભવનનો ઉદ્ધાર કર્યો. વસ્તુપાળનું આ મંદિર નાભેયના મંદિરને કાટખૂણે કરાવેલું જેના ખંડિયેરના પથ્થરો રોહિડાના લોકો થોડાં વર્ષ પહેલા લઈ ગયેલા. આદિનાથનું મંદિર અને દેવકુલિકાઓ તો ઈ. સ. ૧૦૩૧માં બનેલાં. એના રંગમંડપનો ૧૩મી શતાબ્દીમાં ઉદ્ધાર થયાનાં નિશાનો સ્પષ્ટ છે.

(૫૭) અર્બુદગિરિ

બંને બાજુ હદ સહિત પદ્યા કરાવી.[૧૫] દંડેશ વિમલના મંદિરમાં મલ્લદેવના શ્રેયાર્થે મલ્લિનાથની પ્રતિષ્ઠા (ઈ. સ. ૧૨૨૨) ખત્તકમાં કરાવી. જિનેન્દ્રભવન ૨૪ સુવર્ણ દંડકલશથી અલંકૃત કર્યું. પ્રદ્યુમ્ન, શામ્બ, અમ્બા અને અવલોકનાં શિખરો કરાવ્યાં. તેજપાળે આરસના અદ્યાપિપર્યંત ઊભા રહેલા જગવિખ્યાત લુણવસહી મંદિરની ઈ. સ. ૧૨૩૨માં રચના કરી અને મૂલપ્રાસાદ, ગૂઢમંડપ, ત્રિક, રંગમંડપ, વલાનક અને ૪૮ દેવકુલિકાઓથી એને શણગાર્યું. આ ઉપરાંત વસ્તુપાળ તેમ જ તેજપાલે અંચલેશ્વર વિભુના મંડપનો તેમ જ શ્રીમાતાના મંદિરનો ઉદ્ધાર કરાવ્યો.

(૫૮) સત્યપુર

સત્યપુર જિન(મહાવીર)ના મંદિરમાં દેવકુલિકા યુગ્મ કરાવ્યું. (પૂર્વે) હરણ કરાયેલા ચંદ્રપ્રભનું અધિવાસન કર્યું.

રાજસ્થાનના જરા સુદૂરના પ્રદેશોમાં પણ મંત્રી વસ્તુપાળે તીર્થધામો કરાવ્યાના ઉલ્લેખ ‘ વસ્તુપાળ ચરિત ’માં મળી આવે છે.

(૫૯) નાગપુર

નાગોરમાં સત્રાલય શરૂ કરાવ્યું. પાર્શ્વનાથના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. ચતુર્વિંશતી જિનાલય કરાવ્યું.

(૬૦) શંખપુર

શાંતિનાથનું મંદિર કરાવ્યું. શામ્બ વસતીમાં નાભેયનું ભવન કરાવ્યું.

(૬૧) દેવપલ્લિ

જિન ચૈત્ય કરાવ્યું.

(૬૨) ખેટ (ક)

ખેડનગરમાં જિન ચૈત્ય કરાવ્યું.

(૬૩) (જા?) વટનગર

નવું નેમિવેશ્મ કરાવ્યું.

(૬૪) ખદિરાલય

વસ્તુપાળે નાભેય જિનેન્દ્રનું મંદિર કરાવ્યું; અને તેજપાળે ત્રિશલાદેવીનું ભવન કરાવ્યું.

(૬૫) ચિત્રકૂટ

ચિતોડમાં પહાડી પર યુગાદિ જિનાગાર કરાવ્યું.

જિનહર્ષની નોંધો પરથી એમ જણાય છે કે વસ્તુપાળે મહારાષ્ટ્ર, મધ્યભારત અને છેક દિલ્હી સુધી તીર્થધામો કરાવેલાં.

(૬૬) નાસિકયપુર

નાસિકના જિનવેશ્મમાં ખત્તકમાં જિનબિમ્બ કરાવ્યાં.

(૬૭) વસંત સ્થાનક અવંતિ

જિનાલયના ખત્તકમાં જિનબિમ્બ મુકાવ્યાં.

(૬૮) સૂર્યાદિત્યપુર

ઋષભ-પ્રભુનું મંદિર કરાવ્યું.

(૬૯) ગોપગિરિ

ગ્વાલિયરમાં જિનમૂર્તિ સ્થાપી. આમ સરોવરની પાળે શાંતિ-જિનાલય કરાવ્યું. પોતાના હિત માટે ધર્મચક્ર સહિતનું ધાતુબિમ્બ કરાવ્યું.

(૭૦) યોગિનીપુર

દિલ્હીમાં ગોમટાકારમાર્હત (બહુબલી)નું ઉન્નત ચૈત્ય કરાવ્યું. સમ્મેતશિખરથી લાવેલ વજ્રબિંબ અને ચક્રેશ્વરી મહાદેવી સ્થાપ્યાં.

જિનહર્ષનાં કેટલાંક વિધાનો તદ્દન સ્પષ્ટ નથીઃ જેમ કે આશાપલ્લિ પાસે કે કોઈ બીજે સ્થળે મોટે ભાગે તો વસ્તુપાળે પોતાના નામથી નગર વસાવી તેમાં તીર્થાધિપ વર્ધમાન જિનેશનું હેમકુમ્ભવાળું નગોપમ દેવાલય કરાવેલું ને ત્યાં વીરધવલના સુકૃત્ય માટે ગજ અને વાજિ નરથરવાળા બ્રહ્માનો પ્રાસાદ કરાવ્યો.

જિનહર્ષે નોંધેલી હકીકતો આમ તો શંકાથી પર છે પણ દ્વારકાના ઉપલક્ષમાં કહેલી વાતો અત્યંત વિવાદાસ્પદ ગણવી જોઈએ. જિનહર્ષ કહે છે કે તેજપાળે (?) ગોમતીસાગર સંગમે ઉત્તુંગ નેમિચૈત્ય કરાવ્યું, હવે આ સ્થાને તો દ્વારકાધીશ શ્રીકૃષ્ણનું મંદિર છે. સાંપ્રતકાળે જૈનોમાં એવી માન્યતા છે કે આ મંદિર નેમિનાથનું હતું અને જો એમ હોય તો એ તેજપાળની (?) કૃતિ ઠરે. પણ દ્વારકાધીશના મંદિરના મૂલપ્રાસાદ તેમ જ કપિલીનો ભાગ તો સિદ્ધરાજના સમય જેટલાં પુરાણાં છે અને એમાં સ્પષ્ટ રીતે જ વૈષ્ણવ શિલ્પચિહ્ન છે. એનું આયોજન પણ બ્રાહ્મણીય પ્રથાને અનુસરે છે, બ્રાહ્મણ ધર્મીઓનો જૈનો પર એક આક્ષેપ એ છે કે તેઓ કેટલાંક બ્રાહ્મણ તીર્થધામોને અસલમાં જૈન હતાં તેવું મનાવે છે. હવે હકીકત એ છે કે વર્તમાન દ્વારકામાં જૈન પ્રતિમાઓના કોઈ અવશેષો મળતા જ નથી, તો પછી જિનહર્ષે આવી નોંધ કેમ કરી હશે ? આ સંબંધે વિચારતાં એમ લાગે છે કે દ્વારકાધીશનું મંદિર નેમિનાથનું હોવાની માન્યતા પંદરમી શતાબ્દીમાં પણ જૈનોમાં પ્રચલિત હશે અને એ આધારે જિનહર્ષે દ્વારકાધીશના મંદિરનું નામ પાડ્યા સિવાય ગોમતીસાગર સંગમે તેજપાલ (?) નિર્મિત નેમિચૈત્યની વાત લખી હોય અથવા તો દ્વારકાધીશના મંદિરની સામેના ભાગમાં કે બાજુમાં ક્યાંક હોય પણ ખરું. પણ એનું કંઈ જ નક્કર પ્રમાણ નથી એ આશ્ચર્યજનક ગણાય. દ્વારકાધીશ અને રુક્મિણીનાં પુરાણાં મંદિરો જળવાઈ રહે તો નેમિનાથનું જબરું મંદિર સર્વથા નષ્ટ થઈ જાય તેમ માનવું તર્ક સુસંગત લાગતું નથી. જિનહર્ષ વધુમાં નોંધે છે કે શંખોદ્ધાર દ્વીપમાં તેજપાળે પ્રથમાર્હત્‌નું મંદિર કરાવ્યું અને વીરધવલના શ્રેયાર્થે શંખેશ્વરનો ઉદ્ધાર કરાવ્યો. આ વાતોમાં તથ્ય હોઈ શકે છે.

અહીં એકત્ર કરેલી આ વિષય પરની માહિતી ઉપરાંત પણ આ બન્ને બંધુઓનાં અન્ય સુકૃત્યો હશે જે અંગે ભવિષ્યમાં સામગ્રી ઉપલબ્ધ થશે તો પુરવણીરૂપે એક લેખ આપવા લેખકોનો સંકલ્પ છે.[1]

---

1 દેલવાડામાં મંદિરોના ઝૂમખાવાળા ચઢાણના ઉપલક્ષમાં હશે ?

મદનભ્રમરાજાનો પ્રબન્ધ: એક અવલોકન

જયન્ત પ્રે. ઠાકર

ભર્તૃહરિનું એક સુભાષિત છે:—

दानं भोगो नाश-
स्तिस्रो गतयो भवन्ति वित्तस्य ।
यो न ददाति न भुङ्क्ते
तस्य तृतीया गतिर्भवति ॥

અર્થાત–બીજાને અર્પણ કરવું, પોતે ભોગવવું અને નાશ પામવું એ ત્રણ ધનની ગતિઓ છે; જે આપતો યે નથી અને ભોગવતો યે નથી તેના ધનની ત્રીજી ગતિ—એટલે કે નાશ–થાય છે.

આ સૂક્તિને જીવનમાં ઉતારનાર એક રાજાની કથા મધ્યયુગીન જૈન કર્તાઓના કેટલાક સંસ્કૃત પ્રબન્ધગ્રન્થોમાં જોવા મળે છે. રાજશેખરસૂરિકૃત **પ્રબન્ધકોશ**[1] (ઈ. સ. ૧૩૪૯)ના પૃષ્ઠ ૯૦ થી ૯૩ પર આવેલ પ્રબન્ધક્રમાંક ૨૧નું નામ **'મદનવર્મપ્રબન્ધ'** છે, જ્યારે **પુરાતનપ્રબન્ધસંગ્રહ**[2]ના પૃ. ૨૪-૨૫ પર આવેલા પંદરમા પ્રબન્ધને **'મદનબ્રહ્મ-જયસિંહદેવ-પ્રીતિપ્રબન્ધ'** કહ્યો છે તથા **લઘુપ્રબન્ધસંગ્રહ**[3]ના પૃ. ૩ થી ૯ પર છપાયેલ પ્રબન્ધાંક ૨નું નામ **'મદનભ્રમમહારાજપ્રબન્ધ'** એવું આપવામાં આવ્યું છે. આ ઉપરાંત આ પ્રબન્ધનો પ્રધાન પ્રસંગ **પુરાતનપ્રબન્ધસંગ્રહ**ના પૃ. ૨૩ પર રજૂ થયેલા પ્રબન્ધાંક ૧૩માં પણ મળે છે, જે પ્રબન્ધનું નામ **'ધારાધ્વંસ-પ્રબન્ધ'** રાખવામાં આવેલું છે. વિ. સં. ૧૪૯૨ (ઈ. સ. ૧૪૩૬)માં રચાયેલ જિનમણ્ડનગણિકૃત **કુમારપાલપ્રબન્ધ**ના પ્રારંભમાં જ—જૈન આત્માનંદ સભા, ભાવનગર દ્વારા વિ. સં. ૧૯૭૧ (ઈ. સ. ૧૯૧૫)માં પ્રકાશિત થયેલ આવૃત્તિના પત્ર ૮-૯ ઉપર—આ કથા આપવામાં આવી છે. પરંતુ આ વાચનામાં કશું વૈશિષ્ટ્ય નથી. તેની વાચનામાં **પ્રબન્ધકોશ**માં નિરૂપાયેલી કથાનું જ અનુસરણ છે—ઘણે સ્થળે તો શબ્દશઃ સામ્ય છે. આથી જિનમણ્ડને રજૂ કરેલી વાચનાને સ્વતંત્ર વાચનાનું મહત્ત્વ આપવાની જરૂર નથી. આ રીતે આપણી પાસે પ્રસ્તુત કથાની ચાર વાચનાઓ છે એટલે આપણે તે ચારનો જ વિમર્શ કરવાનો રહે છે.

---

૧ મુનિશ્રી જિનવિજયજી સંપાદિત, સિંધી જૈન ગ્રન્થમાળા, ગ્રન્થાંક ૬, શાન્તિનિકેતન, ઈ. સ. ૧૯૩૫.

૨ મુનિશ્રી જિનવિજયજી સંપાદિત, સિંધી જૈન ગ્રન્થમાળા, ગ્રન્થાંક ૨, કલકત્તા, ઈ. સ. ૧૯૩૬.

૩ મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા તરફથી મ. સ. વિશ્વવિદ્યાલય સંશોધન ગ્રન્થમાળામાં ટૂંક સમયમાં પ્રસિદ્ધ થનાર આ લેખક વડે સમ્પાદિત ગ્રન્થ.

રાજશેખરસૂરિનો **પ્રબન્ધકોશ**, તેને અન્તે મૂકેલ ગ્રન્થપ્રશસ્તિમાં જણાવાયું છે તે મુજબ,[1] વિ. સં. ૧૪૦૫ (ઈ. સ. ૧૩૪૯)માં રચાયો હતો. **પુરાતનપ્રબન્ધસંગ્રહ**માં તો ભિન્ન ભિન્ન સમયે રચાયેલા અને વિવિધ હસ્તલિખિત ગ્રન્થોમાં સચવાયેલા પ્રબન્ધોને વિષયાનુસાર વ્યવસ્થિત ગોઠવીને પ્રકટ કરવામાં આવ્યા છે. તેના જે બે પ્રબન્ધોમાં પ્રસ્તુત કથા આપેલી છે તે બન્ને B પ્રતીકથી ઓળખાવવામાં આવેલા હસ્તલિખિત ગ્રન્થમાંથી લેવામાં આવ્યા છે, અને તે ગ્રન્થનું સંકલન વિ. સં. ૧૫૦૦ (ઈ. સ. ૧૪૪૪) પહેલાં થયું હોવું જોઈએ તેમ **પુરાતન-પ્રબન્ધસંગ્રહ**ના વિદ્વાન સમ્પાદક મુનિશ્રી જિનવિજયજી માને છે.[2] **લઘુપ્રબન્ધસંગ્રહ**ની એક જ હસ્તપ્રત પ્રાપ્ત થઈ છે, જેનો લેખનસમય વિ. સં. ૧૪૬૫ (= ઈ. સ. ૧૪૦૯) છે.[3] બીજા કેટલાક મુદ્દાઓનો વિમર્શ કરતાં એવું અનુમાન થઈ શકે છે કે તેની રચના ઈ. સ. ૧૨૪૩ અને ઈ. સ. ૧૪૦૯ દરમિયાન થઈ હશે. ટૂંકમાં કહીએ તો જે પ્રબન્ધગ્રન્થોમાંની પ્રસ્તુત પ્રબન્ધની વાચનાઓનું અવલોકન અહીં કરવા ધાર્યું છે તે ગ્રન્થો ઈ. સ. ૧૨૪૩ થી ૧૪૪૪ સુધીમાં રચાયેલા છે, અર્થાત્ ઈ. સ.ના તેરમા શતકના મધ્યભાગથી પંદરમા શતકના મધ્યભાગ પર્યન્તનાં બસો વર્ષમાં આ કથાનું ખેડાણ સંસ્કૃત પ્રબન્ધકારોએ સવિશેષ કર્યું છે.

આ ગ્રન્થોમાંના પ્રસ્તુત રાજા સાથે સંબંધ ધરાવતા પ્રબન્ધોનાં નામો ઉપરથી સ્પષ્ટ જણાય છે કે તે રાજા આ પ્રબન્ધકથાઓની ચાર પરમ્પરાઓમાં જુદાં જુદાં ત્રણ નામે ઓળખાયો છે. **પ્રબન્ધકોશ (પ્ર. કો.)**માં તેનું નામ 'મદનવર્મા' આપવામાં આવ્યું છે, જ્યારે **પુરાતન-પ્રબન્ધસંગ્રહ (પુ. પ્ર. સં.)**માં તેને 'મદનબ્રહ્મ' કહ્યો છે અને **લઘુપ્રબન્ધસંગ્રહ (લ. પ્ર. સં.)**માં તો તે 'મદનભ્રમ' તરીકે ઓળખાયો છે. એ સંભવિત છે કે તેની ફોઈએ પોતાના ભત્રીજાનું નામ 'મદન**ભ્રમ**' તો ન જ પાડયું હોય, છતાં 'મદનબ્રહ્મ' તો પાછળથી સુધારેલું રૂપ હોય એમ જણાય છે. વસ્તુતઃ તો એવું લાગે છે કે 'મદન**વર્મા**' એ તેનું મૂળ નામ હશે. આપણી પ્રાચીન પરમ્પરા પણ બ્રાહ્મણને 'શર્મા' અને ક્ષત્રિયને 'વર્મા' કહે છે. પાછળથી, ઘણું કરીને લહિયાની ભૂલને પરિણામે, આ નામ 'મદન**બ્રહ્મ**'માં રૂપાંતર પામ્યું હશે; અને 'બ્રહ્મ' શબ્દનો ઉચ્ચાર ઘણા નિરક્ષર માણસો 'ભ્રમ' એવો કરે છે તે તો સર્વવિદિત હકીકત છે, તેથી ઉચ્ચારની વિશિષ્ટતાએ તેને 'મદન**ભ્રમ**' બનાવ્યો હશે એવું અનુમાન સહેજે કરી શકાય છે. અને આ લેખમાં આલેખાયેલા તેના જીવનચરિત પરથી તેના આ 'મદન**ભ્રમ**' નામની સાર્થકતા સમજી શકાશે!

તેનું નામ ગમે તે હોય, પરંતુ તે રાજા ગુજરાતના સુવર્ણયુગના વિધાયક મહારાજા સિદ્ધરાજ જયસિંહ (ઈ. સ. ૧૦૯૪-૧૧૪૩)નો સમકાલીન ઇતિહાસપ્રસિદ્ધ ચન્દેલ વંશનો રાજા મદનવર્મા જ હોય, જેણે બુંદેલખંડની રાજધાની મહોબામાં ઈ. સ. ૧૧૨૯ થી ૧૧૬૩ સુધી

---

૧ જુઓ અન્તે આપેલી ગ્રન્થકારપ્રશસ્તિનો અન્તિમ—આઠમો—શ્લોક:

शरगगनमनुमिताब्दे ज्येष्ठामूलीयधवलसप्तम्याम् ।
निष्पन्नमिदं शास्त्रं श्रोत्रश्रेत्रोः सुखं तन्यात् ॥ પૃ. ૧૩૧.

૨ **પુરાતનપ્રબન્ધસંગ્રહ**નું પ્રાસ્તાવિક વક્તવ્ય, પૃ. ૧૧.

૩ **લઘુપ્રબન્ધસંગ્રહ**, પૃ. ૨.

શાસન ચલાવેલું—એવો ગુજરાતના મહાન્ ઇતિહાસસંશોધક સ્વ. દુર્ગાશંકર શાસ્ત્રીનો મત છે.[૧] આમ આ કથાનો નાયક એક ઐતિહાસિક વ્યક્તિ હોવાથી તેનું મહત્ત્વ ઓર વધી જાય છે.

ઉપરિનિર્દિષ્ટ ચારે વાચનાઓમાં કેટલેક અંશે સામ્ય હોય, પણ સાથે જ કેટલેક અંશે ભિન્નતા પણ હોય, એકમાં આવતી હકીકત બીજામાં બિલકુલ હોય નહિ, તો ત્રીજામાં વળી તેનું સ્વરૂપ જ બદલાઈ ગયું હોય; આ પરિસ્થિતિ સ્વાભાવિક છે. તથાપિ તે ચારેના સમન્વયના સારરૂપે ખરેખર એક સુંદર રુચિકર કથા ઊપસી આવે છે. એ કથાનો કંઈક પરિચય સાધવાનો તથા તેનું સંક્ષિપ્ત અવલોકન કરવાનો અહીં ઉદ્દેશ છે.

પ્ર. કો. પ્રમાણે તે પૂર્વમાં આવેલ મહોબકપુરનો રાજા હતો. **પુ. પ્ર. સં.** તેની રાજધાનીનું નામ ઉત્તમ નગરી કાન્તીપુરી આપે છે, જ્યારે **લ. પ્ર. સં.** આ કાન્તીપુરીને વંગાલ દેશમાં અર્થાત્ બંગાળામાં સ્થાપે છે. ટૂંકમાં, તે બુંદેલખંડની રાજધાની મહોબકપુર અર્થાત્ મહોબાનો રાજા મદનવર્મા. તેનો સર્વમુદ્રાધિકારી સર્વમન્ત્રિશ્રેષ્ઠ અમાત્ય હતો માંઇ દેવ, સેનાપતિ હતો સાંઈદેવ, દ્વારપાલ અર્થાત્ કોટવાળ[૨] હતો માધવદેવ તથા શલ્યહસ્ત હતો મલ્હૂ. **પુ. પ્ર. સં.** અનુસાર તેને ૫,૦૦૦ પરિણીત રાણીઓ હતી તથા ૩૬,૦૦૦ પિણ્ડવિલાસિનીઓ હતી. **લ. પ્ર. સં.** રાણીઓની સંખ્યા ૫,૫૮૫ આપે છે અને ભોગપત્નીઓની સંખ્યા ૯,૦૮૦ આપે છે. તેની ચાર પટ્ટરાણીઓનાં નામ હતાં બાવન, ચન્દન, સુમયા કે સુમાયા અને સીધણુ કે સીંઘણુ. તે રાણીઓને ઘણી સખીઓ હતી, જેમાંની કેટલીકનાં નામ આપવામાં આવ્યાં છે: આલિ, આલતિ, અલવિ, અલવેસરિ, ફૂલૂ, ફૂલસિરી, વઉલૂ, વઉલસિરી, કપૂરી, હમીરી, સીંગારી, ગુણમાણિકિ, કસ્તૂરી, કપૂરડી, નાગવેલિ, ગજવેલિ, વચનકલા, અમૃતકલા, સહસ્રકલા, રત્નાવલી, મુક્તાવલી, ચન્દ્રાવલી, સુગતિ, હંસગતિ, સુલલિત, કોઈલિ, કમલાવતી, કલાવતી, લીલાવતી,[૩] સાઊ, સુસીલા, દક્ષમણી, વલ્લભા, કંઊ, કામલ, અમૃતમયી, અમૃતવત્સલા અને વચનવત્સલા. મેરી, હમીરી, ફ્તૂ, અને ફૂલૂ રાજાની ખાસ માનીતી હતી. આમાંથી આલિ, આલતિ, અલવિ, અલવેસરિ તથા વીલ્હૂ વામણી એ કૌતુકપાત્રો હતાં.

આ રાજાને ૩,૩૩૦ હાથી, પાંચ લાખ ઘોડા અને એકવીસ લાખ પદાતિઓ હતા.

તેના ધવલગૃહનું નામ વિશ્વવિજય હતું. તેને સત્તર માળ હતા, અને એક યોજન જેટલો તેનો પ્રાકાર હતો. માણેકથંભ ચોકી તથા સોળ પૂતળીઓ હતી. તેના દુર્ગમાં ૧૨૦ તો ગવાક્ષો હતા, જેમાં ચાર મુખ્ય ગવાક્ષોનાં નામ આ પ્રમાણે રાખેલાં હતાં: પૂર્વદિશામાં વિમાનવિભ્રમ, દક્ષિણમાં પુષ્પાભરણ, પશ્ચિમમાં ગન્ધર્વસર્વસ્વ અને ઉત્તરમાં કૈલાસહાસ. સર્વ ગવાક્ષો સુવર્ણમય

---

૧ ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ, દ્વિતીય સંસ્કરણ, પૃ. ૨૯૭-૨૯૯.

૨ बारोउलगउ (**લ. પ્ર. સં.**) કે बारओलगउ (**પુ. પ્ર. સં.**) એટલે દ્વારપાલ. बार બારણું, દરવાજો) + अव + √ लग् (સેવા કરવી) ઉપરથી આ શબ્દ ઊતરી આવેલો છે. રાજધાનીના મુખ્ય દરવાજાનો—ત્રિપોલીનો—રક્ષક એટલે કોટવાળ ગણાય.

૩ અહીં સુધીનાં ૨૯ નામ **લ. પ્ર. સં.**માં આપેલાં છે. **પુ. પ્ર. સં.** દરેક રાણીની ચાર-ચાર મુખ્ય સખીઓનાં નામ આપે છે, તેમાંનાં કેટલાંક **લ. પ્ર. સં.**માંની યાદીમાં આવી જાય છે, પરન્તુ આ પછી મૂકેલાં નવ નામ નવાં છે.

અને નાના પ્રકારનાં કૌતુકોથી સુશોભિત હતાં. મુખ્ય ગવાક્ષોના અગ્રભાગમાં ચાર સુવર્ણમય વેદિકાઓ તથા એટલી જ ચોરીઓ હતી અને ક્ષીરોદ કે ક્ષીરોહિ, કમલકેદારા, હંસવિશ્રામ અને સુધાનિધિ નામની ચાર વાપીઓ પણ હતી. વળી અનંગરંગવાડી, ધારાગિરિવાડી, અંધારઘોર-વાડી અને નન્દનવાડી એ ચાર વાટિકાઓ હતી. ચાર અરઘટ્ટ, એક સુવર્ણની ઘટી તથા રૂપાની માળા હતી.

ધવલગૃહના પ્રવેશદ્વારની સમીપમાં જ ચન્દ્રજ્યોત્સ્નાનામક રત્નજડિત તળાવડી હતી, જેને બધી બાજુએ પગથિયાં હતાં અને ઊંચી વરંડી હતી. આ તળાવડીને વીંટીને રહેલી ધારાગિરિ-વાટિકા હંમેશાં સર્વ ઋતુઓનાં ઉપયોગી વૃક્ષોથી વિરાજિત રહેતી.

ત્યાં યક્ષકર્દમના પિણ્ડ કરી મુકાતા અને પ્રત્યેક માર્ગ પર સોના-રૂપાનાં શૃંગ વડે તેનાં છાંટણાં કરવામાં આવતાં.

રાજા મદનભ્રમને નાલિકા અને કાપાલિકા એ બે સ્ત્રીઓનો પરિહાર હતો; કેમકે નાલિકા અન્યપરિણીત હતી જ્યારે કાપાલિકા પ્રસૂતસ્ત્રી હતી.

રાજાને બે નિયમ હતા : ન કદી ક્રોધ કરવો, ન વિરોધ. તેના મહેલમાં આવેલ પાર્શ્વનાથના પ્રાસાદમાં હંમેશ તે પૂજા કરતો.[1]

વીલ્હૂ વામણી તેની મહાપ્રસાદપાત્ર હતી, કેમકે તે સર્વ કળાઓમાં કુશળ હોઈ રાજાના દેહ પર પોતાનાં સ્તન વડે ઉદ્વર્તન કરતી. પચીસ વર્ષ થતાં રાજા સ્ત્રીરૂપી આભરણનો ત્યાગ કરતો, કેમકે દેહની સ્થૂલતા તથા ગાત્રોની શિથિલતાને લીધે એ આભરણ 'ઢાલાં પોલાં વાજણાં' બની જતાં ઉતારી નાખવાં જોઈએ.

આ નારીકુંજર નૃપતિ કદી સભામાં બેસતો નહીં. પ્રત્યક્ષ ઇન્દ્ર જેવો તે કેવળ હસિત-લલિત પ્રસરાવતો. વર્ષમાં માત્ર બે જ વખત તે પ્રકટ થતો અને ત્યારે સર્વાવસર[2] ભરવામાં આવતો. **પુ. પ્ર. સં.**ના મત પ્રમાણે સર્વાવસર માટેના આ બે ભાગ્યશાળી દિવસો હતા—મહાનવમી[3] તથા ચૈત્રાષ્ટમી;[4] જ્યારે **લ. પ્ર. સં.** મહાષ્ટમી[5] તથા ચૈત્રાષ્ટમી ગણાવે છે. આ બન્ને પુનિત દિવસોએ મદનભ્રમ રાજા દક્ષિણ દિશામાં આવેલા પુષ્પાભરણ ગવાક્ષ દ્વારા કાન્તીપુરીની સંમુખ આવતો અને તે સમયે સર્વ કોઈ તેને પ્રણામ કરી જતું. **પુ. પ્ર. સં.** નોંધે છે કે તેની સમીપ હંમેશાં સોળ વર્ષની સોળ સુન્દરીઓનું નૃત્ય ચાલ્યા કરતું. **લ. પ્ર. સં.**-તો ત્યાં સુધી તેનું ગૌરવ કરે છે કે પુરુષનું મુખ જોતાં તે ચન્દ્રજ્યોત્સ્ના તળાવડીમાં ડૂબકી મારી લેતો, બાકી કાયમ તે સ્ત્રીવૃન્દો વચ્ચે જ વિહરતો !

---

૧ આ વાત માત્ર **લ. પ્ર. સં.**માં જ આપેલી છે.

૨ લોકસભા, दिवान-इ-आम.

૩ આસો માસના નવરાત્રમહોત્સવમાંની નવમી, આસો સુદ ૯.

૪ ચૈત્ર માસના નવરાત્ર-ઉત્સવમાંની અષ્ટમી, ચૈત્ર સુદ ૮.

૫ આસો સુદ ૮.

આવા આ અતિવિલાસી અને સમૃદ્ધિશાલી રાજાનો એક વખત ગુજરાતના રાજાધિરાજ સિદ્ધરાજ જયસિંહ સાથે મેળાપ થયો. તે બન્ને મહાનુભાવોનો સુભગ સંગમ કેવા સંયોગોમાં અને કેવી રીતે થયો તથા તેનો હેતુ શો હતો તે દર્શાવતું આલેખન આ કથાની આ ચારે વાચનાઓમાં ભિન્ન ભિન્ન રીતે આપવામાં આવ્યું છે.

આ નિરૂપણ ક્વચિત્ સંક્ષિપ્ત રૂપમાં થયું છે, ક્વચિત્ વિસ્તારથી થયું છે. વળી દરેકની આગવી શૈલીએ દરેક નિરૂપણને રોચકતા અર્પી છે. આ રીતે તે દરેકનું પોતાનું વૈશિષ્ટ્ય જળવાઈ રહ્યું હોવાથી તે ચારેનો ટૂંકો પરિચય આપણે કરી લઈએ.

લ. પ્ર. સં.માં તે પ્રસંગનું ચિત્રણ કંઈક આવી રીતે કરાયેલું છે:

એક સમયે એવું બન્યું કે શ્રીજયસિંહદેવ સતત બાર વર્ષ સુધી દિગ્વિજય કરીને કાન્તી-નગરીના પરિસરે આવી ચઢચા. તે નગરીથી પાંચ ગવ્યૂતિ દૂર તેમણે પડાવ નાખ્યો. અણહિલપુર તરફ પ્રયાણ કરવાની તૈયારી ચાલતી હતી એટલામાં અંગારસઉડિનગારી—મદનભ્રમનો ભાટ—જયસિંહદેવના કટકમાં પ્રવેશીને તેના ભાટને મળ્યો, અને પોતાના સ્વામી મદનભ્રમનો કયવાર[1] કરવા લાગ્યો. ગુજરાતના ભાટે વિનતિ કરી:

“અમારા રાજાનો કયવાર કરો તો હું તમને યથાત્યાગ બક્ષિસ આપીશ.”

પેલો કહે, “અમારા મદનભ્રમ રાજા સિવાય બીજા કોઈ રાજાનો કયવાર હું કદી કરતો નથી.”

હવે પેલા ભાટે જઈને આ હકીકત પોતાના રાજા સિદ્ધરાજને કહી સંભળાવી. પરિણામે રોષથી લાલ બનેલા તે રાજાએ મદનભ્રમ સાથે વિગ્રહ કરવા માટે ત્યાં પોતાનો પડાવ ચાર માસ[2] સુધી લંબાવ્યો.

મન્ત્રીએ સખીદ્વારા[3] રાજાને વિજ્ઞાપન મોકલ્યું, પરન્તુ તેને રાજાને એ હકીકત જણાવવા માટે અવસર જ મળતો ન હતો. છેવટે એક દિવસે—શ્રાવણ સુદિ ૫ને દિવસે—વીલ્હૂ વામણીએ રાજાને વિજ્ઞપ્તિ કરી: “મહારાજ! ગવાક્ષે સાંઊ અને સુશીલા ત્રણ દિવસથી આન્ધાવેધ[4] રમે છે, તો ત્યાં તે જોવા માટે પધારોને!”

રાજા (ગવાક્ષે) ગયો. શુકસારિકાએ તેનું જ્ઞાપન કર્યું. વચનવિનોદ કર્યો. રાજા આકાશ-ભૂમિએ ગયો. ત્યારે વરસાદ વરસીને શાન્ત પડ્યો હતો. તેણે નગરીનું અવલોકન કર્યું, તો કટક જોયું એટલે તરત પ્રશ્ન કર્યો:

---

૧ પ્રશંસા, વખાણ, પ્રશસ્તિ.

૨ चतुर्मासीम् એટલે (૧) ચાર માસ પર્યન્ત, (૨) ચોમાસું. બન્ને અર્થ અહીં ઉપયુક્ત છે.

૩ અહીં ‘દ્વારા’ના અર્થમાં ‘पार्श्वात्’ શબ્દનો પ્રયોગ કરેલો છે.

૪ ‘आन्धीवेध’ એવું પાઠાન્તર પણ મળે છે. કેવળ છોકરીઓ કે યુવતીઓની જ કોઈ વિશિષ્ટ રમત હોવી જોઈએ. આજની ‘આંધળા પાટા’ ની રમત જેવી હશે? સતત ત્રણ દિવસથી તે રમત રમાતી હતી તેવો ઉલ્લેખ અહીં આવે છે.

"અરે સિંદૂરી ! એ મીણકપ્પડિ કુણ રે વિણજારઉ ?"

હવે વીલ્હૂ વામણીને તક મળી. તે કહેવા લાગી: "મહારાજ ! ચતુરચક્રવર્તી ! નાગરિક-નરેન્દ્ર ! પરીચ્છતી પરીના પરમહંસ ! હીયાલીના હંસરાજ ! અન્તઃકરણના નારાયણ ! પુરાણ-પુરુષોત્તમ ! જીવિતવ્યના જાગેસર ! હૃદયગર્ભગર્ભેશ્વર ! મમતામહેશ્વર ! અલવેશ્વર ! લીલાલલિત-ગર્ભેશ્વર ! ચિન્તિતચિન્તામણિ ! કોડીની કામધેનુ ! કામિત વસ્તુના કલ્પવૃક્ષ ! સૌભાગ્યસુન્દર ! ભોગપુરન્દર ! મકરધ્વજાવતાર ! રાજ્યલક્ષ્મીશૃંગારહાર ! શ્રીમદનભ્રમરાજેન્દ્ર ! આ વણિજારક ન હોય !"

"તો કોણ છે ?"

"રાજન્ ! એ છે राज-बीज-दण्डकनइ संतानि चौलुक्यवंश अयोनिसंभव श्रीमूलराज-चामुण्डराज-वल्लभराज-दुर्लभराज-भीम-श्रीकर्णदेवनन्दन विश्वजननयनानन्दन १८ लक्ष ९२ सहस्र मालव-लक्ष्मीकचग्रहविग्रपाणि वैरिरायमुरट्टघरट्ट अश्वपति-गजपति-नरपति-त्रिहुं रायनउ आंबलउ गाजणवइहम्मीर-हृदयान्तशल्य जयश्रीसइंवर उदकि शासननउ दयणहारु राउनउ राउ समस्तदिग्वलयविजयी प्रौढप्रतापी, अहिल्या-अरुन्धती-सती-तारा-मन्दोदरीनइकारि सती-चक्रचूडामणि रायनरवेलि कान्हडाराय जयकेशनी कुमरि माता श्रीमीणलदेवि तत्कुक्षिसरोवरराजहंसः निजकुलावतंसः चौलुक्यचक्रवर्ती ७० सहस्रगूर्जरधराधीश्वरः राजाधिराज राजा श्रीजयसिंहदेव कहीयइ । तव विग्रहार्थं समागतः ।"

આ હકીકત જાણી રાજાએ આદેશ આપ્યો: "શ્રાવણ સુદિ ૮ ને દિવસે પુષ્પાભરણ ગવાક્ષને શણગારજો."

સર્વસન્નાહ ચતુરંગસેના સજ્જ કરીને માંઈદે અમાત્યે નમસ્કાર કર્યા: "યુદ્ધ માટે આદેશ આપો. કોને રણવટ્ટ કરવાનો છે ? જયસિંહદેવ પાસે પાંચ લાખ સાહણ[1] અને નવ લાખ પદાતિઓ છે. તો વિમર્શ કરો."

રાજાએ દ્વારપાલ માધવને બોલાવી જણાવ્યું: "૧૨૦ અશ્વો અને ૧૬ હાથી તે રાજાને માટે ભેટ લઈને જાઓ. તેને બીજું કંઈ જોઈતું હોય તો તે પણ આપજો, અને છતાં જો તેને યુદ્ધ જ કરવું હોય તો આપણો મુરટ્ટ કોઈએ મોડેલો નથી, સ્કન્ધની ખર્જિ કોઈએ દૂર કરી નથી તથા નાદ પણ કોઈએ હજી ઉતાર્યો નથી. માટે એમ જ હોય, તો રણક્ષેત્ર તૈયાર કરાવજો."

સોળમે દિવસે સોળ જણના યુદ્ધ માટેનું મેદાન તૈયાર કરાયું(?). પાંચ ગાઉના ઘેરાવાનું રણક્ષેત્ર ઊભું કરાયું. નગરના મુખ્ય દરવાજા તથા સામા પક્ષના કટક વચ્ચે એક પટકૂળનો પડદો નાખવામાં આવ્યો. અને મદનભ્રમ રાજાનું આગમન થયું. અશ્વિકારૂઢ થયેલી નવયૌવનથી શોભતી શૃંગારયુક્ત સાતસો યુવતીઓને શત્રુના કટકની સામે મોકલવામાં આવી, તે બધી તેની નજીક પહોંચી એકદમ પાછી વળી ગઈ. જયસિંહદેવના અશ્વદળે તેમનો પીછો પકડ્યો અને પૂર્વ દિશામાંના દરવાજામાં પ્રવેશ કર્યો. તેમના રાજા પણ સાથે હતા. બંને રાજાઓનો મેળ થયો.

---

૧ સાહણ = સાધન = સેના. અહીં પાયદળનો અલગ ઉલ્લેખ કરેલો હોઈ લશ્કરના બાકીના ત્રણ વિભાગ માટે આ શબ્દ યોજાયો હશે. વાક્યરચના પરથી તો પ્રાયઃ આ પ્રયોગ કરતાં માત્ર અશ્વવારોનું—ઘોડેસવાર—લશ્કર જ કર્તાના ખ્યાલમાં હોય એમ જણાય છે.

મદનભ્રમે જયસિંહદેવને પોતાને મહેલે લઈ જઈ તેની ભક્તિ કરી. બંને વચ્ચે પ્રીતિ થઈ. ત્યારે જયસિંહદેવને[1] રાજાએ કહ્યું : "તમે કાષ્ઠકબાડી રાજા છો. ઘેર રહીને કેમ રાજલીલા કરતા નથી ? બાર બાર વર્ષ સુધી બહાર ને બહાર શા માટે ભટક્યા કરો છો ? રાજકેલિ કરો !"

જયસિંહદેવ કહે : "સાચી વાત છે. તમારાં દર્શન થતાં હું કાષ્ઠકબાડી રાજા જ ગણાઉં."

સંતુષ્ટ થયેલા રાજા મદનભ્રમે પ્રીતિમતી, પ્રિયતમા, અભીષ્ટવક્ત્રા, કામપ્રિયા, મૃગલોચના, ચન્દ્રવદના, પૃથુલશ્રોણી અને મનોહરા નામની આઠ વિચક્ષણ, સુલક્ષણ, રૂપયૌવનથી યુક્ત સુશૃંગારિત દિક્કરિકાઓ જયસિંહદેવને સમર્પી. તેમની સાથે તે બહાર નીકળ્યો. સુખાસનમાં બેઠેલી, વજ્રપંજરથી આચ્છાદિત તે (નાજુક નારીઓ) પ્રતોલીદ્વારે પહોંચી ત્યારે સોળ સુવર્ણમય પૂતળીઓએ દોરીસંચાર દ્વારા જણાવ્યું : "તમને તો ગૂર્જર રાજાને આપી દીધી છે !"

આ સાંભળતાં જ તેમાંની છનું તો હૃદય જ ફાટી પડયું. બાકી રહેલી માયૂરાણી તથા પેથૂરાણી એ બેને સાચવી લીધી. જયસિંહદેવરાજા વિજયયાત્રા પૂરી કરી ક્ષેમકુશળ પાછા પાટણ પધાર્યા, અને તેમનો પ્રવેશ મહોત્સવ કરવામાં આવ્યો.

પુ. પ્ર. સં. આ પ્રસંગનું નિરૂપણ સહેજ જુદી રીતે કરે છે :

એક વખત દિગ્વિજય કરીને પાછા ફરતાં ગૂર્જરત્રાધિપતિ જયસિંહદેવ કાન્તીના પરિસરે આવીને વિચારવા લાગ્યા : "મારી રણશ્રદ્ધા કોઈએ પૂર્ણ કરી નથી. વળી '**पुष्पेषु जाती नगरेषु कान्ती** અર્થાત્ પુષ્પોમાં જેમ જાતીકુસુમ શ્રેષ્ઠ છે તેમ નગરોમાં કાન્તી શ્રેષ્ઠ છે.' માટે તે જોવી જોઈએ." તેના સૈન્યને એ અંગે કશો ઉત્સાહ ન હતો, પરન્તુ રાજાને અનુસરવું જ રહ્યું.

નગરીની દ્વારભૂમિમાં પડાવ નાખ્યો. નગરીમાં કોઈ આ વાત જાણતું ન હતું. બહાર રહ્યા રહ્યા રાજાએ નગરના પ્રાકાર પર સોનાનાં કપિશીર્ષો જોયાં. પ્રાસાદો પરના દણ્ડકલશોને લીધે નગરી સાક્ષાત્ લંકાનગરી જેવી સર્વસુવર્ણમયી જણાઈ. તેને થયું, "હું અહીં વગરવિચાર્યે જ આવ્યો છું !"

આ બાજુ કાન્તીનો સેનાપતિ શસ્ત્રસજ્જ થઈને રોજ નગરની બહાર નીકળી કોટની આસપાસ એક ફેરો લગાવી જતો. તે દિવસે તે ફેરો લગાવી અંદર ગયો ત્યાર પછી અમાત્યે નગરીના દરવાજા બંધ કરાવી દીધા અને સૈન્યસામગ્રી તૈયાર કરી લીધી. વળી આ દરમિયાન લેખ દ્વારા રાજાને નિવેદન કર્યું : "હે દેવ ! કોઈક સૈન્ય કોઈક હેતુસર નગરદ્વારે આવી લાગેલું છે." રાજાએ અગાશીમાં જઈને નજર ફેરવી લીધી અને કોટવાળને ઉચિત સૂચનાપત્ર મોકલ્યો. મન્ત્રીએ સૂચનાનુસાર સોળ ઘોડા તથા ઇતર નૃપયોગ્ય વસ્તુઓ આપીને કોટવાળ માધવદેવને આગન્તુક રાજા તરફ રવાના કર્યો.

સિદ્ધરાજે પૂછ્યું : "આ બધું શું ?"

"અમારા મન્ત્રીશ્રીએ આપના આતિથ્ય માટે આ મોકલેલ છે. આપ અમારા પ્રાઘુણક[2] હોઈ સત્કારને યોગ્ય છો."

---

૧ '**श्रीजयसिंहदेवस्याऽग्रे**' એવો પ્રયોગ અહીં કરાયો છે. સરખાવો ગુજરાતી 'આગળ'.

૨ **प्राघुणक** એટલે પરૂણો, પરોણો, મહેમાન.

" અમને આતિથ્ય ખપતું નથી, યુદ્ધ જ ખપે છે," જયસિંહદેવે મક્કમ ઉત્તર વાળ્યો.

કોટવાળે જઈને મન્ત્રીને વાત કરી; મન્ત્રીએ રાજાને વિજ્ઞાપન કર્યું. વળી રાજાએ કોટવાળ દ્વારા સિદ્ધરાજને જવાબ મોકલાવી દીધો : " બહુ સારું, આવતા મંગળવારે તમારી શ્રદ્ધા પૂરીશું."

જયસિંહદેવની સૂચનાથી મન્ત્રીએ રણક્ષેત્ર તૈયાર કરાવ્યું. ચારે બાજુથી વૃક્ષો વગેરેને ક્ષત્રિયોએ છેદી નાખ્યાં. મન્ત્રી પણ યુદ્ધ માટે સૈન્યસામગ્રી સજ્જ કરીને પોતાના રાજાના આદેશની જ રાહ જોતો રહ્યો. પણ તેના તરફથી તેને કશો જ સંદેશો મળ્યો નહિ.

આ બાજુ જયસિંહદેવે નિર્ણીત દિવસે યુદ્ધ માટે જગદ્દેવ પરમારને સેનાપતિ નીમ્યો એટલું જ નહિ, પણ તેના જેવા બીજા પંદરને પણ સજ્જ કરી રાખ્યા.

હવે તે મંગળવાર આવી પહોંચ્યો અને મદનબ્રહ્મ રાજા નિત્ય નિયમ મુજબ જાગ્યો; દાતણ પાણી પતાવી, સ્નાનશૃંગાર કરી, તેણે દેવસેવા કરી, ત્યાં પેખણું શરૂ થયું. તે પછી રસોઈ તૈયાર થતાં ભોજન કરી પાન ખાધા પછી અશ્વોને સજ્જ કરીને પોતે બખ્તર ધારણ કર્યું તથા સોળ નારીઓને પણ બખ્તર પહેરાવ્યું. ત્યારબાદ તેમને સાથે લઈને તેણે પ્રયાણ કર્યું. એક યુવતીએ તેનું છત્ર ધર્યું હતું અને બે બાજુએ બે યુવતીઓ તેને ચામર ઢાળતી હતી. ઠેકઠેકાણે થતાં પેખણાં જોતો જોતો તે આગળ વધતો હતો તેથી નગરીની અંદર ફરતાં જ આઠ દિવસ તો ચાલ્યા ગયા. છેક નવમા દિવસે તે નગરીની બહાર નીકળ્યો.

રણભૂમિમાં વચ્ચે પડદો રાખવામાં આવ્યો હતો. જયસિંહદેવના સુભટો યુદ્ધ માટે સજ્જ થઈને પડદા સુધી પહોંચી ગયા. જ્યાં પડદો દૂર થયો કે નારીઓથી વીંટળાયેલ રાજાનાં દર્શન થયાં, અને આ નહીં કલ્પેલું દૃશ્ય જોઈને જગદ્દેવ અને તેના માણસો પાછા વળી ગયા !

આથી જયસિંહદેવે તરત પ્રશ્ન કર્યો : " ભાગ્યા કેમ ? "

જગદ્દેવે જવાબ વાળ્યો : " કોની સાથે લડવું ? આપ જાતે જ જુઓ ને ! "

આ સાંભળી જયસિંહદેવ પોતે અશ્વ પરથી ઊતરીને પગે ચાલતાં સામે ધસી આવતાં મદનબ્રહ્મ રાજા પણ નીચે ઊતરી ગયો. બંને પરસ્પર ભેટી પડ્યા અને પ્રીતિનો પ્રાદુર્ભાવ થયો. પ્રવેશમહોત્સવ થતાં અનેક પ્રકારનાં કૌતુકો જોતા અને અનેકવિધ વાદ્યો સાંભળતા સિદ્ધનાથ અને મદનબ્રહ્મ નગરદ્વારે પહોંચ્યા. એમ કરતાં બરાબર નવ દિવસે ચન્દ્રજ્યોત્સ્ના તળાવડીએ તેઓ આવી પહોંચ્યા. તેમાં બંને નાહ્યા. પછી સુવર્ણવેષ્ટિત વૃક્ષોવાળી ધારાગિરિવાટિકાનું અવલોકન કરતા તેઓ ધવલગૃહને દ્વારે આવ્યા. મન્ત્રીએ મંગલ ઉત્સવ કરાવ્યા પછી તે બેઉ ધવલગૃહમાં પ્રવેશ્યા. સિદ્ધનાથ તો સર્વ રમણીયતા નીરખીને ગામડિયાની માફક વિસ્મયાતુર બની રહ્યો. ભોજન આદિ સર્વ સામગ્રીએ પણ તેના ચિત્તમાં અત્યંત ચમત્કાર સર્જ્યો.

એક માસ સુધી ત્યાં રોકાઈ સિદ્ધરાજે રજા માગી ત્યારે તે રાજાએ હાથી, ઘોડા વગેરે ભેટ ધર્યા. પરંતુ જયસિંહદેવે તો પાત્રાષ્ટકની અર્થાત્ આઠ સુંદરીઓની યાચના કરી. તે પણ આપવામાં આવી. પછી રજા લઈ પાટણ તરફ પ્રયાણ કર્યું.

દરવાજે પહોંચતાં પેલા પાત્રાષ્ટકે પ્રશ્ન કર્યો : " આગળ[1] પાટણ કેટલું દૂર હશે ? "

---

૧ અહીં પણ 'अग्रे' શબ્દ પ્રયોજાયો છે.

લોકોએ જવાબ આપ્યો : " પાટણ તો દૂર છે. "

આ સાંભળતાં જ આઠમાંથી છનું તો હૃદય જ ફાટી પડયું. બાકી રહેલાં બે પાત્રો ઉપર ખાસ આચ્છાદન રાખવામાં આવ્યું. તે બન્ને બચી ગયાં અને રાજાની સાથે પાટણ પહોંચ્યાં. તેમાંની એકનું નામ માઊ હતું અને બીજીનું પેથૂ. **પુ. પ્ર. સં.** નોંધે છે કે આજે પણ પાટણમાં માઊહર અને પેથૂહર પાત્રો સંભળાય છે.

આ રીતે શ્રીજયસિંહદેવ કાન્તી જઈ પાછા આવ્યા.

હવે આપણે **પ્રબન્ધકોશની** વાચના જોઈએ. તેમાં આ પ્રસંગનું આલેખન આ પ્રમાણે કરાયું છે:

દક્ષિણાપથનાં મહારાષ્ટ્ર, તિલંગ, કર્ણાટ, પાણ્ડય વગેરે રાષ્ટ્રો પર વિજય મેળવી અને અનન્ત ધન સંચિત કરીને સિદ્ધરાજ ગુજરાત તરફ પાછા ફરતાં સરહદ પર આવેલા કોઈ સ્થળે છાવણી નાખીને રહેલો. તે એક સન્ધ્યાએ સાક્ષાત્ દેવરાજ ઇન્દ્ર જેવી જાહોજલાલીપૂર્વક સભામાં વિરાજતો હતો, ત્યારે કોઈ પરદેશી ભાટ આવ્યો. આશીર્વચન ઉચ્ચારી સભાની ભવ્યતા નિહાળતાં જ તે ભાટના મોંમાંથી ઉદ્ગાર નીકળી પડચાઃ " અહો! પરમાર વંશના ધૂમકેતુ શ્રીસિદ્ધરાજની આ સભા મદનવર્માની સભા જેવી જ મનોવિસ્મયજનની છે ! "

આ વચન સાંભળી સિદ્ધરાજે તેને પાસે બોલાવી પૂછ્યું: " અરે ભાટ ! એ મદનવર્મા કોણ ? તે કયાંનો રાજા છે ? "

ભાટ કહે : " દેવ ! પૂર્વ દિશામાં મહોબક નામનું એક મોટું નગર છે. ત્યાં મદનવર્મા નામે પૃથ્વીપાલ છે. તે પ્રાજ્ઞ, ત્યાગી, ભોગી, ધર્મી અને નીતિમાન્ રાજા જાણે સાક્ષાત્ નળરાજા, પુરૂરવા કે વત્સરાજનો જ બીજો અવતાર હોય તેવો જણાય છે. તે રાજા અને તે નગરને જે રોજ જોતો હોય તે પણ તેનું વર્ણન કરવા શક્તિશાળી નથી. માત્ર નીરખીને મૂગાની જેમ મનમાં જ તેનો સ્વાદ તથા ગુણ જાણી શકે છે. વાવદૂકતાને કારણે ઘણુંખરું અમારા વચનમાં લોકોને વિશ્વાસ બેસતો નથી. પરન્તુ તમારા કોઈ જાણકાર પરમ આપ્ત મન્ત્રીને મોકલો તો તે સમૃદ્ધિનાં દર્શન કરીને અહીં આવી આપને તે નિવેદન કરે. "

ભાટની આ વાણી સાંભળી સિદ્ધરાજે એક મન્ત્રીને થોડા માણસો લઈને તે ભાટની સાથે જ પ્રત્યક્ષ નિરીક્ષણ કરવા મોકલ્યો. તે બન્ને મહોબકપત્તન પહોંચ્યા. તે શહેરમાં ભાટે મન્ત્રીને ફેરવ્યો. પછી મન્ત્રીએ વિનાવિલંબે પોતાના રાજા પાસે પાછા આવીને ત્યાંનું યથાસ્થિત વર્ણન કર્યું:

" ધ્યાનપૂર્વક સાંભળો, સ્વામી ! હું ત્યાં ગયો. ભાટે મને તે પત્તન બતાવ્યું. ત્યારે ત્યાં વસન્તમાસોત્સવ પ્રવર્તતો હતો. વસન્ત અને આન્દોલક જેવા રાગોમાં ગીતો ગવાતાં હતાં. દિવ્ય શૃંગારવાળી નારીઓ ઘૂમતી હતી. લાખ્ખો મકરધ્વજોની ભ્રાન્તિ ઉત્પન્ન કરતા યુવાનો વિલસતા હતા. યક્ષકર્દમ વડે રસ્તાઓ છંટાતા હતા. પ્રાસાદે પ્રાસાદે સંગીત રેલાતાં હતાં. દેવે દેવે મહાપૂજા પ્રવર્તતી હતી. સદને સદને સારા જમણવારો થતા હતા. રાજકીય સત્રાગારમાં તો દાળ, ભાત અને

ઓસામણને મોકળાં મૂકવામાં આવતાં ન હતાં પણ ઘણ્ટાવાળો હાથી જેમાં નિમજ્જન કરે તેવી ગર્તામાં નિયન્ત્રિત રખાતાં. રાજાના અશ્વવારો પુરમાં સર્વત્ર ઘૂમીને લોકોને પાનનાં બીડાં આપતા હતા. કપૂર વડે ધૂલિપર્વોદય[1] થતો. ત્યાં રાત્રે પણ વણિગ્જનો પોતાની દુકાનોને બંધ કરતા નથી, ઉઘાડી જ મૂકે છે, અને સવારે આવીને ત્યાં બેસી જાય છે—આવી તો ત્યાં નીતિ છે. વ્યવસાય પણ કેવળ આચાર પૂરતો જ છે, કેમ કે ધનની સિદ્ધિ તો સર્વને છે. કહે છે કે ત્યાં લોહની ખાણોની જેમ સુવર્ણ અને રૂપ્યની ખાણો વહે છે.

રાજા તો કોણ જાણે કેવો ય હશે! હું તેનાં દર્શન ન પામ્યો. પરંતુ એવું સાંભળ્યું કે તે નારીકુંજર સભામાં કદી જ બેસતો નથી, કેવળ હસિત-લલિત વિસ્તારે છે, જાણે સાક્ષાત્ ઇન્દ્ર!"

મન્ત્રી પાસેથી આ વૃત્તાન્ત જાણીને નગરરક્ષાને માટે સૈન્ય રાખીને સિદ્ધરાજે મોટા સૈન્ય સાથે મહોબક પ્રતિ પ્રયાણ કર્યું. તે નગરીથી આઠ ક્રોશ દૂર તેણે પડાવ નાખ્યો. તે દેશ ખળભળી ઊઠ્યો. (જાણે) મહોબક તેના સ્થાનેથી ચળી ગયું.

દિવ્ય ઉદ્યાનમાં સ્ત્રીસહસ્રથી સમાવૃત થઈ રહેલા મદનવર્માને પ્રધાનોએ જઈને નિવેદન કર્યું: "સ્વામી! ગૌર્જર સિદ્ધરાજ નગર પાસે આવી લાગ્યો છે. તેને કેવી રીતે પાછો વાળવો?"

મદનવર્મા હસીને કહે: "સિદ્ધરાજ? પેલો, જે ધારાને ઘેરો ઘાલી વિગ્રહ માટે બાર વર્ષ પડયો રહ્યો તે? એ કબાડી રાજાને તમે કહો કે 'જો અમારું નગર અને ભૂમિ ગ્રહવાની ઇચ્છા હોય તો અમે યુદ્ધ કરીશું. પણ જો ધનથી તું તૃપ્ત થાય તેમ હોય તો લે આ ધન.' પછી એ વરાક જે માગે તે તમારે આપી દેવું. ધન આપવાથી કાંઈ આપણે તૂટી જવાના નથી. વિત્તને માટે કૃચ્છ્રકર્મ કરનારો તે પણ ભલે લાંબું જીવે!"

રાજાની આજ્ઞા લઈ મન્ત્રીઓ પુરમાં પાછા આવ્યા. તે દરમિયાન સિદ્ધેશે કહેવરાવ્યું કે "દણ્ડ આપી દો!" જવાબમાં મન્ત્રીઓએ દૂત દ્વારા રાજાનો સંદેશો મોકલાવ્યો: "જો અર્થની ઈહા હોય તો લો અર્થ; પરંતુ જો ભૂમિ જોઈતી હોય તો અમે યુદ્ધ આપીશું. તમારા આગમનની જાણ અમે મદનવર્મદેવને કરી છે. તે અમારા પ્રભુએ જણાવ્યું છે કે 'તે કબાડી રાજાને અર્થથી તૃપ્ત કરવો'."

મદનવર્માની લીલાથી વિસ્મિત થયેલ સિદ્ધરાજે ૯૬ કોટિ સુવર્ણમુદ્રાઓ માગી. પ્રધાનોએ તે તરત જ આપી દીધી અને દેશ સુખચેનથી રહેવા લાગ્યો.

આમ છતાં સિદ્ધરાજે પોતાનો પડાવ ઉપાડયો નહિ; એટલે વળી મંત્રીઓએ કહેવરાવ્યું: 'ધન તો તમને મળી ગયું, છતાં હજી કેમ પાછા ચાલ્યા જતા નથી?!"

સિદ્ધરાજે ઉત્તર વાળ્યો: "મન્ત્રિપુરુહૂતો! તમારા તે લીલાનિધિ પ્રભુનાં દર્શનની અભિલાષા છે."

તેઓએ પણ મદનવર્મા પાસે જઈને નિવેદન કર્યું કે "ધનથી તો તે ક્લેશી રાજાને તૃપ્ત કર્યો છે, પરન્તુ કહે છે રાજેન્દ્રનાં દર્શનની અભિલાષા છે!"

---

૧ ધૂલિપડવો કે ધુળેટીના ઉત્સવની વાત હશે.

મદનવર્માએ જણાવ્યું : " તો તે ભલે આવે ! "

પોતાના સૈન્યને ત્યાં જ રાખીને પરિમિત સૈનિકો સાથે સિદ્ધરાજ જેમાં મદનવર્માનો મહાપ્રાકારવાળો સૌધ વિરાજતો હતો તે ઉદ્યાનમાં આવી પહોંચ્યો. પ્રાકારની બહાર એક લાખ યોદ્ધાઓ ચોકી કરતા ખડા હતા. પ્રતોલી પર્યન્ત આવીને દ્વારપાલો દ્વારા મહેલમાં કહેવરાવ્યું :

" અમે આવીએ કે ? "

મહોબકપ્રભુએ જણાવ્યું : " ચાર માણસોની સાથે આવો. "

સિદ્ધરાજે અંદર પ્રવેશ કર્યો, તો કાંચનતોરણોવાળાં સાત પ્રવેશદ્વારો નજરે પડયાં. આગળ જતાં રજતમય તથા મહારજતમય વાપીઓ દૃષ્ટિગોચર થઈ. ભિન્ન ભિન્ન દેશોની વેશભૂષા તેમજ ભાષાઓમાં વિચક્ષણ એવી વિશાળ નિતમ્બસ્થળવાળી, તારુણ્ય વડે પવિત્ર બનેલાં અવયવોવાળી શશાંકમુખી સ્ત્રીઓ અને પણવ, વેણુ, વીણા, મૃદંગ વગેરે વગાડવામાં મગ્ન પરિજનોનું વૃન્દ પણ જોયું. સ્ફીત ગીતો સાંભળ્યાં. વળી નન્દનવનથી પણ ચઢી જાય તેવું ઉદ્યાન, હિમગૃહો, હંસ અને સારસ જેવાં પક્ષીઓ, સુવર્ણનાં ઉપકરણો, કદલીદલ જેવાં કોમળ વસ્ત્રો તથા કામોદ્દીપક ઉત્તુંગ પુષ્પકરંડો પણ તેણે ત્યાં નિહાળ્યાં.

આ પ્રમાણે નિરીક્ષણ કરતો કરતો તે આગળ ને આગળ ચાલવા લાગ્યો અને છેવટે મધુર વયમાં રહેલા, બહુધા મોતીનાં પરિમિત ભૂષણોવાળા, સર્વ અંગલક્ષણોથી યુક્ત, સુવર્ણ જેવી પ્રભાવાળા, મધુર સ્વરવાળા, તામ્રરસસમાં ચક્ષુઓવાળા, તુંગ ઘોણાવાળા અને પુષ્ટ દેહવાળા સાક્ષાત્ મદન જેવા મદનવર્માનાં દર્શન થયાં. મદનવર્મા પણ સામે આવી ભેટયો અને સુવર્ણને આસને બેસાડી કહેવા લાગ્યો :

" સિદ્ધેન્દ્ર ! અમારું પુણ્ય કે આજે તમે અમારા અતિથિ બન્યા છો ! "

સિદ્ધરાજ કહે : " રાજન્ ! આ આવર્જનવચન મિથ્યા છે. સાચું તો તમારા મન્ત્રીઓ આગળ ' કબાડી ' એમ કહેલું તે જ છે ! "

મદનવર્મા હસ્યો : " સિદ્ધેશ ! એ વળી તમને કોણે કહ્યું ? ! "

સિદ્ધેશ કહે : " તમારા તે મન્ત્રીઓએ જ. મારી નિન્દા કરવામાં દેવનો શો અભિપ્રાય હતો ? "

મદનવર્માએ સમજાવ્યું : " દેવ ! આ કલિયુગ છે. જીવન અલ્પ છે. રાજ્યશ્રી પરિમિત છે. બળ તુચ્છ છે. તેમાંયે પુણ્યશાળીઓને જ વિશાળ રાજ્ય મળે છે. અને તે પણ જો ન ભોગવાય, અને વિદેશોમાં જ રોળાવાનું હોય, તો તે કબાડીપણું નહીં તો બીજું શું ? "

સિદ્ધેશે સંમતિ દર્શાવી : " સાચી વાત, એવા પ્રકારનો કબાડી હું છું જ. સાચે જ આવાં શર્મોવાળા તમે ધન્ય છો ! તમારાં દર્શનથી અમારું જીવન સફળ થયું. તમે ચિરકાલપર્યંત રાજ્ય ભોગવો ! "

પછી મદનવર્માએ પોતાના પરિજનો, કોશ, દેવતાવસર વગેરે સર્વ તેને દેખાડયું. પરસ્પર

પ્રેમની વૃદ્ધિ થઈ. તેણે પોતાની અંગસેવિકાઓમાંથી ૧૨૦ પાત્રો સિદ્ધરાજને ભેટ આપ્યાં, પરન્તુ તેથી પ્રીતિ પામેલ જયસિંહદેવ અણહિલ્લપુર પાટણ પાછા ફર્યા ત્યારે તેમાંથી અર્ધાં પાત્રો તો માર્દવને કારણે માર્ગમાં જ મૃત્યુ પામ્યાં અને બાકીનાં પાટણ પહોંચ્યાં.

પુ. પ્ર. સં.માંના ધારાધ્વંસપ્રબન્ધમાં પણ આ રોચક કથાનું કંઈક સંક્ષિપ્ત છતાં સુંદર નિરૂપણ કરવામાં આવેલું છે. આ બંને રાજાઓના મિલનનો પ્રસંગ ત્યાં વળી તદ્દન નિરાળી રીતે રજૂ કરેલો છે, તેથી તે કથા પણ આપણે જોઈ લઈએ :

માલવમણ્ડલમાં ઉજ્જયિની નગરી અને બીજી ધારા હતી. ત્યાં રાજા યશોવર્માનું શાસન હતું. આ બાજુ પાટણમાં શ્રી જયસિંહદેવ રાજા હતા. તેમણે માળવા જીતવા પ્રયાણ કર્યું. નજીક પહોંચતાં તેમણે પ્રતિજ્ઞા કરી કે "ધારા લઈને જ હું ભોજન કરીશ."

હવે બીજી બાજુ ધારામાં પાંચ ગાઉ સુધી અયોમય ક્ષુરિકાઓ ખોડેલી હતી. પ્રતોલીઓ દેવાઈ ગઈ હતી. તેના કમાડમાં સામી ધારવાળા નારાચો યોજેલા હતા. ત્યાં ભલભલા ગજોનો પણ ગજ વાગે તેમ ન હતો. ધારાની પાસે પણ પહોંચી શકાય તેમ ન હતું.

આથી સિદ્ધરાજના પ્રધાનોએ કણિકની ધારા બનાવી અને એ ધારાના ભંગ વખતે ૫૦૦ પરમારો યુદ્ધ કરતાં મૃત્યુ પામ્યા!

બાર વર્ષના વિગ્રહને અંતે ખિન્ન બનેલા સિદ્ધનાથને બર્બરક વેતાલે કહ્યું : "દેવ! જો યશઃપટહ હાથી અને કિરાડૂવાસી જેસલ પરમારને ત્યાં મોકલવામાં આવે, તો તે હાથી પર સવાર થયેલ તેના વડે ધારા જિતાશે, બીજી કોઈ રીતે નહીં."

રાજાએ પૂછ્યું : "તે હાથી ક્યાં છે?"

"કાન્તીના રાજા મદનબ્રહ્મ પાસે છે."

આ સાંભળી જયસિંહદેવ થોડાક રસાલા સાથે ત્યાં ગયા. વર્ષાઋતુ ચાલતી હોવાથી નગરદ્વારે પડાવ નાખ્યો. માંઈદેવમન્ત્રીને મળ્યા.

"કાર્ય ફરમાવો."

"નૃપદર્શનની ઇચ્છા છે."

"રાજા મહાનવમી વિના દર્શન નથી દેતા." જયસિંહદેવ રોકાયા.

આ બાજુ રાજા ગાઢ ધર્મ થવાથી અગાશીમાં ગયો. નગર પર નજર નાખી નગરની બહાર દૃષ્ટિ ફેરવી. મીણકાપડના કાળા તંબૂ જોઈ કહે : "અરે! પુરદ્વારે આ શું દેખાય છે?"

'દેવ! દેવનાં દર્શનની ઇચ્છાવાળા ગુર્જરત્રાનૃપતિ આવેલા છે."

"અરે! નૃપ નહિ પણ એ તો કબાડી છે, જે આવા વર્ષાકાળમાં પણ ભટક્યાં કરે છે. બોલાવો."

જયસિંહદેવ તો ભેટ લઈને આવ્યા. મદનબ્રહ્મ રાજાએ તેમનો સત્કાર કર્યો. આગમનનું કારણ પૂછ્યું. રાજા કહે :

"યશઃપટહ હાથી જોઈએ છે."

"શા માટે ?"

"દેવ ! તેના વિના બાર વર્ષનો વિગ્રહ તૂટતો નથી."

રાજાએ હુકમ કર્યો : "હાથીઓને લાવો."

તેના માણસો કહે : "પ્રસિદ્ધ હાથીઓમાં એ નથી."

સિદ્ધરાજના મુખ પર કાલિમા વ્યાપી ગઈ. ત્યાં તો એક મહાવતે જણાવ્યું :

"દેવ ! પે...લો યશઃપટહ હાથી !"

"લાવો તેને."

રાજા કહે : "જો એનાથી કાર્ય સરતું હોય, તો બીજા પણ હાથી, ઘોડા વગેરે લો ને !"

"દેવ ! આ જ પૂરતો છે."

રાજાએ વસ્ત્રાદિથી સત્કાર કરી હાથી આપતાં કહ્યું : "હવે કદી વિગ્રહ ન કરવો. કેમકે જીવલોક સ્વલ્પ આયુષ્યવાળો છે ત્યારે રાજ્યનું સુખ જો ન અનુભવાય તો તેનો ગુણ શો ?"

પછી રાજાએ ધારા પહોંચી જેસલ પરમારને ગૌરવપૂર્વક તેડું મોકલ્યું...

આ રીતે ચાર ભિન્ન ભિન્ન દૃષ્ટિએ આ કથાનું આલેખન થયેલું છે. તે ચારે વાચનાઓનો તુલનાત્મક અભ્યાસ કરતાં પ્રથમ દૃષ્ટિએ જ નીચેના મુદ્દાઓ ઊપસી આવે છે:

(૧) મુખ્ય પાત્રનાં ત્રણ નામ મળે છે; તથાપિ 'નારીકુંજર' તરીકેનું તેનું ચરિત્રચિત્રણ તેને 'મદનભ્રમ' તરીકે કે પછી 'મદનબ્રહ્મ' તરીકે ઓળખવા પ્રેરે છે, જ્યારે તેનું મૂળ નામ 'મદનવર્મા' હોવાનો સંભવ વિશેષ છે.

(૨) તેની રાજનગરી **લ. પ્ર. સં.** પ્રમાણે બંગાળામાં કાન્તીપુરી છે, **પુ. પ્ર. સં.**ના મતે તે બધી નગરીઓમાં શ્રેષ્ઠ એવી કાન્તીનગરી છે, જ્યારે **પ્ર. કો.** અનુસાર તે પૂર્વમાં આવેલ મહોબકપુર છે.

(૩) તે રાજાના સમૃદ્ધિશીલ અને શોખીન જીવનનું તથા તેની રાજનગરીની શોભાનું આલેખન **લ. પ્ર. સં.** તેમજ **પુ. પ્ર. સં.**માં કરાયું છે. તેમાં મુખ્યત્વે તે બન્ને વર્ણનો ચાર પટ્ટરાણીઓનાં નામ, ચાર મુખ્ય ગવાક્ષોનાં નામ, ગવાક્ષોની કુલ સંખ્યા તથા ચાર મુખ્ય વાપીઓનાં નામ એકસરખાં જ આપે છે, પરન્તુ તે સિવાયની બીજી વિગતોમાં તે જુદાં પડે છે. **લ. પ્ર. સં.** તથા **પુ. પ્ર. સં.**એ આપેલી આ સર્વ વિગતો **પ્ર. કો.**માં મળતી જ નથી, ત્યાં તેનું વર્ણન તેની પોતાની આગવી રીતે જ આપવામાં આવ્યું છે. પેલાં બન્ને કરતાં આ આલેખન વધારે વ્યવસ્થિત અને મઠારેલું જણાય છે. ભાષાની ઝમક પણ તેમાં સવિશેષ દૃષ્ટિગોચર થાય છે.

(૪) ત્રણે મુખ્ય વાચનાઓ પ્રમાણે સિદ્ધરાજ વિજયયાત્રાથી પાછા ફરતાં મદનભ્રમની નગરીએ આવી પહોંચે છે, પરંતુ ત્યાં તેને લઈ જનાર નિમિત્ત તે ત્રણેએ અલગ અલગ રીતે નિરૂપ્યું છે. **લ. પ્ર. સં.**માં પોતાના સ્વામી સિવાય બીજા કોઈની સ્તુતિ કરવાની ભાટની

'ના 'થી રોષે ભરાઈ સિદ્ધરાજ યુદ્ધ માટે રોકાય છે; **પ્ર. કો.**માં પોતાની સભાના ઉપમાન તરીકે જે રાજાની ભવ્ય સભાને ભાટ નિરૂપે છે તેના રાજ્યની મુલાકાતે સિદ્ધરાજ પોતાના મંત્રીને મોકલે છે, જે ત્યાંનું અદ્‌ભુત વર્ણન કરે છે, જેથી કુતૂહલ જાગૃત થતાં તે કૂચ કરી જાય છે; જ્યારે **પુ. પ્ર. સં.**માં તે નગરી પાસે આવી પહોંચતાં પોતાને એકે યુદ્ધમાં બરોબરિયો મળ્યો નહીં તેના અફસોસ સાથે તેને "पुष्पेषु जाती, नगरेषु कान्ती" એવું સ્મરણ થતાં તે જોવા માટે તે ત્યાં થોભી જાય છે, પરંતુ કિલ્લા પરનાં કપિશીર્ષો તેમજ મકાનો પરના દણ્ડકલશોને સુવર્ણમય નિરખી તેને થાય છે કે તેણે ત્યાં જવામાં ભૂલ કરી છે. આ ત્રણેની સામે, **ધારાધ્વંસપ્રબન્ધ**-માંની કથામાં આ માટે ખાસ હેતુ નિરૂપેલો છે: ધારા નગરીના દરવાજા તોડવા માટે મદનબ્રહ્મ પાસેથી યશઃપટહ નામનો હાથી મેળવવા.

(૫) **પુ. પ્ર. સં.**માં વિદેશી સૈન્યના આગમનની જાણ રાજાને કરવામાં કોઈ મુશ્કેલી જણાતી નથી, મંત્રી લેખ દ્વારા તે જણાવે છે. [**પ્ર. કો** માં મંત્રીઓ જાતે જ જઈને જાણ કરે છે. **લ. પ્ર. સં.**માં એ સહેલી વાત નથી. મદનભ્રમની મહાપ્રસાદપાત્ર વીલ્હૂ વામણીને, બીજી રીતે જાણ કરવાની તક ન મળતાં, રાજાને મહેલની અગાશીમાં લઈ જવા માટે યુક્તિ વાપરવી પડે છે. ત્યાંથી નજર ફેરવતાં તેને વણજારાની પોઠ પડી હોય એમ લાગે છે તે સ્વાભાવિક છે, કેમ કે કોઈ વિદેશી સૈન્ય ચઢી આવે તેવી તો તેને કલ્પના જ શાની હોય! હવે વીલ્હૂ વામણીને પોતાના વિલાસી રાજાને સુન્દર વિશેષણોથી નવાજવાની તથા પરિસ્થિતિની ગંભીરતાનું યથાર્થ ચિત્રણ કરવાની તક મળી જાય છે. **ધારાધ્વંસપ્રબન્ધ**માં આ પ્રસંગને સરળ બનાવવાનો પ્રયત્ન થયો છે. ઘામથી રાહત મેળવવા માટે જ રાજા અગાશીમાં જાય છે અને મીણકાપડના કાળા તંબૂ જોઈ પૃચ્છા કરે છે, ત્યારે તેને જણાવવામાં આવે છે કે તેની મુલાકાત માટે ગુજરાતનો રાજા આવેલો છે.

(૬) **લ. પ્ર. સં.**માં ૧૨૦ ઘોડા, ૧૬ હાથી અને બીજું જે કાંઈ માગે તે સિદ્ધરાજને ભેટ તરીકે આપવાનો આદેશ મદનભ્રમ રાજા આપે છે. **પ્ર. કો.**માં સિદ્ધરાજની માગણી પ્રમાણે ૯૬ કરોડ સુવર્ણ મુદ્રાઓ તેને આપવામાં આવે છે, છતાં તે ત્યાંથી પડાવ ઉઠાવતો નથી. **પુ. પ્ર. સં.** પ્રમાણે તેને ૧૬ ઘોડા અને અન્ય ઉચિત વસ્તુઓની ભેટ ધરવામાં આવે છે, પણ તે "મારે તો યુદ્ધ જ જોઈએ છે" એમ કહી તેનો અસ્વીકાર કરે છે. **ધારાધ્વંસ-પ્રબન્ધ**માં આવો પ્રશ્ન ઉદ્‌ભવતો જ નથી. ત્યાં તો રાજાની સંમતિ મળતાં સિદ્ધરાજ કેટલીક ભેટો સાથે લઈને તેને મળવા જાય છે અને તેની પાસેથી તેને જેની જરૂર હતી તે યશઃપટહ હાથી મેળવે છે. તે સિવાય બીજું કશું જ લેવાની તે ના પાડે છે.

(૭) **લ. પ્ર. સં.** તેમજ **પુ. પ્ર. સં.** અનુસાર યુદ્ધભૂમિ તૈયાર કરવામાં આવે છે અને વચ્ચે પડદો રાખવામાં આવે છે. પરન્તુ તે પછી **લ. પ્ર. સં.** તો ટૂંકમાં જ જણાવે છે કે રાજા આવી પહોંચ્યો, જ્યારે **પુ. પ્ર. સં.**માં તો તે ત્યાં જવા માટેનો નિશ્ચિત દિવસ જ આપે છે પણ તે દિવસે આસાનીથી નીકળી યુદ્ધભૂમિએ પહોંચતાં ખાસ્સા આઠ દિવસો લગાડે છે. **પ્ર. કો.** તથા **ધારાધ્વંસપ્રબન્ધ**ના અહેવાલમાં આવા પ્રસંગને અવકાશ નથી.

(૮) **લ. પ્ર. સં.** પ્રમાણે અશ્વિકારૂઢ થયેલી નવયૌવનથી દીપતી શૃંગારયુક્ત ૭૦૦ યુવતીઓ પરદલ સામે ધસે છે અને એકદમ પાછી ફરી પૂર્વના દરવાજામાંથી નગરીમાં પેસી

જાય છે. સિદ્ધરાજનું અશ્વદળ તેની પાછળ પડે છે. છેવટે બંને રાજાઓનું મિલન થાય છે અને પ્રીતિ જાગે છે. આથી ઊલટું, **પુ. પ્ર. સં.**માં સિદ્ધરાજનું સૈન્ય જગદ્દેવ પરમારની સરદારી નીચે હુમલો કરતું ધસી જાય છે પરંતુ રાજાને તરુણીઓથી વીંટળાઈને રહેલો જોતાં જ પાછું ફરી જાય છે. થોડી પૂછપરછ પછી સિદ્ધરાજ મદનબ્રહ્મ તરફ દોડી જાય છે અને બંને ઉમળકાથી ભેટી પડે છે. **પ્ર. કો.** કે **ધારાધ્વંસપ્રબન્ધ**ના આલેખનમાં આવા પ્રસંગને અવકાશ નથી.

(૯) **લ. પ્ર. સં.**માં સિદ્ધરાજને આદરપૂર્વક મદનભ્રમ રાજા રાજમહેલમાં લઈ જાય છે; જ્યારે **પુ. પ્ર. સં.**માં તો જેવી રીતે રાજા આવેલો તેવી જ વિલાસી રીતે બંને રાજાઓ રાજમહેલ તરફ પ્રયાણ કરે છે અને ખાસ્સા નવ દિવસે ત્યાં પહોંચે છે. ચન્દ્રજ્યોત્સ્ના તળાવડીમાં સ્નાન કર્યા પછી, મંત્રી દ્વારા મંગલવિધિ કરાયા બાદ, તેઓ મહેલમાં પ્રવેશ કરે છે. આ પ્રસંગને પણ **પ્ર. કો.** કે **ધારાધ્વંસપ્રબન્ધ**માં અવકાશ નથી.

(૧૦) **પુ. પ્ર. સં.**નો સિદ્ધરાજ ત્યાંની શોભા જોઈ આશ્ચર્યમુગ્ધ થઈ જાય છે. ભોજનની વાનગીઓ પણ તેને ખુશ કરી દે છે. **લ. પ્ર. સં.** કે **ધારાધ્વંસપ્રબન્ધ**માં આવો કશો નિર્દેશ મળતો નથી, જ્યારે **પ્ર. કો.** પોતાની આગવી રીતે ત્યાંની ઉત્કૃષ્ટતાનાં વિગતપૂર્વક દર્શન કરાવે છે.

(૧૧) **લ. પ્ર. સં.**માં મદનભ્રમ વિજયો માટે ભટકતા ફરી કાષ્ઠકબાડી ગણવાને બદલે ઘેર રહી રાજલીલા કરવાની સલાહ જયસિંહને આપે છે. **પુ. પ્ર. સં.**માં આવું કંઈ જ આવતું નથી, પણ તે જયસિંહ ત્યાં એક માસ રોકાયો એમ કહે છે. **ધારાધ્વંસપ્રબન્ધ**માં છૂટા પડતાં તે તેને સલાહ આપે છે કે હવેથી વિગ્રહ ન કરવો, કેમ કે ટૂંકા આયુષ્યવાળા જીવલોકમાં રાજ્યસુખ ભોગવાય જ નહીં, તો તેનો શો ગુણ? આ બન્ને સંક્ષિપ્ત અહેવાલોની સામે **પ્ર. કો.** સુન્દર સંવાદ આપે છે, જેમાં પોતાને તેના મન્ત્રીઓ આગળ ‘કબાડી’ કહેલો તેવી જયસિંહની ફરિયાદના જવાબમાં મદનવર્મા તે તેવો કેમ હતો તે સમજાવે છે, જે સાથે સિદ્ધેશ પણ સંમત થાય છે. ત્યારબાદ તેને પોતાનો કોશ, દેવતાવસર ઇત્યાદિ મદનવર્મા દેખાડે છે.

(૧૨) **લ. પ્ર. સં.** પ્રમાણે સંતુષ્ટ મદનભ્રમ જયસિંહને આઠ સુન્દરીઓ ભેટ તરીકે આપે છે, જે એટલી બધી સુકુમાર છે કે તેમાંની છનું તો વસ્તુસ્થિતિનું જ્ઞાન થતાં જ હૃદય ફાટી પડે છે. **પુ. પ્ર. સં.**ની કથા આથી સહેજ જુદી પડે છે. તેમાં હાથી, ઘોડા વગેરે મળેલાં તે ઉપરાન્ત જયસિંહ પોતે આઠ સુન્દરીઓની માગણી કરે છે, અને છનું હૃદય ફાટી પડે છે તેનું કારણ તેઓ ગુજરાતના રાજાને સોંપાઈ તે નહીં પણ પાટણ બહુ દૂર છે તેવું કહેવામાં આવે છે તે છે. **પ્ર. કો.** તો ૧૨૦ સુન્દરીઓ સિદ્ધરાજને મળી તેવું જણાવે છે, જેમાંની અર્ધી સૌકુમાર્યને કારણે માર્ગમાં મૃત્યુ પામે છે.

(૧૩) સિદ્ધરાજને આપેલી આઠ દિક્કરિકાઓનાં નામ માત્ર **લ. પ્ર. સં.**માં જ મળે છે. **પુ. પ્ર. સં.**માં આઠની જ સંખ્યા છે પણ નામો નથી, જ્યારે **પ્ર. કો.**માં તો ૧૨૦ સુન્દરીઓ આપ્યાનું કહ્યું છે એટલે નામ ન અપાય એ સ્વાભાવિક છે!

આ તુલનાત્મક અભ્યાસ પરથી એટલું નિશ્ચિત જણાય છે કે **લ. પ્ર. સં.**માંની કેટલીક

વિગતો અન્યત્ર પ્રાપ્ત થતી ન હોવા છતાં આ ચારે વાચનાઓમાં તેની વાચના પ્રાચીનતમ છે. તેની ભાષાશૈલી તથા રજૂઆતની સરળતા આ સ્પષ્ટ દર્શાવે છે. **પુ. પ્ર. સં.** તથા **પ્ર. કો.**માંનાં આલેખનો **લ. પ્ર. સં.**ના વર્ણનની સરખામણીમાં સંમાર્જન પામેલાં જણાય છે, અને તે બેમાં પણ **પ્ર. કો.** સવિશેષ સંમાર્જન તેમ જ ભાષા તથા વસ્તુની સુવ્યવસ્થા દર્શાવે છે. મદનભ્રમ રાજાના સમૃદ્ધ અને શોખીન જીવનનું આલેખન, તેની નગરીની સમૃદ્ધિનું ચિત્રણ, સિદ્ધરાજ સાથેનો આખો પ્રસંગ—એ સર્વમાં **લ. પ્ર. સં.** તથા **પુ. પ્ર. સં.** કરતાં **પ્ર. કો.**નું લખાણ વધારે વ્યવસ્થિત અને મઠારેલું જણાઈ આવે છે. તેની ભાષાની ઝમક પણ તેને તે બે વાચનાઓ કરતાં કંઈક અલગ પાડી દે છે. એટલે **પ્ર. કો.**ની વાચના તે બે કરતાં અર્વાચીન ગણાય. **પ્ર. કો.** રાજશેખરસૂરિએ ઈ. સ. ૧૩૪૯માં રચ્યો છે તે તો આપણે આગળ નોંધ્યું છે જ. હવે **પુ. પ્ર. સં.** અને **લ. પ્ર. સં.**ની ભાષા, શબ્દયોજના, રજૂઆતની રીત, વર્ણનની સાહજિકતા, વગેરેની તુલના કરતાં એવું લાગે છે કે **લ. પ્ર. સં.**ની વાચના **પુ. પ્ર. સં.**ની વાચના કરતાં અર્વાચીન તો નથી જ, પરંતુ ઊલટું, તેનાથી થોડી પ્રાચીન હોવાનો પૂરો સંભવ છે. જે **B** સંગ્રહમાંથી **પુ. પ્ર. સં.**ની પ્રસ્તુત કથાની બંને વાચનાઓ લેવાઈ છે તેનું સંકલન વિ. સં. ૧૫૦૦ (=ઈ. સ. ૧૪૪૪) પહેલાં થયું હોવું જોઈએ એવું **પુ. પ્ર. સં.**ના વિદ્વાન સંપાદક તથા સુપ્રસિદ્ધ સંશોધક મુનિશ્રી જિનવિજયજી માને છે તે પણ આપણે ઉપર જોઈ ગયા. **લ. પ્ર. સં.**ની રચના ઈ. સ. ૧૨૪૩ થી ઈ. સ. ૧૪૦૯ દરમિયાન થઈ હોવાનું અનુમાન પણ આપણે ઉપર કરી શકયા છીએ. આ સર્વ હકીકત પણ આપણા આ નિર્ણયને પુષ્ટિ આપે છે.

જૂની ગુજરાતી તથા પ્રાકૃતનો પ્રયોગ **લ. પ્ર. સં.**ની કથામાં સારા પ્રમાણમાં જોવા મળે છે, જ્યારે બીજી વાચનાઓમાં પ્રમાણમાં ઘણો ઓછો છે. કવચિત્ જૂની ગુજરાતીના પ્રત્યયો પણ તેમાં વપરાયા છે. આ હકીકત પણ તેને બીજી વાચનાઓથી અલગ પાડે છે. આ રીતે જોતાં, જો કે આ ત્રણે ગ્રન્થો પ્રબન્ધ ગ્રન્થો છે અને જેને "જૈન સંસ્કૃત" તરીકે પ્રો. બ્લૂમફિલ્ડ, ડૉ. એ. એન્. ઉપાધ્યે, શ્રી. મોહનલાલ દ. દેસાઈ વગેરે વિદ્વાનોએ ઓળખાવી છે અને જેને માટે ડૉ. હર્ટલ જેવાએ "વર્નાક્યૂલર સંસ્કૃત" એવો પ્રયોગ કરેલો છે તેવી, વિદગ્ધ (**અં.** ક્લાસિકલ) સંસ્કૃતથી પોતાની સરળતા, સાદાઈ અને મિશ્રભાવને કારણે અલગ તરી આવતી, પ્રાકૃત તથા પ્રાદેશિક બોલીઓની અસર નીચે ઘડાયેલી સંસ્કૃત ભાષામાં રચાયા છે; છતાં તે બધા ગુણો **પુ. પ્ર. સં.** તથા **પ્ર. કો.** કરતાં **લ. પ્ર. સં.**ની ભાષાશૈલીમાં વિશેષ પ્રમાણમાં દૃષ્ટિગોચર થાય છે એવું, આ મદનભ્રમ રાજાના પ્રબન્ધની વાચનાઓ સરખાવતાં, લાગ્યા વિના રહેતું નથી.

આમ છતાં બીજા બે મુદ્દાઓ પણ આ અંગે આપણું ધ્યાન ખેંચ્યા વિના રહે તેમ નથી. એક તો એ કે **લ. પ્ર. સં.**માં વીલ્હૂ વામણીની વાણીમાં જે ચમત્કૃતિ મૂકવામાં આવી છે તેની બરોબરી કરી શકે તેવો એક પણ ફકરો બીજી કોઈ વાચનામાં નથી. તેના પ્રથમ વક્તવ્યમાં પરિસ્થિતિની વાસ્તવિકતા સમજાવવા માટે તે પોતાના રાજા મદનભ્રમને જે વિશેષણોની પરમ્પરાથી નવાજે છે તે અજોડ છે. તે જ પ્રમાણે તેના દ્વિતીય વક્તવ્યમાં સિદ્ધરાજની ઓળખ આપતાં જે ભાષાશૈલી પ્રયોજી છે તે પણ ભવ્ય છે. બીજી વાત એ કે "**आवासमाहि श्रीपार्श्वनाथनउ प्रासादु तिहां देवपूजा करइ ।**" એ વિધાન પણ માત્ર **લ. પ્ર. સં.**માં જ મળે છે. આ વિધાન મદનભ્રમ રાજાને જૈન ધર્મ પાળતો દર્શાવે છે, જે વાતને કોઈ સ્થળેથી પુષ્ટિ મળી શકતી નથી;

તેથી તે વિધાનને પાછળથી ઉમેરાયેલ પ્રક્ષેપ તરીકે ગણવું જોઈએ. ચારે વાચનાઓમાં જે ચૈત્રાષ્ટમી, મહાષ્ટમી અને મહાનવમીના ઉત્સવની વાત આવે છે તે સ્પષ્ટ કરે છે કે તે રાજા શાક્ત સમ્પ્રદાયનો હશે. વળી "હંમેશ સ્ત્રીવૃન્દ મધ્યે જ રહે છે અને પુરુષમુખને જોતાં ચન્દ્રજ્યોત્સ્ના તળાવડીમાં સ્નાન કરી લે છે" એવું **લ. પ્ર. સં.**નું જ વિધાન તેના શાક્ત હોવા અંગેના અનુમાનને પુષ્ટિ અર્પે છે.

"अन्यथा यदि युद्धं कर्तुकामोऽस्ति केनाऽपि मुरट्टो न मोडितः, स्कन्धखर्जिर्नाऽपनीता, नादो नोत्तारितः।" એવા મર્દાનગીભર્યા શબ્દો મદનભ્રમ રાજાના મુખમાં **લ. પ્ર. સં.**એ જ મૂક્યા છે. **પુ. પ્ર. સં.**માં "આવતા મંગળવારે તમારી શ્રદ્ધા પૂરીશું" એટલું જ તે સિદ્ધરાજને કહેવડાવે છે; જ્યારે **પ્ર. કો.**માં તો "વિત્ત અર્થે કૃચ્છ્રકર્મો કરનારો તે પણ ઘણું જીવો" એવું સામાન્ય વિધાન જ તે ઉચ્ચારે છે. આ હકીકત પણ **લ. પ્ર. સં.** માટે મહત્ત્વપૂર્ણ ગણાય. આવાં વિધાનોનો વેગ તથા પ્રવાહિતા પણ **લ. પ્ર. સં.**ની પ્રાચીનતાને ટેકો આપે છે; જો કે આવા ઝીણા ઝીણા બીજા પણ કેટલાક મુદ્દાઓ આ અંગે નોંધી શકાય તેમ છે, પરંતુ તે વિષે અહીં વિશેષ વિચાર કરવાની આવશ્યકતા લાગતી નથી.

લ. પ્ર. સં.ની કથા પ્રમાણમાં પ્રાચીનતર છે એવું કહેવાનો એવો અર્થ બિલકુલ ઘટાવવાની જરૂર નથી કે બીજા પ્રબન્ધોએ તેની કથાનો આધાર લીધો છે. આ ચારે વાચનાઓના પરસ્પર સંબંધ વિષે કોઈ પણ વિધાન કરવું તે અવિચારી અને ઉતાવળું પગલું જ ગણાવાનો પૂરો ભય છે, કેમકે આન્તરિક તેમ જ બાહ્ય કશા જ પુરાવાઓ તે અંગે આપણને પ્રાપ્ત થતા નથી. તે વિષે તો આપણે માત્ર એટલું જ કહી શકીએ કે દન્તકથાઓની મૌખિક પરમ્પરાઓ જ એ સર્વ વાચનાઓનું અવલંબન ગણી શકાય. સમાજસમુદ્રમાં તરતા આ વિશિષ્ટ પ્રકારના સાહિત્યે— જેને અંગ્રેજીમાં 'ફ્લોટિંગ લિટરેચર' કહે છે—માનવજીવનના ઝીણામાં ઝીણા તારમાં પણ ઝણઝણાટ ઉત્પન્ન કરનાર અનેકવિધ સંવેદનો ઝીલ્યાં છે અને અનેક યુગોના પલટાઓની પણ દરકાર રાખ્યા વિના જીવન તેમ જ સાહિત્ય બંનેને એકસરખી રીતે પ્રેરણાનાં પીયૂષ પાયાં છે. અને આથી જ આવી કથાઓનું ઐતિહાસિક દૃષ્ટિએ અવલોકન કરવું તે પણ એક રસપ્રદ વિષય છે.

તેથી હવે આપણી આ કથાનું પણ આપણે ઐતિહાસિક દૃષ્ટિએ અવલોકન કરી લઈએ. તેમાં મુખ્ય પાત્રો બે રાજાઓ છે: એક મદનભ્રમ રાજા અને બીજો જયસિંહદેવ. આપણે ઉપર જોયું તેમ જયસિંહદેવ તે ગુજરાતના સુવર્ણયુગનો વિધાયક અને 'સિદ્ધચક્રવર્તી' વગેરે બિરુદોને ધારણ કરનાર ઇતિહાસપ્રસિદ્ધ પાટણનો મહાન રાજા સિદ્ધરાજ જયસિંહ (ઈ. સ. ૧૦૯૪ થી ૧૧૪૩); અને મદનભ્રમ તે બુંદેલખંડના પાટનગર મહોબકપુર અર્થાત્ મહોબાનો ચંદેલ વંશનો રાજા મદનવર્મા (ઈ. સ. ૧૧૨૯ થી ૧૧૬૩), જે જયસિંહનો સમકાલીન હતો. સર્વ વાચનાઓ-માંની કથાના સામ્યને કારણે એટલું તો નિશ્ચિત છે કે તે અમુક એક જ વ્યક્તિ વિષે— મદનવર્મા રાજા વિષે—છે, પરંતુ 'મહોબક'નું 'કાન્તી' કેવી રીતે થયું તે સમજવું મુશ્કેલ છે. 'મહોબક'નું બીજું નામ 'કાન્તી' હશે એમ માનીને આપણે આગળ ચાલવાનું રહ્યું, કેમકે **લ. પ્ર. સં.** 'કાન્તી'ને બંગાલ દેશમાં મૂકે છે તે તો કાં તો કલ્પિત જ છે, અથવા તો 'ચંદેલદેશ'નું લહિયાઓની ભૂલને કારણે 'વંગાલદેશ' થઈ ગયું હોય તે પણ અસંભવિત નથી જણાતું.

આ રાજાના મંત્રીનું નામ તથા તેના કોટવાળનું નામ **લ. પ્ર. સં.** તેમ જ **પુ. પ્ર. સં.**માં સમાન છે, જ્યારે સેનાપતિનું નામ બંનેમાં ભિન્ન છે. **પ્ર. કો.** તો આ નામોનો નિર્દેશ જ કરતો નથી. આ નામોની ઐતિહાસિકતા પુરવાર કરવા માટેનું કોઈ સાધન છે નહીં, અને એ વસ્તુ પણ અત્યન્ત ગૌણ ગણાય. રાણીઓ વગેરેનાં નામો વિષે પણ આમ જ સમજવાનું રહ્યું.

તથાપિ સિદ્ધરાજ વિષેની અહીં આપેલી કેટલીક હકીકતો ઐતિહાસિક છે: (૧) તેને રાજ, બીજ અને દણ્ડક એ ત્રણ ભાઈઓના વંશમાં જન્મેલો કહ્યો છે તે ઐતિહાસિક સત્ય છે. (૨) ચૌલુક્ય અર્થાત્ સોલંકી વંશના સ્થાપકથી માંડીને સાચા ક્રમમાં તેના છ યે પૂર્વજોની યાદી આપેલી છે: મૂળરાજ, ચામુણ્ડરાજ, વલ્લભરાજ, દુર્લભરાજ, ભીમ, કર્ણદેવ.

આ ઉપરાન્ત સિદ્ધરાજને '૧૮ લક્ષ ૯૨ સહસ્ર માલવલક્ષ્મીકચગ્રહવિગ્રપાણિ' તેમ જ '૭૦ સહસ્ર ગૂર્જરધરાધીશ્વર' કહ્યો છે. આ બન્ને વિધાનોનો સાચો અર્થ સમજવો મુશ્કેલ છે. આ આંકડા કાં તો વાર્ષિક આવકનો નિર્દેશ કરી શકે અથવા તો કુલ વસતી કે ગામડાંઓની સંખ્યા પણ દર્શાવતા હોય. પ્રથમ વિધાનને માળવાની વાર્ષિક આવક કે ગામડાંઓની સંખ્યાના નિદર્શક તરીકે લેખવું તેના કરતાં માળવાની વસ્તી દર્શાવતું ગણવું તે વધારે ઉચિત લાગે છે. કદાચ સિદ્ધરાજને ત્યાંથી મળેલી ખંડણીની રકમનો નિર્દેશ હોય એવો સંભવ વધારે ગણાય. બીજી બાજુ, બીજું વિધાન ગુજરાતની વસ્તી અગર આવક દર્શાવતું ગણાય તેમ નથી લાગતું. વળી તે તત્કાલીન ગુજરાતનાં કુલ ગામડાંની સંખ્યા દર્શાવે છે તેમ કહેવું પણ અતિશયોક્તિભરેલું ગણાશે. તેથી કદાચ તળ ગુજરાતની વસ્તીનો નિર્દેશ થતો હોય! તેથી પણ વધારે સંભવિત તો આ સંખ્યા ગુજરાતના સૈન્યનું માપ દર્શાવતી હોય તેમ માનવું તે છે, પરન્તુ **લ. પ્ર. સં.**માં જ આગળ આવે છે કે સિદ્ધરાજ પાસે પાંચ લાખ સાહણ અને નવ લાખ પદાતિઓ છે! એટલે આ સંભવિતતાથી વિશેષ આ બાબતમાં કંઈ કહી શકાય તેમ નથી.

સિદ્ધરાજ જયસિંહને અહીં અશ્વપતિ, ગજપતિ તથા નરપતિ–એ ત્રણ રાજાઓને હરાવનાર કહ્યો છે. આ ત્રણ રાજાઓ કોણ હશે તેનો નિર્ણય પણ મુશ્કેલ છે. 'અશ્વપતિ' શબ્દ સાહિત્યમાં અનેક વાર દિલ્હીના રાજાઓ માટે વપરાયો છે; 'ગજપતિ' શબ્દ ઓરિસ્સાના રાજાઓ માટે વપરાયેલો મળે છે, ત્યાંના રાજવંશનું નામ જ 'ગજપતિ' મળે છે; પરન્તુ 'નરપતિ' શબ્દ કયા સ્થળના રાજાઓ માટે વપરાતો હશે તેનો નિર્ણય કરવો મુશ્કેલ છે. એક વાત સ્પષ્ટ છે: જેનું અશ્વદળ અધિક શક્તિશાળી ગણાતું હોય તેને 'અશ્વપતિ' કહેતા હોય; જેનું ગજદળ અધિક પ્રબળ મનાતું હોય તેને 'ગજપતિ' ગણતા હોય; અને તેવી જ રીતે જેનું પાયદળ વધારે પ્રભાવશાળી હોય તે 'નરપતિ' કહેવાતો હોય. દિલ્હીના અધિપતિઓનું અશ્વદળ પ્રબળ મનાયું છે જ; તે જ પ્રમાણે ઓરિસ્સાના હાથીઓ પણ પંકાયેલા છે.[1] પરન્તુ દિલ્હી કે ઓરિસ્સાના રાજવીઓ સાથે સિદ્ધરાજ જયસિંહને સન્ધિ કે વિગ્રહનો—કોઈ પ્રકારનો સંબંધ હોવાનો ખ્યાલ આપણી આજની જ્ઞાન-કક્ષાએ સમુચિત જણાતો નથી.

છતાં આ બાબતમાં જરા ઊંડા ઊતરીએ તો કંઈક પ્રકાશ પ્રાપ્ત થાય છે ખરો. શાકંભરી કે સાંભર અને અજમેરના તેમ જ નડૂલના ચાહમાનો કે ચૌહાણોનો પ્રભાવ તેમના ઘોડેસવાર

---

૧ ડૉ. ભોગીલાલ સાંડેસરા: જગન્નાથપુરી અને ઓરિસા, પૃ. ૨૯૯.

લશ્કરને કારણે જ હતો તે તો એક સુવિદિત હકીકત છે—તે એટલે સુધી કે કોઈ ચૌહાણ વિષે વાત કરતાં જાણે આપણા મનમાં તેના ઘોડાના પદરવના ભણકારા વાગવા લાગે છે! એટલે 'અશ્વપતિ'નો અર્થ કોઈ ચૌહાણ રાજા તરીકે ઘટાવી શકાય. નડૂલના ચૌહાણ રાજા આશરાજના વિ. સં. ૧૨૦૦ (= ઈ. સ. ૧૧૪૪)ના એક ઉત્કીર્ણ લેખમાં તેને મહારાજાધિરાજ જયસિંહનો પાદપદ્મોપજીવી કહેલો છે; વળી તે સિદ્ધરાજની માળવા પરની ચઢાઈ વખતે તેની સાથે સૈન્ય લઈને ગયો હતો. આથી સિદ્ધરાજે તેને હરાવી પોતાનો સામન્ત બનાવ્યો હશે એમાં શંકા જણાતી નથી.[1] પરન્તુ આપણો 'અશ્વપતિ' આ આશરાજ હોય એમ નથી લાગતું. તે તો હતો અર્ણોરાજ કે આનાક. શાકંભરીનો ચાહમાન રાજા અર્ણોરાજ સિદ્ધરાજનો પ્રબળ સમકાલીન હતો. સાંભરના એક કૂવામાંથી સિદ્ધરાજનો એક ઉત્કીર્ણ લેખ મળી આવ્યો છે તેથી સ્પષ્ટ અનુમાન થઈ શકે છે કે સિદ્ધરાજે સાંભર થોડા સમય માટે પણ જીતી લીધું હશે. હેમચંદ્રના **દ્વયાશ્રય-મહાકાવ્ય**માં સિદ્ધરાજના રાજપૂતાના સાથેના વિગ્રહો વિષે વિશેષ નોંધ નથી તે સાચું, પરન્તુ તે જ ગ્રન્થમાં કુમારપાલ તથા આનાકના યુદ્ધ સમયે કુમારપાલ તેને કહે છે કે તેને જયસિંહ આગળ પોતાનું મસ્તક નમાવવું પડેલું.[2] સોમેશ્વરની **કીર્તિકૌમુદી**માં પણ અર્ણોરાજને હરાવી સિદ્ધરાજે પોતાની પુત્રી કાંચનદેવી તેને પરણાવી તેવું સ્પષ્ટ વિધાન છે.[3] ત્યાં સિદ્ધરાજને વિષ્ણુ સાથે તથા અર્ણોરાજને અર્ણવ સાથે સરખાવી બન્નેના વિગ્રહ વચ્ચેનો ભેદ દર્શાવતાં કહ્યું છે કે વિષ્ણુએ સમુદ્રને હરાવી તેની પુત્રી સાથે લગ્ન કર્યું પરન્તુ સિદ્ધરાજે તો અર્ણોરાજને હરાવી પોતાની પુત્રી તેને લગ્નમાં આપી![4] આ ઉપરથી એટલું સ્પષ્ટ લાગે છે કે સિદ્ધરાજ અને અર્ણોરાજ વચ્ચે યુદ્ધ થયું હશે. તેને હરાવી પોતાની પુત્રી આપવાની ઉદારતા સિદ્ધરાજની દૂરંદેશી પણ દર્શાવતી હોય, કેમ કે તે પછી અર્ણોરાજે તેને મદદ કરી. પરન્તુ પુત્રી આપવી પડી તે હકીકત અર્ણોરાજની મહત્તા સૂચવે છે. વળી વિ. સં. ૧૧૯૮ (ઈ. સ. ૧૧૪૨)ના આષાઢ સુદિ ૨ ને ગુરુવારે લખાયેલ એક ગ્રન્થપ્રશસ્તિમાં અર્ણોરાજને 'સમસ્ત રાજાવલીસમલંકૃતપરમભટ્ટારક મહારાજાધિરાજ પરમેશ્વર' કહ્યો છે.[5] આથી એમ સહેજે સમજી શકાય છે કે શાકંભરીનો ચાહમાન રાજા અર્ણોરાજ કે આનાક સિદ્ધરાજના સમયનો એક

---

૧ જુઓ ડૉ. અશોક કુમાર મજુમદાર: ચૌલુક્યઝ્ ઑફ્ ગુજરાત, ભારતીય વિદ્યાભવન, મુંબઈ, ઈ. સ. ૧૯૫૬, પૃ. ૭૦ તથા સ્વ. દુર્ગાશંકર શાસ્ત્રી : ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, દ્વિતીય સંસ્કરણ, ઈ. સ. ૧૯૫૩, પૃ. ૨૯૫.

૨ જુઓ **દ્વયાશ્રયમહાકાવ્ય,** સર્ગ ૧૮, શ્લોકો ૮૪-૮૬ તથા તે પરની ટીકા, મુંબઇ સંસ્કૃત તથા પ્રાકૃત ગ્રન્થમાળાની આવૃત્તિ, પૃ. ૪૭૪–૪૭૬.

૩ જુઓ **કીર્તિકૌમુદી,** સર્ગ ૨, શ્લોકો ૨૬-૨૮.

૪ જુઓ શ્લોક ૨૮ :

गृहीता दुहिता तूर्णमर्णोराजस्य विष्णुना ।
दत्तानेन पुनस्तस्मै भेदोऽभूदुभयोरयम् ॥

૫ જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પૃ. ૧૦૪.

બળિયો રાજા હતો.[1] અને આ જ **લ. પ્ર. સં.**માં જે ત્રણ (પ્રબળ) રાજાઓને સિદ્ધરાજે હરાવ્યાનો ઉલ્લેખ છે તેમાંનો પ્રથમ અર્થાત્ 'અશ્વપતિ'.

માળવા અને મધ્યપ્રદેશનાં જંગલોમાંના હાથીઓની ખ્યાતિ પણ કાંઈ ઓછી નથી. એટલે 'ગજપતિ'નો અર્થ માળવાનો રાજા એવો થઈ શકે. માળવાના પરમાર રાજા યશોવર્મા પર સિદ્ધરાજે ચઢાઈ કરી તથા તેને હરાવ્યો અને કેદ કર્યો તે વૃત્તાન્તને **દ્વયાશ્રય**ના રચયિતા હેમચન્દ્ર, **કીર્તિકૌમુદી**કાર સોમેશ્વર, **વસન્તવિલાસ**ના કર્તા બાલચન્દ્ર, **પ્રબન્ધચિન્તામણિ**ના કર્તા મેરુતુંગ—**કુમારપાલભૂપાલચરિત**કાર જયસિંહસૂરિ અને **કુમારપાલપ્રબન્ધ**ના રચયિતા જિનમણ્ડન વગેરે લેખકોએ ઘણું મહત્ત્વ આપ્યું છે. કેટલેક સ્થળે નરવર્મા (ઈ. સ. ૧૧૦૫–૧૧૩૩) સાથેના વિગ્રહની વાત છે તો અન્યત્ર તેના પુત્ર યશોવર્મા (ઈ. સ. ૧૧૩૩–૧૧૩૫) સાથેના વિગ્રહની વાત છે. ઘણી જગાએ બાર વર્ષ સુધી સતત આ વિગ્રહ ચાલુ રહ્યો એમ કહ્યું છે. 'બાર વર્ષ'નો શબ્દશઃ અર્થ લેવાની જરૂર જણાતી નથી. તથાપિ ગુજરાત અને માળવા વચ્ચેનો આ વિગ્રહ ઠીક ઠીક લાંબા સમય સુધી ચાલ્યો હશે એવું તો આ સર્વ અહેવાલો ઉપરથી લાગે છે જ. યશોવર્માએ તો બે-ત્રણ વર્ષ જ રાજ્ય કર્યું, તેથી આ સંઘર્ષ તેના પિતા અને પુરોગામી નરવર્માના શાસનકાળ દરમિયાન શરૂ થયો હશે અને યશોવર્માના સમયમાં પણ તે ચાલુ રહ્યો હશે તથા અન્તે યશોવર્માના પરાજયમાં તે પરિણમ્યો હશે એટલું તો ચોક્કસ આ માહિતી ઉપરથી આપણે જાણી શકીએ છીએ. જો કે નરવર્માના સમયમાં પરમારો કાંઈક શિથિલ થયા જણાય છે, છતાં મુંજ તથા ભોજના કાળથી માળવાના પરમારો બહુ પ્રબળ ગણાયા છે જ. આથી **લ. પ્ર. સં.**માં જેને 'ગજપતિ' કહ્યો છે તે માળવાનો નરવર્મા કે યશોવર્મા—સંભવતઃ યશોવર્મા—હોવો જોઈએ. યુવરાજ યશોવર્માએ સિદ્ધરાજ સોમનાથની યાત્રાએ ગયો ત્યારે પાટણ ભાંગ્યું પરન્તુ વિચક્ષણ મન્ત્રીએ પોતાના રાજાની યાત્રાનું પુણ્ય તેને બક્ષીને પાછો કાઢયો એ પ્રબન્ધોમાં આવતો વૃત્તાન્ત પણ આપણા આ અનુમાનને પુષ્ટિ અર્પે છે.

હવે રહ્યો 'નરપતિ'. કલ્યાણના પશ્ચિમી ચાલુક્યો, ગોવાના કદમ્બવંશના રાજાઓ અને કોંકણના શિલાહાર રાજાઓમાંથી કોઈક આ શબ્દથી નિર્દિષ્ટ હશે એમ લાગે છે. આ વંશોના શાસકો પ્રબળ ગણાયા છે પણ તેમાંના કોઈનું અશ્વદળ કે ગજદળ પંકાયેલું નથી. આથી મોટે ભાગે પાયદળ પર જ આધાર રાખનારા તેઓ હશે. કલ્યાણનો પશ્ચિમી ચાલુક્ય રાજા વિક્રમાદિત્ય છટ્ઠો (ઈ. સ. ૧૦૭૬–૧૧૨૬) પરમર્દી તરીકે પણ ઓળખાતો હતો અને તલવાડાના ઉત્કીર્ણ લેખમાં જયસિંહને "પરમર્દિમર્દક" કહ્યો છે, એટલે એ પરમર્દી આ કલ્યાણનો સમકાલીન રાજા હોવા સંભવ છે. તે સમયના બીજા કેટલાક રાજાઓએ પણ "પરમર્દી"નું બિરુદ ધારણ કરેલું, પરંતુ આ "પરમર્દી" પ્રબળ હતો,[2] એટલે તે જ આ હોવાનો વધારે સંભવ છે. સ્વ. ગૌરીશંકર હી. ઓઝાનો પણ એવો અભિપ્રાય છે.[3]

---

૧ આ અંગેની વિશેષ વિગતો માટે જુઓ પૃ. ૩૩૯ ઉપરની પાદટીપ **૧**માં નિર્દેશેલા બન્ને ગ્રન્થો, અનુક્રમે પૃ. ૭૧ તથા પૃ. ૨૯૫-૨૯૬.

૨ ડો. અશોક કુમાર મજુમદાર, ચૌલુક્યઝ્ ઑફ્ ગુજરાત, પૃ. ૭૯-૮૦.

३ सोलंकीओं का प्राचीन इतिहास, भाग १, पृ, ११७.

ગોવાના કદમ્બ વંશના જયકેશી પહેલાનો શાસનકાળ ઈ. સ. ૧૦૫૦ થી ૧૦૮૦ પર્યંતનો ગણાય છે. સિદ્ધરાજની માતા મીનળદેવી કે મયણલ્લાદેવી તેની પુત્રી હતી. કર્ણદેવ (ઈ. સ. ૧૦૬૪-૧૦૯૪)નો આ લગ્નસંબંધ રાજકીય હોવાનો પૂરો સંભવ છે, અને તેને તેના લાટવિજય સાથે પણ સંબંધ હશે. લાટ ત્રણ વર્ષ બાદ તેના હાથમાંથી ગયેલું, પણ તે પછી સિદ્ધરાજે કાયમને માટે ગુજરાત સાથે જોડી દીધું તેવું પ્રસિદ્ધ ઇતિહાસવિદ્ ડૉ. અશોક કુમાર મજુમદાર કહે છે.[૧] પ્રબન્ધકારો પ્રસંગોના કાલક્રમની દરકાર રાખતા નથી તે તો એક સિદ્ધ હકીકત છે. તેથી અહીં આ જયકેશીનો નિર્દેશ હોઈ શકે.

કોંકણના શિલાહાર રાજા મલ્લિકાર્જુન સાથેનું સિદ્ધરાજના અનુગામી કુમારપાલના સૈન્યનું યુદ્ધ અને તેણે મલ્લિકાર્જુનને આપેલી હાર વિષે વિવિધ પ્રબન્ધોમાં વિગતવાર વર્ણન આવે છે. વળી આ શિલાહાર રાજાઓનું 'રાજપિતામહ' એ તો સર્વસાધારણ બિરુદ હતું, અને કોંકણ પરના આ વિજયથી ગુજરાતના રાજાને કશો લાભ થયો જણાતો નથી. આથી તેમના પ્રાબલ્યનો ખ્યાલ આવે છે. ટૂંકમાં 'નરપતિ' શબ્દથી નિર્દિષ્ટ કદાચ શિલાહાર વંશનો રાજા જ હશે. વળી પ્રબન્ધકારો કાલક્રમને બરાબર સાચવતા નથી, એટલે મલ્લિકાર્જુન સાથેનું આ ભાવિ—કુમારપાલનું—યુદ્ધ સિદ્ધરાજના પ્રસંગમાં ઉલ્લિખિત થયું હોય તો તે અસંભવિત નથી.[૨]

આ પ્રમાણે અશ્વપતિ, ગજપતિ તથા નરપતિ શબ્દોનો અર્થ શાકંભરીનો અર્ણોરાજ, માળવાનો નરવર્મા કે યશોવર્મા અને કોંકણનો (કુમારપાલે હરાવેલ) મલ્લિકાર્જુન એ રીતે આપણે ઘટાવી શકીએ.[૩]

આ ત્રણેનો ઉલ્લેખ મેરુતુંગસૂરિવિરચિત **પ્રબન્ધચિન્તામણિ** (ઈ. સ. ૧૩૦૫)માં વિશિષ્ટ રીતે આવે છે. સિદ્ધપુરમાં વિખ્યાત રુદ્રમાળ (रुद्रमहाकालप्रासाद) બંધાવ્યો ત્યારે પૂરા ત્રેવીસ હસ્તપ્રમાણનો પ્રાસાદ કરાવી તેમાં અશ્વપતિ, ગજપતિ, નરપતિ વગેરે ઉત્તમ ભૂપતિઓની મૂર્તિઓ કરાવી તેમની સામે સિદ્ધરાજે પોતાની બે હાથ જોડેલી મૂર્તિ મુકાવીને દેશ ભાંગે તો પણ આ પ્રાસાદને કશી આંચ ન આવે તેવી યાચના કરી—તેવો સ્પષ્ટ ઉલ્લેખ ત્યાં છે.[૪] આ ત્રણે

---

૧ ચૌલુક્યઝ્ ઑફ્ ગુજરાત, પૃ. ૫૯.

૨ આ અંગેના વિસ્તૃત હેવાલ માટે જુઓ ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ, પૃ. ૩૪૭-૩૫૧; ચૌલુક્યઝ્ ઑફ્ ગુજરાત, પૃ. ૧૧૩-૧૧૫.

૩ આ પ્રશ્ન વિષે પ્રાચ્યવિદ્યામન્દિરના નિયામક ડૉ. ભોગીલાલ સાંડેસરા તથા વડોદરા વિશ્વવિદ્યાલયના પુરાતત્ત્વવિભાગના અધ્યક્ષ ડૉ. રમણલાલ મહેતા સાથે રસપ્રદ ચર્ચા થઈ હતી તે માટે એ બન્ને વિદ્વાન્ સ્નેહીઓના ઋણનો સ્વીકાર કરવો તે અહીં અસ્થાને નહીં ગણાય.

૪ જુઓ :

ततः क्रमेण त्रयोविंशतिहस्तप्रमाणं परिपूर्णं प्रासादं कारयामास । तत्र प्रासादेऽश्वपतिगजपति-नरपतिप्रभृतीनामुत्तमभूपतीनां मूर्त्तीः कारयित्वा तत्पुरो योजिताञ्जलिं स्वां मूर्त्तिं निर्माप्य देशभङ्गेऽपि तान् प्रासादस्याभङ्गं याचितवान् ।

—સિંઘી જૈન ગ્રન્થમાળા, ગ્રન્થાંક ૧, શાન્તિનિકેતન, ૧૯૩૩, પૃ. ૬૧, અન્તિમ કણ્ડિકા.

રાજાઓ બહુ પ્રબળ હતા અને તેમના તરફથી દેશભંગનો ભય સિદ્ધરાજને રહ્યા કરતો હતો તેવું સ્પષ્ટ અનુમાન આ ઉલ્લેખ પરથી પણ થઈ શકે છે. "ગુજરાતના મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ"ના પરિશ્રમશીલ સંશોધક–લેખક સ્વ. દુર્ગાશંકર શાસ્ત્રીનું ધ્યાન **પ્રબન્ધચિન્તામણિ**-ના આ મહત્ત્વના ઉલ્લેખ તરફ ગયું લાગતું નથી.

હવે આપણી કથામાં આવતા બીજા કેટલાક ગૌણ ગણી શકાય તેવા ઉલ્લેખોનો સંક્ષિપ્ત વિમર્શ કરી લઈએ. સિદ્ધરાજની માતાનું નામ અહીં મીણલદેવી આપ્યું છે. અન્યત્ર તે મયણલ્લ-દેવી કે મીનળદેવી તરીકે પણ પ્રસિદ્ધિ પામી છે. તેને અહીં પવિત્રતામાં અહલ્યા, અરુન્ધતી, સતી, તારા, મન્દોદરી જેવી પ્રાચીન સતીઓ સાથે સરખાવી છે—તેમના કરતાં પણ તે બાબતમાં તે ચઢિયાતી હતી તેવું અહીં કહેલું છે. સિદ્ધરાજની રાજસભામાં થયેલા શ્વેતામ્બરો તથા દિગમ્બરો વચ્ચેના ઐતિહાસિક વાદમાં સ્ત્રીઓ પણ પવિત્રતા તથા સત્ત્વશીલતાને કારણે મોક્ષ મેળવી શકે છે તેવું પ્રતિપાદિત કરવા માટે શ્વેતામ્બરાચાર્ય દેવસૂરિએ તે સમયે જીવન્ત રાજમાતા મીનળદેવીનું ઉદાહરણ પણ આપેલું તે હકીકતની અહીં નોંધ લેવી જરૂરી છે. 'કાન્હડા જયકેશ'ની કુમારી તરીકે તેનો અહીં ઉલ્લેખ છે, તે સત્ય હકીકત છે. આ જયકેશ એ જ કન્નડ-કર્ણાટક-ગોવાનો કદમ્બવંશનો રાજા જયકેશી પહેલો જેનો શાસનકાળ ઈ. સ. ૧૦૫૦ થી ૧૦૮૦ પર્યન્તનો મનાય છે. તેના વિષે આપણે ઉપર જોઈ ગયા.

સિદ્ધરાજને અહીં **गाजणवइहम्मीरहृदयान्तशल्य** કહ્યો છે. આ ગાજણનો પતિ હમ્મીર તે કાં તો ગાજણગઢ જેવા કોઈ સ્થળનો અધિપતિ હોય કે પછી ગજનીનો રાજા હોય ! વસ્તુતઃ તો 'હમ્મીર' શબ્દ અરબી 'અમીર'માંથી આવેલો છે. 'અમીર'નો અર્થ છે 'ઉમરાવ' અથવા તો 'અફઘાનિસ્તાનનો રાજા'. આથી સામાન્ય રીતે કોઈ પણ મુસલમાન સરદારને 'હમીર' કે 'હમ્મીર' કહી શકાય. વિ. સં. ૧૧૯૬ (ઈ. સ. ૧૧૪૦)ના દોહદના ઉત્કીર્ણ લેખ અનુસાર સિદ્ધરાજે એક સિન્ધુરાજને હરાવ્યો હતો. સોમેશ્વરે તેની **કીર્તિકૌમુદી** તથા **સુરથોત્સવ**માં આ વિગ્રહનું વર્ણન આપેલું છે. **કીર્તિકૌમુદી**ના બીજા સર્ગના ૨૬મા શ્લોકમાં તેણે સિદ્ધરાજના આ પરાક્રમને શ્લેષ દ્વારા વર્ણવ્યું છે:

असङ्ख्यहरिसैन्येन प्रक्षिप्तानेकभूभृता ।
बद्धः सिन्धुपतिर्येन वैदेहीदयितेन वा ॥

અર્થાત્ અસંખ્ય વાનરો (हरि)ના સૈન્ય દ્વારા અનેક પર્વતો (भूभृत्) નાખીને જેમ વૈદેહીદયિત શ્રીરામે મહાસાગરને બાંધ્યો હતો તેમ અસંખ્ય અશ્વવારોના (हरि) સૈન્ય વડે અનેક રાજાઓ (भूभृत्)ને પાડીને તેણે સિન્ધુપતિને બાંધ્યો. આ સિન્ધુપતિ કે સિન્ધુરાજ સિન્ધનો સુમરો હશે એમ શ્રી એચ. સી. રાય માને છે[1] અને ડૉ. મજુમદાર પણ તેને સિન્ધનો કોઈ મ્લેચ્છ અધિપતિ સમજે છે.[2] આપણો ઉલ્લેખ આને લગતો હોવા સંભવ છે. **લ. પ્ર. સં.**માં અન્યત્ર[3] પણ

૧ ડાયનેસ્ટિક્ હિસ્ટરી ઑફ્ નોર્ધર્ન ઇંડિયા, વિભાગ ૨, પૃ. ૯૭૨.

૨ ચૌલુક્યઝ્ ઑફ્ ગજરાત, પૃ. ૮૧

૩ પૃ૪ ૨.

જણાવેલું છે કે 'ગાજણાધિપ હમ્મીર' પાટણ ઉપર ચઢી આવેલો ત્યારે જગદ્દેવ પરમારે તેની છાવણીમાં સોળ માણસો સાથે ઘૂસીને તેને જીત્યો, તેનો પટ્ટઅશ્વ લઈ લીધો અને જયસિંહદેવ તથા હમ્મીર વચ્ચે મેળ કરાવ્યો. આ બંને વિધાનો સંભવતઃ એક જ પ્રસંગને ઉદ્દેશીને કરાયેલાં લાગે છે.

અંતમાં આપણે આ કથામાં મદનભ્રમ કે મદનવર્મા તથા સિદ્ધરાજ વચ્ચેના વિગ્રહની જે હકીકત આપેલી છે તે પર સંક્ષિપ્ત વિમર્શ કરી લઈએ. સોમેશ્વરની **કીર્તિકૌમુદી**ના દ્વિતીય સર્ગના તેત્રીસમા શ્લોકમાં કહ્યું છે કે મહોબકપતિએ પ્રાઘૂર્ણકના મિષથી સિદ્ધરાજને દણ્ડ આપ્યો.[1] આપણે ઉપર નોંધ્યા તે પ્રબન્ધોના અહેવાલોમાં પણ સિદ્ધરાજને તેના તરફથી કંઈ ને કંઈ પ્રાપ્ત થયાનાં જ વિધાનો મળે છે તે આપણે જોયું. તથાપિ આ સર્વ વર્ણનોમાં મદનવર્માનું એક પ્રકારનું મુરબ્બીપણું વ્યક્ત થતું જણાય છે એ હકીકતની પણ નોંધ લેવી જરૂરી છે, અને એ મુરબ્બીપણાને ટેકો આપતું વિધાન કાલંજરના એક ઉત્કીર્ણ લેખમાંથી મળી આવ્યું છે : તેનું વિધાન એવું છે કે 'કૃષ્ણે જેમ કંસને હરાવેલો તેમ આ મદનવર્માએ ગુર્જરેશને હરાવ્યો.'[2] આ બધા ઉપરથી એટલું તો સ્પષ્ટ જણાય છે કે તે બંને રાજાઓ વચ્ચે કોઈક વખત વિગ્રહ થયો હશે અને ત્યારબાદ સુલેહ થતાં પરસ્પરને ભેટોની આપ-લે પણ કરાઈ હશે. પરન્તુ આ અંગેની સ્વ. દુર્ગાશંકર શાસ્ત્રીની એ માન્યતા[3] યથાર્થ લાગે છે કે પાછળથી રચાયેલા પ્રબન્ધો કરતાં સમકાલીન ઉત્કીર્ણ લેખ વધારે વજનદાર ગણાવો જોઈએ અને એ રીતે જોતાં કદાચ સિદ્ધરાજને જ, માળવાના રાજાને પડોશી મહોબકનો રાજા મદદ ન કરે તે હેતુથી, વધારે ઘસાવું પડ્યું હશે; કેમકે ગુજરાતના પ્રબન્ધલેખકો આ પ્રસંગને રોચક રીતે વર્ણવે છે છતાં તેમાંના કોઈનો એવો સ્પષ્ટ દાવો નથી કે સિદ્ધરાજે મહોબક પર વિજય મેળવ્યો હતો; દરેકમાં સિદ્ધરાજ તેનું આતિથ્ય માણી કંઈક ભેટો લઈને—વિશેષતઃ અત્યંત નાજુક સુન્દરીઓની ભેટ લઈને—સ્નેહપૂર્વક પાછો ફરે છે; અને એકને બાદ કરતાં સર્વત્ર તેને મહોબકપતિ 'લડવું નહીં પણ રાજ્યલક્ષ્મીનો ઉપભોગ કરવો' તેવો ઉપદેશ આપે છે. તેના બીજા વિજયોનાં આલેખનોમાં આવી રીતનું વર્ણન ક્યાંય આવતું નથી. જો કે આ સાથે એક બીજી બાબતને પણ ધ્યાનમાં લેવી જોઈએ. **લ. પ્ર. સં.**માં વીલ્હૂ વામણી સિદ્ધરાજ માટે જે વિશેષણો વાપરે છે તેમાં તેનાં કુળ, માતાપિતા આદિ ઉપરાન્ત તેનાં પરાક્રમોના નિર્દેશો પણ સાંપડે છે; પરન્તુ તે જ વીલ્હૂ વામણી જ્યારે પોતાના રાજા મદનભ્રમને સંબોધતાં સુન્દર વિશેષણોની હારમાળા યોજે છે ત્યારે તે બધાં લાલિત્યયુક્ત, પ્રણયયુક્ત છે, પણ તેમાંનું એક પણ વિશેષણ તેના કોઈ વિજયનો

---

૧ જુઓ :

धाराध्वंसप्रसंगेन यस्य सान्निध्यशङ्कितः ।
प्राघूर्णकमिषाद् दण्डं महोबकपतिर्ददौ ॥

૨ જર્નલ્ ઑફ્ ધ એશિયાટિક્ સોસાયટી ઑફ્ બેંગાલ, પુસ્તક ૧૭ (૧૮૪૮), પૃ. ૩૧૮. તે શબ્દો છે :

अमुनाजीयत गुर्जरेशः क्षणेन कृष्णेन पुरेव कंसः ।

૩ ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ, પૃ. ૨૯૯.

નિર્દેશ કરનારું નથી તે એક અત્યન્ત સૂચક વસ્તુ ગણાવી જોઈએ. સિદ્ધરાજ ચઢી આવ્યો છે તેવું જાણતાં **લ. પ્ર. સં.**માં તે રાજા બેત્રણ ટૂંકાં વીરતાયુક્ત વચનો બોલે છે તેટલું જ તેના શૌર્યનું સૂચક અહીં આપણને મળે છે.

આ ઐતિહાસિક અવલોકન પરથી સહેજે જણાશે કે આ પ્રબન્ધમાંની કેટલીક હકીકતોને ઇતિહાસનો ટેકો મળે છે, કેટલીક વડે ઇતિહાસને પુષ્ટિ પ્રાપ્ત થાય છે, તો કેટલીક અંગે આપણી જાણનો ઇતિહાસ કંઈ પ્રકાશ પાડી શકતો નથી જણાતો. પ્રબન્ધકારોનાં લખાણો કલ્પના દ્વારા ભવ્ય બનાવાયેલી લોકકથાઓ—દન્તકથાઓથી સવિશેષ સમૃદ્ધ થયેલાં છે, તેથી તેમાંથી ઇતિહાસ કે કોઈક ઐતિહાસિક સત્યો તારવી કાઢવાં એ અત્યન્ત મુશ્કેલ કાર્ય છે. કેટલેક સ્થળે તો આખા પ્રબન્ધોના પ્રબન્ધો માત્ર કલ્પના પર જ રચાયેલા જોવા મળે છે. છતાં જે પ્રબન્ધો ઐતિહાસિક વ્યક્તિઓના સંબંધમાં જ રચાયા હોય, તેમાંથી કંઈ ને કંઈ ઐતિહાસિક સત્ય મળી રહેવા પૂરો સંભવ છે. આથી તેમાંના નાનામોટા સઘળા પ્રસંગોને ઉત્કીર્ણ લેખો અને બીજી ઐતિહાસિક ચાવીઓની મદદથી કાળજીપૂર્વક ચકાસી જોવા જોઈએ અને તે દ્વારા તેમાંથી વાસ્તવિક વૃત્તાંત તારવવાનો પ્રયાસ કરવો જોઈએ. આ એક જ પ્રબન્ધમાંથી આપણને એવી ઘણી સામગ્રી ઐતિહાસિક સંશોધન માટે સાંપડે છે, તેથી આવા અનેક પ્રબન્ધોમાંથી આ માટેની વિપુલ સામગ્રી હજી પણ મળી રહે તેમ લાગે છે. આથી જ આ વિષય અધિકાધિક સંશોધન માગી લે છે. આજ પર્યંત આવા ગ્રન્થોમાંથી જે કાંઈ ઐતિહાસિક સામગ્રી પ્રાપ્ત થઈ શકી છે, તે જોતાં આ પ્રકારનું સંશોધન મધ્યયુગીન ઇતિહાસ પર નૂતન પ્રકાશ પાડી શકે તેમાં લેશ પણ શંકાને સ્થાન નથી.

અમરકોશના "વનૌષધિવર્ગ"ની* વનસ્પતિઓ ઉપર ઊહાપોહ

—બાપાલાલ ગ. વૈદ્ય

॥ अष्टाध्यायी जगन्मातामरकोशो जगत्पिता ॥

અષ્ટાધ્યાયીને જગતની માતા અને અમરકોશને જગતનો પિતા કહેનારે આ બે ગ્રન્થોનું અપૂર્વ સમ્માન કર્યું છે–તેનું ગૌરવ વધાર્યું છે.

અમરકોશ આપણા કોશોમાં અગત્યનું સ્થાન ભોગવે છે. ઑફ્રેટ જણાવે છે કે અમરકોશ ઉપર ૪૦ જેટલી ટીકાઓ છે જ્યારે "कविकाव्यकालकल्पना" કહે છે કે અમરકોશ ઉપર ૬૯ ટીકાઓ છે. આટલી બધી ટીકાઓ જે ગ્રન્થ ઉપર લખાઈ હોય તે ગ્રન્થનું કેટલું ઊંચું સ્થાન તે વખતના સમાજમાં હશે એ સહેજે કલ્પી શકાય છે.

પ્રથમ આપણે ત્યાં શિક્ષાનો પ્રારંભ જ અમરકોશના શ્લોકો કંઠસ્થ કરાવવાથી થતો હતો. આને લઈને શરૂઆતમાં થોડો શ્રમ પડતો હતો, પરંતુ આગળ ઉપર તેનું ભાષા ઉપરનું પ્રભુત્વ ખૂબ વધતું હતું. અમરકોશથી અમરસિંહ અમર થઈ ગયા છે.

વિક્રમાદિત્યના દરબારનાં નવ રત્નોમાં એક अमरसिंह પણ છે. "धन्वन्तरिक्षपणकामरसिंह-शङ्कुवैतालभट्टघटखर्परकालिदासाः। ख्यातो वराहमिहिरो नृपतेः सभायां रत्नानि वै वररुचिर्नव विक्रमस्य ॥"

ઈ. સ.ના છઠ્ઠા સૈકામાં ઉજ્જયિનીના गुणराते આ ગ્રન્થનો ચીની ભાષામાં અનુવાદ કર્યો હતો.[1] આ ગ્રન્થના ગૌરવ માટે આ જેવી તેવી વાત નથી.

कल्पद्रुमના કર્તા केशव પ્રમાણે આપણે ત્યાં ઘણા કોષકારો થઈ ગયા છે :—

कात्यवाचस्पतिव्याडिभागुर्यमरमङ्ग(क)लाः ।
साहसाङ्कमहेशाद्या विजयन्ते जिनान्तिमाः ॥

---

* 'વનૌષધિ વર્ગ' ઉપરાંત વૈશ્યવર્ગ, મનુષ્યવર્ગમાંથી પણ વનસ્પતિ કેટલીક મળી છે તે પણ અહીં લેવામાં આવી છે. પરંતુ આની સંખ્યા અલ્પ છે.

૧ ગાયકવાડ ઓરિયેન્ટલ સિરિઝ (વો. XLII P. XVII)માં પ્રસિદ્ધ થએલ कल्पद्रुकोश વૉ–૧ (મહામહોપાધ્યાય પં. રામાવતાર શર્મા સંપાદિત) ઉપરથી.

મૅક્ષમુલરના "India, What Can It Teach Us ?" એ નામના પુસ્તક (પ્રથમાવૃત્તિ, પૃ. ૩૨૮) ઉપરથી પણ આ વાતની સાબિતી મળે છે.

આ યાદીમાં અનુક્રમવાર નામો આપવામાં આવ્યાં છે. કાત્ય સૌથી પ્રથમ છે. આ યાદીમાં કાત્ય, વાચસ્પતિ, વ્યાડિ અને ભાગુરિ પછી અમરસિંહ આવે છે.

वसुरातના ગુરુ **चन्द्रगोमिन** જે બંગાલના પ્રખ્યાત વૈયાકરણી હતા, તેમની પહેલાં અમરસિંહ થઈ ગયા છે એમ વિદ્વાનો માને છે અને તેથી અમરસિંહને ઈ. સ. ૪૫૦માં મૂકે છે.[૧]

અમરકોશ ઉપર ટીકાઓ ઘણી લખાયલી છે. આમાં ક્ષીરસ્વામીની "अमरकोशोद्घाटन" નામની ટીકા પ્રાચીન છે. ક્ષીરસ્વામી ૧૧મા સૈકાના અર્ધમાં થઈ ગયા છે. એમની ટીકામાં ખાસ આકર્ષક અમને કશું જ લાગ્યું નથી. આ ટીકાવાળો અમરકોશ વા "नामलिङ्गानुशासन" પુનાની ઓરિએન્ટલ બુક એજન્સીએ ઈ. સ. ૧૯૪૧માં છપાવેલ છે. આ ટીકામાં ભોજ, રાજશેખર, ભટ્ટિ, માઘ વગેરેનો ઉલ્લેખ છે.

એક વન્દ્યઘટીય સર્વાનન્દની "**टीकासर्वस्व**" નામની ટીકા અનંતશયન સંસ્કૃત ગ્રન્થાવલિ (ત્રિવેન્દ્રમ સંસ્કૃત સિરિઝ)માં છપાયલી છે. આ ટીકા અને ક્ષીરસ્વામીની બંનેની ભેગી ટીકાઓ પણ આ ગ્રન્થાવલીમાં છપાયલી છે. એ ચાર ભાગોમાં છે. ઈ. સ. ૧૯૧૭માં આ છપાયેલ છે.

અમને પોતાને આ બધી ટીકાઓમાં પ્રખ્યાત વૈયાકરણી ભટ્ટોજી દીક્ષિતના પુત્ર ભાનુજી દીક્ષિતની **व्याख्यासुधा** અથવા **रामश्रमी** નામની ટીકા બહુ ઉપયોગી લાગી છે. આની ચોથી આવૃત્તિ ઈ. સ. ૧૯૧૫માં નિર્ણયસાગરમાં છપાયેલી મેં ઉપયોગમાં લીધી છે. ક્ષીરસ્વામીએ વનસ્પતિઓ ઉપર પોતાનો કંઈ જ અભિપ્રાય આપ્યો નથી, જ્યારે ભાનુજી દીક્ષિતે પ્રત્યેક વનસ્પતિનાં નામોની નિરુક્તિ સાથે તત્કાલીન જે નામથી એ ઓળખાતી હતી તે ખાસ નોંધેલું છે. એટલે વનૌષધિઓ સંબંધી જાણવાની ઇચ્છાવાળા માટે તો આ વ્યાખ્યાસુધા જ સારી છે. આ વ્યાખ્યા જોયા વિના અમરસિંહની વનૌષધિઓ ઉપર ઝાઝું પિષ્ટપેષણ થઈ શકે એમ જ અમને લાગતું નથી.

મહેશ્વર નામના વિદ્વાને પણ અમરકોશ ઉપર ટીકા લખી છે. એ આ લખતી વખતે અમારી પાસે નથી. પરંતુ અમારી સ્મૃતિ છે કે એમાં મહારાષ્ટ્રીય નામો આપેલાં છે.

બીજી ટીકાઓ અમારા જોવામાં આવી નથી. ભાનુજી દીક્ષિત અને ક્ષીરસ્વામી બંનેએ ચરક, સુશ્રુત, વાગ્ભટ, ધન્વન્તરિ, ચંદ્ર, ચંદ્રનન્દન (ચન્દ્રનન્દનકૃત **गणनिघण्टु**નો ઉલ્લેખ છે), નિમિ, હરમેખલતંત્ર, ધાતુવિદ્ વગેરે વૈદ્યકના ગ્રન્થોનો ઉલ્લેખ કરેલો છે. એટલે આયુર્વેદના વિદ્વાનોના મતોનો ઉપયોગ પોતાની ટીકાઓમાં છૂટથી કર્યો જણાય છે.

અમરસિંહ પહેલાં ઘણા કોષકારો થઈ ગયા છે અને આ બધાને જોયા બાદ જ પોતાના ગ્રન્થનું નિર્માણ એમણે કરેલું છે (**समाहृत्याऽन्यतन्त्राणि संक्षिप्तैः प्रतिसंस्कृतैः।**)

અમરકોશમાં ઘણી વનૌષધિઓ સંબંધી ગોટાળો છે. એ પોતે વૈદ્ય ન હતા એટલે એમની પાસેથી વનૌષધિઓ સંબંધી સમ્યક્ જ્ઞાનની આશા ન જ રખાય. વળી એમણે બીજા ગ્રન્થોના

---

૧ ઇન્ડિયન એન્ટિક્વિટી, ઓક્ટોબર ૧૯૧૨માં દેવદત્ત રામકૃષ્ણ ભાંડારકરના લેખ ઉપરથી.

આધારે જ આ લખ્યું હશે. પહેલાંના નિઘંટુઓ જોયા હશે. આજે સૌથી પ્રાચીન નિઘણ્ટુ "धन्वन्तरिनिघण्टु" મનાય છે. ધન્વન્તરિનો અભિપ્રાય ટીકાકારોએ વારંવાર ટાંકેલો પણ છે. આ ધન્વન્તરિ નિઘણ્ટુના લેખક હોય કે બીજા કોઈ હોય તેની પંચાતમાં પડ્યા વિના અમો કહીશું કે પ્રાચીનોના પગલામાં પગલું અમરસિંહે તો માંડ્યું છે. પ્રાચીનોએ એક જ વનસ્પતિના એનેક પર્યાયો આપવાની પ્રથા શરૂ કરી દીધી હશે એટલે અમરે પણ તે પ્રથા ચાલુ રાખીને એક કરતાં વધુ પર્યાયો આપ્યા છે. આ પર્યાયો વખતે ઘણો ગોટાળો થયેલો છે. પ્રાચીન નિઘંટુઓએ અને ચરક, સુશ્રુત, વાગ્ભટાદિના ટીકાકારોએ ઊભો કરેલો ગોટાળો અમરસિંહને વારસામાં મળ્યો છે એટલે અમરને દોષ ન જ દઈ શકાય[૧] અને અમરના ટીકાકાર ભાનુજી દીક્ષિતે વળી આ ગોટાળાને ઓરજ ગાઢ બનાવ્યો છે.

આ યાદીમાં સંક્ષેપમાં જ અમોએ વનૌષધિઓનો નિર્ણય આપ્યો છે. એ સંબંધી વધુ વિસ્તાર જોવો હોય તેમને અમો અમારાં ત્રણ પુસ્તકો જોઈ જવા વિનવીએ છીએ: (૧) વૃદ્ધ-ત્રયીની વનસ્પતિઓ, (૨) નિઘંટુ આદર્શનું દ્વિતીય સંસ્કરણ અને (૩) સંસ્કૃત સાહિત્યમાં વનસ્પતિઓ. આ સંક્ષેપ આજ સુધીના અમારા આ વિષય ઉપરના અભ્યાસના ફલરૂપે છે. અમારો નિર્ણય કપોલ-કલ્પિત નથી, શાસ્ત્રપૂત છે એટલું જ કહેવું બસ થશે.

અમરના વનૌષધિ-વર્ગની પ્રત્યેક વનસ્પતિ અમોએ લીધી નથી. જે બરાબર છે તેના ઉપર કંઈ લખવાપણું ન હોઈ અમોએ ફક્ત અમને સંદિગ્ધતા લાગી તે જ વનસ્પતિઓ લીધી છે. વનૌષધિ–વર્ગ સિવાય બીજા વર્ગોમાં પણ જ્યાં જ્યાં વનસ્પતિઓ આવે છે તે બધા ઉપર પણ અમોએ ધ્યાન આપેલું છે. વૈશ્ય-વર્ગમાં કે શૂદ્ર-વર્ગમાં ગમે ત્યાં વનસ્પતિ આવી હોય તે પણ અમારા આ લખાણમાં અમોએ લઈ લીધી છે (જો તે સંદિગ્ધ હોય તો).

વિદ્વાનો ઊહાપોહ કરી વધુ પ્રકાશ પાડશે તો આનંદ થશે.

હવે મૂળ શ્લોકો અનુસાર, જેની ઉપર અમને કંઈ કહેવા જેવું લાગ્યું છે, તેવી વનસ્પતિ-ઓની યાદી તપાસીશું.

શરૂઆત **उदुम्बर-फल्गु**થી થાય છે.

उदुम्बर-फल्गु—અમરકોશમાં "**उदुम्बरो जन्तुफलो यज्ञाङ्गो हेमदुग्धकः।**" વનૌ. વર્ગ-૨૨; ઉમરડાનું દૂધ સફેદ—વડના દૂધ જેવું—જ હોય છે તો પછી **हेमदुग्धक** કેમ? "**काकोदुम्बरिका फल्गुः मलपू; जघनेफला।**" શ્લો. ૬૧. આમ બન્ને શબ્દો નોખા આપેલા છે કારણ કે બન્ને વૃક્ષો ભિન્ન ભિન્ન છે. ઉદુમ્બર અને કાકોદુમ્બર બન્ને જઘનેફલા વૃક્ષો છે. કેવળ કાકોદુમ્બરિકાને જ જઘનેફલા કહેવું યોગ્ય નથી. **उदुम्बर** એટલે ઉંબરડો. હિંદી શબ્દ **गूलर** છે. કાકોદુમ્બરિકા (**काकप्रिया उदुम्बरी**)

---

૧ વનૌષધિ સિવાય અન્યત્ર પણ અમરે ખીચડો કર્યો છે. દા. ત. "નાડીસ્તુ ધમનિ: સિરા' આ ત્રણ પર્યાયો (ભાનુજી પ્રમાણે ધમનિના પર્યાયો) આપેલા છે. પરંતુ ચરકસુશ્રુતના વખત-થી જ આ ગોટાળો ચાલુ છે. એટલે અમરનો દોષ શે કઢાય? આવું જ વનસ્પતિઓની બાબતમાં છે.

એ **ઢેડઉમરડી** છે. ઉદુમ્બરની જ આ જાત છે. પરંતુ ઉદુમ્બરની નાની—ઊતરતી—જાત હોવાથી **फल्गुः** = તુચ્છ કહ્યું છે. કયદેવે **उदुम्बरी** નામ સાર્થક રાખ્યું છે.

जघनेफला તો ઉદુમ્બરને વધુ લાગુ પડી શકે, કારણ કે એના થડ અને ડાળો ઉપર પુષ્કળ ફળો બાઝે છે. ઢેડઉમરડીના ઝાડ ઉપર પણ આ પ્રમાણે ફળો લાગે છે ખરાં, પણ થોડાં.

ભા. દીક્ષિતે કાકોદુમ્બરિકા માટે '**कदुम्बरी इति ख्यातस्य**' કહ્યું છે અર્થાત્ ઉદુમ્બરની આ એક તુચ્છ જાતિ હોવાથી આ નામ સાર્થક છે. ભાવમિશ્રે આ બન્ને વૃક્ષો જુદાં જ આપ્યાં છે.

પરન્તુ આજના લેખકો **फल्गु**નો અર્થ **અંજીર** પણ કરે છે! સ્વ. જાદવજી ત્રિકમજી આચાર્ય જેવાએ **फल्गु** નામ અંજીરને આપ્યું છે! કાકોદુમ્બરમાંથી **फल्गु** કાઢી નાખ્યો છે અને અંજીર સાથે એને લગાવ્યો છે.

ચરકસંહિતામાં **फलवर्ग**માં ઉદુમ્બર અને **फल्गु** બન્નેના ગુણો આપેલા છે. સુશ્રુતમાં **फल्गु**ના જ ગુણો આપેલા છે, ઉદુમ્બર વગેરેના નહીં.

तर्पणं बृंहणं फल्गु गुरु विष्टम्भि शीतलम् । (च. सू. २७-१२८)

विष्टम्भि मधुरं स्निग्धं फल्गुजं तर्पणं गुरु ॥ (सु. सू. ४६-१७१)

ડલ્હણે "**फल्गु—काकोदुम्बरिका**" (ચિ. ૯. ઊ. ૫૯) અર્થ કર્યો છે. ચક્રદત્તમાં પણ "**फल्गु काकोदुम्बरिका फलम् । 'डुमर' इति लोके ।** આવો પરિચય આપેલો છે.

ચરક—સુશ્રુતે ઉદુમ્બર અને **फल्गु**ના ગુણો આપેલા છે એ વિચારણીય તો છે જ. નિઘંટુ-કારોએ તો અમરનું જ અનુકરણ કરીને **उदुम्बर** અને **काकोदुम्बर** જ આપ્યાં છે. એમાં **फल्गु** જુદું નથી આપવામાં આવ્યું.

અંજીર આપણા દેશનું વૃક્ષ નથી એમ વિદ્વાનો માને છે. અમરકોશમાં અંજીર શબ્દ નથી. ધન્વન્તરિ—નિઘંટુમાં પણ 'અંજીર' નથી.

મહાભારતમાં પણ નથી. પરંતુ ચિત્રશાળા પ્રેસ તરફથી પ્રસિદ્ધ થયેલ મહાભારતમાં, વનપર્વમાં, યક્ષયુદ્ધપર્વમાં નીચેનો પાઠ છે અને એમાં **અંજીર** છે :—

"मुञ्जातकांस्तथाञ्जीरान् दाडिमान्बीजपूरकान् ।"

પરંતુ ભાંડારકર ઈન્સ્ટીટયુટ તરફથી પ્રસિદ્ધ થયેલ મ૦ ભા૦માં નીચે મુજબ પાઠ છે :—

"अजातकांस्तथा जीरान्दाडिमान्बीजपूरकान्"

વળી અપ્પાશાસ્ત્રી રશીવડેકર મરાઠી ભાષાન્તરવાળા મ૦ ભા૦માં આ પાઠ આપે છે :—

'पाटलान् कुटजान् तथा' એવું ઘુસાડેલું છે. બીજાં પણ મ૦ ભા૦માં ભિન્ન ભિન્ન પાઠો હોય તો નવાઈ નહીં. પરંતુ ભાંડારકર ઈન્સ્ટીટયુટનો પાઠ વધુ ધ્યાનાર્હ છે એમ માનીને મ૦ ભા૦માં અંજીરનો ઉલ્લેખ નથી એમ કહી શકાય. આટલું પ્રસંગોપાત્ત. કતોભટ્ટે **अञ्जीर** (પૃ. ૫૪૫) જુદું દર્શાવ્યું છે. **म. नि.**નો હવાલો નાખ્યો છે અને '**अञ्जीरं मञ्जुलगोहं काकोदुम्बरिकाफलम् ।**' કહ્યું છે. મદનપાલ નિઘંટુ (**म. नि.**)એ **अञ्जीर**ના ગુણો દર્શાવેલા છે અને તેમાં જ '**तस्मादल्पगुणं ज्ञेयमञ्जीरं लघु वा गुणैः ।**' કહેલું છે અર્થાત્ આવું લખેલું છે.

સિદ્ધભેષજ મણિમાલાની ટિપ્પણીમાં સ્વ. લક્ષ્મીરામ સ્વામીએ अञ्जीरની ટિપ્પણીમાં कोष्ठोदुम्बरिकाफलमिति वृद्धाः। એવું કહેલું છે.

અંજીર એશિયા માઈનોરનું વતની છે એમ આધુનિકો કહે છે (વેલ્થ ઑફ ઇણ્ડિયા).

फल्गुને અંજીર ગણવું કે નહિ એ પ્રશ્ન તો ઊભો જ રહે છે.

અમને તો લાગે છે કે काकोदुम्बरिका અને उदुम्बर બંનેની ખબર ચરક-સુશ્રુતને છે જ અને છતાંય फलवर्गમાં फल्गुને પ્રધાનપદ આપી ગુણો લખ્યા છે એટલે ચરકસંહિતાનું फल्गु અંજીર હોવું જોઈએ એમ કોઈ માને કે માનવાનો આગ્રહ રાખે તો તે ક્ષમ્ય છે જ—વિચારણીય પણ છે જ. ચરકે फलवर्गમાં फल्गु અને उदुम्बर બંનેનાં ફલોના ગુણો દર્શાવ્યા છે. આ બતાવે છે કે ઉદુમ્બરથી ફલ્ગુ ભિન્ન છે તેમ ઉદુમ્બરના ફલ કરતાં ફલ્ગુનું ફલ વિશેષ સ્વાદિષ્ટ અને ગુણોમાં પણ ચડિયાતું છે. ચરક શ્રમહર દશેમાનિમાં પણ फल्गुનાં ફલો છે, અર્થાત્ फल्गु સ્વાદિષ્ટ ફલ લાગે છે.

એટલે फल्गुને અંજીર માનવા તરફ દિલ લલચાય છે. પરંતુ તે એશિયા માઈનોરથી અહીં આવ્યું છે એમ વિદ્વાનો કહે છે !

निम्ब (શ્લો. ૨૫). 'पारिभद्रे निम्बतरुः मन्दारः पारिजातकः।'

"चत्वारि निम्बतरोः "**बकायिनी**" इति ख्यातस्य" (ભા. દી.) નિમ્બના પર્યાયો તરીકે पारिभद्र, मन्दार[1] અને पारिजातक નથી. પારિભદ્ર એટલે પાંડરવો—મેઘદૂતનું મંદારવૃક્ષ પણ એ જ Erythrina indica. આ પારિભદ્ર અને મન્દાર—બંને પર્યાયો ખરા. પરંતુ पारिजातक એથી ભિન્ન છે. પારિજાતક એટલે હારશણગાર nyctanthus arbortristis (n. o. oleaceae) બહુ જાણીતી ચીજ છે.

હવે આટલું ઓછું હોય તેમ વળી ભા. દી.એ આ ચારેયને નિમ્બતરુના પર્યાયો માની છેવટે 'બકાયિની' તરીકે ઓળખાય છે એમ કહ્યું છે ! ગજબ છે. બકાયિની એટલે બકાન લીમડો melia azedarach આ ત્રણેયથી ભિન્ન વૃક્ષ છે. આ પર્યાયો નથી નિમ્બના તેમ નથી તે બકાયનિ—બકાન લીમડો, લીમડાના પર્યાયો આગળ (શ્લો. ૬૨) આપવામાં આવેલા છે.

ક્ષીરસ્વામીએ ધન્વન્તરિ નિઘંટુમાંથી શ્લોક ઉતાર્યો છે તે બરાબર કર્યું છે, પરંતુ પોતાનો કોઈ મત તે દર્શાવતા જ નથી.

'पिचमन्द, सुतिक्तक, सर्वतोभद्र, पारिभद्रः।' આ 'ધ. નિ. 'ના પર્યાયોમાંથી પારિભદ્ર કાઢી નાખવા જેવો છે. पिचुमन्द એટલે લીમડો, पिचु એટલે કુષ્ઠ—કુષ્ઠ-ત્વગ્રોગ માત્રનું મર્દન કરનાર હોવાથી તેનું આ નામ છે.

अतिमुक्तक (શ્લો. ૨૭). આગળ શ્લો. ૬૨માં **तिनिश**—તણછ—ના પર્યાય તરીકે આપેલો પર્યાય છે. अतिमुक्ता એ માધવી લતા માટે છે. અહીં अतिमुक्तक તિનિશનો પરિચયજ્ઞાપક પર્યાય તે બનેલો છે. '**अतिमुक्तो विरतीर्णत्वात्।**' (ક્ષીરસ્વામી.) તણછના ઝાડનો વિસ્તાર સારો

---

૧ मन्दार માટે જુઓ "સંસ્કૃત સાહિત્યમાં વનસ્પતિઓ."

હોવાથી તણછ યુજિનિઆ ડાલ્બર્જિઓઇડીસ. Ougeinia dalbergioides syn. Dalbergia ougeinensis.

शिग्रु (શ્લો. ૩૧)—**मोचक** એક પર્યાય આપેલો છે. **मोचक** શબ્દ ત્રણ અર્થમાં વપરાય છે: ૧ કદલી, ૨ શીમળો ૩ શિગ્રુ–પરંતુ **मोचक** શબ્દ મોચા એટલે **શીમળા** માટે જ રાખવો ઠીક છે. ક્ષીરસ્વામીએ ૩ જાતના શિગ્રુ (**ध. अ. द्र.—३-१५**)નું અવતરણ આપી બતાવ્યા છે. (૧) તીક્ષ્ણ સરગવો, (૨) મૂલક પલ્લવ મૂળાનાં પાન જેવો—મુરંગી, (૩) મધુશિગ્રુ-શિગ્રુ માટે **मूलकपर्णी** શબ્દ ચરકે કૃમિના અધ્યાયમાં આપેલો છે જ; જો કે શિગ્રુનાં મૂળા જેવાં પાન ન જ કહી શકાય.

तिल्वक (શ્લોક ૩૩)—લોધ્રના પર્યાયોમાં છે. પરંતુ લોધ્ર ગ્રાહી છે જ્યારે **तिल्वक** રેચક છે. (ચરક સૂત્ર-૧—**विरेचने प्रयोक्तव्यः पूतीकस्तिल्वकस्तथा ।**). એટલે હવે **तिल्वक**ને લોધ્રનો પર્યાય ન માનતાં જુદી જ વનસ્પતિ ગણવી જોઈએ. (જુઓ નિઘંટુ આદર્શ).

उद्दालक (શ્લો. ૩૫). **श्लेष्मातक** શેલુના પર્યાયમાં છે. ભા. દીક્ષિતે **पञ्च उद्दालकस्य 'बहुभार'** इति "**लसोडा**" इति ख्यातस्य—બહુઆર અને લસોડા—આવા બે તત્કાલીન પરિચિત શબ્દો દર્શાવેલા છે. ગુંદાને આજે પણ હિંદીમાં લિસોડા જ કહે છે. 'બહુવાર' પણ પ્રચલિત શબ્દ તે વખતે હશે. આજે આ શબ્દ કયાંય બોલાતો હોય તો અમને તેની ખબર નથી. ક્ષીરસ્વામી ઉદ્દાલકની નિરુક્તિ આવી આપે છે: '**उद्दालयति अंगम् उद्दालकः स्पर्शेन स्फोटकारित्वात् । बहुवृणोति स्रोतांसि बहुवारः ।**' ઉદ્દાલક (ગુંદો) શીત હોવા છતાં ય તે અંગે લગાવવાથી ફોલ્લા ઉઠાવનાર છે. આજનો ગુંદો આવો છે ખરો ? અમને આ નિરુક્તિ જાણ્યા બાદ શ્લેષ્માતક અને ઉદ્દાલક—એ પર્યાયો માનવા કરતાં ભિન્ન વૃક્ષો છે એમ લાગે છે. ગુંદો ફોલ્લા ઉઠાવે એવો તીક્ષ્ણ નથી, તે તો શીત છે.

कुम्भी (શ્લો. ૪૧).

श्रीपर्णिका कुमुदिका कुम्भी कैटर्यकट्फलौ । (વનૌ. વર્ગ. ૪૦) **पञ्च कुम्भ्याः 'कायफल'** इति ख्यातस्य (भा. दी.). **कुम्भी**—જલકુંભી અને કુંભી—બન્ને ભિન્ન વનસ્પતિઓ છે. જલકુંભી એટલે જલકુંભા Pistia stratioides, પાણીમાં થાય છે. કુંભી Careya arborea —વાપુંભા-કુંભી, મોટું વૃક્ષ થાય છે.

श्रीपर्णिका—વાપુંભાનાં પત્ર સુંદર કહી શકાય એવાં છે એટલે આ નામ છે તો સારું, પરંતુ શીવણ માટે **श्रीपर्णी** શબ્દ છે એટલે તે સાથે ગોટાળો ઊભો કરે છે. વાપુંભાનાં પાન જ્યારે પાકટ થઈ સુકાઈ જાય છે ત્યારે તે લાલચોળ થઈ જાય છે અને બીજી વનસ્પતિઓથી તે તરત જ ઓળખાઈ આવે છે.

कैटर्य—મીઠો લીમડો—કઢી લીમડો—છે. આનાં પાકાં ફલ ખાવાલાયક હોય છે.

कट्फल —કાયફળ. આનાં ફલ રાનીખેત આલ્મોડા તરફ ખવાય છે અને દવામાં છાલ વપરાય છે.

અર્થાત્ કુંભી, કૈટર્ય, કટ્ફલ ત્રણેય ભિન્ન વનસ્પતિઓ હોવા છતાંય તેમને પર્યાયો ગણી ખીચડો કરેલો છે.

राजादन અને पियाल—બન્ને ભિન્ન હોવા છતાંય પર્યાયો આપેલા છે (૩૫). राजादनः રાયણ-ફલને રાયણાં કહે છે તે. રાજાઓને ખાવાલાયક ફળો હોવાથી 'राजादन' નામ પડ્યું છે. આ સૂચવે છે કે આની બહુ સુંદર જાત તે વખતે થતી હશે.

पियाल—ચારોળી.

तिन्दुक (૩૯)—ટિંબરુ—જેનાં પાન બીડી બનાવવામાં વપરાય છે તે.

काकतिन्दुक, काकपीलु, काकेन्दुः, कुलक—**ઝેરકચોલાં**[1] અર્થ ભા. દી. આપે છે. ખરીરીતે સંસ્કૃતમાં **काक** ઉપસર્ગ સ્વલ્પ, તુચ્છ, નાનું અર્થમાં વપરાય છે, એટલે ટિંબરુની કોઈ નાની જાત માટે આ શબ્દ લાગે છે. **काकवर्णो तिन्दुः**' (ભા-દી.) કાગડાના રંગ જેવું કાળા રંગનું ટિંબરુનું ફલ.

कुलक—એટલે પરવર. **पटोल.** 'कुलकं पटोलं' સુપ્રસિદ્ધ છે. ક્યાં ઝેરકચોલાનું વૃક્ષ અને ક્યાં પરવર!

काकपीलु—નાનું પીલુનું ઝાડ એવો અર્થ થાય; પરંતુ ઝેરકચોલા સાથે જેને ન્હાવા-નિચોવવાનો સંબંધ નથી તેની સાથે આને જોડી દઈને ભારે અનર્થ કર્યો છે (શ્લો. ૩૯).

वेतस—વેતસ અને જલવેતસ બંને ભિન્ન ગણાવ્યાં છે (શ્લો. ૨૯-૩૦). પરંતુ વેતસ માટે 'वेत इति ख्यातस्य' એમ કહી ભાનુજી દીક્ષિત ભાંગરો વાટે છે. **वेत** એટલે **वेत्र**-નેતર-વેતસ અને વેત્ર ભિન્ન છે. અને જલવેતસ માટે **परिव्याध, विदुल, नादेयी** આ શબ્દો આપ્યા છે, જે અનેક અર્થમાં વપરાય છે, એટલે તેને અહીં રાખવામાં ન આવ્યા હોત તો ઠીક થાત.

परिव्याध—दुमोत्पल, कर्णिकारના પર્યાયમાં છે * (શ્લો. ૬૦).

કર્ણિકાર એ ખરી રીતે **आरग्वध**નો જ પર્યાય છે. અમરે જુદો ગણાવી ભૂલ કરી છે. **नादेयी** શબ્દ અમરે જ ત્રણ અર્થમાં વાપર્યો છેઃ (૧) જલવેતસ (૩૦), (૨) ભૂમિજમ્બુક—ભોંય જાંબુ (૩૮), (૩) અરણી (૬૫). **नादेयी भूमिजम्बुका**—૩૮મા શ્લોકમાં છે તેમ જ ૧૧૮મા શ્લોકમાં છે અર્થાત્ ભૂલથી બેવડાઈ ગયું લાગે છે. અરણીને નાદેયી કહેવાનું કંઈ જ કારણ નથી—અરણી નદીમાં નથી થતી.

---

[1] चत्वारि कटुतिन्दुकस्य 'कुचिला' इति ख्यातस्य इत्यन्ये। ગુજરાતીમાં **ઝેરકચોલાં** પ્રખ્યાત છે. હિંદીમાં 'कुचला' બંગલામાં 'कुंचिला' નામ છે. ક્ષીરસ્વામીએ કાકતિન્દુને 'मर्कटतिन्द्वाख्यः' મર્કટતિંદુ કહ્યું છે તે કંઇક ઠીક છે, પરંતુ ઝેરકચોલું અર્થ તો **ન** જ કરવો જોઈએ.

* द्रुमोतपलः व्याधः परिव्याधः सुगन्धकः। निर्गन्धेऽस्मिन् कर्णिकारो निषीधः पीतपुष्पकः। (નિઘંટુ શેષ) અર્થાત્ દ્રુમોત્પલમાં ફૂલ સુગંધી આવે છે, જ્યારે કર્ણિકાર નિર્ગન્ધ હોય છે. દ્રુમોત્પલ એ મુચુકુન્દ લાગે છે. પરિવ્યાધ અને कर्णिकार-બન્ને ગરમાળાના પર્યાયો છે. परिविध्यतेऽम्भसा परिव्याधः (क्षी) नद्यां भवा नादेयी (क्षी).

नादेयी नागरङ्गे स्यात् जयायां जलवेतसे। भूमिजम्बा जपायां च काङ्गुष्ठे च समीक्ष्यते। इति विश्वः। અર્થાત્ આ પ્રમાણે તો નારંગી, અરણી, જલવેતસ, ભૂમિજંબુ, જપા=જાસુસ અને કંગુષ્ઠ આ બધા માટે નાદેયી શબ્દ વપરાયલો છે. નાદેયી ને નાગરઙ્ગ કે નારઙ્ગ (નારંગી) સાથે શો સંબંધ ? જલવેતસ નદીકિનારે થાય છે એટલે જલવેતસ માટે નાદેયી ક્ષમ્ય ગણાય.

विदुल—વેતસ અને જલવેતસ બંનેનો પર્યાય છે, विदोल्यते वेगेन विदुलः (ક્ષી). પાણીમાં થતું હોવાથી પાણીના વેગથી જે ડોલતું રહે છે તે. +

वञ्जुल–વેતસ માટે સાર્થક શબ્દ છે. આ ઉપરથી જ મરાઠી ' વાળુંજ ' નામ પડ્યું છે. વેતસ વા વંજુલ salix tetrasperma વા alba છે. વંજુલ નામ અમરે तिनिशમાં પણ આપ્યું છે. અશોકમાં પણ વંજુલ છે. પરંતુ वञ्जुल = વાળુંજ અર્થ કરવો જ ઠીક છે.

अङ्कोट—' अङ्कोटे तु निकोचकः। ' (શ્લો. ૨૯). **અંકોટ** એટલે આંકોલ Alangium Lamarkü. **નિકોચક** એટલે **ચિલગોઝા.** ઉત્તરાપથિક ફ્લોમાં ગણત્રી છે. આંકોલ સાથે નિકોચકને કંઈ સંબંધ નથી. ચિલગોઝા Pinus gerardiana. ઉત્તરાપથનું ફ્લ છે—મેવો છે. ચીડને મળતાં મોટાં વૃક્ષો થાય છે. ગુજરાતમાં **આંકોલ**ને બધા જ ઓળખે છે. આંકોલ સાથે નિકોચકને ગણવાનું શું પ્રયોજન હશે ?

निम्ब (૬૨)—આના પર્યાયોમાંથી अरिष्ट ને हिङ्गुनिर्यास—બન્નેને દૂર કરવા જોઈએ. अरिष्ट, મોટે ભાગે, અરીઠી માટે જ રાખવા જેવું છે. हिङ्गुनिर्यास—' हिङ्गुआकारो हिङ्गुगन्धो वा निर्यासोऽस्य ' (ભા. દી.). આ જોતાં હિંગની કોઈ જાત માટે જ આ શબ્દ યોજવો જોઈએ. આજે ડીકામારી માટે ' हिंगुपत्री ' શબ્દ રૂઢ થઈ ગયો છે. પરંતુ તે બરાબર નથી, કારણ કે ડીકામારીનાં પાનમાં કે નિર્યાસમાં હિંગની મુદ્દલેય ગંધ નથી, હિંગ જેવો નિર્યાસ હિંગની અનેક જાતોમાંથી જ નીકળે. હિંગ—Ferula—ની ઘણી જાતો થાય છે. નિમ્બ માટે निम्ब, पिचमर्द શબ્દો જ રાખવા યોગ્ય છે. ' હિઙ્ગુપત્રી 'ના પર્યાયો कारवी, पृथ्वीका, कबरी, पृथु, बाष्पिका વગેરે અમરે દર્શાવેલા છે. बाष्पिका એ **બાફળી** છે. ધાણાવર્ગની વનસ્પતિ છે. સુગંધિ બીજ મસાલામાં વપરાય છે. कारवी પૃથ્વીકા માટે જુઓ कृष्णजीरक.

બોરડી (શ્લો. ૩૭)—

" कोलं कुवलफेनिले। सौवीरं बदरं घोण्टापि। " श्लो. ३६.

" षट् ' कर्कंधूफलस्य '। स्वामी तु आद्यास्त्रयः वृक्षार्थाः। अन्ये फलार्थाः। घोण्टा तु उभयार्था—इत्याह। " (ભા. દી.) અમરે कर्कंधू बदरी कोली—આવાં બોરડીનાં ત્રણ નામો બરાબર આપેલાં છે અને અહીં જે પાંચ નામો છે તે એનાં ફ્લો માટે છે એમ ભા. દી. સ્પષ્ટતા કરે છે.

फेनिल * શબ્દ બોર માટે તદ્દન નકામો છે–અનુપયુક્ત છે–ફેનિલ શબ્દ અરીઠા માટે જ રાખવો જોઈએ. બોરને આ સાથે સંબંધ નથી. घोण्टा એ બોરથી જુદી જ વનસ્પતિ

\+ जलजातस्तोयकामो विदुलः जलवेतसः । બિદુલ જલવેતસનો પર્યાય છે.

* फेनिलं कफवर्धनात् (ક્ષી.)—બોર કફ વધારનાર તો છે જ.

ગટબોરડી (ગુજરાતી) છે. ગટબોરડીનાં ફલ ખાવાના કામમાં આવતાં નથી, એટલે આ શબ્દ પણ જુદો જ આપવો જોઈએ. સુશ્રુતના આરુવધાદિગણમાં गोपघोण्टा છે જે घोण्टा જ છે.

सौवीरं बदरं—એક શબ્દ લઈએ વા સૌવીર અને બદર–જુદા લઈએ તો ય વાંધો નથી. सौवीर—માટે જા. ત્રિ. આચાર્યે राजबदर શબ્દ યોજ્યો છે તે બરાબર છે. રાજનિઘંટુમાં રાજ-બદરના ગુણો આપેલા છે. આપણે મોટાં બોર માટે આ શબ્દ રાખીએ વા उन्नाब–યુનાનીઓનું બોર–દવામાં વપરાય છે તે—રાખીએ તો ય ચાલે. कोल, कुवल–આ બે શબ્દો આપણી મોટી બોરની જાત–કાશીબોર માટે રાખવા જોઈએ. ચરકટીકાકાર ચક્રપાણિએ "कुवलं स्थूलबदरी" એવો પરિચય આપ્યો છે. कुवल—Zizyphus jujuba.

कर्कन्धु—ચણીબોર. Z. nummularia.

सौवीरबदर—ઉન્નાબ. Z. sativa. सुवीरदेशे भवं सौवीरम् (क्षी.). સુવીરદેશ ઇરાન તરફનો કોઈ દેશ લાગે છે.

प्लक्ष (શ્લો. ૪૩)—

गर्दभाण्डे कंदरालकपीतनसुपार्श्वकाः । प्लक्षश्च ॥ શ્લો. ૪૩.

હવે प्लक्ष એટલે તો પીંપળી—Ficus lacor.

ભા. દી. तूदના પર્યાયોને षट् 'अश्वत्थाकारस्य पार्श्वपिप्पल' इति ख्यातस्य એવો પરિચય ભૂલથી આપ્યો લાગે છે. પરંતુ पार्श्वपिप्पल શબ્દ सुपार्श्वकनो પરિચય કરાવનાર છે. तूद એટલે સેતૂર. ગર્દભાણ્ડ એટલે પારસ પીપળો. सुपार्श्वक એ આનો જ પર્યાય ગણવો જોઈએ. ગધેડાના અંડ (ટેસ્ટીકલ્સ) જેવાં જેનાં ફલો થાય છે તે. આ દૃષ્ટિએ sterculiaની જાત પણ ગર્દભાણ્ડ તરીકે ગણાવી શકાય. પરંતુ પ્લક્ષથી તો ગર્દભાણ્ડને જુદું કરવું જ રહ્યું.

અમરે कपीतनના ૩ અર્થો આપ્યા છે: (૧) આમ્રાતકના પર્યાય તરીકે. આમ્રાતક એટલે અંબાડો. (૨) પ્લક્ષ–પીંપળીના પર્યાયમાં અને (૩) શિરીષના પર્યાય તરીકે. એટલે કપીતન પ્લક્ષથી ભિન્ન ગણવો જોઈએ.

क्रमुक (શ્લો. ૪૨)—અમરે ક્રમુક ત્રણ અર્થોમાં વાપર્યું છે—

(૧) લોધ્રના પર્યાયમાં.

(૨) સેતૂર—तूद—ના પર્યાયમાં.

(૩) સોપારી—पूग—ના પર્યાયમાં.

આમ ગોટાળો ગાઢ બનાવ્યો છે. ક્રમુક શબ્દ સોપારી માટે રાખવો અને બીજેથી દૂર કરવો જોઈએ.

વધુ માટે 'पूग'માં જુઓ.

भल्लातकी—ભીલામાના પર્યાયોમાં—"वीरवृक्षोऽरुष्करोऽग्निमुखी भल्लातकी त्रिषु-" (૪૨) આટલા શબ્દો છે.

वीरवृक्ष—એ ખરી રીતે **वीरतरु**—વેલ્લન્તરુ—વેલ્લંતરો (ગુજરાતી)નો શબ્દ છે. Dichrostachyo cineria. સુશ્રુતટીકાકાર ડલ્હણે **वेल्लन्तरु** શબ્દનો સારો પરિચય આપ્યો છે.[1] એટલે હવે વેલ્લન્તરુ—**वीरतरु**—અસંદિગ્ધ ઠરેલો છે.

भाल्लतकी સ્ત્રીલિંગમાં ન રાખતાં પુંલિંગમાં રાખવો જોઈએ. **भल्लातक** શબ્દ જ બધે ઉપયુક્ત છે. અહીં જ આવો સ્ત્રીલિંગ શબ્દ છે. ભીલામાનું તો મોટું ઝાડ થાય છે એટલે એને સ્ત્રીલિંગ બનાવવાની જરૂર જ નથી.

अग्निमुखी નહિ પણ 'અગ્નિમુખ' શબ્દ રાખવો જોઈએ. ભલ્લાતક સાથે અગ્નિમુખ જોઈએ.

અમર અર્જુનનો એક પર્યાય '**वीरतरु**' આપ્યો છે (શ્લો. ૪૫) જેનું ઝાડ કઠિન અને પ્રચંડ હોય તેને પ્રાચીનોએ વીરતરુ કહેલું લાગે છે.

इङ्गुदी—(શ્લો. ૪૬).

इङ्गुदी तापसतरुः। (શ્લો. ૪૫).

"इङ्गुद्याः '**इङ्गुआ**' इति ख्यातस्य, '**जियापूता**' इति ख्यातस्य—इति मुकुटः।" ભા. દી. આમ કહે છે.

અમરકોશમાં **पुत्रञ्जीव** શબ્દ આપેલો નથી. આ છતાં મુકુટ 'જિયાપૂતા'ને ઈંગુદીમાં ખેંચે છે. ઇંગુદી જિયાપૂતાથી ભિન્ન છે.

इङ्गुदी ઈંઘોરિયું (ગુજ.)-Balanites aegyptiaca.

पुत्रंजीव—Putranjiva roxburghiana. બચ્ચાં જીવતાં ન હોય તો આના ફલની માળા ગળામાં પહેરવાથી જીવે છે એટલે આ નામ પડેલું છે.

અમરના બે પર્યાયો બરાબર છે પરંતુ ટીકાકારોએ ગોટાળો કર્યો છે.

करञ्ज (શ્લો. ૪૮)—

'चिरबिल्वो नक्तमालः करजश्च करञ्जके।' (૪૭)

કરંજ માટે **नक्तमाल** અને **करज** બે બરાબર છે, પરંતુ **चिरबिल्व** એ કરંજથી ભિન્ન વૃક્ષ છે. ચિરબિલ્વને સૌરાષ્ટ્રમાં **ચરેલ** કહે છે. ઉત્તર હિંદુસ્તાનમાં **પાપડી** કહે છે. ગુજરાતમાં-પંચમહાલ-માં આને **કણજો** કહે છે. Holoptelia integrifolia એ ચરેલ છે.

पूतीकः पूतीकरञ्जः (૪૮) તુરત જ આપેલ છે. અર્થાત્ કરંજના ૩ ભેદો છે:

૧ करञ्ज–કણજી (ગુજ.) Pongamia glabra.

૨ चिरबिल्व–કણજો (ગુજ.) Holoptelia integrifolia.

૩ पूतिकरञ्ज–કાચકી (ગુજ.) Caesalpinia bonducella.

---

[1] 'वेल्लन्तरुर्जगति वीरतरुः प्रसिद्धः। सितासितनीलविलोहितपीतपुष्पः। स्यात्कण्टकी विजलदेशभवो हि वृक्षः॥. આજે પણ પંચમહાલમાં '**વેલ્લન્તરો**' સુપ્રસિદ્ધ વૃક્ષ છે. એની ઉપર સફેદ, ગુલાબી, પીળાં એવાં ભિન્ન રંગનાં ફૂલ આવે છે. લાકડું અત્યંત કઠિન હોવાથી વીરતરુ નામ બરાબર છે.

આગળ ઉપર " करञ्जभेदाः षड्ग्रन्थो मर्कटी अंगारवल्लरी " (૪૮) આમ કરંજના ભેદો આપે છે.

અમરે કૌવચના પર્યાયોમાં **मर्कटी** આપેલી છે જ એટલે "**मर्कटी**" શબ્દ કુવેચ-કુવચ-માટે રાખવો. કરંજભેદમાંથી કાઢી નાખવો.

अंगारवल्लरी—'ગુંજા', ચણોઠી અર્થ કરવો જોઈએ; કારણ ચણોઠીનાં લાલ રંગનાં ફળો વેલ ઉપર આવે છે ત્યારે અંગારા જેવો જ દેખાવ લાગે છે.[1] જો કે **गुञ्जा** (૯૮)ના પર્યાયોમાં અમરે આ શબ્દ આપ્યો નથી.

करञ्जभेदाः—આ શ્લોક જ કાઢી નાખવા જેવો છે. કરંજના ભેદોમાં લેવો હોય તો घृतकरञ्ज—વાકેરીચા ભાથા (મરાઠી)ને ગણાવી શકાય.

एरण्ड (શ્લો. ૫૧)—**एरण्ड**ના પર્યાયોમાં **चित्रक** અને **चञ्चु**—આ બે શબ્દોને દૂર કરવા જોઈએ. **चित्रक** એટલે ચિત્રો, Plumbago zeylanica. **चञ्चु** એટલે છૂંછ, corchorus —આ બન્ને વનસ્પતિઓ એરંડથી ભિન્ન છે. એરંડ બે જાતના છે. લાલ એરંડને "**हस्तिकर्णो व्याघ्रो व्याघ्रतलो रुवुः** " કહેલો છે.[1] ક્ષીરસ્વામીએ કોઈકિનું અવતરણ કરી ધ્યાન ખેંચ્યું છે.

प्रियङ्गु (શ્લો. ૫૫-૫૬)—" श्यामा तु महिलाह्वया । लता गोवन्दिनी गुन्द्रा प्रियंगुः फलिनी फली ।
विष्वक्सेना गन्धफली कारम्भा प्रियकरा च सा ॥ "

—**श्यामा** શબ્દ પ્રિયંગુને મળેલાં સ્ત્રીનાં નામો જોતાં ભલે રહેતો. બાકી **श्यामा** એ 'કાળું નસોતર' અર્થમાં યોજાય છે. એક બીજો પર્યાય **प्रियक** છે તે તો તત્કાલ જ ત્યાંથી દૂર કરવો જોઈએ. **प्रियक** શબ્દના ઘણા અર્થો થાય છે. **पीतसारक**, **नीप** (કદંબ), કુંકુમ (કેશર) અને આ પ્રિયંગુ—એવા ભિન્ન ભિન્ન અર્થમાં આ શબ્દ યોજાયો છે. 'વિજયસાર' એ ઘરગથ્થુ શબ્દ ભા. દી.એ પણ વાપર્યો છે. '**षट् जीवकस्य 'विजयसार' इति ख्यातस्य**' (શ્લો. ૪૩ની ટીકા). અર્થાત્ **प्रियक** શબ્દ અસન અને બીયો (ગુજરાતી) બન્ને માટે છે. આ બીયાના કાષ્ઠમાંથી નીકળતો **સાર** (કાષ્ઠભાગ Heart-wood) એ **વિજયસાર** નામે ઓળખાય છે અને દવામાં વપરાય છે. સંસ્કૃત શબ્દ **बीजक** છે (**यथा खदीरबीजकौ**) જેને ગુજરાતીમાં બીયો કહેવામાં આવે છે. અમરે **बीजक** ન આપતાં **जीवक** શબ્દ રાખ્યો છે.

'પ્રિયંગુ'નાં નામો જોતાં તે લતા લાગે છે. **श्यामा**, **महिलाह्वया**, **लता**, **प्रियंगुः**, **विष्वक्सेन-कान्ता**, **गन्धफली**; **कारम्भा** વગેરે શબ્દો—પ્રિયંગુના પર્યાયો—જોતાં એ લતા જ છે. આ છતાં ભાનુજી દીક્ષિતે ટીકામાં " **द्वादश प्रियंगुवृक्षस्य** " એમ લખ્યું છે !

ભા. દી.ને આમ લખવાનું કારણ મને પોતાને એ સમજાય છે કે એક ઘઉંલા નામના વૃક્ષનાં ફલો આજે પણ **પ્રિયંગુ** તરીકે ઓળખાય છે તે, તે વખતે પણ ઓળખાતાં હોય તો નવાઈ નહીં અને એટલે જ **પ્રિયંગુ વૃક્ષ** લખ્યું લાગે છે ? આ એક કલ્પના છે.

---

૧ આપ્ટે ડીક્ષનેરી, હમણાં જ પ્રકટ થએલી હિંદી-સંસ્કૃત ડીક્ષનેરી (મોતીલાલ બનારસીદાસ-કાશી)માં અંગારવલ્લરીનો ગુંજા અર્થ કરવા અંગુલિનિર્દેશ છે. **अंगारवल्ली** ભારંગીનો એક **પર્યાય છે.** શ્લો. ૮૯.

હેમચંદ્રે प्रियंगु गुल्मकाण्डમાં રાખી છે. कङ्गु પર્યાય આપેલો છે. कङ्गु એટલે **કાંગ**—એક જાતનું ધાન્ય છે. આનું નામ પ્રિયંગુ, જ્યારે ઉપરની પ્રિયંગુ એ ગંધપ્રિયંગુ. એમ પ્રિયંગુ શબ્દ બે અર્થમાં વપરાયલો છે: (૧) પ્રિયંગુ—ધાન્ય છે (૨) પ્રિયંગુ—સુગંધી **દ્રવ્ય** છે, દવામાં વપરાયલું છે. કાંગ આદિવાસીઓ ખાય છે. (वैश्यवर्ग-२०)માં कङ्गु ધાન્ય આપેલું છે. कारम्भा ईषद्रम्भाकारा (ક્ષીર૦) કેળના આકાર જેવી કંઈક. गुन्द्रा એટલે તો ગુંદરડો—મોથ—ની જાત. गन्धफली—ચંપાની કળી એ અર્થ છે.

પિયુંગનાં આટલાં બધાં નામો–પર્યાયો–હોવા છતાં ય તે હજી સંદિગ્ધ જ રહી છે. જેમ ધાન્યમાંથી ધુડસાં કાઢતાં વધુ વાર લાગે છે તેમ, જેમ વધુ નામો તેમ તે વનસ્પતિનો પત્તો મેળવવાનું વધુ મુશ્કેલ બને છે. પ્રિયંગુનું આવુ જ થયું છે અને છે.

ટેંટુ (શ્લો. ૫૭)— આના ૧૨ શબ્દો અમરે આપ્યા છે (શ્લો. ૫૬-૫૭):—

" मण्डुकपर्ण, पत्रोर्ण, नट, कट्वङ्ग, टुण्टुक, श्योनाक[1], शुकनासा, ऋक्ष, दीर्घवृन्त, कुटन्नट, शोणक, अरलु ॥ "

આમાંથી अरलु અસ્થાને છે. અરલુ (ગુ. અરલવો) ટેંટુથી ભિન્ન વૃક્ષ છે. આ ટેંટુનું સંસ્કૃત નામ टुण्टुक છે. આ ઝાડની શિંગો તલવાર જેવી મોટી હોવાથી એનો પર્યાય છે 'पृथुशिम्बी'. ટુણ્ટુકની આ તલવાર જેવી શિંગ એ રાજપૂતોની નિશાની છે. આથી ગુજરાતીમાં જેમ બધી કોમોનાં બદનામો પ્રચલિત છે તેમ રજપૂતોને **ટેંટા** કહેવામાં આવે છે. આ ટેંટુના ઝાડના નામ ઉપરથી રજપૂતોને ટેંટા કહેવામાં આવ્યા હોય ખરા. વાણિયાને 'હેંગા' (હિંગ વધુ ખાનારા), બ્રાહ્મણોને '**ટીલવા**' (ટીલાં કરનારા), પાટીદારોને '**પપ્પા**' ઇત્યાદિ. અસ્તુ.

અરલુનું મોટું ઝાડ થાય છે. એનાં પાન પણ મોટાં 'दीर्घवृन्त' કહેવાય એવાં છે. આનું શાસ્ત્રીય નામ Ailanthus excelsa છે. મરાઠીમાં આને 'મહારુખ' કહે છે. કેટલાક સંસ્કૃત નામ 'महानिम्ब' આને લગાડે છે. અરલુનું લાકડું ઘણું કડવું હોવાથી એના પ્યાલા બનાવી, રાત ઉપર એમાં પાણી ભરી રાખી, સવારમાં તે પીવાથી જીર્ણજ્વર, અતિસાર વગેરે મટે છે. ઘણા નિઘંટુઓમાં પણ टुण्टुक અને अरलु એકમેકના પર્યાયો તરીકે જ વપરાયલાં છે, પરંતુ આ ભૂલ છે. આ બંને ભિન્ન વૃક્ષો છે.

જેમ असन અને बीजक બંને ભિન્ન ભિન્ન વૃક્ષો છે અને તે છતાંય જાણે એક કેમ ન હોય એમ બંને શબ્દો ભેગા જ ચોટાડી દેવામાં આવ્યા છે તેમ અહીં પણ श्योनाक अरलुનું થયું છે.

ટુણ્ટુક એ oroxylon indica છે.

આંબળાં (શ્લો. ૫૮). આના પર્યાયોમાં એક अमृता છે. अमृता હવે ગળો માટે જ સ્વીકારવો જોઈએ. એક બીજો પર્યાય છે **वयस्था**. વયસ્થા શબ્દ "બ્રાહ્મી, ગળો, આંબળાં, એલચી, કાંકોલી, હરડે," માટે વપરાયો છે. પરંતુ હવે **वयस्थ** આંબળાં માટે જ નિશ્ચિત થવો જોઈએ. वयस्था જેવો શબ્દ कायस्था પણ આ જ અર્થમાં છે. वयस्था આંબળાં માટે, अमृता ગળો માટે. હરડેનાં નામોમાં कायस्था અને अमृता છે તે ત્યાંથી કાઢી નાખવાં જ ઠીક છે.

---

૧ गौडाः शोणकमाहुः (ક્ષી. ૨૦ ટીકા).

હરડે (૫૯-૬૦). 'हैमवती' નામ "સફેદ વજ" માટે વપરાય છે; **श्रेयसी** ગજપીંપર માટે. એટલે હરડેનાં ૧૧ નામોમાંથી આ બે નામો કાઢી નાખવા જેવાં અમને લાગે છે.

कर्णिकार (શ્લો. ૬૧)—અમરે આ શબ્દ ગરમાળાથી ભિન્ન વૃક્ષ માટે વાપર્યો છે. ખરી રીતે ચરક સંહિતામાં ગરમાળાના ઝાડ માટે (आरग्वध, राजवृक्ष માટે) कर्णिकार શબ્દ યોજાયલો છે. એટલે કર્ણિકારને રાજવૃક્ષ—ગરમાળાના એક પર્યાય તરીકે સ્વીકારવો જોઈએ. જ્યારે द्रुमोत्पल શબ્દ, જેને ભાનુજી દીક્ષિતે "**कठचम्पा** इति ख्यातस्य" તરીકે ઓળખાવ્યો છે, તેને જુદી જ વનસ્પતિ માનવી જોઈએ. "द्रुमे उत्पलं तदाकारं पुष्पम् अस्य" (ભા. દી.) આવી નિરુક્તિ આપે છે. ઝાડ ઉપર જાણે કમળના જેવું ફૂલ કેમ ન ખીલ્યું હોય એવાં સુંદર ફૂલો આ ઝાડ ઉપર બેસતાં હોવાથી આ **દ્રુમોત્પલ** નામ પડયું છે. આ કડચંપો એ **મુચુકુન્દ** Pterospermum acerifolium (n.o. Sterculiaceae) છે. આ ઝાડને મુંબઈ, મહારાષ્ટ્ર અને ઉત્તર હિંદમાં 'કનકચંપો' કહે છે. આને જ '**कर्णिकार**' શબ્દ પણ ચોટાડવામાં આવ્યો છે! પરંતુ कर्णिकारને આરગ્વધ—ગરમાળા—ના પર્યાય તરીકે જ લેવાનો છે, જ્યારે द्रुमोत्पलને મુચુકુંદ માનવો જોઈએ. મુચુકુન્દનાં પુષ્પો સુંદર કહી શકાય એવાં છે. જુઓ वेतस.

સીસમ (શ્લોક ૬૨)—पिच्छिला, अगुरु, शिंशपा। આ પર્યાયો છે. પરન્તુ આ ત્રણેને જુદાં પાડવાં જોઈએ. તે ત્રણે ય ભિન્ન વનસ્પતિઓ છે.

पिच्छिला—શીમળા માટે આ શબ્દ છે અને તે ઠીક છે, કારણ કે એમાં પુષ્કળ પિચ્છિલતા–ચીકાશ છે. पिच्छा એટલે शाल्मली.

शिंशपा—સીસમ—Dalbergia latifolia.

अगुरु—Aquilaria agallocha. (n.o. Thymelaeaceae) અગર. બહુ સુગંધી કાષ્ઠ. પાણીમાં નાખતાં ડૂબી જાય એવું અગર શ્રેષ્ઠ ગણાય, એટલે ગુરુ હોવા છતાં ય અ-ગુરુ નામ રાખ્યું છે.

ખરી રીતે વનૌષધિવર્ગમાં આવેલો અગર એ શિંશપા–સીસમ—નો પર્યાય છે. ભા. દી. અહીં 'सिसँव इति ख्यातस्य' કહેલું પણ છે. ખરો અગર તો मनुष्यवर्गમાં (શ્લો. ૧૨૬) આપેલો છે. એના પર્યાયો राजार्ह, लोह, जोङ्गकम् બરાબર છે. અગુરુની ઊંચામાંની જાત कालागुरु પણ દર્શાવેલી છે. અગર કીમતી દ્રવ્ય હોવાથી राजार्ह કહ્યું છે તે યોગ્ય જ છે.

अशोक (શ્લો. ૬૪)—'वञ्जुलोऽशोके'। वञ्जुल શબ્દ ઘણું જ Salix tetrasperma માટે હવે નિશ્ચિત થએલો છે એટલે અશોકના પર્યાય તરીકે તેને ત્યાંથી દૂર કરી દેવો જોઈએ. અશોક Saraca indica. આસોપાલવ એ અશોક નથી.

नागकेसर (શ્લો. ૬૫). चाम्पेयः केसरो नागकेसरः काञ्चनाह्वयः। चत्वारि 'चाम्पेयस्य' (ભા. દી.). આગળ શ્લો. ૬૩માં 'चाम्पेयः चम्पको हेमपुष्पकः' આવા ત્રણ પર્યાયો ચંપાના આપવામાં આવેલા છે અને તે બરાબર છે. પરંતુ નાગકેસરમાંથી चाम्पेयને દૂર કરવો જોઈએ. केसर શબ્દ બકુલ—બોલસરી અને કેસર માટે છે. ચામ્પેય એ સોનેરી ચંપો. ચંપાની ઘણી જાતો

છે. નાગકેસર mesua ferrea. બહુ સુગંધી ફૂલો થાય છે. આનાં પુંકેસરો એ જ સાચું નાગકેસર. બજારોમાં જે મરીના દાણા જેવું નાગકેસર મળે છે તે આથી ભિન્ન છે–Ochrocarpus longifolius છે. આનું નામ છે 'સુરંગી'. આ સુરંગીની કળીઓ એ જ ગુજરાતમાં મળતું "રાતું નાગકેસર". ઉપર જે પુંકેસરોવાળું નાગકેસર બતાવ્યું છે તેને 'પીળું નાગકેસર' કહેવામાં આવે છે, કારણ પુંકેસરો પીળાશ લેતા રંગનાં છે. આ ખરેખર સુંદર સુગંધી ફૂલો છે. આ જ સાચું નાગકેસર છે.

અરણી (શ્લો. ૬૬)—"श्रीपर्णमग्निमन्थः स्यात्कणिका गणिकारिका।" **अग्निमन्थ**–તેનાં લાકડાંને ઘસીને પ્રાચીન સમયમાં અગ્નિ પેટાવવામાં આવતો હતો તેથી આ નામ છે.

'जया जयन्ती तर्कारी नादेयी वैजयन्तिका।' આ નામો પણ અરણીનાં જ છે, છતાંય બંનેને જુદાં આપવામાં આવ્યાં છે એ ઠીક નથી.

जया શબ્દ जयन्ती માટે પણ યોજાયલો છે. આ જયન્તી એ જયતી Sesbania aegyptiaca છે. ગુજરાતમાં જયતી–જયન્તી નામે જ ઓળખાય છે.

श्रीपर्ण શબ્દ श्रीपर्णी શીવણ–Gmelia arboreaનો છે. એટલે અરણીના ઊપલા શબ્દોમાંથી जया, जयन्ती, श्रीपर्ण, नादेयी—ને દૂર કરવા જોઈએ. **तर्कारी** અગ્નિમન્થની એક જાત છે. નિઘંટુકારોએ એને '**क्षुद्र अग्निमन्थ**' કહી છે. દક્ષિણ ભારતમાં અને પંજાબમાં આ તર્કારી જ અગ્નિમંથ તરીકે વપરાય છે. એ પ્રેમ્ના ઈન્ટેગ્રીફોલિઆ—Premna integrifolia આ તર્કારી છે. મોટી અરણી=अग्निमन्थ=એ clerodendron phlomidis છે. ગુજરાતમાં મોટી અરણી જ દવામાં વપરાય છે.

हस्तिकर्णपलाश—"श्रीहस्तिनी तु भूरुण्डी" (શ્લો. ૬૯) આવા બે શબ્દો અમરે આપેલા છે. 'भुं रुण्डयति आच्छादयति इति भुरुण्डी।' (ભા. દી.). અન્યત્ર આને માટે 'हस्तिकर्णपलाश' શબ્દ યોજાયલો છે. હાથીના કાનના જેવાં જેને મોટાં પાન થાય તે છોડ. ભા. દી. પણ કહે છે કે "हस्तिकर्णपत्रा शाकविशेष इति स्वामी। द्वे (माषादिक्षेत्रभवाया बकुलपुष्पाभलोहितपुष्पायाः '**हस्तिकर्णाभपत्रस्य**' '**शिरीहथिनी**' इति ख्यातायाः)". આ હાથીના કાનના જેવાં મોટાં પાનવાળો, જમીન ઉપર પથરાતો છોડ તે મોરદેણી Leea macrophylla છે. મોટાં હાથીના કાનના જેવાં પાન થાય છે. **શિરીહથિની** નામ કોઈ ભાષામાં હોય તો તે જાણ્યામાં નથી. 'અડદમગનાં ખેતરોમાં બોલસરીના જેવાં લાલ ફૂલવાળાં ફૂલોવાળો છોડ'–એ સમજૂતી વજૂદ વિનાની છે.

मल्लिका—મોગરો. Jasminum sambac.

'तृणशून्यं' એનો પર્યાય આપેલો છે. तृणशून्य એ केतकी–કેવડો—છે. એટલે मल्लिकाના પર્યાયમાંથી तृणशून्य હઠાવી દેવો જોઈએ. કેવડો Pandanus odoratissimus.

'મનુષ્યવર્ગ'માં (શ્લો. ૧૨૭) અગુરુ પછી 'तन्मङ्गल्या मल्लिगन्धिवत्।' આવો પાઠ છે. આ કોઈ અગરનો ભેદ છે કે શું છે તે સમજાતું નથી. અગરનો ભેદ હોય તો '**मल्लिगन्धि**' (**मल्लिकापुष्पस्य एव गन्धो यस्य.** ભા. દી.) એ ધ્યાન ખેંચે છે.

शेफालिका—નીલ નિર્ગુંડી માટે શેફાલિકા શબ્દ યોજાયલો છે. સુશ્રુત ટીકાકાર "**शेफालिका रक्तवृन्ता शारदकुसुमा**" (સૂ. ૮) આવો પરિચય આપે છે અને આ તો પારિજાતક લાગે છે. હું ભૂલતો ન હોઉં તો બંગાલી કવિરાજો શેફાલિકાનો અર્થ આજે પણ પારિજાતક કરે છે. સુશ્રુત सुरसा (શ્વેત નિર્ગુણ્ડી) અને **निर्गुंडी** (નીલપુષ્પા નિર્ગુંડી) આવા બંને શબ્દો યોજે છે. (સૂત્ર ૩૮-૧૮). અમરસિંહ (શ્લો. ૬૮)માં **सिन्दुक, सिन्दुवार, इन्द्रसुरसा** (**इन्द्रसुरिसः इति स्वामी**), **निर्गुण्डी, इन्द्राणिका** એવા પાંચ નામો નગોડનાં આપે છે. ભા. દી. ત્યાં '**स्यौंडी**' इति ख्यातस्य કહે છે અને નીલ નિર્ગુંડીમાં '**न्यवारी**' इति ख्यातायाः એમ જણાવે છે. પરંતુ અમર આ બન્ને શબ્દો આપ્યા પછી વળી પાછો **सितासौ श्वेतसुरसा भूतवेशी**। આમ પર્યાયો આપે છે. ભા. દી. અહીં '**श्वेतनिर्गुण्ड्याः**' એમ લખે છે. મને લાગે છે આ શબ્દો નગોડના નથી, સફેદ તુલસીના છેઃ सुरसा શબ્દ તુલસીનો છે. **भूतवेशी** પણ તુલસીનો પર્યાય હોય તો નવાઈ નહિ! આ ગોટાળો છે.

જૂઈ—"**मागधी, गणिका, यूथिका, अम्बष्ठा**"—

'चत्वारि यूथिकायाः 'जूही' इति ख्यातायाः' આવો પરિચય આપે છે. હવે આમાંથી જૂઈ માટે **यूथिका** એ જ નામ રાખીને, બાકીનાં ૩ નામોને રજા આપવા જેવી લાગે છે. **માગધી**–લીંડીપીપર માટે હવે નિશ્ચિત જ છે. **गणिका** એ **गणिकारी**=અરણી માટે નિશ્ચિત છે. **अम्बष्ठा**—અંબાડી–Hibiscus subdariffa અને કાળીપાઠ આ બે માટે છે. એટલે યૂથિકા એ એક જ શબ્દ જૂઈ માટે રાખીને બાકીના ત્રણે ય શબ્દો ત્યાંથી ખસેડી દેવા જોઈએ.

અમરે '**सुमना मालती जाती**' (શ્લો. ૭૨) ત્રણેને એક જ ગણાવીને કમાલ કરી છે. ખરી રીતે આ ત્રણેય ભિન્ન વનસ્પતિઓ છે:—

૧ जाती—જાઈ, Jasminum auriculatum.

૨ मालती—J. arborescenes, માલતી, कुसर (મરાઠી).

૩ सुमना—ચંબેલી. J. grandiflorum.

સૌમનસ્યાયિની આ સુમનાનો જ એક પર્યાય નિઘંટુમાં છે. આવું તો ઘણુંય અમરકોશમાં છે.

માધવી (૭૨)—'**अतिमुक्त, वासन्ती माधवी**'—આ પર્યાયો છે. આ માધવી, Hiptage madablota. આ madablota—મેડેબ્લોટા એ ખરી રીતે 'માધવીલતા' જ છે. પરંતુ યુરોપિયનો બોબડા હોવાથી માધવીલતાનું આવું નામકરણ કર્યું છે. અરે, આવું લખ્યું છે! ભા. દી. અહીં '**पञ्च कुन्देमेदस्य**' કહી ભાંગરો વાટે છે. આગળ ઉપર माघ्यं कुन्दम्। (શ્લો. ૪૩)—માઘ્ય અને કુન્દ બે પર્યાયો આપેલા છે. '**माघे साधु इति** माघ्यम्'. માઘ મહિનામાં કુન્દનાં પુષ્પો ઠીક ખીલે છે એટલે આ શબ્દ છે. અર્થાત માધવી ને કુન્દ બન્ને ભિન્ન છે.

नवमल्लिका (૭૩)—આનો પર્યાય **सप्तला**[1] આપેલો છે. હવે આ સપ્તલા શબ્દ જબરો સંદિગ્ધ છે. ચરકમાં સપ્તલા શંખિની કલ્પ–કલ્પસ્થાનમાં આપેલો છે. આ સપ્તલાના પર્યાયો **भूरिफेना**—બહુ ફીણવાળી, '**चर्मसाह्वा**' છે. એટલે **सप्तला** શોધનકર દ્રવ્ય છે—ઊલટી ઝાડો કરાવનાર દ્રવ્ય છે. કેટલાક આનો અર્થ ચીકાખાઈ—જેનું ફીણ સારું થાય છે, કરે છે—જે બન્ને ઝાડો ઊલટી કરાવનાર છે. એટલે **सप्तला** જુદી વનસ્પતિ છે. નવમલ્લિકા એ જૂઈ, કુંદને મળતી જ કોઈ સુગંધી પુષ્પોવાળી વેલ છે. Jasminum કુટુંબની કોઈ હોવાનો સંભવ છે.

બીજોરાં—પપનસ

फलपूरो बीजपूरः (શ્લો. ૭૮). ભા. દી. અહીં ખીચડો કરે છે. એ કહે છે કે:

"**द्वे मातुलिंगस्य 'बिजौरा' इति ख्यातस्य**". માતુલુંગ તુરત જ આપેલું છે: '**रुचको मातुलुङ्गके।**'. માતુલુંગ એટલે ચકોતરું, પપનસ (પોમેલો)—મોટું ગોળ ફલ થાય છે. કેસરી રંગની ખટમધુરી કળીઓ ફળમાંથી નીકળે છે જે મીઠું મરી સાકર છાંટી ખવાય છે. રોગીને રોગને લઈ અરુચિ રહેતી હોય તો આયુર્વેદ '**मातुलुङ्गफलकेसरम्**' યાદ કરે છે. અર્થાત્ આ પપનસની કળીઓ અરુચિમાં સારી છે.

જ્યારે બીજોરું એ **बीजपूरक** છે, Citrus medica—મોટું, દેખાવમાં સરસ, ખડબચડું, જાડી છાલવાળું ફલ, જેમાં ગર્ભ બહુ થોડો હોય છે.

બીજોરાં અને પપનસ બે જુદાં છે. બીજોરાં **बीजपूर**; જ્યારે ચકોતરાં, પપનસ **मातुलुङ्ग** છે.

धत्तूरो (૭૮)—ધંતૂરાના સાત પર્યાયો અમરે આપ્યા છે, જેમાં **मातुल** અને **मदन** બે છે. **मातुल** એ **मातुलानि**—ગાંજો છે. **मदन** એ મીંઢળ છે. જેટલાં **धूर्त** અને **कनक** (સોનું)નાં સંસ્કૃત નામો છે તે બધાં ધંતૂરાને લાગુ પડે છે. "**अस्य फले मातुलपुत्रकः**" (શ્લો. ૭૮) એના ફલને **मातुलपुत्रक** કહેવું જોઈએ. ધંતૂરાનું **मातुल** નામ જો રાખીએ તો ફળ માટે **मातुलपुत्रक** નામ બરાબર જ છે. પરન્તુ **मातुलानि** શબ્દ ગાંજા માટે છે એટલે આ શબ્દ ધંતૂરા માટે ન હોય તો ઠીક.

जंबीर (૮૦)—"**स्युः जम्बीरे दन्तशठजम्भजम्भीरजम्भलाः**" (શ્લો. ૨૪). આ પાંચ શબ્દો **जम्बीर**ના આપેલા છે. **दन्तशठ**–દાંત અંબાઈ જાય તે. એટલે લીંબુના આ પર્યાયો છે. જંબીર લીંબુની એક જાત છે. પરંતુ આગળ શ્લોક ૭૯માં

"**समीरणो मरुबकः प्रस्थपुष्पः फणिज्जकः । जंबीरोऽपि ।**"

આ પાંચ પર્યાયો કે શબ્દો ફણિજ્જક–મરવો–ના છે. એમાં એક **जम्बीर** પર્યાય પણ આપ્યો છે. આનું કારણ ચરકમાં બે જાતનાં જંબીર ગણાવ્યાં છે તે છે: (૧) ફલવર્ગમાં (૨) હરિતક વર્ગમાં. હરિતક વર્ગ (Salads)માં જે જંબીર છે તે તુલસીના વર્ગનો, આવચીબાવચીને મળતો, સુગંધી છોડ છે. આદિવાસીઓ આનાં પાનની ચટણી કરી ખાય છે પણ ખરા. એટલે અહીં **फणिज्जक**, **मरुबक** સાથે **जम्बीर** શબ્દ રાખ્યો છે તે તુલસીની કોઈ જાતના અર્થમાં છે એ યાદ રાખવું: કેટલાક **લીલિયા** (Lemon grass)ને જંબીર માને છે.

---

૧ શ્લો. ૧૪૩માં **सप्तला** આપેલી છે. ટીકાકારે '**सीहुण्ड**' પરિચય આપ્યો છે. સીહુણ્ડ એટલે ડાંડલિયો થોર, Euphorbiā acaulis—એ સપ્તલા છે.

અર્ક (૮૧)—અર્કના સાત પર્યાયોમાં એક मन्दार છે. मन्दार પાંડરવા માટે—Erythrina indica માટે—રાખવો જોઈએ (જુઓ "સંસ્કૃત સાહિત્યમાં વનસ્પતિઓ" નામનું મારું પુસ્તક). आस्फोत શબ્દ પણ આસ્ફોતાનો છે એટલે તેને પણ અર્કમાં ન ગણતાં આસ્ફોતા માટે રાખવો જોઈએ. आस्फोताना ઘણા અર્થો થાય છે :

(૧) ગરણી Clitoria ternatea.

(૨) કોવિદાર કંચનાર–Bauhinia variegata.

(૩) વનમલ્લિકા–જંગલી મોગરો.

એટલે आस्फोत શબ્દ આસ્ફોતા–ગરણી–અર્થમાં લેવા જેવો છે.

વાંદો (૮૩)—અમરે વાંદા (વૃક્ષો ઉપર થતો વાંદો)ના પર્યાયોમાં એક जीवन्तिका આપ્યો છે. जीवन्ती દોડી-ડોડી-heptadania reticulata માટે છે. આજે પણ બંગલાના કવિરાજો એક જાતના વાંદાને જે સુકાતાં સોના જેવો પીળો પડી જાય છે તેને स्वर्णजीवन्ती માને છે જ. Dendrobium macrael (n.o. Orchi daceae) આ છે. પરન્તુ શાસ્ત્રોક્ત જીવન્તી તો ડોડી જ છે. આ વાંદાના વર્ગની સ્વર્ણજીવન્તીને જીવન્તી ન ગણતાં જુદી જ વનસ્પતિ ગણવી જોઈએ.

ગળો (૮૩)—અમરે ગળોના નવ પર્યાયો આપ્યા છે. એમાં जीवन्तिका, सोमवल्ली, विशल्या, આ ત્રણ પર્યાયો ગળોમાંથી ખસેડી લેવા જેવા છે, કારણ जीवन्तिका એ ડોડી છે. सोमवल्ली —પ્રસિદ્ધ **સોમ** માટે છે. विशल्या એ अग्निशिखाનો એક પર્યાય અમરે આપેલો છે જ. વિશલ્યા એ અગ્નિશિખા–દૂધિયો વછનાગ, વઢવારડી (ગુજરાતી), Gloriosa superba છે. ગર્ભના શલ્યને કાઢનાર હોવાથી મરાઠી નામ कळलावी—વેણો લાવીને શીઘ્ર પ્રસવ કરાવનાર—છે.

મૂર્વા (૮૪)—જબરી સંદિગ્ધ વનસ્પતિ છે. અમરે ૧૦ પર્યાયો આપ્યા છે, જેમાંથી गोकर्णी पीलुपर्णी બે શબ્દોને દૂર કરવા જેવા છે. गोकर्णी એટલે ગરણી. Clitoria ternatea. આજે પણ આ જ નામથી ઓળખાય છે.

पीलुपर्णी—દૂધિયો હેમકંદ (ગુજરાતી)—જેનાં મૂળ મીઠાં હોવાથી ગુજરાતમાં **જેઠીમધ** તરીકે ઓળખાય છે તે. મૂર્વાનું એક નામ मधुरसा છે અર્થાત્ જે સ્વાદમાં મીઠી છે એટલે તેમ જ આ દૂધિયા હેમકંદનાં પાન પીલુપર્ણી—બરાબર પીલુ—(Salvadora persica)—જેવાં હોવાથી કોઈએ મૂર્વા આને ઠરાવી દીધી છે. દૂધિયો હેમકંદ વા કાળો કટકિયો (લીલી ડાળીને ભાગતાં પણ કટક દઈને તે ભાંગી જતો હોવાથી કટકિયો શબ્દ પડ્યો છે.) Cadaba indica છે. હવે શાસ્ત્રોક્ત મૂર્વા marsdenia roylei (n.o. Asclepiadaceae) પૂરવાર થયેલી છે.

પાઠા (૮૫)—પાઠાના દશ પર્યાયો છે જેમાં श्रेयसी અને रसा બે દૂર કરવા જેવા છે. श्रेयसी ગજપીંપર માટે અને रसा રાસ્ના માટે છે. બીજા શબ્દો બરાબર છે.

કડુ (૮૬)—એમાંથી चक्राङ्गी શબ્દ **ગળો** માટે લઈ લેવા જેવો છે. ગળોની એ પરિચય કરાવનાર સંજ્ઞા છે. मत्स्यशकला, शकुलादनी પર્યાયો કડુ માટે છે.

મૂષિકપર્ણી (૮૮)—અમરે ૧૦ પર્યાયો આપ્યા છે. આ બધા द्रवन्तीના પર્યાયો છે. એમાં મૂષિકપર્ણીને દાખલ કરી દીધું છે તે ઠીક નથી. મૂષિકપર્ણી એટલે ઉંદરકની (ગુજરાતી) Ipomaea reniformis—એનાં પાન ઉંદરના કાન જેવાં છે. બીજા બધા શબ્દો **દ્રવન્તી**ના છે. દ્રવન્તી સંદિગ્ધ છે પરન્તુ ભા. દી. 'मुसाकर्णी' કહે છે તે દ્રવન્તી નથી. મુસાકર્ણી એ મૂષિ-કપર્ણી બરાબર છે, પણ દ્રવન્તીથી એ ભિન્ન છે.

अपामार्ग (૮૯)—અમરે આઠ પર્યાયો આપેલા છે. જેમાં धामार्गव અને किणिही આ બે શબ્દો તદ્દન જુદી વનસ્પતિના છે. धामार्गव[1] એ ગલકાં (ગુજ.) છે, Luffa aegyptiaca છે. Luffa amara એટલે कोषातकी-કડવાં તૂરિયાં. धामार्गव પણ કડવી અને મીઠી બંને જાતની છે. किणिही એ 'કિણ્ઈ' (મરાઠી), શિરીષની જાત, Albizzia procera છે. 'કિણ્ઈ' એ કિણિહીનું જ અપભ્રષ્ટ છે. અપામાર્ગમાંથી આ બે નામો દૂર કરવાં જોઈએ.

भारंगी (૯૦)—નવ પર્યાયો છે. अंगारवल्ली—અગાઉ **અંગારવલ્લરી** ગુંજાના પર્યાય તરીકે ગણવાનું કહ્યું છે. અહીં ભારંગીનો એક પર્યાય अंगारवल्ली આપેલો છે. ભારંગીનાં ફૂલને અંગારવલ્લી ન કહી શકાય.

મંજિષ્ઠા (૯૧)—નવ પર્યાયો છે. જેમાં समंगा અને मण्डूकपर्णी, એ બેનો ગોટાળો છે. સમંગા એ રીસામણી અને મજીઠ બંને માટે છે. સંદર્ભાનુસાર અર્થ કરવો ઉચિત છે. રક્તાતિસાર-માં સમંગા-લજામણી-લેવી જ્યારે અન્યત્ર મજીઠ લેવી.

मण्डूकपर्णी—ઉંદરકની-Ipomaea reniformis છે. भण्डी પર્યાય છે. त्रिभण्डी એ ત્રિવૃત્ નસોતરનો પર્યાય છે. એટલે ભંડીનો નસોતર અર્થ જ ઠીક છે.

ધમાસો, જવાસો (૯૨)—જેમ અરલુ ટેંટુ, બીજોરું પપનસ, અસન બીજક એ જુદાં પાડવાની જરૂર છે તેમ આ બંને શબ્દોને પણ જુદાં પાડવાની જરૂર છે. ધમાસો (धन्वयासः) એ Fagonia arabica છે. એનો નૈસર્ગિક વર્ગ નાનાં ગોખરૂનો છે, Zygophyllaceae છે. જવાસો કે જરવાસો (यवासक) એ Alhaji maurarum શિંબીવર્ગનો n.o. Leguminosae છે. બંને ભિન્ન ભિન્ન નૈસર્ગિક વર્ગની વનસ્પતિઓ છે. પરંતુ દેખાવમાં લગભગ સરખા હોવાથી બંનેને એક માનવાની ઘણા ભૂલ કરે છે. આ પર્યાયોમાં कच्छुरा, अनन्ता આ બે શબ્દો પણ અનુક્રમે કુવચ mucuna pruriens અને ઉપલસરી Hemidesmus indicusના છે. અહીંથી આ બે શબ્દોને કાઢી નાખવાની જરૂર છે. ભા. દી.એ 'दश धन्वयासस्य' 'यवासा' 'इति ख्यातस्य' કહીને ધન્વયાસ અને યવાસક બંનેને એક ગણવાની ભૂલ કરી છે.

कण्टकारी (૯૪)—આ માટે ૧૦ પર્યાયો છે. આમાં बृहती એ મોટી ભોરિંગણી છે, Solanum indicum છે. જ્યારે क्षुद्रा નાની ભોરિંગણી છે, S. xanthoxylum છે. दुःस्पर्शा ધિમાસા માટે શબ્દ છે.

---

[1] શ્લો. ૧૧૭માં 'धामार्गवो घोषकः स्यात्' અર્થાત્ 'तोरई' નામથી ભા. દી. ઓળખાવે છે અને તે જ બરાબર છે. ગુજરાતમાં 'તૂરિયાં' તરીકે ઓળખાય છે.

પીંપર (૯૭)—અમરે ૧૦ પર્યાયો આપ્યા છે. એમાંથી कोलाને ગજપીંપર માટે લેવો જોઈએ. ગજપીંપરનો પર્યાય અમરે कोलवल्ली આપેલો છે. પીંપરના પર્યાયોમાંથી कोला કાઢી નાખવો જોઈએ.

ચવક (૯૮)—અમરે ગજપિપ્પલી[1] અને ચવ્યને જુદાં ગણ્યાં છે (શ્લો. ૯૭-૯૮). નિઘંટુકારોએ તો "चविका गजपिप्पली" ચવિકાનાં ફલને જ ગજપીંપર કહી છે. ચવિકા વેલ છે જેનાં ફલ એ ગજપીંપર છે. ગજપીંપર સંદિગ્ધ છે. બંગાલીઓ Scindapsisની મોટી વેલનાં ફલોને ગજપીંપર કહે છે, જ્યારે બીજા પીંપરની એક જાત Piper chabaને ચવક માને છે. ગજપીંપર તરીકે બજારમાં તાડફલીનું સૂકું કાળું ડીંટું વેચાય છે. હજી P. chaba અમારા જોવામાં આવી નથી. ચવક–ચવ્ય=ચાવવા યોગ્ય એ અર્થમાં છે એટલે એના કંદ ખાવા યોગ્ય હોવા જોઈએ.

ગોખરૂ (૯૯)—સાત પર્યાયો છે, જેમાં पलङ्कषा, इक्षुगन्धा આ બે શબ્દો બરાબર નથી. પલંકષા એટલે ગૂગળ, ઇક્ષુગન્ધા એ એખરો=Asteracantha longifolia. Syn. Hygrophila spinosa છે. આ બે શબ્દો ગોખરૂમાંથી દૂર કરવા જોઈએ.

अतिविषा (૧૦૦)—૮ પર્યાયો છે, જેમાં विश्वा એ વિશ્વભૈષજ્ય–સૂંઠ માટે રૂઢ થઈ ગયો છે. शृङ्गी એ શૃંગીવિષ aconitum chasmanthum માટે રાખવો અને महौषधं આ શબ્દ પણ સૂંઠ માટે જ રાખવો જોઈએ—સૂંઠનો જ એ પર્યાય છે.

अतिविषा અને प्रतिविषा પણ ભિન્ન ભિન્ન વનસ્પતિઓ છે. 'વિષે' અર્થાત્ અતિવિષા અને પ્રતિવિષા બન્ને 'વિષે'માં આવે છે. અતિવખની કળી Aconitum helerophyllum. પ્રતિવિષા એટલે **વખમો** A. palmatum. એટલે **વિશ્વા, મહૌષધ** અને **શૃઙ્ગી** આ ત્રણને ૮ પર્યાયો 'માંથી કાઢી નાખવાના છે અને प्रतिविषाને અતિવિષાથી ભિન્ન ગણવાની છે.

દારુહલદર (૧૦૨)—સાત પર્યાયો છે, જેમાંથી कालेयक હરિચંદન માટે છે.

વજ (૧૦૩)—૫ પર્યાયોમાં એક गोलोमी છે. ગોલોમી શ્વેતદૂર્વાનો પર્યાય છે.

વલિયારી (૧૦૬)—मिसि કે मधुरिकाના છ પર્યાયોમાં એક शीतशिव છે જેનો અર્થ થાય છે **કપૂર**. એટલે **શીતશિવ** શબ્દ વલિયારીમાં ન રાખવો જોઈએ. સિંધવ-સિંધાલુણ માટે પણ અમરે शीतशिवं શબ્દ યોજેલો છે.

વિદારી, ક્ષીરવિદારી (૧૧૦-૧૧૧)—અમરે બન્ને ગણાવ્યાં છે. इक्षुगन्धा એ એખરો છે. ऋष्यगन्धिका ક્ષીરવિદારીનો એક પર્યાય છે જે બરાબર છે.

રાસ્ના (૧૧૫)—૯ પર્યાયો આપેલા છે, રાસ્ના જબરી સંદિગ્ધ વનસ્પતિ છે. એમાં नाकुली, गन्धनाकुली छत्राकी અને सुवहा—આ ચાર રાસ્નાથી ભિન્ન વનસ્પતિઓ છે.

---

૧ આગળ શ્લોક ૧૧૧માં तोयपिप्पली શબ્દ આપેલો છે. 'ગજપીંપર' બે ઠેકાણે આપી છે. પરંતુ અહીં તોયપિપ્પલીના પર્યાયો જે આપેલા છે તે બધા ગજપીંપરના પર્યાયો જ લાગતા નથી. लाङ्गली એટલે દૂધિયો વછનાગ, Gloriosa Superba. शकुलादनी એટલે કડુ, Picrorrhyza Kurroo. આ બે શબ્દોને ગજપીંપર સાથે કંઈ જ સંબંધ નથી. આ ખીચડો પકાવેલો છે.

૧ नाकुली ક્રીડામારી, Aristolochia bracteata.

૨ गन्धनाकुली ઈશ્વરી, સાપસન, A. indica.

૩ छत्राकी સર્પગંધા. Ranwolfia serpentina.

૪ सुवहा નસોતર, opercutina turpetham.

સુરસા, રાસ્ના, સુગન્ધા આ ત્રણ શબ્દો રાસ્ના માટે રાખવા એવો મારો મત છે. રાસ્ના એ હવે Pluchea lanceolata નક્કી થયેલી છે. ઉત્તર હિન્દની ' રાયસન ' આ છે. नकुलेष्टा, भुजंगाक्षी—આ બે શબ્દો નાકુલીના જ પર્યાયો છે.

જો કે આ માન્યતા કંઈ અફર નથી. હાલને તબક્કે આગળ પાછળનો વિચાર કરતાં જે સમજાયું છે તે મુજબનો આ નિર્ણય છે. કારણ કે આ બધા શબ્દોનો શંભુમેળો એવો છે જેમાંથી સત્ય પકડી પાડવું મુશ્કેલ છે.

નાકુલી માટે હજી મને પોતાને શંકા છે જ—નોળીઓ સાપને મારતા પહેલાં આને સૂંઘી આવે છે એવી કિંવદન્તી ઉપર મને વિશ્વાસ નથી. ક્રીડામારીને જ નાકુલી કેમ કહેવી એમ કોઈ પૂછે તો હું એનો સમર્પક ઉત્તર ન આપી શકું. હાલને તબક્કે આ ખીચડામાંથી રસ્તો કાઢવાનો આ પ્રયત્ન છે. એટલે આ યાદી એ કંઈ છેવટનો બોલ નથી. વિજ્ઞાનમાં " છેવટનો બોલ " જેવું કંઈ હોતું જ નથી. જ્યારે વધુ સંગીન સાબિતી કે પુરાવા મળે ત્યારે તે બદલી શકાય છે.

નાકુલીની જ વાત કરું ? એક વખતે Dioscoreaની એક જાતનો કંદ મને હૂબહૂ નોળિયાના આકારનો મળ્યો હતો. એને જ નોળવેલ હું માનું છું અને નાકુલી પણ મને હજી એ જ લાગે છે. પરંતુ આ નોળવેલની જાતો–Dioscoreas–માં ઘણી ઝેરી છે, ઘણી બિલકુલ ઝેરી નથી–ખાઈ શકાય એવા કંદો હોય છે. પરંતુ આ નોળવેલ ખાઈ શકાય એવી છે કે નહિ તેનો નિર્ણય જ્યાં લગી હું ન કરી શકું ત્યાં સુધી સ્વ. પં. હરિપ્રપન્નજીના પગલામાં પગલું મૂકી મેં નાકુલીને ક્રીડામારી ગણવાનું ચાલુ રાખ્યું છે. આ કામચલાઉ નિર્ણય છે. રાસ્નાના પર્યાયો एलापर्णी, सुगन्धा, એવા પણ છે અને આ બે ઉપરથી દક્ષિણના વૈદ્યો कुलिंजनને રાસ્ના માને છે. અમરે एलापर्णी જુદી આપી, રાસ્નાની કોઈ જુદી જાત દર્શાવી છે (શ્લો. ૧૪૦). રાસ્નાના પર્યાયોમાંથી नाकुली, गन्धनाकुलीને દૂર કરવાની તો જરૂર છે જ. આ ખીચડાનો લાંબો ઇતિહાસ આપવાની જરૂર જોતો નથી. સ્વ. પં. હરિપ્રપન્નજીનું ' रास्नायाथातथ्यम् ' વાંચી જવા વિનવીશ.

शृङ्गी (૧૧૭)—કાકડાસીંગી, Rhus Suceedania. અમરે **कर्कटशृङ्गी** શબ્દ-પર્યાય—આપ્યો નથી. ' **ऋषभो वृषः** ' એવા પર્યાયો આપ્યા છે. ' **ऋषभ** ' તો જીવનીય ગણની વનસ્પતિઓમાં જીવક, ઋષભક આવે છે તે માટે છે, **वृष** અરડૂસી માટે છે. એટલે આ બન્ને પર્યાયો शृङ्गीના પર્યાયો ન ગણવા જોઈએ. ભા. દી. કહે છે કે " त्रीणि ऋषभाख्य-औषधेः **'काकडासिंगी'** इति ख्यातायाः। " એમ લખે છે. શૃંગીનો કાકડાસિંગી અર્થ બરાબર છે.

नागबला (૧૧૭)—આના પર્યાયોમાં એક ' **ह्रस्व गवेधूका** ' છે. હવે **गवेधूका** તો એક જાતનું તુચ્છ ધાન્ય છે. અમરકોશમાં જ વૈશ્યવર્ગમાં આ શબ્દ છે જેને ' **मुन्यन्नविशेषस्य** ' તરીકે ઓળખાવેલું છે. જેમ નમારના ચોખા (**नीवार**) વગર વાવેતરે પાણી ભરાઈ રહે એવી જગામાં થાય છે,

તેમ આ **गवेधूका** ધાન્ય પણ થતું લાગે છે. '**गवा जलेन तत्र वा एधते इति गवेधूका**' (ભા. દી.). છતાંય **नागबला** સાથે એને લગાડી દેવામાં આવ્યું છે! ગવેધૂકાની પણ નાની જાત તે **ह्रस्व गवेधूका.** પરંતુ અમરે આંખો મીંચીને જ, કેટલીક વખતે, આવું લખી નાખ્યું છે. '**मुकुटे गवेडुः**' પરિચય ગવેધૂકનો આપ્યો છે. ભા. દીક્ષિતે આનો પરિચય "चत्वारि बलायाः '**कंकही**', '**गंगेरण**' इति ख्यातायाः"—આમ લખીને ઓર જ ગરબડ કરી છે. 'કંકહી' એ તો કાંસકી—અતિબલા—Abutilon indicum છે. ગંગેરણ એથી તદ્દન ભિન્ન છે. नागबला—ગંગેરણ એ Grewia populifolia છે. બલા એ malvaceae orderની છે, જ્યારે નાગબલા એ Tiliaceae orderની છે. જો કે નાગબલા વિષયમાં કેટલાકને મતે તે Sida humilis છે. કારણ **नाग** શબ્દના ભિન્ન ભિન્ન અર્થો છે.—નાગ એટલે સાપ એવો અર્થ કરે તો **नाग इव वलति वेष्टयति** એમ માનીને તે ભૂમિ ઉપર પથરાતી વેલ sida humilis છે અને નાગનો અર્થ હાથી કરે તો હાથી જેવું બલ જેમાં છે તેવી ગંજેટી વા ગંગેરન Grewia populifolia કોઈને લાગે એ સંભવિત છે.

પાલખ (૧૨૧)—"पालङ्क्यां मुकुन्दः कुन्दकुन्दुरुः।" (શ્લો. ૧૨૧) 'चत्वारि कुन्दस्य '**पालक**' इति ख्यातशाकस्य। **कुन्दुरु** इति ख्यातस्य वा।' ભા. દી. પાલખ નામનું જાણીતું શાક એ પરિચય તો બરાબર છે. પરંતુ '**कुन्द**' અને '**कुन्दुरु**' આ બે નામો અમને નિરર્થક લાગે છે. **कुन्द** તો જાણીતી વસ્તુ છે. 'કુન્દુરુ' એ સલ્લકી નિર્યાસ છે. '**कुन्दुरुकी**' (શ્લો. ૧૨૩)ની અમરને ખબર પણ છે.

शिलाजित દગડફુલ (શ્લો. ૧૨૩)— અમને લાગે છે કે ભાનુજી દીક્ષિતે આ નામો—

"कालानुसार्यवृद्धाश्मपुष्पशीतशिवानि तु ॥ १२२ शैलेयम्" ॥

નો "शैलेयस्य '**शिलाजित**' इति ख्यातस्य"

અર્થાત્ શિલાજિત અર્થ ખોટો કર્યો છે.

शैलेय, અશ્મપુષ્પ (શિલાપુષ્પ), શીતશિવ—આ નામો **દગડફૂલ–છડીલો**–Parmelia perfolata (n.o. Lichens)નાં છે એમ અમારું માનવું છે. कालानुसारी–र्य આ નામો કોઈ સુગંધી દ્રવ્ય-તગર, અગર જેવા માટે યોજાયલાં છે. **शीतशिव**—કપૂર માટે શબ્દ છે, પરંતુ કપૂર પેઠે છડીલો શીતલ લેપ માટે વપરાતો હોઈ આ શબ્દ ભલે રહે. પરન્તુ '**શિલાજિત**' નામ તો ખોટું જ છે. અમરે વૈશ્યવર્ગમાં (શ્લો. ૧૦૪) શિલાજતુ આપ્યું છે.

છડીલો—દગડફૂલ—પથ્થર ઉપર જાણે ફૂલ કેમ ન બાઝયું હોય એમ દેખાય છે એટલે આ નામ બરાબર છે—અમરનાં **अश्मपुष्प, शैलेयम्** એ દગડફૂલ માટે બરાબર છે. ભા. દી.એ ગોટાળો કર્યો છે.

मुरामांसी (૧૨૩)—'**पञ्च मुराख्यसुगन्धिद्रव्यस्य**' (ભા. દી.) અર્થાત્ મુરાના ૫ પર્યાયો આપેલા છે અને આ સુગંધી દ્રવ્ય છે એ પણ બતાવેલું છે. **મુરામાંસી** જટામાંસી જેવી સુગંધી વનસ્પતિ લાગે છે. એના પર્યાયોમાં तालपर्णी વગેરે છે, જે ઉપર 'મુરામાંસી' શી ચીજ છે એ સમજ્યા વગર અમારે માટે કંઈ પણ ઊહાપોહ કરવો યોગ્ય નથી. મુરામાંસી અમને ખબર નથી.

सल्लकी (૧૨૪)—સાલેડી કુન્દુરુ Boswellia serrata. ઈસેસ ધૂપ—આ જ છે. सुवहा નસોતર માટે રાખવું જોઈએ.

धातकी (૧૨૫)—अग्निज्वाला એનો પર્યાય બરાબર છે. अंगारवल्लरीથી આ ભિન્ન છે.

कुष्ठ (૧૨૬)—કઠ. ઉપલેટ (ગુજ). Saussuria lappa. 'કુડ' इति ख्यात એ ભા. દી.નો પરિચય પણ બરાબર છે. આજે પણ એ 'કુઠ' તરીકે જ **પ્રસિદ્ધ** છે. આ કાશ્મીરની પેદાશ છે એ પરિચય નથી આપ્યો. એનો એક પર્યાય व्याप्य છે. કેટલાક **वाप्य** પાઠ આપે છે. **वाप्यां भवम्**—વાવમાં થનારું એવો અર્થ થાય. કઠ તો હિમાલયમાં—કાશ્મીરમાં ઘણી ઊંચાઈએ (૮૦૦૦ થી ૧૨૦૦૦ ફૂટ) થનાર વનસ્પતિ છે. એનું वाप्य નામ તદ્દન અનુચિત છે. व्याप्य ઠીક છે. उत्पलमू પર્યાય કાઢી નાખવો જોઈએ. એ ભૂરા કમળનો શબ્દ છે.

શંખાવલી (૧૨૭)—त्रीणि चोरवल्ल्याः '**शांखाहुली**' इति ख्यातायाः । ' ભા. દી. અમને લાગે છે શંખાવલીના આ ત્રણેય પર્યાયો " शंखिनी, चोरपुष्पी, केशिनी " શંખાવલીના ન હોવા જોઈએ. અમરકોશમાં **શંખપુષ્પી** જેવો કોઈ શબ્દ જ નથી.

चोरपुष्पी–એ તો ચોરક (હિન્દી चोरा) Angelica glauca (n.o. Umbelli fereae) છે. કાશ્મીરમાં થાય છે. સુગંધી મૂળ મસાલામાં વપરાય છે. એનું चोरक નામ છે.[1]

केशिनी નામ નથી શંખાવલીની સાથે કે નથી ચોરક સાંથે કંઈ સંબંધ ધરાવતું. કેશ જેવું તો જટામાંસી—Nardostochys Jatamansi-છે કે સુગંધી વાળો છે.

शंखिनी એ ચરકની આંખ ફૂટામણી છે. કલ્પસ્થાનમાં सप्तला शङ्खिनीનો કલ્પ આપેલો છે. શંખિનીના પર્યાયોમાં " तिक्तला यवतिक्ता अक्षिपीडक " આટલા આપેલા છે. એનું ફલ દવાના કામમાં લેવાયલું છે.

અમારો મત છે કે શંખિની, ચોરપુષ્પી અને કેશિની–ત્રણેય ભિન્ન વનસ્પતિઓને ભેગી કરીને આ ગોટાળો ઊભો કરેલો છે.

तामलकी (૧૨૭)—ભોંય આંબળી. Phyllanthus urinaria (n.o. Euphorbiaceae) છે.

वितुन्नक અમરકોશમાં જ **ધાણા** (વૈશ્યવર્ગ–શ્લો. ૩૭)ના પર્યાય તરીકે આપેલો છે અને તે જ અર્થ બરાબર છે. અન્યત્ર—વૈશ્યવર્ગમાં જ—મોરથુથુ तुल्थनो એક પર્યાય તરીકે તે આવેલો છે. અને અહીં ભોંય આંબળીના પર્યાયોમાં આપેલો છે. वितुन्नक ધાણા માટે જ રાખવો જોઈએ. ભોંય આંબળીમાંથી એને દૂર કરવો જોઈએ. (वितुदति मन्दाग्निं । विगतं तुन्नं दुःखमस्मात् ।) शिवा એટલે હરડે. શિવા શબ્દ આ માટે જ હવે નિશ્ચિત છે. ताली શબ્દ પણ નિરર્થક છે. तामलकी 'तनुश्च असौ आमलकी इति तामलकी । '—આંબળીનું નાનું સ્વરૂપ–નાની આંબળી અને ખરેખર આ નાના છોડને આંબળા પેઠે સ્વલ્પ ફલો થાય છે. તાલી, તો કાળી મુસલી માટે ઠીક છે.

---

૧ શ્લો. ૧૨૮માં चोरा છે.

प्रपौण्डरीक (શ્લો. ૧૨૭)—આ સંદિગ્ધ છે. તે શું છે તે નક્કી કરવું મુશ્કેલ છે. **रमस**નો મત ટાંકી (**स्थलपद्मं दृष्टिकृत् पुण्डरीककम्।**) સ્થલપદ્મ તરફ ઇશારો કરેલો છે. કાશ્મીર તરફ હિમાલયમાં એક **બ્રહ્મકમલ**ના છોડ થાય છે જે કઠ-કુડને મળતા છે. સુંદર કમળ જેવાં ફૂલો થાય છે. શાસ્ત્રીય નામ છે Saussuria obvallata wall. બહુ સુંદર પુષ્પો થાય છે. આને સ્થલપદ્મ યા પ્રપૌણ્ડરીક માનવું જોઈએ. ભા. દી. નું '**पुण्डरीया**' શું છે તે સમજાતું નથી. पुण्डरीक એટલે તો કમલ. કમલ કરતાં કંઈક વિશેષ છે એ તરફ અંગુલિ-નિર્દેશ માટે આ શબ્દ યોજ્યો લાગે છે.

नन्दिवृक्ष—'**षट् नन्दीवृक्षस्य 'तूणी' इति ख्यातस्य**' (ભા. દી.). તૂન-તૂની તો cedrela toona છે. લીમડાના વર્ગનું વૃક્ષ છે. એને નન્દીવૃક્ષ સાથે કશો જ સંબંધ નથી. નન્દીવૃક્ષ Ficus retusa વડના કુટુંબનું વૃક્ષ છે. 'નાંદરૂકી વડ' નામ છે. **कुबेरक, कुणी, कच्छ, कान्तलक** આ બધા પર્યાયો અમને નિરર્થક લાગે છે. એ રાખવામાં કંઈ વાંધા જેવું પણ નથી જ. **कुबेरक** (**कुत्सितं बेरं शरीरं अस्य.** જેનું શરીર કૂબડું હોય તે માટે). **कुबेराक्ष** એટલે **કાચકાં** (Caesalpinia bonducella). કુબેરક શબ્દ નંદિવૃક્ષ માટે રાખવો હોય તો ભલે. બાકી બીજા પર્યાયો બીજી કોઇ વનસ્પતિને લાગુ નથી પડતા એટલે ભલે રહે.

चोरक (૧૨૮)—આગળ શંખાવલીમાં **चोरपुष्पी** શબ્દ આવી ગયો છે. અમરના પર્યાયોમાં चोरक નથી. ભાનુજી દીક્ષિતે '**षट् चोरा** इत्याख्यगन्धद्रव्यस्य' એવો પરિચય આપેલો છે. મૂળમાં ચોરા કે ચોરક નથી. મૂળમાં તો

'**राक्षसी चण्डा धनहरी क्षेमदुष्पत्रगणहासकः।**'

આટલા શબ્દો છે. એમાં **चण्डा** તો ચોરક માટે બરાબર છે, પરન્તુ બીજા પર્યાયો ચોરક સાથે કંઈ જ સંબંધ ધરાવતા નથી તેમ બીજી કયી વનસ્પતિઓને તે લાગુ પડે છે એ પણ નક્કી કરાતું નથી.

માલકાંગણી ज्योतिष्मती—Celastrus paniculata એટલે માલકાંગણી. શ્લો. ૧૨૯માં નીચેના પર્યાયો છે:

'सुषिरा विद्रुमलता कपोताङ्घ्रिर्नटी नली।'

ભા. દી. અહીં 'पञ्च '**मालकांगणी**' इति ख्यातायाः' આવો પરિચય આપે છે. માલકાંગણી (ज्योतिष्मती) આગળ (શ્લો. ૧૫૦) આપેલી છે અને અહીં પણ ભાનુ૦ દીક્ષિતે '**मालकांगणी**' પરિચય કરાવેલો છે. અર્થાત્ બન્ને ઠેકાણે માલકાંગણી પરિચય કરાવ્યો છે પરંતુ બન્નેના પર્યાયો તદ્દન જુદા છે. શ્લો. ૧૫૦માં ज्योतिष्मतीના પર્યાયો બરાબર છે પરંતુ શ્લો. ૧૨૯માં આપેલા બધા જ પર્યાયો, અમારા મતે, કોઈ જુદી વનસ્પતિના છે. '**विद्रुमलता**', '**सुषिरा**' એ તો 'પરવાલાની ડાંખળી' માટે હોય એમ છે. नली, नटी, कपोतांघ्री શબ્દો સમજાતા નથી.

अंजनकेशी (શ્લો. ૧૩૦)—''**धमनी अंजनकेशी च हनुः हट्टविलासिनी।** આ ચાર પર્યાયો છે. ભા. દી. પોતાના પરિચયમાં चत्वारि '**अंजनकेश्याः**' કહીને પતાવે છે.

'हट्टविलासिनी' શબ્દ તો દુકાનોમાં મળતી કોઈ પ્રસિદ્ધ ચીજ છે. 'વૈશ્યવર્ગ'માં આ વિષે કશું જ નથી આપેલું.

ધમની એટલે તો artery— આર્ટરી—હૃદયમાંથી લોહીને લઈ જનાર મુખ્ય રક્તવાહિની છે. અહીં એને કેમ લાવવામાં આવી હશે ? કાળા ભમ્મરવાળ વાળી, દુકાને મળતી કોઈ વનસ્પતિ તો Maiden hair Fern = (કુમારિચા કેશ—મરાઠી) હોઈ શકે. પરન્તુ આ માટે કોઈ આધાર નથી—કેવળ કલ્પના છે. હા, કલ્પના છે, પણ વાસ્તવિક છે. અથવા તો પછી **જટામાંસી** લેવાય ? કાળા ભમ્મર જેવા કેશ જેવી કોઈ વનસ્પતિ ‘અંજનકેશી’ સંભવી શકે.

नखी—शुक्तिः शङ्खः खुरः कोलदलं नखम् । શ્લો. ૧૩૦. ‘**पञ्च नखाल्यगन्धद्रव्यस्य**’ કોઈક સુગંધી પદાર્થનું નામ નખી છે. પરંતુ शुक्ति એટલે તો મોટી દરિયાઈ **છીપ. શંખ** એ તો સુપ્રસિદ્ધ છે. खुर એટલે ખરી (હુફ). कोल એટલે તો બોરડી. **નખલા** નામથી એક દ્રવ્ય બજારમાં વેચાય છે તે નખ એટલે **व्याघ्रनख**—નખલા છે—વનસ્પતિ નથી. એલાદિગણમાં જેમાં બધાં જ સુગંધી દ્રવ્યો પડેલાં છે તેમાં **व्याघ्रनख** (સુશ્રુત સૂ. ૩૮) અને शुक्ति બન્ને શબ્દો છે. અહીં **નખી**થી કોઈ સુગંધી વનસ્પતિ નિર્દિષ્ટ છે કે વાઘનખ ? એલાદિગણમાં व्याघ्रनख છે એટલે એ જ અર્થ કરવો ઘટે છે.

चक्रदत्तમાં “ **नखीत्रयम्** ” ઉપર વિવેચન છે. જિજ્ઞાસુઓએ તે જોઈ લેવું (પૃ. ૨૮૨). નખી એ સુગંધી દ્રવ્ય છે. સુગંધી તેલોમાં વપરાતું હશે. ચક્રદત્ત તો **पञ्चनखी** છે એમ કહી ત્રણ નખીનું વર્ણન બતાવે છે.

[ક્રમશઃ]

કલાગુરુ શ્રી રવિશંકર રાવળ

બિહારીલાલ બારભૈયા

જ્યારે અંગ્રેજો રાજ્ય કરતા હતા ત્યારે ભારતમાં ભારતીય કલા માટે લોકોમાં બહુ જ ઓછી સૂઝ હતી અને લોકો ભારતીય કલા માટે ઘણું જ ઓછું જાણતા હતા. આ સમયે જે કોઈ ચિત્રકાર હતા તે યુરોપિયન પદ્ધતિથી કામ કરતા હતા અને આપણે ત્યાં કૉલેજના પ્રિન્સિપાલો પણ પરદેશથી આવતા હતા. તે જમાનામાં કળાકાર તરીકે શ્રી રવિવર્માનું નામ ઘણું જ જાણીતું હતું, અને તેમનાં ચિત્રોની નકલ બજારમાં વેચાતી મળતી. એમનાં ચિત્ર જેવાં કે 'લક્ષ્મીદેવી', 'કાળી' 'સરસ્વતી', 'દ્રૌપદી વસ્ત્રહરણ', 'વિશ્વામિત્ર અને મેનકા' વગેરે ચિત્રો લોકો પોતાનાં ઘરમાં સુશોભનો માટે લગાવતા હતા. આજે પણ ગામડાંમાં જૂનાં ઘરોમાં આ ચિત્રો જોવા મળે છે. શ્રી રવિવર્માનાં ચિત્રોમાં ભારેખમ પાત્રો અને રંગભારને પડછે, તેમાં હળવું વાતાવરણ અને ભાવપ્રબળતા હતાં. મેઘધનુષ્યની ઝાંય જેવું રંગયોજન અને પાત્રોમાં નર તેમ જ નારીદેહનાં સૌષ્ઠવ ને આભિજાત્ય મનોહર હતાં, જેથી દરેક મનુષ્યના જીવનમાં તે કૃતિઓ ઘર કરીને રહી.

ઈ. સ. ૧૯૦૨ના દિલ્હી દરબાર સમયે ભરાયેલા એક અખિલ ભારતીય પ્રદર્શન વખતે, ત્યાં આર્ટ સ્કૂલ તરફથી એક ઇન્ડિઅન આર્ટ માટેનો ઓરડો આપવામાં આવ્યો હતો. આ ઓરડાનાં સુશોભનો તેમ જ કળાવસ્તુઓ ઘણી પ્રશંસા પામી અને બધી જ વેચાઈ ગઈ. આ ઉપરથી લોર્ડ કર્ઝને પણ ભારતીય કળાને ઉત્તેજન આપવાનો પ્રચાર કરવા અનુરોધ કર્યો અને જ્યાં જ્યાં આર્ટ સ્કૂલો હતી ત્યાં ખાનગી રીતે સરકારી હુકમો પણ મોકલી આપવામાં આવ્યા.

બંગાળમાં શ્રી અવનીન્દ્રનાથ પણ ૧૮૯૫ સુધી યુરોપીય પદ્ધતિથી જ ચિત્રો કરતા. પરંતુ કલકત્તાની સરકારી કલાશાળાના આચાર્ય શ્રી હેવેલે જ્યારે આપણા દેશની પરંપરાગત કલાનાં ઉત્તમોત્તમ મુઘલ અને રાજપૂત શૈલીનાં ચિત્રો પ્રાપ્ત કરી તેના સૌન્દર્યની રીતિ સ્પષ્ટ કરી ત્યારે તેમાંથી પ્રેરણા મેળવીને અવનીન્દ્રનાથે. ઈ. સ. ૧૯૦૧ના સમયમાં ભારતીય કલાની પરંપરાને અનુસરી નવાં સર્જનો કરવા માંડયાં અને તેમાં આશ્ચર્યકારક પ્રગતિ બતાવી. પૂ. શ્રી નંદબાબુને તેમની પાસેથી ભૂમિજાત કલાની પ્રેરણા, સાધના અને દીક્ષા મળ્યાં, જેથી તેઓ શાંતિનિકેતનમાં જઈને વસ્યા અને ભારતીય કલાની સૂઝ પોતાના શિષ્યોને આપી.

આ તરફ મુંબઈ આર્ટ સ્કૂલમાં ઘણા વિદેશી પ્રિન્સીપાલ બદલાતાં ઈ. સ. ૧૯૦૭માં શ્રી સૅસોથામની નિમણુક થઈ ત્યારે તેમણે ઇંગ્લાંડના પ્રૌઢ ધંધાદારી ચિત્રકારોની સોસાયટીના ધોરણે, મુંબઈમાં પણ આવી સોસાયટી હોવી જોઈએ, એવી આશા વ્યક્ત કરી અને તેમણે મુંબઈના બધા ચિત્રકારોનું જૂથ ભેગું કર્યું. બધાએ મળીને 'સોસાયટી ઑફ બૉમ્બે

આર્ટિસ્ટ્સની સ્થાપના કરી. તેના પ્રમુખ શ્રી રોબોથામ થયા; ઉપપ્રમુખ શ્રી ગણપતરાવ કેદારી, અધ્યક્ષ શ્રી કૃષ્ણરાવ અને મંત્રી તરીકે શ્રી ધુરંધરને નિમ્યા. આ સમયે શ્રી ધુરંધર મુંબઈમાં આગળ પડતા ચિત્રકાર તરીકે જાણીતા હતા. હવે અહીંની સ્કૂલ ઑફ આર્ટમાં પણ ઠીક ઠીક ભારતીય કળા પર ભાર દેવાતો થયો.

આ વખતે ગુજરાતને આંગણે કોઈ વીરલો ભારતીય કળાની ઝાંખી કરાવનાર ન હતો, પણ થોડા સમયમાં જ્યારે શ્રી રવિભાઈએ પોતાનો અભ્યાસ મુંબઈ આર્ટ સ્કૂલમાંથી ઈ. સ. ૧૯૧૬માં પૂરો કર્યો ત્યારે તેમણે પોતાનું વતન સૌરાષ્ટ્ર છોડી ગુજરાતમાં અમદાવાદ રહેવાનું પસંદ કર્યું અને તેઓશ્રી અમદાવાદ રહેવા આવ્યા.

અમદાવાદ આવી પ્રથમ તો તેમણે ૧૯૨૪માં ' કુમાર 'ની સ્થાપના કરી. ' કુમાર 'માં તેમણે ચિત્ર ઉપર અવનવા લેખો, ચિત્રો વગેરે પ્રગટ કરી, લોકોમાં કળાની રુચિ કેળવી. આ સાથે સાથે પોતે અમદાવાદના જાણીતા ધનિક કુટુંબોમાં શેઠશ્રી સર ચીનુભાઈને ત્યાં તેમ જ શેઠશ્રી અંબાલાલભાઈને ત્યાં તેમનાં બાળકોને ચિત્રકળાની તાલીમ આપવા માટે જતા. વળી સાથે સાથે પૂ. રવિભાઈએ લોકોની રુચિને પોષવા પોતાના ઘરઆંગણે ઈ. સ. ૧૯૩૪માં એક ચિત્રશાળા શરૂ કરી, તેનું નામ ' ગુજરાત કલાસંઘ ' રાખ્યું. આ ચિત્રશાળામાં દાખલ થનારને આપણે ત્યાં આશ્રમજીવન હતું તેવી રીતે ફી લીધા વિના, તેઓએ શિષ્યોને જ્ઞાન આપવા માંડયું. જે વિદ્યાર્થીઓ આવતા તેમની કોઈ પણ પ્રકારની મુશ્કેલીઓ હોય તો આ દયાળુસાગર પોતે ઘસાઈને પણ અથવા તો કોઈ ધનિક શેઠને ભલામણચિઠ્ઠી આપીને પાર્ટટાઈમ નોકરી જેવું નક્કી કરી આપતા. જો કોઈને રહેવાની સગવડ ન હોય તો તે ચિત્રશાળાનું કાર્ય પૂરું થયા બાદ ત્યાં તેઓ રહી શકતા અને પોતાનું કામ પણ કરી શકતા. વળી કોઈને ' કુમાર 'માં રેખાચિત્રો અથવા ઇલસ્ટ્રેશનનું નાનું કામ અપાવી તેનું ગુજરાન ચલાવી શકે તેની તેઓ ખાસ કાળજી લેતા.

આમ આ ગુજરાત કલાસંઘે ઘણા એવા જાણીતા ચિત્રકારો ગુજરાતને આપ્યા છે. ગુજરાતી પ્રજાએ તેમનાં ચિત્રો ' કુમાર ' દ્વારા જોયાં હશે. તેઓના શિષ્યગણનાં નામ લખીએ તો ઘણી લાંબી યાદી થઈ જાય પણ થોડાં નામ હું ગણાવું તો અયોગ્ય નહિ લેખાય.

ચિત્રશાળાને હું બે વિભાગમાં વહેંચી શકું. એક તો ૧૯૩૪થી ૧૯૪૧ને બીજો ૧૯૪૨થી ૧૯૫૦; જેમાં પહેલાં આઠ વર્ષમાં ચિત્રશાળાએ ઘણા જાણીતા ચિત્રકારો આપ્યા, જેવા કે શ્રી કનુભાઈ, શ્રી રસિકભાઈ, શ્રી છગનભાઈ, શ્રી શુકલ, શ્રી બન્સી વર્મા, શ્રી પંચોળી, શ્રી આચાર્ય; જ્યારે બીજા આઠ વર્ષના ગાળામાં શ્રી શાંતિ શાહ, શ્રી ચંદ્ર ત્રિવેદી, શ્રી દશરથભાઈ, શ્રી રશ્મિ ક્ષત્રિય તેમ જ મારી જાતને હું તેમના શિષ્ય કહેવડાવવા ભાગ્યશાળી બન્યો. આમ તો જે ચિત્રકારોનાં નામ મેં ગણાવ્યાં તેમણે ભારતીય કલામાં અવનવા પ્રયોગો કરી, ગુજરાતને આંગણે ભારતીય કલાનો રસાસ્વાદ પીરસ્યો.

ગુજરાતને આંગણે જ્યારે ૧૯૬૧માં ગુજરાત લલિતકલા અકાદમી થઈ ત્યારે તેમનો હિસ્સો ઘણો જ અગત્યનો હતો અને તેના જ કારણે, આજે આપણે જોઈએ છીએ કે આ લલિતકલા

અકાદમીએ એમનું ૭મું રાજ્યકલાપ્રદર્શન ગુજરાતને આંગણે મૂક્યું. આ લલિતકલા અકાદમી દર વર્ષે એક કલાકારનું બહુમાન કરે છે. તે રીતે તે સંસ્થા તરફથી, ગુજરાતને આપેલી સેવાઓ બદલ, પૂ. શ્રી રવિભાઈનું ૧૯૬૪માં બહુમાન કરવામાં આવ્યું. ત્યાર બાદ આ જ કલાગુરુની સેવાની કદર કરી ભારત સરકારે ૧૯૬૫માં 'પદ્મશ્રી'થી તેમને નવાજ્યા ત્યારે ગુજરાતની જનતા તેમ જ તેમના શિષ્યોને અનહદ આનંદ થયો.

આ ઉપરાંત ૧૪ નવેમ્બર ૧૯૬૫માં, સોવિયેટ દેશ પર તેઓએ લખેલી પુસ્તિકા Saw a new Humanity બદલ તેમને Soviet Land Nehru Award આપવામાં આવ્યો હતો.

તેમણે બે વખત ભારતના પ્રતિનિધિ તરીકે સોવિયેટ દેશની મુસાફરી કરી છે. તે ઉપરાંત જાપાન, ઈટાલિ વગેરે દેશોમાં ગુજરાતના પ્રતિનિધિ તરીકે જઈ ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

આવા કલાગુરુ જ્યારે પોતાના ૭૫ વર્ષ પૂરાં કરે છે તે વખતે એક અદના શિષ્ય તરીકે, ઈશ્વર તેમને આરોગ્યમય દીર્ઘાયુષ્ય આપો, એવી મારી શુભેચ્છા વ્યક્ત કરું છું.

પદ્મશ્રી રવિશંકર મ. રાવળ–એક અભિવાદન

ઉમાકાન્ત પ્રેમાનન્દ શાહ

ગુજરાતના કલાચાર્ય અને લગભગ છેલ્લાં ચાલીસ વર્ષથી ગુજરાતની ઊગતી જુવાનીના સંસ્કારપોષક મુરબ્બી શ્રી રવિભાઈને તા. ૧–૮–૧૯૬૭ના રોજ પંચોતેર વર્ષ પૂરાં થશે તે પ્રસંગે અંગત રીતે અને પ્રાચ્યવિદ્યા મન્દિર તરફથી અભિવાદન અને માનાંજલિ અર્પતાં મને ઘણો આનંદ થાય છે.

ભાવનગરમાં આજથી ૭૫ વર્ષ ઉપર ઔદિચ્ય બ્રાહ્મણ કુળના સંસ્કારી માતાપિતાને ત્યાં જન્મેલા આ એકવડા બાંધાના સૌજન્યમૂર્તિ રવિભાઈમાં જન્મથી જ તેમનાં સંસ્કારી માતાએ કોમળ લાગણી અને કલાપ્રેમ વગેરે ગુણોનાં બીજ વાવ્યાં હતાં. તેઓના પિતાને તેમની યશસ્વી નોકરી બદલ ઈ. સ. ૧૯૧૫માં રાવસાહેબનો ખિતાબ મળ્યો હતો. ઈ. સ. ૧૯૧૦માં કૉલેજનું ભણતર છોડીને લલિત કલાઓના અભ્યાસ માટે શ્રી રવિભાઈ મુંબઈ આવ્યા અને જે. જે. સ્કૂલ ઑફ આર્ટમાં અભ્યાસ સારી રીતે પૂરો કરી મેયો ચંદ્રક મેળવવાનું બહુમાન તેમણે મેળવ્યું. ઈ. સ. ૧૯૧૭માં ભરાયેલા પ્રદર્શનમાં સર્વોત્તમ ચિત્ર માટે બૉમ્બે આર્ટ સોસાયટીએ તેમને સુવર્ણચંદ્રક આપ્યો. ઈ. સ. ૧૯૧૯માં અમદાવાદમાં કાયમી વસવાટ કરી તેઓએ ધંધાદારી કલાકારનું ક્ષેત્ર પસંદ કર્યું. ઈ. સ. ૧૯૨૧માં શાંતિનિકેતન વગેરે સંસ્કારકેન્દ્રોની મુલાકાત લીધી અને ઈ. સ. ૧૯૨૪માં ગુજરાતમાં ખૂબ જાણીતા અને માનીતા માસિક ‘ કુમાર ’ની શરૂઆત કરી. વીસ વર્ષ સુધી તેઓ તેના તંત્રીપદે ચાલુ રહ્યા તે સમયમાં ‘ કુમારે ’ ગુજરાતની ઊગતી પેઢીને જે સંસ્કારવારસો આપ્યો છે તેનું ઋણ ગુજરાત સહેલાઈથી ભૂલી શકે એવું નથી.

ઈ. સ. ૧૯૨૬માં ઔંધના રાજવી શ્રી બાલાસાહેબ પંત સાથે અજંટાની ગુફાઓમાં જઈ ત્યાંનાં પાંચ ભીત્તિચિત્રોની નકલ રવિભાઈએ તૈયાર કરી. ઈ. સ. ૧૯૨૪માં ગુજરાત કલાસંઘ ચિત્ર શાળા શરૂ કરી જેમાં શ્રી કનુ દેસાઈ, શ્રી રસિકલાલ પરીખ, શ્રી છગનલાલ જાદવ, શ્રી યજ્ઞેશ શુકલ, શ્રી બંસીલાલ વર્મા, શ્રી ચન્દ્ર ત્રિવેદી, શ્રી શાન્તિ શાહ, શ્રી દશરથ પટેલ આદિ અનેક ખ્યાતનામ ગુજરાતી ચિત્રકારો તૈયાર કર્યા. આ પછી છેલ્લાં ત્રીસ વર્ષની મુરબ્બી શ્રી રવિભાઈની પ્રવૃત્તિ તો આપની નજર સામે તાજી છે. એઓની કલાક્ષેત્રે અને સંસ્કારક્ષેત્રે ગુજરાતની તેમ જ ભારતની કરેલી સેવાઓની કદરરૂપે ભારત સરકારે ઈ. સ. ૧૯૬૫માં તેઓને પદ્મશ્રીની પદવી આપી, અને સોવિયત સરકારે સોવિયેત લેન્ડ નહેરૂ ઍવૉર્ડ તરીકે જાણીતો પુરસ્કાર આપ્યો.

પદ્મશ્રી રવિભાઈએ જુદાં જુદાં પ્રતિનિધિમંડળમાં સોવિયેત યુનિયન તેમ જ યુરોપના અન્ય પ્રદેશોની મુલાકાત લીધેલી છે. ગુજરાતની લોકકલા(folk-Art)ને પણ તેઓ ભૂલ્યા નથી અને તેને પણ જીવન્ત રાખી પ્રકાશમાં આણવાના તેઓશ્રીના પ્રયત્નો ચાલુ રહ્યા છે.



પદ્મશ્રી રવિશંકર મ. રાવળ

જન્મ ૧-૮-૧૮૯૨

આ ઉપરાંત લલિતકલા અકાદમી, ઑલ ઇન્ડિયા ફાઈન આર્ટ્સ એન્ડ ક્રાફ્ટ સોસાયટી, કલાકેન્દ્ર વલ્લભવિદ્યાનગર આદિ અનેક સંસ્થાઓમાં જુદા જુદા પ્રસંગે જુદા જુદા હોદ્દાઓ પર રહી તેઓએ લલિતકલા અને કલાકારીગરીના પોષણ અને ઉત્થાનમાં સેવાઓ અર્પી છે. મ. સ. યુનિવર્સિટી, વડોદરા તેમ જ વલ્લભવિદ્યાનગરની સરદાર વલ્લભ વિદ્યાપીઠના સેનટના સભ્ય તરીકે પણ સેવાઓ આપી છે અને હજુયે ઘણી સંસ્થાઓમાં આ ઉંમરે પણ, દમના રોગથી વર્ષોથી પીડાતા હોવા છતાં પણ તેઓએ તેમની સેવા પ્રવૃત્તિઓ ચાલુ રાખી છે.

પ્રેમાનંદ, અખો, મીરાં આદિ ગુજરાતના પ્રાચીન કવિઓ અને સંતો જેઓની છબીઓ ઉપલબ્ધ નથી તેઓનાં ભાવનાપૂર્વક તેમણે દોરેલાં રેખાંકનો અને ચિત્રો આજે તો ગુજરાતે અપનાવી લીધાં છે. અનેક માસિકોમાં તેઓએ લખેલા લેખો તેમ જ કલા અંગેનાં વિવેચનોની સંખ્યા ઘણી મોટી છે. તેમનાં પુસ્તકોમાંના કેટલાંકની અનેક આવૃત્તિઓ થઈ છે. ખાસ કરીને 'અજંટાના કલામંડપો' એ પુસ્તક ગુજરાતી તેમ જ હિન્દીમાં સારો પ્રચાર પામ્યું છે.

મુનશીની નવલકથાનાં નાયકો અને નાયિકાઓનાં તેમણે દોરેલાં ચિત્રોએ કાલ્પનિક તેમ જ ઐતિહાસિક પાત્રોને પ્રજા સમક્ષ સજીવ ખડાં કર્યાં છે.

મુરબ્બી શ્રી રવિશંકર રાવળ તેમના સારાયે મિત્રમંડળમાં રવિભાઈના નામે વધારે જાણીતા છે. તેઓ એમના વિશિષ્ટ ક્ષેત્રે મહાન હોવા છતાં એટલા બધા નમ્ર અને સૌજન્યયુક્ત છે કે ગમે તેટલી નાની વ્યક્તિઓ સાથે પણ સહૃદયતાપૂર્વક તેમની સાથે જલ્દીથી અંગત સંબંધ બાંધી દે છે અને ત્યાં પોતાના જ્ઞાનનો અને અનુભવનો ભંડાર ખોલી આપતાં તેમને આનંદ થાય છે. એમના સૌજન્ય અને નિરભિમાનીપણું આદિ અનેક ગુણોયુક્ત ચારિત્ર્યથી હું તેમ જ મારા જેવા અનેક તેમના તરફ આકર્ષાયા છે. પદ્મશ્રી રવિભાઈને આ પંચોતેરમે વર્ષે આપણાં સૌનાં સવિનય અભિવાદન હો !

ગ્રન્થાવલોકન

ઇતિહાસ અને સાહિત્ય : લેખક—ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા;–પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; ૧૯૬૬; પૃ. ૧–૩૪૦; મૂલ્ય સાત રૂપિયા.

'ઇતિહાસ અને સાહિત્ય'એ, એનું નામ સૂચવે છે તેમ, ડૉ. ભોગીલાલ સાંડેસરાનો ઇતિહાસ અને સાહિત્યવિષયક લેખોનો સંગ્રહ છે. સાહિત્ય એક રીતે જોતાં, પ્રજાનો કલ્પિત તેમ ભાવનાત્મક ઇતિહાસ છે, પ્રજાજીવનનો સાંસ્કૃતિક ઇતિહાસ છે. એટલે, ઇતિહાસની પેઠે સાહિત્યમાંથી પણ પ્રજાજીવનનું પ્રતિબિંબ તેના સંશોધકોને મળી રહે તેમ છે. હકીકતની બાબતે વિરોધી દેખાતાં ઇતિહાસ અને સાહિત્ય 'હકીકતે'તો એકબીજાનાં પૂરક છે. (હક = સત્ય; ઇતિહાસમાં એક પ્રકારનું, દેખીતું સત્ય છે, તો સાહિત્યમાં બીજા પ્રકારનું, ભાવનાનું સત્ય છે.) આમ, ઇતિહાસનો અભ્યાસી, સાહિત્યનો પણ અભ્યાસી બને એ બાબત આશ્ચર્યજનક નહિ પણ સ્વાભાવિક છે. લેખકે પુસ્તકના પાન ૧૦ પર જે વિધાન કર્યું છે, તે સ્વયંસ્પષ્ટ છે: "ઇતિહાસનાં સર્વ સાધનોમાં સૌથી મોટું અને મહત્ત્વનું સાધન સાહિત્ય છે, આથી એક અપેક્ષાએ સાહિત્યનું તો બીજી અપેક્ષાએ ઇતિહાસનું અધ્યયન મેં કર્યું છે."

'સોલંકીયુગની શ્રી અને સંસ્કૃતિ'માં તેમણે પોતાના વતન, ગુજરાતના પ્રાચીન પાટનગર અને પ્રાચીન હસ્તલિખિત ભંડારો ધરાવતા હોવાને કારણે ભારતીય વિદ્યાના સર્વ ભક્તો માટે મહાન તીર્થસ્થાન ગણાતા પાટણ નગરના સોલંકીયુગની શ્રી અને સંસ્કૃતિ વિષે અને એ નિમિત્તે નર્મદ સુવર્ણચંદ્રકને પાત્ર બનેલી કૃતિ 'મહામાત્ય વસ્તુપાલ અને તેનું સાહિત્યમંડળ'ની પૂર્વભૂમિકા વિષે માહિતી આપી છે. વસ્તુપાલના સાહિત્યવર્તુળના વિદ્વાનો સોમેશ્વર, હરિહર, નરચંદ્રસૂરિ આદિની સાહિત્યપ્રવૃત્તિ, મધ્યકાલીન ગુજરાતની 'જૈનસંસ્કૃત'ને નામે ઓળખાતી લોકભાષામય સંસ્કૃત, ધોળકા, વડનગર, ખંભાત અને ભરૂચની રાજકીય, ઐતિહાસિક અને સાહિત્યિક પ્રવૃત્તિઓ, ગુજરાતના હિંદુ રાજવીઓનું મુસ્લીમ પ્રજાજનો પ્રત્યે ઉદાર અને સહિષ્ણુતાભર્યું વર્તન, વિવિધ વર્ગના રાજપુરુષોની પ્રવૃત્તિ—એ સર્વનું વિહંગાવલોકન કરવામાં લેખકની સંજયદૃષ્ટિનો પરિચય થાય છે.

'ઇતિહાસ અને સાહિત્યના તાણાવાણા'એ લેખના શીર્ષકમાં જ પરમ ઔચિત્ય સમાયેલું છે. તાણાવાણા મળીને વસ્ત્રપટ તૈયાર થાય છે, ઇતિહાસ અને સાહિત્યના તાણાવાણા વડે પ્રજાકીય જીવનદર્શન કરાવતો સંસ્કૃતિપટ તૈયાર થાય છે. 'ઇતિહાસ અને સાહિત્યનો અભ્યાસ અને અર્થદર્શન પરસ્પરને કેવી રીતે ઉપકારક થાય, પરસ્પરને કેવી રીતે અજવાળે' એની વિગતો લેખકે અહીં સમુચિત રીતે રજૂ કરી છે. સાહિત્ય કોઈ એક સમયની નીપજ હોઈ, તેમાં તત્કાલીન સમાજનું અને ઇતિહાસનું પ્રતિબિંબ પડતું હોય છે. અલબત્ત, સાહિત્ય પ્રજાજીવનને યથાતથા રીતે ન ઉતારતાં, કાલ્પનિક અંશો દ્વારા રજૂ કરે છે. લેખકે આ જ લેખમાં મૂકેલું, 'નવલકથાકારનું ઉપાદાન જૂઠ છે, પણ એ વેપાર તો સત્યનો કરે છે'એવું કાકાસાહેબ કાલેલકરનું વિધાન,

સાહિત્ય કલ્પનાનાં આભૂષણો સજે છે, પરંતુ એનો આત્મા સત્યનો છે, એ વાતને સમર્થિત કરે છે. હ્યુએનસંગના સાહિત્યગ્રંથો 'વસુદેવ-હિંડી', 'વર્ણકસમુચ્ચય' 'કાન્હડદે પ્રબંધ' તેમ જ પ્રેમાનંદનાં આખ્યાનો એ સર્વ સાહિત્યરચનાઓ ઇતિહાસને કેવી રીતે ઉપકારક નીવડી છે તે લેખકે વિવેકપૂર્વક જણાવ્યું છે. સાહિત્યનું ઉપાદાન છે ભાષા. ભાષાના પ્રયોગોમાં પણ પ્રજાના જીવનનું દર્શન થતું હોય છે. માત્ર સાહિત્ય જ શા માટે, ભૂગોળ પણ કેટલીક વાર તો ઇતિહાસને મદદરૂપ નીવડે છે. સ્થળનામો એક બાજુથી ભૂગોળનો, તો બીજી બાજુથી ઇતિહાસનો વિષય બને છે. ભાષાના શબ્દો પણ ઘણીવાર તો ઇતિહાસને અજબ રીતે સાચવી લેતા હોય છે. વ્યુત્પત્તિ-શાસ્ત્રે ઇતિહાસને પરોક્ષ રીતે મદદ કર્યાના પણ દાખલા છે. શબ્દપ્રવૃત્તિ એ માત્ર ભાષાની જ પ્રવૃત્તિ નથી. વિચારોની લેવડદેવડ પૂરતું જ એનું મહત્ત્વ નથી. જેમ નાણાંનો ચાલુ સિક્કો વ્યવહારમાં લેવડદેવડનો સ્થૂળ હેતુ સારે છે, પરંતુ પ્રાચીન સિક્કો ઇતિહાસમાં ઊંડું અવગાહન કરાવે છે, તેવું જ શબ્દોનું છે. શબ્દો પ્રજાકીય ઇતિહાસ પૂરો પાડે છે. આમ, ઇતિહાસ અને સાહિત્ય અનેક રીતે એકબીજાને મદદકર્તા બને છે.

માનવીની પેઠે શબ્દોને પણ સમાજ અને જીવન હોય છે. પરિવર્તન પણ એઉમાં સહજ છે. ફેર હોય તો એટલો જ કે માનવી મરી ગયા પછી જીવંત બનતો નથી, જ્યારે એક વાર વપરાશમાંથી લુપ્ત થયેલો શબ્દ સૈકાઓની ઊંઘ ખેંચીને સમયની કબરમાંથી પાછો બહાર આવે છે અને નવા સમાજમાં નવા સ્વરૂપે દાખલ થઈ જાય છે. આવા અનેક શબ્દો ભાષાની સમૃદ્ધિ વધારે છે. શબ્દકોશમાંના શબ્દોનો અભ્યાસ એટલે માનવપ્રજાનાં વિવિધ ક્ષેત્રોનો અભ્યાસ; એ બાબતને 'ગુજરાતી કોશ'ના લેખમાં અનુભવપુષ્ટ વિધાનોથી સાબિત કરી આપવામાં આવી છે. વૈદિક શબ્દસંગ્રહ નિરુક્ત, સંસ્કૃત 'અમરકોશ' પ્રાકૃત 'દેશીનામ-માલા' મારુગુર્જરના 'ઔક્તિકો'—એ સર્વની પૂર્વભૂમિકા આપીને લેખકે પ્રાકૃત, વ્રજ અને અરબી ફારસી ભાષાની કોશરચનાઓના તેમ જ વિવિધ ક્ષેત્રની પરિભાષાઓના કોશસાહિત્યનો પરિચય આપ્યો છે. ગુજરાતી ભાષાની કોશપ્રવૃત્તિમાં, ઈ. સ. ૧૮૦૮માં પ્રગટ થયેલી આર. ડ્રમંડકૃત 'ગ્લોસરી'થી માંડીને 'નર્મકોશ', ગુ. વ. સો.નો ગુજરાતી શબ્દકોશ, ગુજરાત વિદ્યાપીઠનો 'સાર્થ જોડણીકોશ' અને 'ભગવદ્ગોમંડલ શબ્દકોશ' સહિત એક શતાબ્દી કરતાંય વધુ સમયથી થતી આવેલી આપણી શબ્દકોશપ્રવૃતિનો પરિચય અપાયો છે.

ભારતીય કથાઓના આકર ગણાતા ગુણાઢ્ય કવિના 'બૃહત્કથા' ગ્રંથની સામગ્રીને આધારે કવિ ભાસે 'દરિદ્ર ચારુદત્ત' અને શૂદ્રકે 'મૃચ્છકટિક' નાટકો રચ્યાં છે. 'મૃચ્છકટિક' એ 'દરિદ્ર ચારુદત્ત'નો નવો અવતાર છે, તો શ્રી રસિકલાલ પરીખ કૃત 'શર્વિલક' એ 'મૃચ્છકટિક'નો નવો અવતાર છે. ડૉ. સાંડેસરા જણાવે છે તેમ, 'શર્વિલક'એ અનૂદિત કે સૂચિત કૃતિ નથી જ. અલબત્ત, શ્રી રસિકલાલ પરીખની આ તદ્દન મૌલિક રચના પણ નથી. તેમ છતાં તેને અનુ-સર્જન' જરૂર કહી શકાય. માટીના બેડોળ રમકડાં ભાંગી નાખીને એ જ માટીમાંથી નવાં કલાત્મક રમકડાં સર્જવાના કલાકારના પ્રયત્ન જેવો જ આ પ્રયત્ન કહી શકાય.

'શર્વિલક'ના આરંભ, એમાંની પ્રસંગઘટના અને વાતાવરણ વિષે ડૉ. સાંડેસરાએ

વિગતે જણાવ્યું છે, એટલે એ વિષે કશું કહેવાનું રહેતું નથી. 'છેલ્લાં અઢી હજાર વર્ષની સંસ્કૃતિની સુવાસ' ધરાવતી અને 'વિશાળ સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્યનાં વિવિધ પુષ્પોની મહેંક એમાં સર્વત્ર વ્યાપેલી છે' તેવી રસિકભાઈની શૈલીને તેમના પ્રયત્નની સિદ્ધિમાં મહત્ત્વની ગણાવાઈ છે. તે સર્વથા સમુચિત છે. શકારની ચરોતરી ગ્રામ્યબોલી ડૉ. સાંડેસરાને કૃત્રિમ અને વિચિત્ર લાગે છે, 'વાચકોને કદાચ ખૂંચવાનો સંભવ છે, એવો પણ ભય તેમણે વ્યક્ત કર્યો છે. શકારનું પાત્ર એની અસંસ્કારી ચેષ્ટા અને વર્તનથી વિલક્ષણ બનેલું છે, એટલે પાત્રાનુરૂપ ભાષા સર્જવામાં નાટ્યકારે ગ્રામ્યબોલી વાપરી છે, તે યોગ્ય છે. શકાર (જેનું મૂળ નામ તો છે સંસ્થાનક, પણ બોલવામાં 'શ'કારનો વિશેષ ઉપયોગ કરતો હોઈ, તે પોતે 'શકાર' બની ગયો છે) ચરોતરી બોલી બોલે એ વિચિત્ર નહિ, પણ યોગ્ય જ છે. એ બોલીમાં 'શ'કારનું જેટલું બાહુલ્ય છે, (જેમ કે 'ખેતર'નું 'શેતર' વગેરે. ક્યાંક તો 'સ' નોય 'શ', જેમ કે 'અસલ'નું 'અશ્યલ') એટલું સૌરાષ્ટ્ર બાજુની કે સૂરત બાજુની (સૂરત બાજુ તો 'સ' કાર જ હોઈ, તે જરાય કામ ન લાગે) બોલીઓમાં નથી.

'શર્વિલક' માંનો કરુણાન્ત સ્પષ્ટ રીતે પાશ્ચાત્ય પરંપરાનો છે' એમ ડૉ. સાંડેસરાએ એક વિધાન કર્યું છે. 'આ કૃતિમાં પણ ભારતીય ફિલસૂફીનો ઉચ્ચ જીવનસંદેશ છે...... 'શર્વિલક' એ 'ટ્રેજેડી' હોવા છતાં માત્ર 'ટ્રેજેડી' નથી' એવું બીજું વિધાન તેમણે કર્યું છે. એ બતાવે છે કે 'શર્વિલક'નો સંભાર જૂનો છે પણ એની રજૂઆત નવી છે. નાટ્યકારે સંસ્કૃત નાટ્યપ્રણાલીનાં બંધનોને ફગાવી દઈને અર્વાચીન યુગની નાટ્યભાવના અને નાટ્યસિદ્ધાંતોનો સ્વીકાર કર્યો છે. એથી જ આ કથાનો અંત સત્યનારાયણની કથા જેવો તાલમેલિયો નહિ, પણ કારમી કરુણતાભર્યો વાસ્તવિક બન્યો છે. લેખકે શર્વિલક અને વસંતસેનાનાં પાત્રોને ઊર્ધ્વીકરણના પંથે જતાં બતાવીને પશ્ચિમની સામાન્ય કરુણાન્તિકાઓના માર્ગે જતી આ કથાને બચાવી લીધી છે.

''વસુદેવ હિંડી'માં સાંસ્કૃતિક ઇતિહાસની સામગ્રી'એ લેખમાં શ્રીકૃષ્ણના પિતા વસુદેવે યુવાવસ્થામાં ગૃહત્યાગ કરીને દેશ-વિદેશોના વર્ષો લગીના પરિભ્રમણ દરમ્યાન મેળવેલા વિચિત્ર અનુભવો અને કરેલાં વિવિધ પરાક્રમોનું બયાન વૃદ્ધાવસ્થામાં પોતાનાં યુવાન પુત્રપૌત્રોને આપ્યું, તે વૃત્તાંતનું દર્શન મળે છે. એમના પ્રવાસની સાહસકથાઓ પ્રાચીન ભારતીય સંસ્કૃતિના અભ્યાસ માટે અમૂલ્ય સામગ્રી પૂરી પાડે છે. એ રીતે આ ગ્રંથ પ્રાચીન ભારતીય કથાસાહિત્યના એક વિશિષ્ટ નમૂનારૂપ સંશોધનગ્રંથ બન્યો છે.

'જૈન આગમ સાહિત્યમાં ખનિજ તેલનો ઉલ્લેખ'માં લેખકે જણાવ્યું છે તેમ, ખનિજ તેલનો ઉપયોગ અને તેનું સંશોધન પ્રમાણમાં ભલે આધુનિક હોય પરંતુ પ્રાચીન સમયમાં તે પારસીક તૈલ, તુરુષ્ક તૈલ, મરુતૈલ એવાં નામે જ્ઞાન હતું જ. અંકલેશ્વર પાસેનું 'તેલવા' ગામ અને પાવાગઢ પરનું તેલિયા તળાવ પણ આ ખનિજ તેલનાં સંભવિત સ્થાનો દર્શાવે છે, એવો લેખકનો તર્ક ઉચિત લાગે છે. તેલવા પાસેથી તો ભારતભરમાં સૌથી વિશેષ સમૃદ્ધ કહી શકાય એવું તેલક્ષેત્ર મળ્યું છે, એ જ એનો પ્રબળ પુરાવો છે.

'પ્રજ્ઞાચક્ષુ રાજકવિ શ્રીપાલ', શ્રી પંચાસરા પાર્શ્વનાથના મંદિર વિષેના કેટલાક

ઐતિહાસિક ઉલ્લેખો', 'ગુજરાતમાં રચાયેલા કેટલાક દિગંબર જૈનગ્રંથો', 'પ્રાચીન ભારતનાં પ્રજાતંત્રો' અને 'નામશેષ પ્રાચીન નગરી ચંદ્રાવતી' એ લેખો માહિતીના સંકલનરૂપે લખાયા છે. પ્રાચીન નગરોનો ઇતિહાસ મુખ્યત્વે એમના અવશેષો દ્વારા પ્રાપ્ત થાય છે, પણ જ્યાં અવશેષ પ્રાપ્ત ન હોય ત્યાં ઉલ્લેખોથી ઇતિહાસ મેળવવાનો રહે છે. લેખકે આબુના પરમાર રાજાઓની રાજધાની ચંદ્રાવતી વિષેના વિક્રમ સંવત અગિયારમા સૈકાથી માંડીને તેરમા સૈકા લગીના વિવિધ પ્રાચીન ગ્રન્થોમાંના તેના ઉલ્લેખો દર્શાવીને તેનું ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્ત્વ બતાવ્યું છે. 'ખંભાતના જૈન ભંડારો'માં જૈન સમાજની વિશેષતારૂપ ગણાતા અને ગુજરાતનાં પાટણ, અમદાવાદ અને ખંભાત એ ત્રણ શહેરોમાંના વિશેષ ખ્યાતનામ ગણાતા હસ્તલિખિત ગ્રન્થ-ભંડારોમાંથી ખંભાતના ચાર મુખ્ય ગ્રન્થભંડારોની માહિતી આપી છે.

'મધ્યકાલીન ગુજરાતના યશસ્વી સ્થપતિઓ'માં સ્થાપત્યકલાના કલાકારો, તેમની અટકો અને તેમણે કરેલાં સ્થાપત્યોનો પરિચય મળે છે. ગુજરાતમાં સોમપુરા બ્રાહ્મણ શિલ્પીઓ મંદિરના શિલ્પસ્થાપત્યમાં નિષ્ણાત ગણાતા. મૂળ સોમનાથ પાટણના આ વતનીઓ, મુસ્લિમ સત્તાના સમયમાં તેમની પ્રવૃત્તિમાં ઓટ આવતાં સૌરાષ્ટ્રમાંથી ખસીને ગુજરાત, કચ્છ, મારવાડ અને માળવામાં જઈ વસ્યા. આજે પણ શિલ્પશાસ્ત્રનું ઉત્તમ શાસ્ત્રીય જ્ઞાન તેમની પેઢીના વારસદારો જાળવી રહ્યા છે. તાજેતરમાં, ભારતના જાણીતા બીરલા કુટુંબે લંડનમાં ભારતનાં પ્રાચીન શિલ્પસ્થાપત્યના સુંદર નમૂનારૂપ લક્ષ્મીનારાયણનું એક ભવ્ય હિંદુ મંદિર બનાવવાનું કાર્ય ગુજરાતના જાણીતા સ્થપતિ શ્રી. પ્રભાશંકર સોમપુરાને સોંપ્યું છે. લંડનમાં સોમપુરા શિલ્પીઓના હાથે તૈયાર થનારું આ મંદિર ગુર્જરસ્થાપત્યની કીર્તિના કળશને વધુ ઉજ્જવળ કરશે એમાં શંકા નથી.

'વેતાલ કે વેતાલ ભટ્ટ'માં ઉજ્જયિનીના રાજા વીર વિક્રમના વફાદાર સેવક અને અમાનુષી શક્તિ ધરાવતા સાહસવીર વેતાલ વિષે ચર્ચા કરવામાં આવી છે. એની સાથે સમાન્તર હકીકત તરીકે ગુજરાતના રાજા સિદ્ધરાજના વફાદાર સેવક બાબરા ભૂતનો ઉલ્લેખ કર્યો છે. આ બાબરો પણ ભૂત નહીં, પરંતુ બર્બર નામે બળવાન અને જાદુગરી વિદ્યા જાણનારી જાતિનો એક સરદાર હતો. પ્રજામાં ત્રાસ પ્રવર્તાવનાર બાબરાને સિદ્ધરાજે યુદ્ધમાં હરાવ્યો અને તેને જીવનદાન આપીને આજ્ઞાંકિત સેવક બનાવ્યો. ત્યારથી સિદ્ધરાજ 'બર્બરક જિષ્ણુ' તરીકે ઓળખાયો.

ભોજદેવ કૃત 'સરસ્વતી કંઠાભરણ,' રત્નાકર કૃત 'હરવિજય' મહાકાવ્ય અને અમૃત-કલશ કૃત 'હમ્મીર પ્રબંધ' એ ત્રણેય લેખો સાહિત્યકૃતિઓની સમીક્ષા કરે છે. વિ. સ. ૧૫૭૫ (=ઈ. સ. ૧૫૧૮)માં લખાયેલા 'હમ્મીર પ્રબંધ'માં રણથંભોરના શરણાગતવત્સલ અને ટેકીલા ચૌહાણ રાજવી હમ્મીરદેવે પોતાને આશરે આવેલા મુસ્લિમ અમીરોને બચાવવા માટે અલાઉદ્દીન સામે લડતાં કરેલા સર્વસ્વ સમર્પણને બિરદાવવાનો કવિનો આશય છે. વિ. સં. ૧૫૧૨માં રચાયેલા પદ્મનાભકૃત 'કાન્હડદે પ્રબંધ'ની એના પર સ્પષ્ટ અસરના પુરાવા અહીં લેખકે નોંધ્યા છે.

'ફાગુનો સાહિત્ય પ્રકાર' એ 'ફાગુ'ની વ્યુત્પત્તિથી માંડીને પ્રાચીન ફાગુઓના વિષય, તેમાંની સામગ્રી, છંદોરચના અને સ્વરૂપવિકાસ—એ વિષે આધારભૂત માહિતી આપતો એક સુંદર નિબંધ બન્યો છે.

છેલ્લો લેખ મધ્યકાલીન સાહિત્યના છેલ્લા કવિ દયારામના જીવન-કવન પર પ્રકાશ ફેંકે છે. અત્યાર લગી દયારામના અવસાનની પ્રણાલિકાગત સાલ ઈ. સ. ૧૮૫૨ની ગણાતી હતી. અહીં લેખકે સંશોધન દ્વારા ઈ. સ. ૧૮૫૩ની આપી છે. કવિનું અવસાન વિ. સં. ૧૯૦૯ના મહા વદિ ૫ ને સોમવારે (સને ૧૮૫૩ના જાન્યુઆરીની ૩૧મી તારીખે) ડભોઈમાં ૭૬ વર્ષની વયે થયું હતું, એમ તેઓ જણાવે છે. લેખકે દયારામનું અલગારી જીવન, તેનું બહુશ્રુતપણું, ખાસ કરીને તેનો વિવિધ ભાષાનો પરિચય (જે બાર ભારતીય ભાષાઓમાં દયારામનાં રચેલાં છપ્પાનાં બાર ચરણાર્ધો દ્વારા અપાયો છે), તેની સંગીતપ્રવીણતા, સ્વભાવ, ધાર્મિકતા, પુષ્ટિમાર્ગ પ્રત્યેની તેની આસ્થા–એ સર્વ વિષેની શ્રદ્ધેય માહિતી આપવાની સાથોસાથ દયારામના અક્ષરજીવનને પણ યથાતથ રીતે ઉપસાવ્યું છે.

નરોત્તમ વાળંદ

* * *

પૂર્વી : લેખક: ગીતા પરીખ; **પ્રકાશક—**વોરા ઍન્ડ કંપની, પબ્લિશર્સ—પ્રાઇવેટ લિમિટેડ, ૩, રાઉન્ડ બિલ્ડિંગ, મુંબઈ–૨. પૃ. ૧૦૯ + ૨૭; મૂલ્ય રૂા. ૩–૫૦.

શ્રીમતી ગીતાબહેન પરીખનો પ્રથમ કાવ્યસંગ્રહ ‘ પૂર્વી ’ હાથમાં લેતાં જ, છેલ્લા દાયકામાં ભિન્ન ભિન્ન સામયિકોમાં વાંચેલાં કુ. ગીતા કાપડિયાનાં કેટલાંક કાવ્યોનું સ્મરણ થયું. આંગળીને વેઢે માંડ ગણી શકાય એવી અલ્પ સંખ્યામાં આપણે ત્યાં લેખિકાઓ છે. તેમાં ય સ્ત્રી-કવિઓ તો વિરલ. કુ૦ ગીતાની ઉદયોન્મુખ પ્રતિભા માટે આશાસ્પદ કવયિત્રી તરીકેનો મારા મનમાં રોપાયેલો સંસ્કાર ‘ પૂર્વી ’ વાંચતાં જાગ્રત થયો. આછા સંતોષની (સંતૃપ્તિની નહીં) લાગણી હું અનુભવી શકયો.—જો કે આમુખમાં તો કવિ શ્રી સુન્દરમે પ્રશંસાનાં પુષ્પો વેર્યાં છે. . અને પૂંઠા પર અવતીર્ણ કરેલા પત્રમાં શ્રી ઉમાશંકર જોશીએ પણ–મર્યાદિત રીતે–છાંટણાં છાંટયાં છે! વિશેષમાં આ વિવેચન લખાઈ રહ્યું છે ત્યારે ‘ પૂર્વી ’ને પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયાના સમાચાર પણ મળ્યા છે. અભિનન્દન.

સંગીતશાસ્ત્રમાં ‘ પૂર્વી ’ નામની રાગિણીનો અભ્યાસ આરંભમાં નહીં પણ લગભગ શાસ્ત્રીય જ્ઞાન અને દશ મુખ્ય રાગ-થાટ પર પ્રભુત્વ મેળવ્યા પછી જ કરવાનો હોય છે. સંગ્રહના શીર્ષક સાથે આ રાગનો શો સંબંધ હોઈ શકે તે સ્પષ્ટ નથી છતાં બે વસ્તુનું સહેજે અનુમાન થઈ શકે તેમ છે. એક તો સંગ્રહમાં ગીતોનું પ્રાચુર્ય અને બીજું કવિતાની પ્રૌઢિસંપન્નતા. આ પૈકી પ્રથમ અનુમાનને ગીતાબહેને સાર્થક બનાવ્યું છે, પરંતુ બીજા અનુમાન વિષે સંદેહ કે મતભેદ માટે અવકાશ રહે છે. અલબત્ત કવયિત્રીએ તો સ્પષ્ટ જણાવ્યું છે કે “ આઠેક વર્ષની ઉંમરે કાવ્ય લખવાની શરૂઆત કરી ”...૧૯૫૬માં પ્રથમ કાવ્ય ‘ કુમાર ’માં પ્રસિદ્ધ થયું ત્યારથી ૧૯૬૫-૬૬ સુધીના “ ગાળામાં લખેલાં લગભગ ૯૦૦ કાવ્યોમાંથી ૧૦૦ કાવ્યો પસંદ કરીને ‘ પૂર્વી ’માં આપું છું.” એટલે સહૃદય ભાવક આ કાવ્યશતકમાં ઉચ્ચતમ કવિતાનાં દર્શન-આનંદની અપેક્ષા રાખે એ સ્વાભાવિક છે.

‘ પૂર્વી ’ની પ્રથમદર્શનીય વિશિષ્ટતા કે વિચિત્રતા જે કહો તે એ છે કે પૂરું એક કે દોઢ પાન રોકે એવાં કાવ્યો માત્ર ત્રણ ચાર જ છે. અર્થગૌરવની દૃષ્ટિએ યોજાયેલું આ શબ્દલાઘવ નથી!

કેટલાંક કાવ્યો એક બે કે ત્રણ લીટીનાં જ છે. બાકીનાનો વિસ્તાર ૮ થી ૧૨ કે ૧૪ લીટીનો છે. ગીતોમાં પણ ધ્રુવપદ કે સ્થાયી ઉપરાંત બે કે ત્રણ જ અંતરાની કડીઓ મોટે ભાગે મળી આવે છે. અડધા ઉપરાંત કોરા રહેતાં પાનની નીચે ખાલી જગામાં લઘુકવિતાઓનો સમાવેશ કરવામાં આવે તો ઓછા મૂલ્યે નાના કદના પુસ્તકનો લાભ વધુ વાચકો ન ઉઠાવી શકે ?

'પૂર્વી'નું વિષયફલક મર્યાદિત છે. પ્રણયનાં, દામ્પત્યનાં અને વાત્સલ્યનાં કાવ્યોમાં સન્નારીનો આત્મા સહજભાવે પ્રફુલ્લી ઊઠે છે. આયુષ્યની અલ્પ યાત્રામાં મળી ગયેલાં બે યાત્રિકો પ્રેમપંથના જીવનસાથી બનતાં પૂર્ણતાને ઝંખે છે :

"ભવે ભવે એ નવલાં સ્વરૂપે મળી અને આપણ સ્નેહમાત્રા
વધી રહી શી—પરિપૂર્ણ થાવા અનંત-પ્રેમે જઈને સમાવા !" (પૃ. ૨)

'મારું લગ્ન' કાવ્યમાં પ્રશ્નના ઉત્તરમાં પતિ કહે છે :

"બેનાં એક થયાં ત્યારે, ભૂલ્યો હું મુજ ભિન્નતા,
માન્યું કાયા જ છે મારી, કાયાનો હું, ન અન્યથા." (૬)

મુગ્ધ પ્રસન્ન દામ્પત્યને કવિ (કવયિત્રીના અર્થમાં કવિ શબ્દ આ લેખમાં યોજ્યો છે.) 'સુરમ્ય મનરમ્ય રાગ અને ફાગ' તથા 'સુરીલ ચિરાગ' (૨૭) તરીકે ઓળખાવે છે. ગુર્વિણી અવસ્થાનું સંવેદન ઝીલતા 'રેખ' કાવ્યમાંના ઉદ્‌ગાર કેવા સ્વાભાવિક લાગે છે !

"અસ્તિત્વની કોમલ રેખ વિસ્તરે
વિશ્વે......
અને સૌ નિજમાં સમાવી
લાડીલી થૈ શી
મારી અહો કૂખમહીં લપાયે !" (૧૮)

સંતાનપ્રાપ્તિ પછી પતિના વિયોગથી પ્રથમની જેમ હૃદય સ્તબ્ધ બની જડતામાં જકડાતું નથી કે તેના સ્મરણશૂલથી વીંધાતું નથી. વિરહ સહ્ય બને છે. કારણ મસ્ત તરંગી તાને હૈયાને ચેતનભર થનગનાવતો પતિનો શિશુ-આકાર સદાયે તેની સમીપ રહે છે.

"નાનાં બે પગલે શો થાતો શૂન્ય સભર ભરનાર.
તવ વિરહતણો પૂરનાર." (૧૯)

માતૃપદ પામતાં સ્ત્રી શિશુ વિષેની કલ્પનાસૃષ્ટિમાં જ રાચે છે. ઉંબરામાં પહેલાં બે નાજુક ચંપલો અને મજબૂત બૂટ પડી રહેતાં :

"ન્યાળું હવે ત્યાં
એ સાથ શું ?—નાનકડી રૂપાળી
બે, અંગુલિ જેટલી લાલ મોજડી
સોહી રહી લાડીલી ઉંબરામાં." (૨૦)

તે જ પ્રમાણે, બાળકને મારું કે ઉભયના એકત્વનું પ્રતીક ન કહેતાં,

"આ બાળ છે આપણું..."
"આપણે જ!" (૨૧)

પ્રથમ શિશુના જન્મ સમયે સ્વજનગણે જે હર્ષ-કૌતુક અનુભવ્યાં હતાં તે બીજા બાળકના જન્મ સમયે નથી.

"સહજ ગણીને સ્વીકારી લૈ નવા શિશુ-જન્મને
મંદાક્રાન્તા ભરતી અમ હૈયા-સમુદ્રે ય થાતી."

પરંતુ બાળકની મોટી બહેનની નાની ફીફી ભાઈને આવકારે છે ત્યારે

"જોઈને એ અમારે ઉર ઊછળતી શી હર્ષઘેલી પ્રચંડ,
સંસારે વૃદ્ધિને આ પ્રથમ-શિશુ-દ્રગે ન્યાળતાં માની સાર્થ!" (૨૨)

આ સૉનેટમાંનું હરિણી, મંદાક્રાન્તા, વસંતતિલકા અને સ્રગ્ધરાનું વૃત્તસાંકર્ય કાવ્યકલાની દૃષ્ટિએ કયો હેતુ સારે છે એ કળી શકાતું નથી!

દામ્પત્યની સ્થૂળ-સૂક્ષ્મ સ્નેહની સભરતાને અંતરના સઘન અનુરાગપૂર્વક ગાતાં ગાતાં કવિહૃદય જ્યારે વાત્સલ્યના વહેણમાં વહેવા માંડે છે ત્યારે તેની સંવેદનશીલતા કવિતાનો પાલવ પકડીને ગતિશીલ બને છે. "લાલ" હાલરડાની દૃષ્ટિએ કલ્પનાસભર કાવ્ય છે.

"આ પારણિયું ઝમઝમ ઝૂલે
ને નિંદરની દુનિયા ખૂલે
રમે શમણાંને દરબાર
પાંપણ પે ઢળતું વ્હાલ, સૂઈ જા! સૂઈ જા!
મારા ઉરનાં અબિલ-ગુલાલ, સૂઈ જા! સૂઈ જા!" (૨૪)

'પૂર્વી'નાં પ્રથમ પંક્તિનાં પાંચ-સાત કાવ્યોમાં 'નવજાત શિશુને' કાવ્ય કથયિતવ્યની દૃષ્ટિએ જુદી જ ભાત પાડનારું બની રહે છે.

"તું પારિજાત સમ કોમલ સ્નિગ્ધ-રમ્ય
ઝુલાવતું સુરભિની લહરી ઉરે શી!
આ માંડમાંડ ખૂલતી દગથી મને તું!
કેવી કરે નજરકેદ-સ્વયમ્ ન જાણું!"

કાવ્યનું પર્યવસાન ભાવસઘનતાના શિખરને સર કરે છે:

"તેં તો હજી જરીક રશ્મિ નિહાળ્યું આભે
ત્યાં તું અહો કઈ રીતે બહલાવી દે આ
મારા નભે ઊમટતો નવ રશ્મિપુંજ?!" (૨૫)

શિખરિણી-સૉનેટ 'એકત્વે'માં પણ પતિપત્નીના જીવનતંતુ, તાણાવાણા સમ ગુંથાયા છે:

"ખૂલેલી પાંખોએ ગગન પણ માણેલ સરખાં,
બીડેલી આંખોએ સ્વપન પણ ન્યાળેલ સરખાં." (૨૬)

માત્ર ૧૪ પંક્તિઓની મર્યાદા જ કાવ્યને સૉનેટ બનાવી શકતું નથી. કાવ્યતત્ત્વને ઉપકારક નીવડતી કેટલીક લાક્ષણિકતાઓ વિષે પુષ્કળ ચર્ચા થયેલી છે. આજે તો એ ભૂતકાલીન વિષય થઈ ગયો છે. 'પૂર્વી'માં પાંચ સૉનેટ છે—'વૃદ્ધિ' (૨૨), 'એકત્વે' (૨૬), 'અમે તો સંસારી (૧૪), 'એનું એ છે' (૪૨) અને 'શું ભાગ્ય' (૯૩). 'અમે તો સંસારી' સિવાયનાં ચારે ય સૉનેટોમાં કવિતાકલાની ચમત્કૃતિ જણાતી નથી. નિયત પ્રાસયોજનાને ઠોકરે ચઢાવવા ઉપરાંત કવિ છંદની પ્રવાહિતાનો પણ પૂરતો લાભ ઉઠાવી શકયા નથી. વળી, અનુભૂતિનો રણકાર કે સંવેદનની ઉત્કટતાની જોઈએ એવી પ્રતીતિ કાવ્ય વાંચતાં થતી નહીં હોવાનું મુખ્ય કારણ કથયિતવ્યની ખિન્નતા લાગે છે. વાણી સરળ અને પ્રાસાદિક હોય પરંતુ સાથે સાથે તે સહજ અને હૃદયંગમ પણ હોવી જોઈએ. ઘણે સ્થળે પંક્તિઓ ચાલે છે–વહે છે પણ છંદ ખોડાય છે, લય સાધી શકતો નથી. શબ્દોને જ્યાં ત્યાં ગોઠવાઈ જવું પડે છે; અને યતિભંગ તો 'પૂર્વી'નાં ઘણાં કાવ્યોમાં—એક જ કાવ્યમાં ચાર પાંચ વખત–થતો હોય છે. 'અમે તો સંસારી' ખરેખર શુદ્ધ સ્વચ્છ આસ્વાદ્ય કોટીનું શેકસ્પીઅરશાયી સૉનેટ છે.

"ગમે છે છોળોમાં તરબતર ભીંજાવું અહિંયાં,
ગમે છે વેરાને જલરહિત શોષાવું અહિંયાં;
ગમે છે મીઠા કો હૃદયતણું સર્વસ્વ બનવું,
ગમે છે કો હૈયે વિલય સહુ વ્યક્તિત્વ કરવું.

અમે તો સંસારી રસ–સરિતમાં લુબ્ધ સરતાં,
ભલે ઊંચે પેલાં શિખર ગગને સાદ કરતાં!" (૩૪)

આ સૉનેટની પ્રથમ પંક્તિમાં 'મુગ્ધ સરતાં' હતું તેને છેવટે 'લુબ્ધ સરતાં' એમ ફેરવ્યું તેમાં કવિકૌશલની ઝાંખી થાય છે. વાસ્તવિકતાનો નિર્દેશ કરતા આ કાવ્યમાં અને બાળજન્મ બાદ હૉસ્પિટલમાં લખાયેલા 'સંસાર' કાવ્યમાં કવિની દૃષ્ટિ વિધેયાત્મક રહી છે; કારણ કે એના પાલવમાં સંતાઈ ને હૃદયના અમી છલકી રહ્યાં છે:

"તપોભૂમિ આ પ્રેમ–ત્યાગની, નહીં કાંઈ નિઃસાર,
દૃષ્ટિ મળી તો આતમ કાજે આ પણ મુક્તિ-દ્વાર.
—આ હર્યોભર્યો સંસાર.
જોગીને મન માયા મુજને એ ય જીવનનો સાર." (૨૩)

મા-બાળક આંગળી પરોવી ચાલતાં કવિનો સમયસૂચક ઉદ્ગાર સહજ અને ચિત્રાત્મક છે:

"ભાવિ અહીં સાંપ્રત સંગ આવતો?" (૮૦)

આ ભાવનાં ઋજુતા-મૃદુલતાભર્યાં આટલાં કાવ્યો કોઈ સ્ત્રીકવિએ લખ્યાં હોવાનું જાણમાં નથી, કલાના કરતાં અનુભૂતિના આધારને લીધે તે વિશેષ હૃદયંગમ બન્યાં છે. આ વાસ્તવદૃષ્ટિ છેક કાષ્ઠભસ્મ-અસ્થિથી જડશૂન્ય સ્મશાન સુધી વિસ્તરી છે. 'સૌ ક્ષણનાં સુખો છે' કહેનારને કવિ જાણે અંગુલિનિર્દેશ કરી કહે છે:

"જોતાં નથી......?
ડોકાય આંહીં પણ અંકુર સ્નિગ્ધ એક!" (૭૯)

તત્ત્વજ્ઞાનના અભ્યાસી ગીતાબહેનને વિશુદ્ધ શૃંગાર-વાત્સલ્યના વહેણની પેલે પારનું અનંત રહસ્યગાન–આતમની શરણાઈના સૂરો–સાંભળવાની અભીપ્સા છે. તેમને પણ સનાતન પ્રશ્નો મૂંઝવે છે કે :—કાલના અંચલમાં અનંતતા શા માટે ઢંકાઈ રહી છે? મહાજલનિધિનું મોજું રેતીમાં શાને સમાય છે? કાયા-કારાગારની સીમામાં અસીમ આત્મા શા માટે રૂંધાય છે?

"અમૃતના પીનારાને શેં જન્મ-મરણના બંધ?
ખુલ્લાં નયને કયાં આવરણ કરતાં એને અંધ?
મુક્ત ગગનના ઊડનારાની પાંખ કયહીં અટવાઈ?
હું કેમ રહું બંધાઈ?" (૪૫)

અને રાગારાગદષ્ટિનું પરિવર્તન થતાં, મ્હેકતાં વેણીનાં ફૂલ પણ હવે રોમરોમે શૂલ લગાડે છે, ઝાંઝરના ઝણકાર પણ અંતરમાં તીણા વાગે છે; ત્યારે ઝળહળતા જીવન–સોહાગથી પણ ભગવો વૈરાગ વધુ વ્હાલો લાગે છે. મનની આ વિચિત્ર પરિસ્થિતિનું સુંદર સુરેખ શબ્દચિત્ર બાગેશ્રી-ગીતમાં અંકિત થયું છે:

"તૃપ્તિ કાજે ઝરણાને તીર મૃગ તૃષ્ણાનું ઝૂરે,
પલપલ લલચાવે પણ ના જલ તૃષા જરી યે પૂરે;
સૂરસૂરમાં અવિરત કંપે આકુલ-ઉર-શરણાઈ—
રે મન તલસે નિશ-દિન કાંઈ." (૪૮)

પણ તત્ત્વની ચેતનાનો કે ઇષ્ટકૃપાનો સહજ સ્પર્શ થતાં વ્યાપકતા અનુભવાય છે, ત્યારે શું થાય છે?

"કોઈ ઝીણા ગીત–આંદોલનોએ
ઘૂમું હું બુલબુલ થઈ બાગ સર્વે
ને વાયુની ઝૂલતી લ્હેરખીએ
શ્વાસે શ્વાસે હું વસું સર્વ હૈયે.
બાંધી'તી મારા પગે મેં જ બેડી
તોડીને તે દોડું છું કેડી કેડી." (૪૮)

અને આ અગમ્ય અનુભૂતિની ગહન ટોચનો સુવર્ણસ્પર્શ અમર વાણીને પામે છે. કિરણાંગુલિથી નયનો ઉઘડે છે—ઢળે છે. મંદ મૃદુ અનિલલહરો પંપાળે છે. ક્ષિતિજોના બાહુમાં તેનો મધુર પાશ માણે છે.

"વસંતને શણગાર, શરદને શુચિમય રૂપ તું છાયે,
ઝરણાંને થનગનાટ, તલની સ્થિરતા મહીં લહાયે;
તવ ચેતનને સ્પંદન રે મુજ રૂણુકે શ્વાસોચ્છ્વાસ
તવ સ્પર્શ લહું ચોપાસ!" (૫૯)

એ અદ્વૈતની અનુભૂતિને "તાહરું તત્ત્વ હું, માહરું સત્ત્વ તું "થી ગાતાં કવિ સુંદર ઊર્મિગીતમાં વ્યક્ત કરવા યત્ન કરે છે:

"ક્ષણ-ઝરૂખે અનંત ઝૂકે ડોકાય અસીમ સીમે,
સાવ ઝીણા મારા કંઠમાં યે હરિ રણુકે ધીમે ધીમે !" (૬૧)

આવાં-થોડાંક-કાવ્યોમાં ગીતાબહેનની સર્જકતા, કલ્પનાશક્તિ અને અભિવ્યક્તિની કલાની આપણને ઝાંખી થાય છે. આવાં ગીતોનો ઉપાડ આકર્ષક અને આલંકારિક હોય છે પણ, પછીથી કાવ્ય કથળી જાય છે. 'હસી રહ્યા પડછાયા' (૯૫), 'રોજ ઊઠું ને નવી સવાર' (૧૦૧), 'આ શ્રાવણની જલધારા' (૧૦૮), 'અહો શો પ્રકાશનો પમરાટ' વગેરે ઉત્કૃષ્ટ કોટીનાં ગીતોની ઉદ્‌ઘાટક પંક્તિઓ ખરેખર સુંદર છે. આમાં અને 'ભય' 'પગલું' 'એકલું લાગે' 'રણમાં ફૂલડાં' 'તોફાન', 'ઉર મારું' વગેરે ગીતોમાં ક્યાંક ક્યાંક જાણે રાજેન્દ્ર શાહનો લહેકો રણકતો સંભળાય છે. (એક દૃષ્ટાંત બસ છે). લોકહૃદયમાં પોતાની પ્રતિચ્છાયાને ભાળતું કવિમન વિલક્ષણ વિરોધાભાસી અનુભવ માણે છે:

"બિન્દુ ડૂબે સમદરમાં ને સમદર બિન્દુમાંહે,
શૂન્ય થતાં ભરપૂર તેમ મન ફરી ફરી જગ ચાહે;
નયણાં ઘેલાં ઝીલે બધું, છો મને જ ભૂલી જાયે!
અવ પરિચિત સહુ કાંઈ મુજને કોઈ ન અજાણ ક્યાંયે." (૬૩)

ઘણાંખરાં લઘુકાવ્યોમાં અને મુક્તકોમાં ઊર્મિ કે અનુભૂતિની નિષ્ઠાને બદલે ચાતુરી, તરંગ, સ્થૂળ બાહ્ય પદાર્થ કે પ્રસંગની તુલના-તારવણી કે વિરોધ દ્વારા, એળે કે બેળે કાંઈક નિપજાવવાની બૌદ્ધિક શબ્દરમત રમવામાં બિચારી કવિતા ક્યાંક અટવાઈ જાય છે, અથવા સામાન્યતામાં સરકી પડે છે.

'૧ (૦)+૧ (૧) = ૧ !' (પૃ. ૪૩), 'યોગ્યતા' 'દહાડે ય રાત્રિ', જ્યોત્સ્ના ખૂન-કેસ, 'ળ' કહે—વગેરે આ પ્રકારની રચનાઓ (એને કાવ્ય કહેવાય ?) છે. 'મારા' શબ્દની આગળ 'ત' મૂકી 'તમારા'માં કવિ પ્રેમતત્વ (ત્ત્વ નહીં) ભાળે છે, (૯) તો પ્રથમ દૃષ્ટિના પ્રેમને સિગારેટ સાથે સરખાવે છે. (૩૮) લિક થતી પેન (૧૨) અને પાતળા થતા લેટર પેડમાં (૧૩) કવિ પ્રેમના ઉલ્લાસ અને વિષાદનું આરોપણ કરે છે! અ થી જ્ઞ સુધી કક્કો શીખી છતાં ય કવયિત્રી 'રહી ખરા જીવનથી જ અજ્ઞ!' (૫૧) કેવો શ્લેષ! તે જ પ્રમાણે માર્ગ ભૂલતાં મોટરને રિવર્સ લીધી એટલે કવિને ચિન્તન લાધ્યું:

"વિતાવતી જીવનપંથ કેરાં
કૈં વર્ષ હું ભૂલી પડેલ જેવી
'રિવર્સ' લેવા તક જો મળે તો...?" (૫૦)

સર્જનકાળે બ્રહ્માએ સૃષ્ટિની સુંદર માનસિક છબી કલ્પી પણ ભૂલથી "નૅગેટિવ એની આંહીં દીધી મોકલી ?" (૯૧) જિંદગીના થાળમાંનું મિષ્ટ ભોજન આસ્વાદતું મન મરણને પણ

શા માટે મધુર મુખવાસ જેવું ન માણે? (૫૫) કાળા કોલસા અને ધોળા કાગળો બળીને અનુક્રમે ધોળા અને કાળા બને છે તેનું કવિને આશ્ચર્ય છે! આવી શબ્દતરંગલીલા ઉપરાંત છંદ પરની હથોટીનો અભાવ પણ રસાસ્વાદમાં પ્રત્યવાય રૂપ બને છે. 'સ્થાવર ગતિ'માં સ્થાવર શબ્દની કેવી ગતિ થઈ છે?

"ગતિ સ્થાવરને કહે: "નહિ સ્થિર કંઈ આ જગતમાં"...
"વદે સ્થાવર: તારું કથન પણ સ્થાયી જ નહિ કે?" (૫૭)

આવી છંદશૈથિલ્યવાળી પંક્તિઓ ઘણાં કાવ્યોમાં મળી આવશે; પણ આવાં ચબરાકિયાંઓ વચ્ચે વિદ્યુલ્લેખા જેવી ચમકતી કેટલીક ચિન્તનીય પંક્તિઓ પણ આ રહી:

(૧) પાણીમાં તેલનું ટીપું રમે પણ ન ઓગળે
મન દૈહી સુખેદુઃખે એવું કાં ના પળે પળે. (૪૯)

(૨) સ્વપ્નોનાં ખંડિયેરો ઉપર કદી ચણાયે શું આશા-મિનારા? (૧૭)

(૩) સૂકાં પર્ણો વન ગજવતાં...શાંત લીલાં સદાયે. (૩૯)

(૪) જરીક ચમચી જ છાશ થકી દૂધ થાતું દધિ;
કરી શકું ન શું—! મને તવ મળે અમીદૃષ્ટિ જો? (૬૬)

(૫) (રંગે રૂપે જોઈને જે સૃષ્ટિને)

"મીઠી ધારેલી તે તો
કડવી જ નીકળી કોઈ જાણે બદામ." (૬૯)

(૬) કઠોર ધાર્યો

જે પ્હાડ–છૂપી ત્યહીં શે લીલોતરી!
ને રમ્ય ધાર્યું ત્યહીં રુદ્રતા ભરી?! (૪૭)

આવી પંક્તિઓ તથા નિર્મળ નિરામય કોટીનાં કેટલાંક ગીતો-કાવ્યો માટે આપણે 'પૂર્વી'ને જરૂર આવકારીએ. બીજી આવૃત્તિ વખતે ઉચ્ચતર કક્ષાનાં કાવ્યોની પસંદગી કરવા અને લગભગ પોણોસો જેટલી અશુદ્ધિઓ દૂર કરવાનું હું વિનમ્ર સૂચન કરું છું. અંતમાં શ્રી સુન્દરમ્‌ના જ શબ્દોથી હું વિરમીશ:

"છેલ્લાં પાંચ-દસ વર્ષોમાં ગુજરાતી કવિતા અમુક નવા પ્રયોગોમાં ઊતરી છે, એમાં એ નિષ્ફળ નથી નીવડી છતાં તેની હવા કોઈ જુદી છે; તેની ગંધ જે હો તે, પણ તે સુગંધ તો નથી જ, તેનું અંગ જે કોઈ પ્રકારનાં રુધિર માંસનું બનેલું હો, પણ તેની નિરામયતા વિષે આપણે ખાતરી રાખી શકતા નથી. એવી સ્થિતિમાં ગીતાનાં કાવ્યો આપણને એક ગિરિનગરની શીતળ શામક આહ્લાદક હવાનો સ્પર્શ આપી જાય છે.".

મહેન્દ્રકુમાર મો. દેસાઈ (કુમાર)

* * *

દશમસ્કંધ–૧ [ખંડ ૧ : અધ્યાય ૧-૨૮ : કડવાં ૧-૭૮]: સંપાદક–શ્રી. ઉમાશંકર જોશી અને ડૉ. હરિવલ્લભ ભાયાણી; પ્રકાશક–ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, ૧૯૬૬; પૃ. ૨૯૨+૧૮; મૂલ્ય ચાર રૂપિયા.

કવિ પ્રેમાનંદની રચનાઓમાં દશમસ્કન્ધનું સ્થાન નળાખ્યાન, મામેરું અને સુદામાચરિતની સાથે છે. દશમસ્કન્ધનું પ્રથમ સંપાદન 'અર્વાચીનોમાં આદ્ય' નર્મદે ઘણાં વર્ષ પહેલાં પ્રગટ કર્યું હતું અને ગુજરાતી પ્રેસના પદબંધ ભાગવતમાં પાછળથી તેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પણ સર્વસાધારણ સાહિત્યરસિકો અને વિદ્યાર્થીઓ માટે એ પ્રકાશનો અપ્રાપ્ય અથવા અસુલભ છે. વળી પ્રેમાનંદની અન્ય કૃતિઓનાં અનેકાનેક સંપાદનો—કેટલાંક ઊંચી કોટિનાં અને કેટલાંક સામાન્ય–ત્યાર પછી પ્રસિદ્ધ થયાં છે. પણ સમગ્ર દશમસ્કંધનું મૂળ હસ્તપ્રતો ઉપર આધારિત, એક ય સંપાદન થયું નહોતું. પ્રેમાનંદનાં બીજાં આખ્યાનોની તુલનાએ દશમસ્કન્ધનો વિસ્તાર પણ આ વિલંબમાં કારણભૂત હોય એમ બને. પરંતુ દશમસ્કન્ધની, કાવ્યગત વિશેષતાઓ જોતાં એનું નવું શાસ્ત્રીય સંપાદન આવશ્યક હતું. શ્રી. ઉમાશંકર જોશી અને ડૉ. હરિવલ્લભ ભાયાણી જેવા વિશેષજ્ઞોને હાથે એ થયું છે એ આનંદની વાત છે.

સંપાદનમાં કુલ અગિયાર હસ્તપ્રતો ઉપયોગમાં લેવાઈ છે. એ હસ્તપ્રતોનો તથા સંપાદન–પદ્ધતિનો પરિચય 'સંપાદકીય' શીર્ષક નીચે આપવામાં આવ્યો છે અને 'દશમસ્કન્ધની કવિતા' એ મિતાક્ષરી લેખમાં શ્રી. ઉમાશંકર જોશીએ દશમસ્કન્ધમાં અભિવ્યક્તિ પામતા કવિ પ્રેમાનંદની શક્તિ અને મર્યાદાનો પરિચય આપ્યો છે. ટિપ્પણો સંક્ષિપ્ત છે, પણ અર્થ-દ્યોતક હોવા ઉપરાંત પ્રેમાનંદની શૈલીગત અને ભાષાકીય લાક્ષણિકતાઓ પ્રત્યે અંગુલિનિર્દેશ કરતાં હોઈ ખરેખર ઉપયોગી છે. છેલ્લે આપેલી 'શબ્દસૂચિ' પ્રકારાન્તરે એ જ હેતુ સારે છે અને પ્રેમાનંદ જેવા શબ્દસ્વામીની તમામ કૃતિઓ ઉપર આધારિત હોય એવી, અપેક્ષિત શબ્દ-સૂચિની અગત્ય પણ સૂચિત કરે છે.

આ અનવદ્ય સંપાદન માટે વિદ્વાન સંપાદકોને સર્વ ગુજરાતી સાહિત્યરસિકોના ધન્યવાદ ઘટે છે. દશમસ્કન્ધનો બીજો ખંડ–પ્રેમાનંદ તેમ જ સુન્દર મેવાડાકૃત–સંપાદકો વહેલી તકે પ્રગટ કરે એવી આશા રાખીએ.

ભોગીલાલ જ. સાંડેસરા

* * *

વસંતવિલાસ ઔર ઉસકી ભાષા (હિન્દી): સંપાદક ડૉ. માતાપ્રસાદ ગુપ્ત; પ્રકાશક—ક. મું. હિન્દી તથા ભાષાવિજ્ઞાન વિદ્યાપીઠ, આગ્રા યુનિવર્સિટી, આગ્રા; ૧૯૬૬; પૃ. ૨+૮૯+૨; મૂલ્ય ત્રણ રૂપિયા.

'વસંતવિલાસ' એ જૂની ગુજરાતી (મારુ–ગુર્જર) સાહિત્યનું એક અણમોલ રત્ન છે. એનાં સર્વપ્રથમ શોધ અને પ્રકાશન શ્રી. કેશવલાલ હર્ષદરાય ધ્રુવે કર્યાં હતાં. 'વસંતવિલાસ' કાવ્ય તેમણે ત્રણ વાર છપાવ્યું હતું—'ગુજરાત શાળાપત્ર' (એપ્રિલ-ઑગસ્ટ ઈ. સ. ૧૮૯૨)માં,

'હાજી મહમ્મદ સ્મારક ગ્રન્થ' (ઈ. સ. ૧૯૨૨)માં અને 'પંદરમા શતકનાં પ્રાચીન ગુર્જર કાવ્ય' (ઈ. સ. ૧૯૨૭)માં. ત્યાર પછી શ્રી. કાન્તિલાલ વ્યાસે એનું સંપાદન ચાર વખત કર્યું છે :—Vasant-Vilāsa : An Old Gujarati Phagu (1942), Vasanta-Vilāsa Phagu–A Further Study (Bombay University Journal, 1946), Vasanta-Vilāsa : The Revised Collated Text (Bhartiya Vidya, 1947) અને **'વસંતવિલાસ' પ્રાચીન ફાગુ કાવ્ય** (ઈ. સ ૧૯૫૭). શ્રી. વ્યાસની આ વાચનાઓ ઉત્તરોત્તર અભ્યાસપૂર્ણ અને સમીક્ષાત્મક બનતી રહી છે. 'વસંત-વિલાસ'ની લઘુ અને બૃહદ્ એ બંને વાચનાઓ સાથેનું શ્રી. મધુસૂદન મોદીનું સંપાદન જોધપુરની રાજસ્થાન પુરાતન ગ્રન્થમાલામાં પ્રગટ થયું છે (ઈ. સ. ૧૯૬૦). શ્રી. નૉર્મન બ્રાઉનનું સચિત્ર સંપાદન (અમેરિકન ઓરિએન્ટલ સોસાયટી, ન્યૂ હેવન, ઈ. સ. ૧૯૬૨) બીજી સામગ્રી સાથે, સં. ૧૫૦૮ની સચિત્ર હસ્તપ્રત જે અત્યારે વૉશિંગ્ટનની ફ્રિયર ગેલરી ઑફ આર્ટમાં છે તેનો પર્યાપ્ત ઉપયોગ કરે છે. ગુજરાતમાં થયેલાં બીજાં સંપાદનોમાં શ્રી. કેશવરામ શાસ્ત્રીની હમણાં પ્રસિદ્ધ થયેલી વાચના (ઈ. સ. ૧૯૬૬) નોંધપાત્ર છે.

ડૉ. માતાપ્રસાદ ગુપ્તની પુસ્તિકા 'વસંત વિલાસ'ના અધ્યયનનો એક નવીન પ્રયત્ન છે. 'વસંતવિલાસ'ની રચના ઈ. સ. ૧૪૦૦ આસપાસ નહિ, પણ તે કરતાં સોએક વર્ષ વહેલી થઈ હશે એમ ડૉ. માતાપ્રસાદ માને છે; જે પ્રદેશમાં એની રચના થઈ એ પ્રદેશમાં ત્યારે મુસ્લિમ શાસન સ્થપાયું નહોતું એવી તેમની કલ્પના છે. પ્રાપ્ત સામગ્રીને આધારે 'વસંતવિલાસ'ના મૂલ પાઠનું તેમણે પુનર્નિર્માણ કર્યું છે. એ વિષે સર્વસંમતિ કદાચ ન સધાય, પણ એ પ્રયત્નમાં એમની વિવેચક દૃષ્ટિ સુસ્પષ્ટ છે. પરંતુ આ પુસ્તિકામાં નિર્બળ પ્રકરણો 'અર્થ' અને 'અર્થ-પરિશિષ્ટ' એ બે છે. શ્રી. વ્યાસ અને મોદી જેવા બે પ્રમાણભૂત પુરોગામીઓનો અર્થ-વિમર્શ આ પહેલાં પ્રગટ થયો હોવા છતાં એ વિભાગ ખામીવાળો રહ્યો છે એ ખેદજનક છે. શ્રી. મોદીની વાચના 'હિન્દીભાષી પ્રદેશ'માં પ્રગટ થઈ હોવા છતાં ડૉ. માતાપ્રસાદે જોઈ નથી એ સ્પષ્ટ છે. વ્યાસ અને મોદીના અર્થવિમર્શનો માત્ર સાર અપાયો હોત તો પણ હિન્દી જગતના વાચકો અને અભ્યાસીઓ આગળ 'વસંતવિલાસ' જેવા ઉત્તમ કાવ્યના શંકાસ્પદ ભાષાન્તર અને સંદિગ્ધ શબ્દાર્થોની આપત્તિ ઊભી થઈ ન હોત.

આ હિન્દી પુસ્તિકા જોઈને વાચકને સ્વાભાવિક પ્રશ્ન થવા સંભવ છે કે 'વસંતવિલાસ' કઈ ભાષાનું કાવ્ય હશે ? એની ભાષા જૂની ગુજરાતી કે મારુ-ગુર્જર છે એવો નિર્દેશ ક્યાંય નથી ! આ જૂની હિન્દી છે એમ કહેવાની અશાસ્ત્રીય ધીટતા પણ વિદ્વાન સંપાદક એકત્ર કરી શક્યા નથી ! પણ સાધારણ હિન્દી વાચક કે વિદ્યાર્થી શું માનશે ? હિન્દીના કેટલાક વિદ્વાનોમાં દેખાતાં વિસ્તારવાદી ઈંગિતો અને વલણો નિદાન ભાષાવિજ્ઞાન વિદ્યાપીઠના પ્રકાશનમાં ન હોત તો સારું.

ભોગીલાલ જ. સાંડેસરા

* * *

સાભાર સ્વીકાર

ભોંયતળિયેનો આદમી : સંક્ષેપકાર—સુરેશ જોષી; પ્રકાશક : રવીન્દ્ર બૂક હાઉસ, બાજવાડા, વડોદરા—૧; પૃષ્ઠાંક ૧–૬૪; કિંમત રૂા. ૨=૫૦ ન.પૈ.

રાષ્ટ્રીય આયોજન-ભાગ-૩ : લેખકો—શિવાભાઈ જે. પટેલ અને બીજા; પ્રકાશક : બાલગોવિન્દ કુબેરદાસની કંપની, અમદાવાદ–૧; પૃષ્ઠાંક ૧-૧૧૧ + ૨; કિંમત રૂા. ૩=૨૫ ન.પૈ.

સમાજ નવનિર્માણ : લેખકો—નવલભાઈ શાહ અને મનુભાઈ પંડિત; પ્રકાશક : બાલગોવિન્દ કુબેરદાસની કંપની, અમદાવાદ–૧; પૃષ્ઠાંક ૧–૭૦; કિંમત રૂા. ૧=૫૦ ન.પૈ.

લોકગુર્જરી : વાર્ષિક અંક ચોથો–માર્ચ ૧૯૬૭; સંપાદકો—ડૉ. મંજુલાલ મજમુદાર અને બીજા; પ્રકાશક : ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ; કિંમત રૂા. ૧ = ૫૦ ન.પૈ.

ગુજરાતી લોકસાહિત્યમાળા—મણકો છઠ્ઠો : સંપાદકો : ડૉ. મંજુલાલ ર. મજમુદાર અને બીજા; પ્રકાશક : ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ; પૃષ્ઠાંક ૧–૩૦૪; કિંમત રૂા. ૩=૦૦ નપૈ.

ગાંધીજીવન—ભા. ૧ : જીવનઉષા : લેખક : રતિલાલ અધ્વર્યુ; પ્રકાશક—મહેન્દ્ર અધ્વર્યુ,.અમદાવાદ–૭; પૃષ્ઠાંક ૧–૨૫૩; કિંમત રૂા. ૪=૦૦ ન.પૈ.

આધુનિક મનોવિજ્ઞાનનો ઐતિહાસિક પરિચય : મૂળ લેખક : ડૉ. ગાર્ડીનર મરફી; અનુવાદક : ડૉ. કે. બી. વ્યાસ; પ્રકાશક : ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ૯; પૃષ્ઠાંક ૧–૧૨ + ૬૦૪; કિંમત : રૂા. ૧૬ =૦૦ ન.પૈ.

ભારતીય ખગોળશાસ્ત્ર—મૌલિક કે પરપ્રાપ્ત ? : લેખક : શ્રી છોટુભાઈ સુથાર; પ્રકાશક : બાલગોવિન્દ કુબેરદાસની કું. અમદાવાદ–૧; પૃષ્ઠાંક ૧–૨૦૦; કિંમત રૂા. ૫=૦૦ ન પૈ.

જીવનનિર્વાહ અને ભાવસપાટી : લેખક—શ્રી ચિમનભાઈ જે. પટેલ; પ્રકાશક : ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૯; પૃષ્ઠાંક ૧—૪૪; કિંમત રૂા. ૧ =૦૦ ન.પૈ.

વનસ્પતિનો જાદુગર : લેખક—ઈશ્વરભાઈ પટેલ; પ્રકાશક : બાલગોવિંદ કુબેરદાસની કું. અમદાવાદ–૧; પૃષ્ઠાંક ૧–૭૨; કિંમત રૂા. ૧ =૨૫ ન.પૈ.

માનવતાના વેરી : લેખક—સ્વામી આનંદ; પ્રકાશક : બાલગોવિંદ કુબેરદાસની કું. અમદાવાદ–૧; પૃષ્ઠાંક ૧–૧૯૭; કિંમત રૂા. ૭=૫૦ ન.પૈ.

चम्पाशतक : सम्पादक : डॉ. कस्तूरचंद कासलीवाल; प्रकाशक : गैंदीलाल साह, एडवोकेट, मंत्री, वि. जैठा. अ. क्षेत्र श्रीमहावीरजी, महावीर भवन जयपुर; पृष्ठांक १-१२४; मूल्य–रु. २/-

સોમવારની સવારે : લેખક : બકુલ ત્રિપાઠી; પ્રકાશક : બાલગોવિંદ કુબેરદાસની કું. અમદાવાદ–૧; પૃષ્ઠાંક ૧–૨૨૪; કિંમત રૂા. ૪ =૦૦ ન.પૈ.

ગુજરાતી સાહિત્ય પરિષદ: ૨૪મું અધિવેશન

C/o શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ, ર. છો. માર્ગ, અમદાવાદ-૯

ગુજરાતી સાહિત્ય પરિષદનું ૨૪મું અધિવેશન આગામી ઓકટોબર માસની તા. ૭, ૮, ૯મીએ દિલ્હીમાં યોજાશે. તેમાં ફક્ત તા. ૩૧-૮-૬૭ સુધીમાં નોંધાયેલા પરિષદના સભ્યો જ પ્રતિનિધિ તરીકે ઉતારાનો તથા રેલવે કનસેશનનો લાભ લઈ શકશે.

આ અધિવેશનમાં નીચેના પાંચ વિભાગો રાખવાનું નક્કી થયું છે:

૧. સાહિત્ય, ૨. કલા, ૩. ઇતિહાસ-પુરાતત્ત્વ, ૪. પત્રકારત્વ, અને ૫. શિક્ષણ-વિજ્ઞાન.

તો આ વિભાગોને લગતા નિબંધો પરિષદ-કાર્યાલયને તા. ૧૫-૯-૬૭ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાનું સૌ સાહિત્યસેવીઓને જાહેર નિમંત્રણ છે. નિબંધ સાથે નિબંધનો સો શબ્દ જેટલો સાર મોકલવો આવશ્યક છે.

સ્વાધ્યાય

પુસ્તક ૪: અંક ૩ મે, ૧૯૬૭

અક્ષયતૃતીયા વિ. સં. ૨૦૨૩

અનુક્રમ

પૃષ્ઠાંક

૧. દ્રૌપદીવસ્ત્રપૂરણનું અર્થઘટન—ઉપેન્દ્રરાય જ. સાંડેસરા ૨૪૧–૨૫૭

૨. ગુજરાતમાં કૌલ સંપ્રદાય—જીવણભાઈ પ્ર. અમીન ૨૫૮–૨૬૭

૩. ગુજરી ભાષા—છોટુભાઈ આર. નાયક ૨૬૮–૨૮૫

૪. મારા સ્વાધ્યાયની વાનગી—કલ્યાણરાય ન. જોશી ૨૮૬–૨૯૨

૫. બુદ્ધનાથઃ નગરા—રમણલાલ ના. મહેતા ૨૯૩–૨૯૬

૬. વાઘેલાકાલીન લેખનકળા–(અભિલેખો)—નવીનચંદ્ર આચાર્ય ... ૨૯૭–૩૦૪

૭. વસ્તુપાલ-તેજપાલની કીર્ત્તનાત્મક પ્રવૃત્તિઓ—મધુસૂદન ઢાંકી અને હરિશંકર પ્રભાશંકર શાસ્ત્રી ૩૦૫–૩૨૦

૮. મદનભ્રમરાજાનો પ્રબન્ધ: એક અવલોકન—જયન્ત પ્રે. ઠાકર ... ૩૨૧–૩૪૪

૯. અમરકોશના "વનૌષધિવર્ગ"ની વનસ્પતિઓ ઉપર ઊહાપોહ—બાપાલાલ ગ. વૈદ્ય ૩૪૫–૩૬૮

૧૦. કલાગુરુ શ્રી રવિશંકર રાવળ—બિહારીલાલ બારભૈયા ૩૬૯–૩૭૧

૧૧. પદ્મશ્રી રવિશંકર મ. રાવળ—ઉમાકાન્ત પ્રે. શાહ ૩૭૨–૩૭૩

૧૨. ગ્રન્થાવલોકન :

૧. ઇતિહાસ અને સાહિત્ય ૩૭૪–૩૭૮

૨. પૂર્વી ૩૭૮–૩૮૪

૩. દશમસ્કંધ – ૧ ... ... ૩૮૫

૪. વસંતવિલાસ ઔર ઉસકી ભાષા ૩૮૫–૩૮૬

૫. સાભાર સ્વીકાર ૩૮૭

જ્યોતિ

પાવર બીલમાં બચાવ

પંપ રચના, પાણીની આવક, ટકાઉ-પણું અને ચાલુ ખર્ચની દૃષ્ટિએ **જ્યોતિ વર્ટીકલ ટરબાઈન પંપ** ભારતભરમાં અગ્રીમ સ્થાને છે.

૪" થી ૨૪"વ્યાસના નલકૂપ માટે સુયોગ્ય.
કાર્યશક્તિઃ કલાકે ૪,૦૦,૦૦૦ ગેલન પર્યંત.
ચઢાવઃ ૩૦૦ ફૂટ સુધી.

Quality is our Creed

જ્યોતિ લિમિટેડ, વડોદરા-૩

JY-884-GJ EVEREST

એક
પ્રગતિશીલ
બૅન્ક

અત્યારે દેશ-પરદેશમાં ૨૮૦થી ય વધુ શાખાઓ છે

બરોડા બૅન્ક સને ૧૯૦૮માં સ્થાપવામાં આવી હતી. ત્યાર પછીના ગાળામાં
તેણે એટલી બધી પ્રગતિ સાધી છે કે અત્યારે ભારતમાં તેમ જ લંડન,
પૂર્વ આફ્રિકા, ફીજી ટાપુઓ, મૉરિશિયસ અને પાકિસ્તાનમાં
તેની ૨૮૦થી ય વધુ શાખાઓ છે.

આજે બૅન્કિંગને લગતી ભલેને આપની કોઈ પણ મુશ્કેલીઓ
હોય, તેમનો ઉકેલ આણવામાં આપને મદદ કરવા બરોડા
બૅન્ક પૂરેપૂરી રીતે સજ્જ છે !

ધી બૅન્ક ઑફ બરોડા લિમિટેડ

એક પ્રગતિમાન બૅન્ક

વાચકોને પુસ્તકોની સૃષ્ટિમાં રમમાણ રાખનારું માસિક

"ગ્રંથ"

તંત્રી : યશવંત દોશી

"ગ્રંથ"ના કેટલાક વિભાગો

* પ્રગટ થતાં લગભગ તમામ ગુજરાતી પુસ્તકોની સમીક્ષા
* મહત્ત્વનાં અંગ્રેજી પુસ્તકોની સમીક્ષા
* હિન્દી અને બીજી ભારતીય ભાષાઓનાં અત્યંત મહત્ત્વનાં પુસ્તકોની સમીક્ષા
* અંગ્રેજીમાં લખનારા ભારતીય લેખકોનાં લખાણોનું વિવેચન
* આધુનિક યુરોપીય સાહિત્યના વિકાસ વિષે અભ્યાસયુક્ત લેખમાળા
* વિવિધ વિષયો ઉપર વાંચવા જેવાં પુસ્તકોની સંદર્ભસૂચિ
* ઇતિહાસ-સર્જક પુસ્તકો
* એક વર્તમાન ગુજરાતી નવલકથાકારના લેખનની સમીક્ષા કરતી લેખમાળા
* જગતની એક શ્રેષ્ઠ સાહિત્યકૃતિ અને તેના લેખક વિષે વિવેચનાત્મક લેખ
* એક ઉત્તમ અથવા અત્યંત લોકપ્રિય અથવા અતિશય ચર્ચાસ્પદ બનેલી કૃતિનો સાર
* ગ્રંથપાલો જેની ઉપરથી સીધાં કાર્ડ બનાવી શકે તેવી વર્ગીકૃત પદ્ધતિએ અપાતી નવાં પુસ્તકોની યાદી

ઉપરના વિભાગો જોતાં પ્રત્યેક પુસ્તકપ્રેમીને ખાતરી થશે કે 'ગ્રંથ'નું વાચન શાથી અનિવાર્ય છે.

વાર્ષિક લવાજમ ૧૦ રૂપિયા
પરદેશમાં ૨૦ શિલિંગ

પરિચય ટ્રસ્ટ
૧૯-૨૧, હમામ સ્ટ્રીટ,
મુંબઈ-૧

પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા

		રૂ. ન.પૈ.
૧.	**પ્રાચીન ફાગુ-સંગ્રહ**—સંપાદક: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ; દેવનાગરી ટાઈપ	૮=૦૦
	વિદ્યાર્થી આવૃત્તિ, ગુજરાતી ટાઈપ	૫=૦૦
૨.	**વર્ણક-સમુચ્ચય, ભાગ ૧—મૂલ પાઠ**—સં.: ડૉ. ભોગીલાલ સાંડેસરા	૭=૫૦
૩.	ભાલણકૃત **નલાખ્યાન** (બીજી આવૃત્તિ)—સંપાદક: પ્રો. કે. કા. શાસ્ત્રી	૬=૦૦
૪.	ઉદયભાનુકૃત **વિક્રમચરિત્ર રાસ**—સં.: સ્વ. પ્રો. બ. ક. ઠાકોર	૨=૦૦
૫.	**ભાલણ: એક અધ્યયન**—લેખક: પ્રો. કે. કા. શાસ્ત્રી	૪=૭૫
૬.	**વર્ણક-સમુચ્ચય, ભાગ ૨**—સાંસ્કૃતિક અધ્યયન અને શબ્દસૂચિઓ. કર્તા: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. રમણલાલ ના. મહેતા	૮=૨૫
૭.	**પંચાખ્યાન બાલાવબોધ ભાગ ૧**—સં.: ડૉ. ભોગીલાલ સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ	૧૮=૬૦

સ્વ. પ્રો. બ. ક. ઠાકોરકૃત ગ્રન્થમાલા

૧.	**વિવિધ વ્યાખ્યાનો ગુચ્છ ૧**	૧=૭૫
૨.	,, ,, ,, **૨**	૧=૭૫
૩.	,, ,, ,, **૩**	૪=૦૦
૪.	**નિરુત્તમા**	૨=૦૦
૫.	**વિક્રમોર્વશી**—(અનુવાદ: મનનિકા સહિત)	૧=૭૫
૬.	**પ્રવેશકો, ગુચ્છ પહેલો**	૩=૫૦
૭.	,, ,, **બીજો**	૨=૪૮
૮.	**અંબડ વિદ્યાધર રાસ**	૩=૦૦
૯.	**મ્હારાં સૉનેટ** (બીજી આવૃત્તિ; બીજું પુનર્મુદ્રણ)	૩=૦૦
૧૦.	**આપણી કવિતાસમૃદ્ધિ** (બીજી આવૃત્તિ; છઠ્ઠું પુનર્મુદ્રણ)	૩=૦૦
૧૧.	**નવીન કવિતા વિષે વ્યાખ્યાનો** (પ્રથમ આવૃત્તિ; પહેલું પુનર્મુદ્રણ)	૩=૦૦

પ્રાપ્તિસ્થાન:

યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,
રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,
વડોદરા

Statement about the ownership and other particulars about newspaper

SVADHYAYA (स्वाध्याय)

(To be published in the first issue every year after the last day of February)

FORM IV

(See Rule 8)

1	*Place of the Publication*:	Oriental Institute, M. S. University of Baroda, Baroda.
2	*Periodicity of its Publication*:	Three months—September, December, March, June.
3	*Printer's Name*:	Shri Ramanlal J. Patel
	Nationality:	Indian
	Address:	Limda Pole, Raopura, Baroda
4	*Publisher's Name*:	Dr. B. J. Sandesara
	Nationality:	Indian
	Address:	Adhyapak Nivas, Pratap Gunj, Baroda,
5	*Editor's Name*:	Dr. B. J. Sandesara,
	Nationality:	Indian
	Address:	Adhyapak Nivas, Pratap Gunj, Baroda.
6	*Names & addresses of Individuals who own the newspapers and partners or shareholders holding more than one percent of the total capital*	The M.S. University of Baroda, Baroda.

I, B. J. Sandesara, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

B. J. Sandesara
Signature of Publisher

શ્રી સયાજી સાહિત્યમાલા

		રૂ. ન.પૈ.
૧	**કહેવત કથાનકો**—પ્રણવતીર્થજી	૬=૫૦
૨	**પ્રો. ત્રિ. ક. ગજ્જરની જીવનકથા**—ડૉ. અશ્વિન ત્રિવેદી અને બીજા	૪=૭૫
૩	**ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—કે. કા. શાસ્ત્રી	૮=૦૦
૪	**આપણું વિશ્વ**—છોટુભાઈ સુથાર	૬=૮૦
૫	**આપણી ખનિજસંપત્તિ**—ન. મૂ. શાહ	૩=૦૦
૬	**ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક: સ્વ. રમણલાલ વ. દેસાઈ) સંક્ષેપકાર: કિશોરકાન્ત યાજ્ઞિક	૩=૦૦
૭	**મીરાંબાઈ–એક મનન**—ડૉ. મંજુલાલ મજમુદાર	૬=૭૫
૮	**કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી	૧૦=૦૦
૯	**અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—કનૈયાલાલ ભાઈશંકર દવે	૪=૨૫
૧૦	**ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી	૧૪=૦૦
૧૧	**હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા	૮=૫૦
૧૨	**માનવસર્જિત વસ્ત્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ	૮=૦૦
૧૩	**ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા	૨=૪૦
૧૪	**શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ)**—નાગરદાસ અમરજી પંડ્યા	૬=૦૦
૧૫	**ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા**	૭=૦૦
૧૬	**આધુનિક ગુજરાતના સંતો**—ડૉ. કેશવલાલ ઠક્કર	૭=૦૦

શ્રી સયાજી ગ્રામવિકાસમાલા

૧	**ઘઉં**—માર્તંડ શિવભદ્ર પંડ્યા	૩=૦૦
૨	**આબાદીને માર્ગે**—કેશવલાલ વ્યાસ	૧=૭૫
૩	**લોકનાટ્ય અને ગામડું**—જશવંત ઠાકર	૧=૨૦
૪	**ગુજરાતની જમીનો અને તેનું સંરક્ષણ**—કાન્તિલાલ સી. પટવા	૨=૩૦
૫	**સમાજશિક્ષણ**—શાન્તિલાલ શાહ	૨=૮૦

પ્રાપ્તિસ્થાન :

યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,

રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,

વડોદરા

યમુના

(પૂઠા ઉપર છાપેલ મૂર્તિની ઊર્ધ્વકાયા—વર્ધિત સ્વરૂપમાં)

[નેશનલ મ્યૂઝિયમના સૌજન્યથી]